ISSN-0971-8397

# યોજના

માર્ચ-૨૦૧૫ વિકાસને સમર્પિત માસિક ₹ ૨૦

વિશેષાંક

## કેન્દ્રિય અંદાજપત્ર ૨૦૧૫-૧૬

કેન્દ્રિય અંદાજપત્ર બનાવવાની કામગીરી અને પ્રક્રિયા

સામાન્ય અંદાજપત્ર અને રેલવે અંદાજપત્ર ૨૦૧૫-૧૬ - ઉડતી નજરે

રેલવે અંદાજપત્ર : પ્રગતિ માટેની સાહસિક પહેલ

અંદાજપત્ર ૨૦૧૫-૧૬ : સામાજિક પરિમાણ





વિશેષ લેખ

ભારતમાં ટેલિમેડિસીન - વર્તમાન પરિસ્થિતિ










## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**

Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**

# એપ્રિલ ૨૦૧૫

**રોજગારી, ઉત્પાદનક્ષેત્ર અને ઉદ્યોગ સાહસિકતા**

# યોજના

YR. XXXXII VO. XII

નિયામક અને મુખ્યતંત્રી
**દીપિકા કાછલ**

નાયબ નિયામક : **અમિતા મારુ**
તંત્રી : **અજય ઇન્દ્રેકર**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

| | |
|---|---|
| **છૂટક નકલ** | **: રૂ. ૧૦-૦૦** |
| **વાર્ષિક લવાજમ** | **: રૂ. ૧૦૦-૦૦** |
| **બે વર્ષ** | **: રૂ. ૧૮૦-૦૦** |
| **ત્રણ વર્ષ** | **: રૂ. ૨૫૦-૦૦** |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

લોંગ લાઇફ હોસ્પિટલ બિલ્ડિંગ,
યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦

## આયોજન અને વિકાસને સમર્પિત

**વર્ષ : ૪૨ અંક : ૧૨ માર્ચ-૨૦૧૫ સળંગ અંક : ૭૭૧**

## વિષયસૂચિ

| | | |
|---|---|---|
| કેન્દ્રીય સામાન્ય અંદાજપત્ર : ૨૦૧૫-૧૬ | પી.આઈ.બી. | ૫ |
| રેલવે બજેટ - ૨૦૧૫-૧૬ ઉડતી નજરે | પી.આઈ.બી. | ૧૦ |
| કેન્દ્રીય અંદાજપત્ર બનાવવાની પ્રક્રિયાઓ અને કામગીરી | રવિન્દ્ર એચ. ધોળકિયા | ૧૪ |
| આર્થિક સમીક્ષા ૨૦૧૪-૧૫ | પી.આઈ.બી. | ૧૮ |
| અંદાજપત્ર ૨૦૧૫-૧૬ સામાજિક પરિમાણ | મનિષ ગોવિલ | ૨૧ |
| રેલવે બજેટ : પ્રગતિ માટેની સાહસિક પહેલ | જી. શ્રીનિવાસન | ૨૫ |
| ભારતમાં ટેલિમેડિસીન - વર્તમાન પરિસ્થિતિ | યોગેશ દ્વિવેદી તથા અન્ય | ૨૮ |
| ભારતમાં અંદાજપત્રની વ્યવસ્થા | ડૉ. દશરથ બી. પ્રજાપતિ તથા અન્ય | ૩૩ |
| ઊભરતાં બજારો અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ | આલોક શીલ | ૩૫ |
| ઘસાતો રૂપિયો : રોગોની નિશાની, મહારોગની ચેતવણી | ડૉ. દિલીપ એમ. પટેલ | ૪૦ |
| ગુજરાતનું સમતોલ બજેટ | અંકિતા કથિરિયા | ૪૨ |
| કેન્દ્રીય અંદાજપત્રમાં દેશના તમામ નાગરિકોની આશાનો સૂર્યોદય | ગૌતમ પુરોહિત | ૪૪ |
| રેલવે અંદાજપત્ર : એક વિશ્લેષણ | ડૉ. પી. એસ. હીરાણી | ૪૯ |
| સામાન્ય બજેટ ૨૦૧૫-૧૬ : એક વિશ્લેષણ | ડૉ. મહેશ આર. સોનારા | ૫૧ |
| આશા-અપેક્ષા-વિવાદ અને દૂરંદેશિતાથી સભર સામાન્ય અંદાજપત્રો | દિગંત ક. દવે | ૫૪ |
| ગુજરાતમાં આદિમજૂથ સમુદાયની અર્થવ્યવસ્થા | પ્રવીણ પટેલ | ૫૭ |
| કચ્છમાં જમીનની ફળદ્રુપતા અને રોજગારલક્ષી વનસ્પતિઓ | સૂર્યકાન્ત ભટ્ટ | ૬૧ |
| ભારતની નારીશક્તિ નૂતન ભારતના નિર્માણની સહભાગીદાર છે | સંકલન : કુ. ધૃતિ છાયા | ૬૩ |
| કુદરતી સંસાધન તરીકે સમુદ્ર | પ્રીતિબા પી. જાડેજા | ૬૫ |

## ટાઇટલ

| | | |
|---|---|---|
| ● આવરણ ડિઝાઇન | : — | ૧ |
| ● યોજના જાહેરાત | : — | ૨ |
| ● સરફાએસ્ટ અધિનિયમ-૨૦૦૨ | : શું આપ જાણો છો ? | ૩ |
| ● પ્રકાશન વિભાગનાં પુસ્તકો | : — | ૪ |

**Website : www.yojana.gov.in**
**E-mail Address : yojanagujarati@gmail.com**

# તંત્રીલેખ

## રોકાણ અને વૃદ્ધિને વેગ આપતું સર્વસમાવેશક બજેટ

વર્તમાન સરકારનું પ્રથમ સંપૂર્ણ બજેટ છેવટે રજૂ થઈ ગયું. લોકપ્રિય જાહેરાતોની અપેક્ષા હોવા છતાં રોકાણ અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવા બજેટમાં નાની નાની, પણ અસરકારક જાહેરાતો કરવામાં આવી છે. નાણાપ્રધાને ૮ ટકાથી વધારે જીડીપી સાથે લાંબાગાળાની ટકાઉ વૃદ્ધિ અને ભારતને વિશ્વમાં ઝડપથી વિકસતું અર્થતંત્ર બનાવવાના હેતુસર કેટલાંક મૂળભૂત મુદ્દાઓનું સમાધાન કરવાનો પ્રયાસ કર્યો છે.

સરકારના સર્વસમાવેશક વૃદ્ધિના વિઝનની સાતત્યતા જાળવીને બજેટમાં દેશના વિકાસમાં લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરી છે અને તેમના જીવનની ગુણવત્તા વધારવા સશક્ત બનાવવાનો પ્રયાસ કર્યો છે. એક તરફ, બજેટમાં આજીવિકાના સાધનો વધારવા અને રોકાણની તકો વધારવાનો પાયો નાંખવામાં આવ્યો છે, તો બીજી તરફ, સામાજિક સુરક્ષા વ્યવસ્થાનું નિર્માણ કર્યું છે.

નવી પેન્શન યોજના હેઠળ કરવેરા મુક્તિ મર્યાદા વધારીને રૂ. ૧.૫ લાખ કરવામાં આવી છે, હેલ્થ ઈન્શ્યોરન્સના પ્રીમિયમ પર રૂ. ૨૫,૦૦૦ સુધીની રકમને કરવેરામાં મુક્તિ આપવામાં આવી છે, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનાની જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત રૂ. ૧૨ના સાધારણ પ્રીમિયમ પર મૃત્યુ સામે રૂ. બે લાખ સુધીની વીમો આપવામાં આવ્યો છે. આ બધી સામાજિક સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની દિશામાં મુખ્ય પહેલો છે. મહિલા સુરક્ષા, હિમાયત અને જાગૃતિ માટેના કાર્યક્રમોને પીઠબળ પૂરું પાડવા વર્ષ ૨૦૧૫-૧૬માં નિર્ભયા ફંડને રૂ.૧,૦૦૦ કરોડના ભંડોળની જોગવાઈ કરવામાં આવી છે.

દેશની યુવા પેઢીની પ્રચંડ સંભવિતતાને યોગ્ય દિશામાં વાળવા અને તેમની રોજગારક્ષમતા વધારવા, બજેટમાં શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરવામાં આવે છે. દરેક બાળકને પાંચ કિલોમીટરના વિસ્તારની અંદર માધ્યમિક શાળાથી લઈને દેશના વિવિધ વિસ્તારોમાં ટેકનિકલ અને કૌશલ્યવર્ધન માટેની શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ કરવાની દરખાસ્તો રજૂ કરવામાં આવી છે. જ્યારે 'નઈ મંઝિલ'નો હેતુ સંકલિત શિક્ષણ અને લઘુમતિ યુવાનો માટે આજીવિકા ઊભી કરવાનો છે, ત્યારે માઈક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ રિફાઈનાન્સ એજન્સી (MUDRA) બેન્ક અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના યુવાનોને પ્રાથમિકતા આપીને માઈક્રો-ફાઈનાન્સ સંસ્થાઓને રિફાઈનાન્સ કરશે. સેલ્ફ-એમ્પ્લોયમેન્ટ એન્ડ ટેલેન્ટ યુટિલાઈઝેશન (SETU) કાર્યક્રમ નવા વ્યવસાયો અને સ્વરોજગારીની પ્રવૃત્તિઓ, ખાસ કરીને ટેકનોલોજી સંચાલિત ક્ષેત્રો સાથે સંબંધિત તમામ પાસાઓને સમર્થન આપશે. રાષ્ટ્રીય કૌશલ્ય અભિયાનો કેટલાંક મંત્રાલયોમાં કૌશલ્યની પહેલને મજબૂત કરશે અને પ્રક્રિયાઓ અને પરિણામોના પ્રમાણીકરણને છૂટ આપશે.

'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને પ્રોત્સાહન આપવા બજેટમાં ઉત્પાદન પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવા વિવિધ પગલાં લેવાની જાહેરાત કરવામાં આવી છે. જીએએઆર (જનરલ એન્ટિ એવોઈડન્સ રુલ્સ)ની મોકૂફી, કોર્પોરેટ ટેક્સને આગામી ચાર વર્ષમાં ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવાની જાહેરાત અને કરવેરાના માળખાને તાર્કિક કરવાની દરખાસ્તોએ હકારાત્મક સંદેશ આપ્યો છે કે ભારતમાં કરવેરાનું માળખું સ્થિર છે અને સાતત્યપૂર્ણ છે. ૧ એપ્રિલ, ૨૦૧૬થી સાર્વત્રિક ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)નો અમલ કરવેરાની બિનકાર્યદક્ષતાઓ દૂર કરશે, જે અત્યારે અસ્તિત્વમાં છે અને જીડીપી વૃદ્ધિ માટે માર્ગ પ્રશસ્ત કરશે. અન્ય મહત્ત્વપૂર્ણ બાબત સરળીકરણ, તાર્કિકીકરણ અને પ્રક્રિયાઓના ડિજિટાઈઝેશન સાથે ભારતમાં 'વ્યાવસાયિકતા સરળતા સુલભ' કરવા પર કેન્દ્રિત છે.

આ પહેલોને સમર્થન આપવા મજબૂત માળખાગત સુવિધાઓ માટેની જરૂરિયાતો ઓળખીને બજેટમાં આ ક્ષેત્ર માટેની જોગવાઈને વધારીને રૂ. ૭૦,૦૦૦ કરોડની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત રૂ. ૨૦,૦૦૦ કરોડના આંતરિક પ્રવાહ સાથે નેશનલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એનઆઈઆઈએફ) ઊભું કરવાની અને રેલ, રોડ અને સિંચાઈના ક્ષેત્રોમાં કરમુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ્સ ઊભાં કરવાની જાહેરાત કરવામાં આવી છે.

બજેટ નિષ્ક્રિય સંસાધનોને સક્રિય બનાવીને અને તેમને ઔપચારિક નાણાકીય વ્યવસ્થામાં લાવવાની સુનિશ્ચિતતા પણ કરે છે. જ્યારે ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ, સોવેરિયન ગોલ્ડ બોન્ડનો વિકાસ અને ભારતીય સોનાના સિક્કાને રજૂ કરવાથી સોનાની બચતને આર્થિક રોકાણમાં પરિવર્તિત કરવામાં મદદ મળશે, ત્યારે કાળાં નાણાં પર વિસ્તૃત કાયદો લાવીને ૧૦ વર્ષના કારાવાસ અને ૩૦૦ ટકા દંડની જોગવાઈ કરવાથી છૂપાં અને બેહિસાબી નાણાં બહાર લાવવામાં મદદ મળશે. ઉપરાંત સંપત્તિ વેરો નાબૂદ કરવાથી અને રૂ. એક કરોડથી વધારે વાર્ષિક આવક ધરાવતા અતિ ધનિકો પર બે ટકાનો સરચાર્જ લાદવાથી કરવેરાની આવક વધશે.

બજેટની ખાધને પહોંચી વળવા નાણાપ્રધાને સર્વિસ ટેક્સના દર ૧૨.૩૬ ટકાથી વધારીને ૧૪ ટકા કરવાની દરખાસ્ત રજૂ કરી છે, જે વ્યક્તિગત ખર્ચ પર અસર કરશે. લોકપ્રિય ન હોવા છતાં આ પગલું જીએસટીનો અમલ શરૂ થયા પછી યોગ્ય ગણાશે.

છેલ્લે એક મહત્ત્વપૂર્ણ બાબત, રાજ્યો સાથે સંકલન સાધવા બજેટમાં ૧૪મા નાણાપંચની ભલામણનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને કરવેરાની આવકમાં વહેંચી શકાય તેવો રાજ્યોનો હિસ્સો ૩૨ ટકાથી વધારીને ૪૨ ટકા કર્યો છે. તેનાથી રાજ્યોને ઉપલબ્ધ સંસાધનોમાં વધારો જ નહીં થાય, પણ રાજ્યોને તેમની ચોક્કસ જરૂરિયાત પ્રમાણે ડિઝાઈન, અમલીકરણ અને નાણાકીય કાર્યક્રમોની મદદ કરવામાં અનુકૂળતા વધશે.

સંક્ષેપમાં કહીએ તો, બજેટમાં લોકોના કલ્યાણના લાંબાગાળાના પગલાં લેવામાં આવ્યા છે અને દેશને પ્રગતિના પંથે અગ્રેસર કરવા નિશ્ચિત યોજના બનાવવામાં આવી છે, જેથી દરેક ભારતીયોના જીવનમાં ફરક પડશે. બજેટમાં મજબૂત ઈરાદા સાથે સોનેરી ભવિષ્યને સાકાર કરવાની યોજના રજૂ કરવામાં આવી છે.

# કેન્દ્રીય સામાન્ય અંદાજપત્ર : ૨૦૧૫-૧૬

**ના**ણાંમંત્રી શ્રી અરૂણ જેટલીએ લોકસભામાં વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર રજૂ કરતાં જણાવ્યું હતું કે, છેલ્લા નવ માસમાં ભારતના અર્થતંત્રમાં નાટકીય સુધારો થયો છે અને વાસ્તવિક કુલ ઘરેલું ઉત્પાદનમાં જીડીપીના ૭.૪ ટકાના દરે વિકાસની વૃદ્ધિની જે ધારણા બાંધવામાં આવી છે એના પરિણામે ભારત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર બન્યું છે. જન ધન યોજના હેઠળ માત્ર ૧૦૦ દિવસના ટૂંકા ગાળામાં દેશની વિવિધ બેંકોમાં ૧૨.૫ કરોડ નવા ખાતા ખુલતાં ૧૨.૫ કરોડ કુટુંબો દેશના મુખ્ય નાણાકીય પ્રવાહમાં આવ્યા છે. રાજ્યોના સાધનો વધારવા માટે કોલસાના ક્ષેત્રોની પારદર્શી હરાજી શરૂ કરવામાં આવી છે અને સ્વચ્છ ભારત હેઠળ સમગ્ર દેશમાં સ્વચ્છતા અને સાફસૂફીનું આંદોલન શરૂ થયું છે. ભારતે હવે આર્થિક સુધારાના ક્ષેત્રે બે વધુ પગલાં ભરવાની શરૂઆત કરી છે, આમાં જીએસટી ઉપરાંત જન ધન યોજના, આધારકાર્ડ યોજના અને સરકારી લાભો લાભાર્થીઓના બેંક ખાતામાં સીધા જમા કરાવવાની યોજનાનો સમાવેશ થાય છે. એમણે કહ્યું હતું કે પરોક્ષ કરવેરાની અત્યંત અદ્યતન સ્વરૂપની જીએસટીની યોજના ૧લી મે, ૨૦૧૬થી અમલમાં મુકાશે. બીજી તરફ સરકારી લાભો બેંક ખાતામાં સીધા જમા કરાવવાની યોજનાને પરિણામે લક્ષિત લોકોને કોઈપણ પ્રકારના




ભ્રષ્ટાચાર વગર લાભો મળતાં થશે. નાણાં મંત્રીએ ઘટતા જતાં ફુગાવાને કેન્દ્ર સરકારની એક મુખ્ય સિદ્ધિ ગણાવતાં જણાવ્યું હતું કે ચાલુ વર્ષના અંત સુધીમાં ફુગાવાનો દર લગભગ ૫ ટકા જેટલો થવાની ધારણા છે, જેને પરિણામે દેશની નાણાકીય નીતિઓને વધુ ઉદાર બનાવવામાં મદદ મળશે. એમણે કહ્યું હતું કે રિઝર્વ બેંક સાથે નાણાકીય નીતિના માળખા અંગેનો એક કરાર થયો છે, જેની હેઠળ ફુગાવાનો દર ૬ ટકાથી નીચો રહે એનું ધ્યાન રાખવામાં આવશે.

શ્રી જેટલીએ કહ્યું હતું કે ૨૦૨૨નું વર્ષ ભારતના સ્વાતંત્ર્યનું અમૃત મહોત્સવનું વર્ષ છે. એમણે કહ્યું હતું કે પ્રધાનમંત્રીએ કેન્દ્ર સરકારની આગેવાની હેઠળની રાજ્યોના પ્રતિનિધિઓ સાથેની ટીમ ઈન્ડિયાનું સ્વપ્ન સમગ્ર દેશમાં તમામ લોકોને આવાસની સુવિધા મળે એ જોવાનું છે. આ માટે દેશના શહેરી વિસ્તારોમાં ૨ કરોડ આવાસો અને ગ્રામીણ વિસ્તારોમાં ૪ કરોડ વધુ આવાસોની જરૂર પડશે. વધુમાં આ તમામ આવાસો ૨૪ કલાક વીજળી, પીવાનું શુદ્ધ પાણી, ટોઈલેટ વગેરેની સગવડોથી સુસજ્જ હોય એવી અપેક્ષા રાખવામાં આવી છે. એમણે કહ્યું હતું કે પ્રધાનમંત્રીની ટીમ ઈન્ડિયાના સ્વપ્ન મુજબ દેશના પ્રત્યેક કુટુંબમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ કમાણી કરતી હશે. આ ઉપરાંત ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો, વીજળીથી વંચિત ૨૦,૦૦૦ ગામડાંનું વીજળીકરણ, પ્રત્યેક ગામડાંમાં તબીબી સેવાઓની સગવડ, પ્રત્યેક બાળક માટે ૫ કિ.મી.ની અંદર ઉચ્ચત્તર માધ્યમિક શાળા વગેરેની કલ્પના કરવામાં આવી છે. ગ્રામીણ વિસ્તારોમાં અર્થતંત્રને વધુ સુદઢ કરવામાં આવશે, સિંચાઈ હેઠળના વિસ્તારમાં વધારો કરવામાં આવશે, તમામ ગામડાંને સંદેશાવ્યવહારની

સગવડોથી જોડવામાં આવશે અને કુશળ ભારત તથા મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમો દ્વારા ભારતને વિશ્વનું મુખ્ય મેન્યુફેક્ચરીંગ કેન્દ્ર બનાવવામાં આવશે. દેશના પૂર્વ અને ઉત્તરપૂર્વના પ્રદેશોનો ઝડપી વિકાસ કરી એને દેશના અન્ય ભાગોની હરોળમાં મુકવામાં આવશે.

એમણે કહ્યું હતું કે હાલમાં વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ લાભાર્થીઓને સીધી ટ્રાન્સફર કરવામાં આવે છે. એ વ્યવસ્થાને વધુ વિક્સાવવામાં આવશે અને લાભાર્થીઓની સંખ્યા જે હાલમાં ૧ કરોડ છે એને વધારીને ૧૦.૩ કરોડ કરવામાં આવશે. ખેડૂતો તરફની સરકારની પ્રતિબદ્ધતા દોહરાવતાં નાણાં મંત્રીએ ખેડૂતો માટે કેટલીક નવી યોજનાઓની જાહેરાત કરી હતી. એમણે કહ્યું હતું કે સેન્દ્રીય ખેતીની યોજનાને ટેકો આપવા પરંપરાગત કૃષિ વિકાસ યોજના અમલમાં મુકવામાં આવશે. પ્રધાનમંત્રી ગ્રામ સિંચાઈ યોજનાનું લક્ષ્ય પ્રત્યેક ખેડૂતના ખેતરને સિંચાઈનું પાણી પૂરું પાડવાનું અને પાણીના ઉપયોગની કાર્યક્ષમતા વધારવાનો છે. એમણે સુક્ષ્મ સિંચાઈ, વોટર શેડ વિકાસ અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના માટે રૂા. ૫૩૦૦ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. કૃષિ ક્ષેત્રને વધુ ધિરાણ પૂરું પાડવા અને નાના તથા સિમાંત ખેડૂતોની પરિસ્થિતિ સુધારવા માટે નાણાં મંત્રીએ નાબાર્ડના ગ્રામીણ આંતરમાળખા વિકાસ ફંડ માટે રૂા. ૨૫૦૦૦ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. લાંબાગાળાના ગ્રામીણ ધિરાણ ફંડ માટે રૂા. ૧૫૦૦૦ કરોડ, ટૂંકાગાળાના સહકારી ગ્રામીણ ધિરાણ રિફાઈનાન્સ ફંડ માટે રૂા. ૪૫૦૦૦ કરોડ, ટૂંકાગાળાના પ્રાદેશિક ગ્રામીણ બેંકોના રિફાઈનાન્સ ફંડ માટે રૂા. ૧૫૦૦૦ કરોડની ફાળવણી સૂચવી હતી. એમણે કહ્યું હતું કે સરકારે કુલ રૂા. ૮.૫ લાખ કરોડનું મહત્ત્વકાંક્ષી કૃષિ ધિરાણનું લક્ષ્યાંક નજર સમક્ષ રાખ્યું છે. મનરેગા મારફત લોકોને રોજગારી પૂરી પાડવાની સરકારની પ્રતિબદ્ધતા દોહરાવતા એમણે મનરેગા માટે રૂા. ૩૪૬૯૯ કરોડની પ્રારંભિક ફાળવણીની જાહેરાત કરી હતી.

એમણે કહ્યું હતું કે નાની રકમનું ધિરાણ પૂરું પાડતી સંસ્થાઓને પ્રધાનમંત્રી મુદ્રા યોજના મારફત રિફાઈનાન્સ માટે રૂા. ૩૦૦૦ કરોડના ભંડોળ સાથે ધિરાણ ગેરંટી ભંડોળ રચવામાં આવશે. આ ઉપરાંત રૂા. ૨૦૦૦૦ કરોડના મુખ્ય ભંડોળ સાથે માઈક્રો યુનિટસ ડેવલપમેન્ટ રિફાઈનાન્સ એજન્સી ટૂંકમાં મુદ્રા બેંક શરૂ કરવામાં આવશે. એમણે કહ્યું હતું કે ધિરાણ કરવા દરમ્યાન અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને અગ્રતાક્રમ આપવામાં આવશે.

નાણાં મંત્રીએ કોઈપણ પ્રકારના વિમાનું રક્ષણ ન ધરાવતી દેશની ખૂબ જ વિશાળ સંખ્યામાંની વસતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ટૂંકમાં શરૂ કરવામાં આવનારી પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના હેઠળ આવા લોકોને માત્ર રૂા. ૧૨ના વાર્ષિક પ્રિમિયમ સામે રૂા. બે લાખની અકસ્માતના ભય સામે વીમા યોજના હેઠળ રક્ષણ પૂરું પાડવામાં આવશે. આજ પ્રમાણે સરકાર અટલ પેન્શન યોજના શરૂ કરશે. જેની હેઠળ આ યોજનામાં જોડાનાર લોકોને ચોક્કસ રકમનું પેન્શન પૂરું પાડવામાં આવશે. લોકોને આ યોજનામાં જોડાવા પ્રોત્સાહન પૂરું પાડવા સરકાર લાભાર્થીએ ચૂકવવાની પ્રિમિયમની રકમમાં વાર્ષિક રૂા. ૧૦૦૦ની મર્યાદામાં રહી ૫૦ ટકાનો ફાળો પાંચ વર્ષ માટે પૂરો પાડશે. ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ પહેલા આ નવી યોજના હેઠળ ખોલવામાં આવેલા ખાતાના લાભાર્થીઓ સરકારના આ ફાળા માટે હક્કદાર રહેશે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સામાજિક સલામતિની ત્રીજી યોજના પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના છે. જેની હેઠળ કુદરતી તેમજ આકસ્મિક મૃત્યુના સંજોગોમાં રૂા. ૨ લાખના વીમાનો લાભ પૂરો પાડવામાં આવશે. ૧૮ થી ૫૦ વર્ષના લાભાર્થીઓ માટે આ યોજના માટેનું વાર્ષિક પ્રિમીયમ રૂા. ૩૩૦ રાખવામાં આવ્યું છે, જે રોજના ૧ રૂપિયાથી પણ ઓછું થાય છે.

નાણાં મંત્રીએ આંતરમાળખાના ક્ષેત્રે જાહેર મૂડીરોકાણ વધારવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. એમણે કહ્યું હતું કે સરકાર આ સંબંધમાં માર્ગ બાંધકામ પાછળ તેમજ રેલવે માટે અંદાજપત્રીય ટેકો વધારવાની તરફેણ કરે છે. માર્ગો માટે ૧૪,૦૩૧ કરોડ અને રેલવે માટે રૂા. ૧૦,૦૫૦ કરોડનો ટેકો પૂરો પાડવામાં આવશે. એમણે રૂા. ૨૦,૦૦૦ કરોડના વાર્ષિક કરોડની ફાળવણી સાથે રાષ્ટ્રીય મૂડીરોકાણ અને આંતરમાળખા ફંડ રચવાની દરખાસ્ત કરી હતી. રેલવે, માર્ગો અને સિંચાઈ ક્ષેત્ર માટે કરવેરા મુક્ત આંતરમાળખા બોન્ડની પરવાનગી આપવામાં આવશે. એમણે આંતરમાળખાની સુવિધાઓ વધારવા જાહેર તેમજ ખાનગી ક્ષેત્રની ભાગીદારીને વધુ વિકસાવવા અને એને વધુ જોમવંતી બનાવવાની જરૂરિયાત જણાવી હતી. શ્રી જેટલીએ શોધખોળ અને સંશોધનને

પ્રોત્સાહન પૂરું પાડવા માટે નીતિ આયોગમાં અટલ ઈનોવેશન મિશન સ્થાપવાની જાહેરાત કરી હતી. આ મિશન કેળવણીકારો તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતા લોકોને સાંકળી લઈ શોધખોળને પ્રોત્સાહન માટેનું પ્લેટફોર્મ પૂરું પાડશે. આ મિશન માટે રૂા. ૧૫૦ કરોડની ફાળવણી સૂચવાઈ છે.

નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે સરકાર પાંચ નવા અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ ઉભાં કરવા માંગે છે, જે પ્રત્યેક પ્રોજેક્ટ ૪૦૦૦ મેગાવોટનો હશે દેશમાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા સરકાર જાહેર ઋણ વ્યવસ્થાપન એજન્સી ઉભી કરવાની દરખાસ્ત ધરાવે છે, જે વિદેશોમાંથી મેળવેલી લોન તેમજ આંતરિક દેવાને એક જ વ્યવસ્થા હેઠળ મુકશે.

નાણાં મંત્રીએ તમામ સાધનોમાંથી મૂડીરોકાણ વધારવાની જરૂરિયાત જણાવતા વૈકલ્પિક મૂડીરોકાણ ફંડમાં વિદેશી મૂડીરોકાણને છૂટ આપવાની દરખાસ્ત કરી હતી. એમણે કહ્યું હતું કે ભારતમાં ખાનગી ક્ષેત્ર મૂડીરોકાણ માટે દક્ષિણ એશિયામાં એક પ્રોજેક્ટ ડેવલપમેન્ટ કંપની સ્થાપવામાં આવશે, જે કંબોડિયા, મ્યાનમાર, લાઓસ અને વિયેતનામમાં મેન્યુફેક્ચરિંગ કેન્દ્રો ઉભાં કરશે. મહિલા સલામતિની હિમાયત અને જાગૃતિના કાર્યક્રમોને ટેકો આપવા નાણાં મંત્રીએ નિર્ભયા ફંડને વધુ રૂા. ૧૦૦૦ કરોડની ફાળવણી કરવાનું સૂચવ્યું હતું.

દેશમાં પ્રદૂષણને કારણે કથળતાં જતાં પર્યાવરણ અંગે ચિંતા વ્યક્ત કરતાં શ્રી જેટલીએ જણાવ્યું હતું કે પુનઃ પ્રાપ્ય ઉર્જાના સાધનોમાંથી વીજળી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક વધારવામાં આવ્યો છે અને આવા સાધનો મારફત ૨૦૨૨ સુધીમાં ૧ લાખ ૭૫ હજાર મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. એમણે કહ્યું હતું કે ઈલેક્ટ્રીક વાહનોના મેન્યુફેક્ચરિંગ માટે તેમજ લોકો એને વધુ ઝડપથી અપનાવે એ માટે સરકાર રૂા. ૭૫ કરોડના પ્રારંભિક ખર્ચ સાથે એક ખાસ યોજના શરૂ કરશે.

નાણાં મંત્રીએ વિધિસરની કૌશલ્ય તાલીમ ઉપર ભાર મુકતાં કહ્યું હતું કે સરકાર ટૂંક સમયમાં એક રાષ્ટ્રીય કૌશલ્ય મિશન શરૂ કરશે, જે કેન્દ્રના વિવિધ મંત્રાલયોમાં આ સંબંધમાં કરવામાં આવેલી પહેલનું સંકલન કરી એને વધુ સુદ્રઢ બનાવશે. દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના માટે રૂા. ૧૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી કાર્યક્રમ મારફત એક સંપૂર્ણપણે આઈટી આધારિત વિદ્યાર્થી નાણાકીય સહાય સત્તા તંત્ર રચવામાં આવશે, જે શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક લોન વિતરણ કામગીરી હાથ ધરશે અને એના ઉપર દેખરેખ રાખશે.

નાણાં મંત્રીએ જાહેરાત કરી હતી કે કર્ણાટકમાં એક નવી આઈઆઈટી શરૂ કરવામાં આવશે અને ધનબાદમાં ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈન્સને સંપૂર્ણ આઈઆઈટીમાં ફેરવવામાં આવશે. બિહારમાં આઈઆઈએમ જેવી સંસ્થા સ્થાપવામાં આવશે. અમૃતસરમાં બાગાયતી ખેતી સંશોધન અને શિક્ષણ માટે એક સ્નાતકોત્તર સંસ્થા સ્થાપવામાં આવશે. ફાર્મસી અંગેના શિક્ષણ અને સંશોધન માટે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને છત્તીસગઢમાં ત્રણ નવી રાષ્ટ્રીય સંસ્થાઓ અને નાગાલેન્ડ તથા ઓડિસામાં વિજ્ઞાન અને શૈક્ષણિક સંશોધન અંગેની સંસ્થા ઉભી કરવામાં આવશે. જમ્મુ અને કાશ્મીર તથા આંધ્રપ્રદેશમાં ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટની સ્થાપના કરવામાં આવશે.

રાજ્યોને નાણાકીય સાધનોની મોટી ફાળવણી કરવા છતાં કેન્દ્ર સરકાર દ્વારા ગરીબી નિવારણની વિવિધ યોજનાઓ માટે પૂરતી જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રકારની મુખ્ય જોગવાઈમાં મધ્યાહ્ન ભોજન યોજના સહિત શૈક્ષણિક ક્ષેત્ર માટે રૂા. ૬૮,૯૬૮ કરોડ, આરોગ્ય ક્ષેત્રે રૂા. ૩૩,૧૫૨ કરોડ, મનરેગા સહિત ગ્રામીણ વિકાસ પ્રવૃત્તિઓ માટે રૂા. ૭૯,૫૨૬ કરોડ, આવાસ અને શહેરી વિકાસ માટે રૂા. ૨૨,૪૦૭ કરોડ, મહિલા અને બાળ વિકાસ માટે રૂા. ૧૦,૩૫૧ કરોડ અને જળ સાધનો તેમજ નમામી ગંગે યોજના માટે ૪,૧૭૩ કરોડની ફાળવણીનો સમાવેશ થાય છે. એમણે કહ્યું હતું કે દેશના સશસ્ત્ર દળોની જરૂરિયાતો માટે પૂરતા ફંડની જોગવાઈ કરવામાં આવી છે. સંરક્ષણ ક્ષેત્રે ચાલુ વર્ષે રૂા. ૨,૨૨,૩૭૦ કરોડના સંભવિત ખર્ચની સામે ૨૦૧૫-૧૬ના વર્ષમાં અંદાજપત્રમાં સંરક્ષણ માટે રૂા. ૨,૪૬,૭૨૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

નાણાં મંત્રીએ અંદાજપત્રના અંદાજો આપતાં જણાવ્યું હતું કે બિનયોજનાકીય ખર્ચ રૂા. ૧૩,૧૨,૨૨૦ કરોડ અંદાજવામાં આવ્યો છે. યોજનાકીય ખર્ચ રૂા. ૪,૬૫,૨૭૭ કરોડ અંદાજવામાં આવ્યો છે. જે ૨૦૧૪-૧૫ના સુધારેલા અંદાજ જેટલો જ છે. આજ પ્રમાણે કુલ ખર્ચ રૂા. ૧૭,૭૭,૪૭૭ કરોડ અંદાજવામાં આવ્યો છે. કરવેરાની કુલ આવક રૂા. ૧૪,૪૯,૪૯૦ કરોડ અંદાજવામાં આવી છે. રાજ્યોને સાધનોની

ફાળવણી રૂા. ૫,૨૩,૯૫૮ કરોડ અંદાજવામાં આવી છે. આવકમાં કેન્દ્ર સરકારનો હિસ્સો રૂા. ૯,૧૯,૮૪૨ કરોડ છે. કરવેરા સિવાયની આવતા નાણાકીય વર્ષની આવક રૂા. ૨,૨૧,૭૩૩ કરોડ અંદાજવામાં આવી છે. નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે આ અંદાજોને ધ્યાનમાં લેતાં વિત્તીય ખાધ જીડીપીના ૩.૯ ટકા જેટલી જ્યારે મહેસૂલી ખાધ જીડીપીના ૨.૭ ટકા જેટલી થવાની ગણતરી છે.

સરકાર દ્વારા વસૂલ કરવામાં આવતા કરવેરા સરકારને દેશની પ્રજાને શિક્ષણ, આરોગ્ય સંભાળ, આવાસ અને અન્ય પાયાની સગવડો પૂરી પાડવામાં, લોકોના જીવનની ગુણવત્તા સુધારવામાં, ગરીબીની સમસ્યાઓ હલ કરવામાં અને બેકારી અને મંદ વિકાસ નિવારવા માટેના પગલાંમાં મદદરૂપ બને છે. આ મહત્ત્વના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સરકારે છેલ્લા નવ માસમાં એક સ્થિર કરવેરા નીતિ અને સૌને સહાયક કરવેરા વ્યવસ્થા તંત્ર વિકસાવવા ભારે જહેમત ઉઠાવી છે.

શ્રી જેટલીએ જણાવ્યું હતું કે સંસદના છેલ્લા સત્રમાં રજૂ કરાયેલો ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ - જીએસટી દેશના કરવેરાના તંત્રમાં અને એની કામગીરીમાં મોટા ફેરફારો તરફ દોરી જશે. જીએસટી પરોક્ષ કરવેરાને લાગુ પડે છે અને એની રજૂઆતની સાથોસાથ સીધા કરવેરાના ક્ષેત્રે પણ પરિવર્તનકારી પગલાં લેવાનું આવશ્યક છે. એમણે કહ્યું હતું કે કોર્પોરેટ ટેક્ષ આગામી ચાર વર્ષમાં ૩૦ ટકાથી ઘટાડી ૨૫ ટકા કરવાની દરખાસ્ત છે. આના પરિણામે મૂડીરોકાણમાં વધારો થશે, વિકાસનો દર વધશે અને રોજગારીની વધુ તકોનું નિર્માણ થશે. એમણે કહ્યું હતું કે કરવેરાની દરખાસ્તોને આખરી સ્વરૂપ આપવા દરમ્યાન છ બાબતોને નજર સમક્ષ રાખવામાં આવી છે. આમાં કાળા નાણાંને ડામવાના પગલાં, ઝડપી આર્થિક વિકાસ અને મૂડીરોકાણ દ્વારા રોજગારીનું નિર્માણ અને મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ તથા મેક ઈન ઈન્ડિયાના અભિયાનને પ્રોત્સાહન, વ્યાપાર ઉદ્યોગના કામકાજમાં સરળતા લાવવા અલ્પત્તમ સરકાર અને મહત્તમ શાસન, મધ્યમ વર્ગના કરદાતાઓને ફાયદો, સ્વચ્છ ભારતની પહેલ મારફત જાહેર આરોગ્ય તેમજ પ્રજાના જીવનની ગુણવત્તામાં સુધારો તથા અર્થતંત્રને મહત્તમ લાભ થાય એ પ્રકારની દરખાસ્તોનો સમાવેશ થાય છે. શ્રી જેટલીએ જણાવ્યું હતું કે ખાસ કરીને વિદેશોમાં ભારતનું જે કાળું નાણું લઈ જવામાં આવ્યું છે એ અંગે એક સર્વગ્રાહી નવો કાયદો ઘડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગેનું વિધેયક સંસદના ચાલુ સત્રમાં રજૂ કરવાની દરખાસ્ત છે. આ વિધેયકની મુખ્ય બાબતોમાં આવક અને અસ્કયામતો છુપાવવાના ગુના માટે તેમજ વિદેશોમાંની માલ મિલ્કત સંબંધમાં કરવેરાની જવાબદારીમાંથી છટકવાના ગુના માટે ૧૦ વર્ષ સુધીની સખત કેદની સજાનો સમાવેશ થાય છે. આ પ્રકારના ગુનાને નોન કમ્પાઉન્ડેબલ બનાવવામાં આવશે અને ગુનેગારોને સેટલમેન્ટ કમિશન પાસે જવાની પરવાનગી આપવામાં નહીં આવે. આ પ્રકારના ગુના માટે લાગુ પડતાં કરવેરાની સામે ૩૦૦ ટકાના દરે દંડ વસૂલ કરવામાં આવશે. આવકના રિટર્ન ફાઈલ ન કરવા માટે તેમજ આવા રિટર્નમાં વિદેશોમાંની અસ્કયામતો અંગે અપૂરતી માહિતી આપવાના ગુના માટે સાત વર્ષ સુધીની સખત કેદની સજા થઈ શકશે.

ઘર આંગણે કાળા નાણાંના દૂષણને ડામવા સંસદના ચાલુ સત્રમાં એક નવું અને વધુ સર્વગ્રાહી બેનામી વ્યવહારો - સોદા 'પ્રતિબંધ વિધેયક' રજૂ કરવામાં આવશે. એમણે કહ્યું હતું કે રૂા. ૧ લાખથી વધુ કિંમતની કોઈપણ ખરીદી અને વેચાણ માટે પાનની વિગતો આપવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. કાળા નાણાંના દૂષણ સામેના કાયદાનો કડક અમલ કરવા સીધા કરવેરાના મધ્યસ્થ બોર્ડ તેમજ સીબીઈસીને સૂચના આપવામાં આવી છે.

નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે કરવેરાની દરખાસ્તોનો બીજો મહત્ત્વનો આધાર રોજગારી નિર્માણનો છે. નાણાં મંત્રીએ કહ્યું હતું કે રોજગારીની વધુ તકોના નિર્માણ માટે નવા નિયમિત કામદારોની નિમણૂંક સંબંધમાં કપાતનો લાભ તમામ વ્યાપારી એકમોને મળે એનું ધ્યાન રાખવામાં આવશે. આ સંબંધમાં ઓછામાં ઓછા ૧૦૦ નિયમિત કામદારોને રોજી આપવાની હાલની જોગવાઈમાં આ સંખ્યા ઘટાડીને ૫૦ કરવામાં આવી છે. ઘર આંગણે મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ તેમજ મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાના સંદર્ભમાં પરોક્ષ કરવેરાનું મહત્ત્વ સ્વીકારતાં નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે ૨૨ આઈટમો સંબંધમાં ચોક્કસ ઈનપુટ્સ, કાચી સામગ્રી, ઈન્ટરમીડીએટ્સ અને કોમ્પોનન્ટ્સ ઉપરની બેઝીક કસ્ટમ ડ્યુટી ઘટાડવાની દરખાસ્ત છે.

શ્રી જેટલીએ જણાવ્યું હતું કે સંપત્તિ વેરાને નાબૂદ કરી એના સ્થાને રૂા. ૧ કરોડ ઉપરાંતની આવક ધરાવતાં ખૂબ જ શ્રીમંતો ઉપર ૨ ટકાનો વધારાનો સરચાર્જ નાંખવાની દરખાસ્ત છે. આના પરિણામે વધારાના સરચાર્જની રૂપિયા ૯૦૦૦

કરોડની આવકનો લક્ષ્યાંક છે. નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે શિક્ષણ ઉપકર, માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણ ઉપકરને મધ્યસ્થ આબકારી જકાત હેઠળ મુકવાની દરખાસ્ત છે. ઉપકર સહિતની આબકારી જકાતનો ૧૨.૩૬ ટકાનો સામાન્ય દર રાઉન્ડ ઓફ કરીને ૧૨.૫ ટકા કરવામાં આવશે. મૂલ્ય આધારિત ૧૨ ટકાથી ઓછી આબકારી જકાત અને કેટલાક અપવાદો સાથે ૧૨ ટકા ઉપરાંતની જકાતના દરમાં કોઈ વધારો કરવાની દરખાસ્ત નથી. છૂટક વેચાણમાં લેધર અપર્સ સાથેના જોડી દીઠ રૂપિયા એક હજારથી વધુ કિંમતના પગરખાં ઉપરની આબકારી જકાત ઘટાડીને છ ટકા કરવાની દરખાસ્ત છે. નાણાં મંત્રીએ જણાવ્યું હતું કે ઈનપુટ્સ અને ઈનપુટ સેવાઓ માટેના સેનવેટ ધિરાણ માટે વ્યાપારમાં સહાયક બનવાના પગલાં રૂપે સમયમર્યાદા છ મહિનાથી વધારી એક વર્ષની કરવામાં આવી છે. સેવાકર ૧૨.૩૬ ટકાથી વધારી ૧૪ ટકા કરવાની દરખાસ્ત છે.

શ્રી જેટલીએ જણાવ્યું હતું કે ઘરોની સ્વચ્છતા અને સ્વચ્છ પર્યાવરણ મહત્ત્વના સામાજિક ઉદ્દેશો છે. સ્વચ્છ ભારત અભિયાન માટેની એક પહેલના રૂપમાં સ્વચ્છ ભારત કોષમાં કોર્પોરેટ ક્ષેત્રની સામાજિક જવાબદારી હેઠળના ફાળા સિવાયના અન્ય ફાળા માટે ૧૦૦ ટકા ઘટાડાની દરખાસ્ત કરવામાં આવી છે. આજ પ્રમાણેનો અભિગમ સ્વચ્છ ગંગા ફંડ માટે સૂચવાયો છે. નાણાં મંત્રીએ સ્વચ્છ ઉર્જા ઉપકર, મેટ્રીક ટન કોલસા દીઠ રૂા. ૧૦૦ થી વધારી રૂા. ૨૦૦ કરવાનું સૂચવ્યું  છે કે જેથી સ્વચ્છ પર્યાવરણ માટેની પહેલ માટે સાધનો પૂરા પાડી શકાય. ઔદ્યોગિક ઉપયોગ સિવાયના એથીલીનના પોલીમર્સના થેલા અને કોથળીઓ ઉપરની આબકારી જકાત ૧૨ ટકાથી વધારી ૧૫ ટકા કરવામાં આવશે. એમણે જરૂર પડે તો ચોક્કસ સેવાઓ અથવા તમામ સેવાઓ ઉપર ૨ ટકાના ધોરણે સ્વચ્છ ભારત ઉપકર નાંખવાની તૈયારી સૂચવી હતી.

ભારતમાં આવેલા ૨૫ જેટલાં સાંસ્કૃતિક વિશ્વ વારસાનાં સ્થળો ખાતે હજી પણ સુવિધાઓનો અભાવ વર્તાય છે, જેનું પુનઃ સ્થાપન કરવાની જરૂર છે. આવાં સ્થળોની આસપાસનો વિસ્તાર મનોરમ્ય બનાવવો., પ્રવાસીઓને સમજણ આપવા દુભાષિયા કેન્દ્રો સ્થાપવા, જેવી બાબતો ઉપરાંત વિકલાંગ પ્રવાસીઓ સરળતાથી આવાં સ્થળોએ જઈ શકે તે માટે જરૂરી સુવિધા પૂરી પાડવી, આવાં સ્થળોની આસપાસ પ્રવાસીઓ માટે શૌચાલયો, પાર્કીંગ, રોશની, સુરક્ષા, સ્થળોનું વર્ણન દર્શાવતાં સાઈન બોર્ડ વગેરે સુવિધાઓ પૂરી પાડવાની જરૂર છે.

ગુજરાતનાં પાટણમાં આવેલી ‘રાણકી વાવ’ સહિતનાં દેશના ૮ સ્થળોએ આ કામગીરી શરૂ કરવા માટે સાધનો પૂરા પાડવાની દરખાસ્ત કરવામાં આવી છે.

અંદાજપત્રમાં વ્યક્તિગત આવક વેરાના દરમાં કોઈ ફેરફાર સૂચવ્યો નથી. એમણે જણાવ્યું હતું કે કંપનીઓ સંબંધમાં ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષની આવક સંબંધમાં વેરાના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી.

આમ છતાં નાણાં મંત્રીએ રૂા. ૧ કરોડથી વધુ આવક ધરાવતી વ્યક્તિઓ, હિન્દુ અવિભક્ત કુટુંબો, એઓપી, બીઓઆઈ વગેરે પેઢીઓ, સહકારી મંડળીઓ અને સ્થાનિક સત્તાતંત્ર - ઓથોરીટીઝ ઉપર ૧૨ ટકાનો સરચાર્જ નાંખવાની દરખાસ્ત કરી છે. રૂા. ૧ કરોડથી વધુ પણ રૂા. ૧૦ કરોડ સુધીની આવક ધરાવતી ઘરેલું કંપનીઓના કિસ્સામાં ૭ ટકાના દરે સરચાર્જ લેવામાં આવશે. જ્યારે રૂા. ૧૦ કરોડ ઉપરાંતની આવક ધરાવતી આવી કંપનીઓ પાસેથી ૧૨ ટકા સરચાર્જ વસૂલ કરવામાં આવશે. નાણાં મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વિદેશી કંપનીઓને લાગેવળગે છે ત્યાં સુધી રૂા. ૧ થી ૧૦ કરોડની આવક ધરાવતી કંપનીઓ પાસેથી ૨ ટકા જ્યારે રૂા. ૧૦ કરોડથી વધુ આવક ધરાવતી આવી કંપનીઓ પાસેથી  ૫ ટકાના દરે સરચાર્જ વસૂલ કરવામાં આવશે.

કંપનીઓ દ્વારા ડિવિડન્ડની વહેંચણી અને શેરોની પરત ખરીદી ઉપર ચૂકવવાના આવક વેરા ઉપર હાલમાં ૧૦ ટકાનો જે સરચાર્જ અમલમાં છે એ વધારીને ૧૨ ટકા કરવામાં આવશે. આજ પ્રમાણે મ્યુચ્યુઅલ ફંડ અને સિક્યોરીટાઈઝેશન ટ્રસ્ટ ઉપર આવકની વહેંચણી ઉપરનો સરચાર્જ ૧૦ ટકાથી વધારી ૧૨ ટકા કરવામાં આવશે.

ગુણવત્તાયુક્ત સાર્વત્રિક શિક્ષણ પૂરું પાડવા માટે તેમજ એને માટે નાણાં પૂરા પાડવાની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા પૂર્ણ કરવા માટે આવકવેરા ઉપર હાલમાં ૨ ટકાના દરે શિક્ષણ ઉપકર લેવામાં આવે છે અને આવકવેરા ઉપર ૧ ટકાનો વધારોનો સરચાર્જ માધ્યમિક તથા ઉચ્ચત્તર શિક્ષણ ઉપકર તરીકે લેવામાં આવે છે જે તમામ કરદાતાઓ માટે ૨૦૧૫-૧૬ના વર્ષમાં પણ ચાલુ રહેશે.

**(સૌજન્ય : પી.આઈ.બી. અમદાવાદ)**

# રેલવે બજેટ - ૨૦૧૫-૧૬
# ઉડતી નજરે

**રેલવે અંદાજપત્ર ૨૦૧૫-૧૬**

- રેલવે મુસાફર ભાડાના દરમાં કોઈ વધારો નહીં.
- રૂા. ૧,૦૦,૦૧૧ કરોડના યોજનાકીય ખર્ચની દરખાસ્ત. ગયા વર્ષ કરતાં ૫૨ ટકાનો વધારો.
- મુસાફરોની સુવિધાઓ માટેની ફાળવણીમાં ૬૭ ટકા વૃધ્ધિ
- ભારતીય રેલવે દેશના અર્થતંત્રના વિકાસનું મહત્વનું પરિબળ બની રહેશે. પાંચ વર્ષની કાર્યયોજનાની દરખાસ્ત
- વધુ સારા પ્રમાણમાં મૂડીરોકાણ પ્રાપ્ત કરવા સાધનો ઊભા કરવા ઘનિષ્ટ પ્રયાસો.
- રેલવેને મુસાફરીનું સલામત સાધન બનાવવા અને પ્રવાસીઓ માટેની સુવિધામાં સુધારો લાવવા પર વધુ ઝોક.
- આદર્શ સ્ટેશન યોજના અંતર્ગત ૨૦૦ વધુ સ્ટેશનોને આવરી લેવાશે. "બી" કેટેગરીના સ્ટેશનોને વાઈ-ફાઈ સેવા પૂરી પાડવામાં આવશે.
- મુસાફરોની સમસ્યાઓ અને સલામતિ સંબંધિત ફરિયાદો સાંભળવા માટે ૨૪ હેલ્પલાઈનો.
- મહિલા મુસાફરોની સલામતિ માટે પરાંની ટ્રેઈનોમાં સર્વેલન્સ કેમેરા આવશે.
- પસંદગીની ટ્રેનોમાં સામાન્ય વર્ગના વધુ ડબ્બા ઉમેરવામાં આવશે.




- ૯ રેલવે કોરિડોરમાં ટ્રેનોની ઝડપ દર કલાકે ૧૬૦ કિલોમીટરથી વધારી ૨૦૦ કિલોમીટરની કરવામાં આવશે.
- પસંદગીના રેલમાર્ગો ઉપર ટ્રેઈન પ્રોટેક્શન વોર્નિંગ સિસ્ટમ અને ટ્રેઈન કોલીઝન એવોઈડન્સ સિસ્ટમ શરૂ કરવામાં આવશે.
- ૭૭ જેટલા નવા પ્રોજેક્ટોને આવરી લેતા ૯૪૦૦ કિલોમીટર રેલમાર્ગને વિસ્તારવાની દરખાસ્ત.
- સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત અભિયાન હેઠળ સ્ટેશનો અને ટ્રેનોને સ્વચ્છ રાખવા માટે રેલવેમાં એક નવો વિભાગ શરૂ કરવામાં આવશે.

રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભાકર પ્રભુએ સંસદમાં રજૂ કરેલા ૨૦૧૫-૧૬ના રેલવે બજેટમાં ભારતીય રેલવેને પુનઃ ભારતના અર્થતંત્રનું મુખ્ય ચાલકબળ બનાવવા અનેકવિધ દરખાસ્તો કરવામાં આવી છે. આ અંદાજપત્રમાં રેલવેમાં મૂડીરોકાણનું પ્રમાણ વધારવા વધુ સાધનો ઉભા કરવા, ભારે ધસારો ધરાવતા રેલવે માર્ગો - રેલવે લાઈનો ઉપરનું દબાણ ઘટાડવા, ટ્રેનોની ઝડપ વધારવા, રેલવેના વિવિધ પ્રોજેક્ટ ઝડપથી પૂરા કરવા, પ્રવાસીઓ માટે વધુ સારી સગવડો તેમજ સલામતિનું ધોરણ વધારવા અને દેશના લોકો મુસાફરી માટે રેલવેને પ્રથમ પસંદગી આપે એ રીતે રેલવે સેવાને વિક્સાવવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. રેલવે અંદાજપત્ર રજૂ કરતાં શ્રી પ્રભુએ જણાવ્યું હતું કે રેલવે સેવાના વિકાસ માટેની મહત્ત્વની પહેલ મિશનના રૂપમાં હાથ ધરવામાં આવશે.

રેલવે અંદાજપત્રની દરખાસ્તોમાં

ભારતીય રેલવેની આગામી પાંચ વર્ષમાં કાયાપલટ કરવા માટે ચાર મુખ્ય ધ્યેય નજર સમક્ષ રાખવામાં આવ્યા છે. આમાં રેલવેના પ્રવાસીઓ અને ગ્રાહકો માટેની સેવામાં એકધારો અને નોંધપાત્ર સુધારો કરવો, રેલવેને પ્રવાસ માટે વધુ સલામત બનાવવી, રેલવેની હાલની શક્તિને નોંધપાત્ર પ્રમાણમાં વિસ્તારવી. આંતરમાળખાની સગવડોનું આધુનિકરણ અને રેલવેને નાણાકીય રીતે પોતાના સાધનો ઉપર આધારિત બનાવવા ઉપર ભાર મૂક્યો છે. આ પાંચ ધ્યેય સિદ્ધ કરવા માટે અંદાજપત્રમાં મધ્યમગાળાની ભવિષ્યની યોજના અમલી બનાવવામાં આવશે, જેમાં એક શ્વેતપત્ર, વિઝન-૨૦૩૦નો દસ્તાવેજ અને એક પંચવર્ષીય કાર્ય યોજનાનો સમાવેશ થાય છે. રેલવેની લાંબી મુદતની નાણાકીય જરૂરિયાતો તેમજ વિદેશી ટેકનોલોજીની જરૂરિયાતો સંતોષવા માટે રેલવે સેવામાં હિત ધરાવતા મહત્ત્વના પરિબળો સાથે ભાગીદારી વિક્સાવવામાં આવશે. રેલવેની વિવિધ પ્રકારની અસ્કયામતોમાં વધારો કરવામાં આવશે. રેલવે સ્ટેશનોના આંતરમાળખાનું આધુનિકરણ કરવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં રેલવે સેવામાં કુલ લગભગ રૂા. ૮.૫ લાખ કરોડનું રોકાણ કરવાનું વિચારાયું છે.

રેલવેનું ૨૦૧૫-૧૬ માટેનું ઓપરેટિંગ રેશિયોનું લક્ષ્યાંક ૮૮.૫ ટકા છે અને આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે રેલવેના સંચાલન અને વહીવટી પ્રક્રિયા તેમજ માનવ સંસાધનોના ઉપયોગમાં વ્યાપક ફેરફારો કરવામાં આવશે. મહત્ત્વના ધ્યેય સિદ્ધ કરવા માટેની કાર્યયોજનામાં ઝડપી નિર્ણયો લેવા, નિશ્ચિત રીતે જવાબદારી નક્કી કરવી, વ્યવસ્થાપન માહિતીની સિસ્ટમમાં સુધારો કરવો અને રેલવેના માનવ સંસાધનોની વધુ સારી તાલીમ અને વિકાસનો સમાવેશ થાય છે.

ભારતીય રેલવેમાં પ્રવાસને વધુ આનંદદાયી બનાવવા બજેટમાં સ્વચ્છતાની જાળવણી ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે અને સ્વચ્છ રેલ, સ્વચ્છ ભારત અભિયાન હેઠળ રેલવે સ્ટેશનો અને ટ્રેનોને વધુ સ્વચ્છ બનાવવા એક નવો વિભાગ ઉભો કરવામાં આવશે. વધુ ૬૫૦ રેલવે સ્ટેશનો ખાતે નવા ટોઈલેટ બનાવવામાં આવશે અને કામચલાઉ 'બેડરોલ - પ્રવાસ દરમ્યાન સૂવા અને ઓઢવા માટેના સાધનો'નાં ઓનલાઈન બુકીંગની સગવડ ઉભી કરવામાં આવશે. અઠવાડિયાના સાતે દિવસ ૨૪ x ૭ હેલ્પલાઈન નંબર ૧૩૮, સલામતિ અંગેની ફરિયાદો માટે ટોલ ફ્રી નંબર ૧૮૨ શરૂ કરવાનું અંદાજપત્રમાં સૂચવાયું છે.

રેલવે સ્ટેશનોએ પ્રવાસીઓને વધુ સરળતાથી ટિકીટો મળી રહે એ માટેની સગવડ ઉભી કરવા વિવિધ પગલાં ભરવાનું વિચારવામાં આવ્યું છે. આમાં આરક્ષણ વગરની ટિકીટ માત્ર પાંચ મિનિટમાં પૂરી પાડવા, હોટ બટન્સ, કોઈન વેન્ડીંગ મશીન, વિકલાંગો માટે કન્સેશનવાળી ઈ-ટિકીટ, ટિકીટના બુકીંગ માટે વિવિધ ભાષાનું ઈ-પોર્ટલ વિક્સાવવું વગેરેનો સમાવેશ થાય છે. પ્રવાસીઓને એમના રિફંડની રકમ બેંક મારફત ચૂકવણી અને સ્માર્ટ ફોન પર આરક્ષણ વગરની ટિકીટો પૂરી પાડવાની સગવડ ઉભી કરવામાં આવશે. સ્માર્ટ કાર્ડ તેમજ રોકડ રકમની સામે ઓટોમેટિક ટિકીટ ઈસ્યુ કરતાં મશીનોની સંખ્યા વધારવામાં આવશે. રેલવે તેમજ માર્ગ દ્વારા પ્રવાસની સંયુક્ત ટિકીટ પૂરી પાડવાની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે. સંરક્ષણ સેવાના જવાનો વગેરે માટેની રેલવે પ્રવાસની હાલની વોરંટની સગવડ નાબૂદ કરી ડિફેન્સ ટ્રાવેલ સિસ્ટમ વિકસાવવામાં આવશે. રેલવે પ્રવાસીઓ એમની ટિકીટ બુક કરાવવા સમયે આઈઆરસીટીસીની વેબસાઈટ મારફત પસંદગીના ભોજનનો ઓર્ડર આપી શકશે. ભોજનનું વૈવિધ્ય પૂરું પાડવા શ્રેષ્ઠ ફૂડ ચેનની સેવાને સાંકળી લેવામાં આવશે અને રેલવેના પસંદગીના ડિવિઝનમાં ગુણવત્તાયુક્ત ભોજન તૈયાર કરવા માટે મુખ્ય રસોડાના સંચાલનની કામગીરી પ્રતિષ્ઠિત સંસ્થાઓને આપવામાં આવશે. આજ પ્રમાણે રેલવે સ્ટેશનોએ પાણીની સગવડ વધારવા ઓટોમેટિક મશીનોની સંખ્યા વધારવામાં આવશે.

રિઝર્વેશન સાથે પ્રવાસ કરતાં પ્રવાસીઓની ચકાસણી માટે ટિકીટ ચેકરોને 'હેન્ડ હેલ્ડ ટર્મિનલ્સ' પૂરા પાડવામાં આવશે. પીઆરએસ ટિકીટો માટે પ્રવાસ માટેના કાયદેસરના પુરાવા તરીકે મોબાઈલ ઉપરના એસએમએસને માન્ય કરવાની શક્યતા તપાસવામાં આવશે. દેશમાં ૨૦૦૦ ઉપરાંત રેલવે સ્ટેશનોએ આગામી બે વર્ષમાં રેલવે ડિસ્પ્લે નેટવર્ક ઉભી કરવામાં આવશે. આ ઉપરાંત પ્રવાસીઓને ટ્રેનના ઉપડવાના તેમજ ટ્રેનના આગમનના સમયમાં ફેરફાર અંગે એસએમએસથી જાણકારી પૂરી પાડવાની સેવા વધુ વિસ્તૃત કરવામાં આવશે. મહિલા મુસાફરોની સલામતિ

માટે પ્રાયોગિક ધોરણે પસંદગીની મેઈન લાઈન ઉપરના રેલવેના ડબામાં અને પરાની ટ્રેનોમાં મહિલાઓના ડબામાં કેમેરા ગોઠવવામાં આવશે. પસંદગીની શતાબ્દી ટ્રેનોમાં ચાલુ ટ્રેનોએ મનોરંજનની સગવડ પૂરી પાડવાનો એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. સામાન્ય વર્ગના ડબામાં મોબાઈલ ફોનના ચાર્જીંગ માટેની સગવડો પૂરી પાડવામાં આવશે અને સ્લીપર ક્લાસના ડબામાં આ પ્રકારની સગવડોમાં વધારો કરવામાં આવશે.

રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે, હવે દેશમાં ૨૦૦થી વધુ રેલવે સ્ટેશનોને આદર્શ રેલવે સ્ટેશનની યોજના હેઠળ આવરી લેવામાં આવશે. બી કેટગરીના સ્ટેશનોએ વાઈ-ફાઈની સગવડ પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત પ્રવાસીઓ જાતે ઉપયોગ કરી શકે એવા લોકર્સની સગવડ પણ પૂરી પાડવામાં આવશે. એમણે કહ્યું હતું કે ચોક્કસ પસંદગીની ટ્રેનોમાં વધુ સંખ્યામાં મુસાફરોને સમાવી શકાય એ રીતે એની સગવડમાં વધારો કરવામાં આવશે અને આ માટે વધુ સંખ્યામાં સામાન્ય ડબા વધારવામાં આવશે. રેલવેએ ટ્રેનના ડબામાં ઉપરના પાટીયા ઉપર - સ્લીપર ઉપર ચઢવા માટે ખાસ પ્રકારની સરળ સીડી - લેડરની ડિઝાઈન તૈયાર કરવા એનઆઈડીને વિનંતી કરી છે. વરિષ્ઠ નાગરિકો માટે વધુ પ્રમાણમાં નીચેની બેઠકો અનામત રાખવામાં આવશે. ટિકીટ ચેકરોને વરિષ્ઠ નાગરિકો, ગર્ભવતી સ્ત્રીઓ અને શારીરિક રીતે અશક્ત લોકોને સુવા માટે નીચેની બેઠક મળે એ માટે મદદ કરવા સૂચના આપવામાં આવશે. વચ્ચેની બેઠકો મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે અનામત રાખવામાં આવશે. રેલવે સ્ટેશનોએ લિફ્ટ અને એસ્કેલેટરની સગવડો ઊભી કરવા માટે રૂા. ૧૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે નવા ડબા હવે તૈયાર કરવામાં આવશે, એમાં અંધજનોની સગવડનો ખાસ ખ્યાલ રાખવામાં આવશે. શારીરિક રીતે અશક્ત પ્રવાસીઓ ટ્રેનમાં સરળતાથી પ્રવેશી શકે એ માટે બારણાં વધુ મોટા કરવામાં આવશે. પ્રવાસીઓ માટેની વિવિધ સુવિધાઓ અંગેની ફાળવણીમાં ૬૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

રેલવેએ દેશભરમાં રેલવે સ્ટેશનો વિક્સાવવાની એની નીતિમાં ભારે ફેરફાર કર્યા છે અને આ કામગીરી ખાનગી ક્ષેત્રની સહાયથી પાર પાડવા માટે હાલની પ્રક્રિયા વધુ સરળ બનાવવામાં આવી છે. દેશના મોટા શહેરોમાં ૧૦ સેટેલાઈટ રેલવે ટર્મિનલ વિક્સાવવાની દરખાસ્ત છે જેની પાછળ બે મુખ્ય હેતુ રહેલા છે. મુખ્ય હેતુ મોટા શહેરોમાં વસતિની ગીચતા ઘટાડવાનો અને બીજો હેતુ પરાની ટ્રેનમાં પ્રવાસીઓને વધારાની સેવા પૂરી પાડવાનો છે.

દેશના લગભગ તમામ રાજ્યોને આવરી લઈ કુલ લગભગ ૯૪૦૦ કિલોમીટર લાંબી રેલવે લાઈનના વીજળીકરણ તેમજ એને બેવડાવવા / ત્રણ કે ચાર લાઈન ઉભી કરવા માટેની કુલ ૭૭ યોજનાઓ ઘડવામાં આવી છે, જેની પાછળ રૂા. ૯૬,૧૮૨ કરોડનો ખર્ચ થશે. આમાં ટ્રાફિકની સગવડ માટેના કામોને ઉચ્ચ અગ્રતાક્રમ આપવામાં આવશે અને આ માટે રૂા. ૨,૩૭૪ કરોડનો ખર્ચ સૂચવાયો છે. રેલવે વીજળીકરણના કાર્યને વધુ ઝડપી બનાવવામાં આવશે અને આ સંબંધમાં ૨૦૧૫-૧૬ના આગામી વર્ષમાં કુલ ૬૬૦૮ રૂટ કિલોમીટર રેલવે લાઈનનું વીજળીકરણ કરવાની મંજૂરી આપવામાં આવી છે જે ગયા વર્ષની સરખામણીએ ૧૩૩૦ ટકાનો વધારો સૂચવે છે.

બજેટની દરખાસ્તો મુજબ ૯ રેલવે કોરીડોરમાં ટ્રેનોની ઝડપ જે હાલમાં કલાકના ૧૧૦ કિ.મી. છે એને વધારીને ૧૬૦ કિ.મી. અને ૧૩૦ કિ.મી.ની ઝડપને વધારીને ૨૦૦ કિ.મી. કરવામાં આવશે. આના પરિણામે દિલ્હી - કલકત્તા અને દિલ્હી - મુંબઈ વચ્ચેનો પ્રવાસ એક રાતમાં પૂરો થઈ શકશે. ખાલી તેમજ માલસામાન ભરેલા રેલવે વેગનોની ટ્રેન - માલગાડીની સરેરાશ ઝડપ પણ વધારવામાં આવશે. ખાલી વેગનોની ટ્રેનની ઝડપ વધારીને કલાકની ૧૦૦ કિ.મી. જ્યારે ભરેલા વેગનોની ટ્રેનની ઝડપ કલાકના ૭૫ કિ.મી.ની કરવામાં આવશે.

સલામતિને સૌથી મહત્ત્વની ગણાવતા રેલવે મંત્રીએ જણાવ્યું હતું કે જ્યાં અકસ્માત થવાનો ભય રહેલો છે એવા વિસ્તારો માટે એક એક્શન પ્લાન ઘડવાનું વિચારાયું છે. દેશના જુદા જુદા ભાગમાં આવેલા ૩૪૩૮ લેવલ ક્રોસીંગોને દૂર કરવા માટે વિવિધ પ્રકારની ૯૭૦ યોજનાઓ ઘડવામાં આવી છે અને આ માટે રૂા. ૬૫૫૮૧ કરોડનો ખર્ચ થશે, જે ગયા વર્ષની સરખામણીએ ૨૬૦૦ ટકાનો વધારો સૂચવે છે. પસંદગીના રેલવે માર્ગ ઉપર વહેલામાં વહેલી તકે ટ્રેનના રક્ષણ માટે ચેતવણી આપતી વોર્નિંગ સિસ્ટમ અને ટ્રેનો એકબીજા સાથે અથડાય નહીં એ માટે "કોલીઝન

એવોઈડન્સ સિસ્ટમ'' ઉભી કરવામાં આવશે.

રેલવે અંદાજપત્રમાં રેલવેની વિવિધ સમસ્યાઓની નવી શોધખોળ, સંશોધન વગેરેની મદદથી ટેકનોલોજિકલ ઉકેલ લાવવા એક ટેકનોલોજી પોર્ટલ ઉભું કરવાની દરખાસ્ત થઈ છે. આ ઉપરાંત કાયાકલ્પ નામની એક સંશોધન કાઉન્સિલ રચવા પણ સૂચવાયું છે. દેશની પસંદગીની યુનિવર્સિટીઓમાં પાયાના સંશોધન માટે ૪ રેલવે સંશોધન કેન્દ્રો ઉભા કરવાનું સૂચવાયું છે.

રેલવેમાં જાહેર અને ખાનગી ક્ષેત્રના સંયુક્ત સાહસો માટેના વિભાગમાં ફેરફાર કરી એને પરિણામલક્ષી બનાવવામાં આવશે. વિદેશોમાંની રેલવે ટેકનોલોજી ભારતમાં દાખલ કરવા માટે સહકારની એક યોજના શરૂ કરવામાં આવશે. રાજ્યો સાથે મળીને રેલવેની વિવિધ કામગીરી માટે સંયુક્ત સાહસો ઉભા કરવામાં આવશે જે દરમ્યાન પ્રોજેક્ટોનો વિકાસ, સાધનો ઊભાં કરવાં, જમીન સંપાદન, મહત્ત્વની રેલવે યોજનાઓના અમલ અને એના ઉપર દેખરેખ વગેરે કામગીરી હાથ ધરવામાં આવશે. રેલવેની નવી લાઈનોની જરૂરિયાત પૂરી કરવા માટે મોટા જાહેર સાહસો સાથે મળીને સંયુક્ત સાહસ ઉભા કરવામાં આવશે.

દેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં રેલવેની સુવિધા વધારવા માટે નારગોલ, છારા, દિગી, રેવાસ અને તૂણા બંદરો સાથે ભાગીદારીમાં ખાસ કાર્યક્રમ હાથ ધરવાની દરખાસ્ત છે. આ ઉપરાંત બીઓટી / એન્યુઈટી રૂટ મારફત કુલ રૂા. ૨૫૦૦ કરોડના પ્રોજેક્ટ પણ હાથ ધરવામાં આવશે. આમાં વર્ધા - નાગપુર, કાઝીપેટ - વિજયવાડા અને ભદ્રક - નારાગુંડી વચ્ચે ત્રીજી રેલવે લાઈન નાંખવાનો અને ભૂજ - નલિયા વચ્ચેની રેલવે લાઈનના ગેજ રૂપાંતરનો સમાવેશ થાય છે.

ભારતીય રેલવેને પર્યાવરણ સંબંધમાં વધુ મૈત્રીપૂર્ણ બનાવવા ૧૦૦ ડેમુ ટ્રેનોને હવે બે પ્રકારના બળતણથી - સીએનજી અને ડિઝલથી ચલાવવામાં આવશે. એલએનજીના બળતણ ઉપર ચાલતાં એન્જીનો પણ વિક્સાવવામાં આવી રહ્યા છે. ચાલુ ટ્રેને એન્જીનોના અવાજની સપાટી ઘટાડી આંતરરાષ્ટ્રીય ધોરણ સમકક્ષ બનાવવા તેમજ રેલવે લાઈન પર જંગલી પ્રાણીઓ માર્યા જવાના બનાવો ન બને એ માટેનાં પગલાં લેવામાં આવશે.

સામાજિક પહેલના ભાગ રૂપે રેલવે સ્ટેશનો અને રેલવેના તાલીમ કેન્દ્રોમાં કૌશલ્ય વિકાસની કામગીરી શરૂ કરવામાં આવશે. પ્રવાસનને પ્રોત્સાહન આપવા અતુલ્ય ભારત માટે અતુલ્ય રેલવેની યોજના શરૂ કરવામાં આવશે અને કોંકણ રેલવેની જેમ ઓટોરિક્ષા અને ટેક્સી ચલાવનારને પ્રવાસીઓ માટે ગાઈડ તરીકેની તાલીમ પૂરી પાડવામાં આવશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા એની ચાલુ વર્ષે દેશભરમાં શતાબ્દી ઉજવાઈ રહી છે એને ધ્યાનમાં લઈને આઈઆઈઆર સીટીસી દ્વારા પ્રવાસીઓને ગાંધીજી સાથે સંકળાયેલા મહત્ત્વના સ્થળોની રેલવે દ્વારા મુલાકાત માટે આકર્ષવા ખાસ પગલાં ભરવામાં આવશે. ખેડૂતોને માટે ખેતી અને માર્કેટિંગની ટેકનિકના કેન્દ્રોની મુલાકાતને પ્રોત્સાહન આપવા કિસાન યાત્રા નામની એક ખાસ પ્રવાસની યોજના ઘડી કાઢવાની દરખાસ્ત છે.

રેલવે અંદાજપત્રના અંદાજો મુજબ ૨૦૧૫-૧૬ના આગામી વર્ષમાં કુલ યોજનાકીય ખર્ચ રૂા. ૧,૦૦,૦૧૧ કરોડનો સૂચવાયો છે જે ૨૦૧૪-૧૫ના સૂધારેલા યોજનાકીય ખર્ચ કરતાં ૫૨ ટકાનો વધારો સૂચવે છે. આમાંથી ૪૧.૬ ટકા સાધનો કેન્દ્ર સરકારના ટેકાથી ઉભાં કરવામાં આવશે જ્યારે ૧૭.૮ ટકા સાધનો આંતરિક સાધનોમાંથી ઉભા કરવામાં આવશે.

**(સૌજન્ય : પી.આઈ.બી. અમદાવાદ)**


**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# કેન્દ્રીય અંદાજપત્ર બનાવવાની પ્રક્રિયાઓ અને કામગીરી

• રવિન્દ્ર એચ. ધોળકિયા •

**૧. પરિભાષા**

રાજકોષીય નીતિ બે વ્યાપક આર્થિક નીતિઓમાંની એક નીતિ છે, જે અર્થતંત્રના મેનેજમેન્ટમાં મદદ કરે છે. અન્ય નીતિ નાણાકીય નીતિ છે. આ બંને નીતિઓની ભૂમિકા અને અવકાશને સ્પષ્ટપણે અલગ કરવા તેમની વ્યવહારું પરિભાષા આપવામાં આવી છે. રાજકોષીય નીતિ એવી નીતિ છે, જેની સીધી અસર સરકારના આવક અને ખર્ચ પર થાય છે. બીજી તરફ નાણાકીય નીતિ એવી નીતિ છે જે અર્થતંત્રમાં પ્રવાહિતતાના પ્રમાણ અને કિંમતને સીધી અસર કરે છે. આપણા જેવી સંઘીય લોકશાહીમાં રાજકોષીય નીતિમાં તમામ ત્રણ સ્તર સંકળાયેલા હોવાથી નીતિનો તેની સંપૂર્ણતામાં વિચાર કરવો અતિ જટિલ છે. જો કે ભારતમાં કેન્દ્ર સરકારની ભૂમિકા રાજ્ય સરકારો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કરતા વધારે છે. દાખલા તરીકે, ખર્ચની દૃષ્ટિએ કેન્દ્ર સરકાર દેશમાં રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ખર્ચનો ૫૫થી ૬૦ ટકા ખર્ચ કરે છે. તે જ રીતે આવકની દૃષ્ટિએ તેનો હિસ્સો આશરે ૫૫ ટકા છે.

ધીમે ધીમે રાજ્યોની ભૂમિકામાં વધારો થયો છે, કારણ કે એક પછી એક નાણાકીય પંચોની ભલામણો મુજબ કેન્દ્રીય કરવેરાઓમાં તેમનો હિસ્સો વધ્યો છે અને કેન્દ્ર દ્વારા કેટલાંક સામાજિક ક્ષેત્રના કાર્યક્રમો અને યોજનાઓ વ્યવસ્થિત અને તર્કબદ્ધ રીતે રાજ્યોને હસ્તાંતરિત થઈ છે. ૧૪મા નાણાકીય પંચે કેન્દ્ર પાસેથી રાજ્યોને સંસાધનોની સોંપણીમાં નોંધપાત્ર વધારો કરવાની ભલામણ કરી છે. હજુ પણ સંપૂર્ણ અર્થતંત્ર માટે રાજકોષીય નીતિમાં કેન્દ્ર સરકારની પ્રસ્તુતતા અને મહત્ત્વ કેન્દ્રસ્થાને છે. તેના પરિણામે કેન્દ્ર સરકારના આવક અને ખર્ચના નિર્ણયો દેશની રાજકોષીય નીતિના સૌથી વધુ નિર્ણાયક પરિબળો બન્યાં છે. આ કારણે આપણા અર્થતંત્રમાં કેન્દ્ર સરકારના વાર્ષિક બજેટની રજૂઆત મહત્ત્વપૂર્ણ ઘટના છે અને તે દેશની રાજકોષીય નીતિનું સૌથી વધુ વિસ્તૃત નિવેદન છે.

**૨. હેતુઓ**

ફક્ત એક કે થોડા હેતુઓ ધરાવતી ક્ષેત્રીય નીતિઓ કે નાણાકીય નીતિથી વિપરિત રાજકોષીય નીતિ વિવિધ હેતુઓ ધરાવે છે. સરકારની આવક અને ખર્ચ બંને ટૂંકા અને લાંબાગાળાના પાસાં ધરાવે છે. એટલે રાજકોષીય નીતિ ટૂંકા ગાળાના અને લાંબાગાળાના હેતુઓ ધરાવે છે. ટૂંકાગાળાના હેતુઓમાં બહારના પ્રતિકૂળ આંચકાઓમાંથી અર્થતંત્રનું સંરક્ષણ કરવા અને સાનુકૂળ આંચકાઓમાં અર્થતંત્રને મજબૂત કરવા આર્થિક પ્રવૃત્તિઓ અને અર્થતંત્રની કામગીરીને સ્થિરતા પ્રદાન કરવાનો, સમાનતાના લક્ષ્યાંકને હાંસલ કરવા અર્થતંત્રમાં આવક અને સંપત્તિની પુનઃવહેંચણી કરવાનો, સરકારની જવાબદારીના ભાગરૂપે ગરીબોની સ્થિતિ સુધારવાનો અને તેમને તેમના અધિકારો પ્રદાન કરવા જેવી બાબતો સામેલ છે. રાજકોષીય નીતિના લાંબાગાળાના હેતુઓ ભાગીદારી સાથે ઊંચી ટકાઉ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવાનો અને જીવનની ભૌતિક ગુણવત્તા સુધારીને તમામ વર્ગના કલ્યાણમાં વધારો કરવાનો છે. આ સ્પષ્ટ છે કે આ હેતુઓ પૂર્ણ કરવા અર્થતંત્રમાં બચત અને રોકાણ એમ બંનેનો પ્રવાહ જળવાઈ રહેવો જોઈએ.

**૩. પ્રક્રિયાઓ**

કેન્દ્ર સરકારના કેન્દ્રીય બજેટના અતિ મહત્ત્વને ધ્યાનમાં લેતા ભારત જેવા લોકશાહી દેશમાં સત્તામાં હોય તે રાજકીય પક્ષના આશય, વિઝન અને નીતિગત યોજનાનું રાજકીય કથન બને તે સ્વાભાવિક છે. તેનો સ્વીકાર કરતા અગાઉ તેને કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવે છે, તેને રજૂ કરવામાં આવે છે અને તેના પર વિસ્તૃત ચર્ચા થાય છે. તેનો સંબંધ સરકારની આવક અને ખર્ચ સાથે હોવાથી તેના પર સંસદની મંજૂરી મેળવવામાં આવે છે અને નાણાં બિલ તરીકે તેનો સ્વીકાર કરવામાં આવે છે. તેના પરિણામે સામાન્ય રીતે કોઈ કાયદો ઘડવા માટે જે પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે તેનું જ અનુસરણ બજેટમાં કરવામાં આવે છે. તેમાં ઔપચારિક રજૂઆત, પ્રકાશન અને જનતામાં વ્યાપક પ્રચાર સામેલ છે, તેના પર ટિપ્પણીઓ મંગાવવામાં આવે છે, ચર્ચા થાય છે અને છેવટે જનપ્રતિનિધિઓ દ્વારા સંસદીય

સત્રમાં તેને અંતિમ મંજૂરી આપવામાં આવે છે. એટલે કેન્દ્રીય બજેટ સંસદમાં રજૂ થાય છે ત્યારે નહીં, પણ જ્યારે તેને તમામ સુધારાઓ સાથે મંજૂરી આપવામાં આવે છે ત્યારે કેન્દ્રીય રાજકોષીય નીતિના વિસ્તૃત નિવેદનનું પ્રતિનિધિત્વ કરે છે.

અત્યાર સુધીની ચર્ચા પરથી સ્પષ્ટ છે કે ભારત જેવા સંઘીય લોકશાહી દેશમાં સરકારના કોઈ પણ સ્તરે બજેટમાં પ્રતિબિંબિત થતી રાજકોષીય નીતિ એક લાંબી અને સમય માંગી લેતી પ્રક્રિયા છે. એટલે સાધારણ સંજોગોમાં વર્ષમાં એક જ વખત આ કવાયત હાથ ધરવામાં આવે છે. રાજકોષીય નીતિમાં વારંવાર ફેરફારો કરવાથી સરકારની આવક અને ખર્ચને અસર કરે છે, જે સૈદ્ધાંતિક રીતે શક્ય નથી અને ઈચ્છનિય પણ નથી. તેના પરિણામે આર્થિક પ્રવૃત્તિઓ અને કામગીરીની સ્થિરતાનું ધ્યાન મર્યાદિત અંશે બજેટમાં રાખી શકાય છે. આ પ્રકારના હેતુઓ માટે નાણાકીય નીતિ વધુ સક્રિય ભૂમિકા ભજવે છે. કેન્દ્રીય બજેટ સુવિધાકારની જ ભૂમિકા ભજવી શકે છે અને બચત, રોકાણ, વૃદ્ધિ અને કિંમતની સ્થિરતા માટે મૂળભૂત માળખું ઊભું કરી શકે છે. ઉપરાંત જો રાજકોષીય નીતિના પરિણામો લાંબાગાળાના ન હોય, પણ ટૂંકાગાળાના હોય, તો તે તેનાથી અર્થતંત્ર સ્થિર થવાને બદલે વધારે અસ્થિતા અનુભવશે. લાંબાગાળાના ફેરફારો માટે રાજકોષીય નીતિના અસરકારક પરિણામો જરૂરી છે, કારણ કે વ્યાપક આર્થિક નીતિના ઈચ્છિત પરિણામો પર કોઈ પણ રાજકોષીય નીતિના ફેરફારોની અસર સમયની સાથે અનુભવાય છે.

**૪. સંકળાયેલા પ્રક્રિયાઓ**

ભારતમાં કેન્દ્રીય બજેટ બનાવવાની પ્રક્રિયામાં લગભગ ચાર મહિના સંકળાયેલા છે. નવેમ્બર મહિનાની શરૂઆતમાં પ્રક્રિયા શરૂ થાય છે અને નાણાં મંત્રાલય અન્ય તમામ મંત્રાલયો, વિભાગો અને કેન્દ્ર સરકારની ઔપચારિક સંસ્થાઓને મહેસૂલી આવક અને મૂડીગત ખર્ચ અને આવક અને મૂડીગત પ્રાપ્તિની વિસ્તૃત વિગતો મોકલવા જણાવે છે. મંત્રાલયો અને વિભાગો તેમની નિયમિત અને રોજિંદી કામગીરી જાળવી રાખવા અને આગામી નાણાકીય વર્ષમાં નવી કામગીરીઓ, પ્રોજેક્ટ્સ અને યોજનાઓ હાથ ધરવા માનવીય અને સામગ્રી સંસાધનો એમ બંનેની જરૂરિયાતોની આકારણી હાથ ધરે છે. મંત્રાલયો અને વિભાગો કામગીરીઓ, પ્રોજેક્ટ્સ અને ચાલુ યોજનાઓ કાર્યરત રાખવા માનવીય અને સામગ્રી સંસાધાનોની જરૂરી રકમ વાજબી ઠેરવવા કોઈ વિશેષ પ્રયાસ કરતા નથી. તેઓ ખર્ચની બિનઆયોજિત કેટેગરીમાં આવે છે.

મંત્રાલયો અને વિભાગો દ્વારા તૈયાર દરખાસ્તોમાં કોઈ નવી પ્રવૃત્તિ, પ્રોજેક્ટ અને યોજનાઓને સંપૂર્ણપણે ન્યાયી ઠેરવે છે. આ દરખાસ્તોનો સ્વીકાર કરવામાં આવે તો તેમાં મહેસૂલી આવક અને મૂડીગત ખર્ચની પ્રતિબદ્ધતાનો વિચાર કરવામાં આવે છે. જાહેર અને યોગ્ય ચીજવસ્તુઓ પૂરી પાડવામાં મંત્રાલયો અને વિભાગોના કથિત લક્ષ્યાંકો અને હેતુઓ પૂર્ણ કરવા આ પ્રકારના ખર્ચની અંદાજિત અસરની દૃષ્ટિએ આ પ્રકારની તમામ પ્રસ્તાવિત પ્રવૃત્તિઓનો વિચાર કરવામાં આવે છે. આ પ્રકારની દરખાસ્તો મોટા ભાગે ખર્ચની આયોજિત કેટેગરીની છે.

તે સ્પષ્ટ છે કે સમગ્ર દેશમાં ફેલાયેલી સરકારી સંસ્થાઓના વિસ્તરણને ધ્યાનમાં રાખીએ તો આ કામગીરી બહુ મોટી છે. કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોને છેવડાના સ્તરે કામ કરતા એકમો પાસેથી આ પ્રકારની દરખાસ્તો મેળવવી પડે છે. જ્યાં સુધી સંપૂર્ણ સંગઠન નિરંકુશ અને કામગીરીમાં અતિ કેન્દ્રીય ન હોય, ત્યાં સુધી આ પ્રક્રિયા કેન્દ્ર અને દેશના નાનામાં નાના વહીવટી એકમ વચ્ચે આ અતિ કાર્યદક્ષ, અસરકારક અને જીવંત સંચાર માધ્યમ છે. આપણી સરકારી સંસ્થાઓ અતિ કેન્દ્રિત વાતાવરણમાં કામ કરે છે તેવી માન્યતા છે, તેમ છતાં હકીકત એ છે કે સરકારમાં વિવિધ સ્તરે ઘણી બધી સ્વતંત્રતા અને સ્વાયતત્તા છે. તેના પરિણામે બજેટ દરખાસ્તોને ઉપલા સ્તરથી નીચલા સ્તર સુધી મંગાવવામાં આવે છે અને કેન્દ્રીય મંત્રાલય કે વિભાગને મોકલતા અગાઉ વિવિધ સ્તરે તેની યોગ્ય ચકાસણી થાય છે. ફી, દંડ, કરવેરા, લેવી વગેરે સ્વરૂપે ઉપલબ્ધ આવકના પ્રવાહ હોય તેવા વિભાગો અને મંત્રાલયો જરૂર જણાય તો સૂચિત સુધારાઓ સાથે આવક પરની દરખાસ્તો રજૂ કરે છે.

આ સંપૂર્ણ પ્રક્રિયામાં નોંધપાત્ર સમય લાગે છે, પણ વિકેન્દ્રિત લોકશાહી વ્યવસ્થામાં તેની આવશ્યકતા છે. વિવિધ સ્તરે સરકારી સંસ્થા બજેટની તૈયારીમાં જનભાગીદારી ઊભી કરી શકે છે. જો કે અત્યાર સુધી દેશમાં વાર્ષિક બજેટ તૈયાર કરવામાં જનભાગીદારી મર્યાદિત હતી. તે મોટા ભાગે સલાહ, સૂચનો અને વિવિધ ક્ષેત્રના લોકોની કેટલીક વ્યક્તિઓ અને વિવિધ યુનિયન, સંગઠનો, નિગમો, એસોસિએશનો અને ક્ષેત્રોના પ્રતિનિધિઓ પાસેથી ચોક્કસ ઈનપુટ મેળવવા સ્વરૂપે હતી. આપણી બજેટ બનાવવાની પ્રક્રિયા સમુદાયની

અસરકારક ભાગીદારીની સંભવિતતા ધરાવે છે, તેમ છતાં ઉપલા સ્તરોમાંથી જાણીજોઈને સંચારમાં વિલંબ કરવામાં આવતો હોવાથી નીચલા સ્તરેથી જોઈએ તેવી ભાગીદારીનું નિર્માણ થતું નથી.

જ્યારે નીચલા સ્તરેથી તમામ પ્રક્રિયાઓ એકત્ર કરવામાં આવે છે અને પછી નાણાં મંત્રાલયમાં તેનું યોગ્ય વર્ગીકરણ કરવામાં આવે છે, ત્યારે બજેટના ગણિતમાં સંપૂર્ણ સાતત્યતા માટે સ્વતંત્ર રીતે પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવે છે. આ તબક્કે બજેટની રચનામાં ખર્ચ અને આવક બંનેમાં કેટલાંક અવરોધોની ઓળખ કરવામાં આવે છે. તે જ રીતે મહેસૂલી ખાધ, મુખ્ય ખાધ, રાજકોષીય ખાધ અને સંપૂર્ણ સરકારી ઋણની તીવ્રતાની દૃષ્ટિએ રાજકોષીય જવાબદારી અને બજેટ વ્યવસ્થાપન (એફઆરબીએમ) ધારા દ્વારા કેટલાંક નિયંત્રણો લાદવાનો વિચાર કરવામાં આવે છે.

મહેસૂલી દૃષ્ટિએ વિવિધ કરવેરા અને બિનકરવેરાની પ્રાપ્તિનો અંદાજ આંકવામાં આવે છે તેના આધારે સંભવિત ધારણાઓની દૃષ્ટિએ અવરોધોનો વિચાર કરવામાં આવે છે. આ ધારણાઓ વ્યાપક આર્થિક વાતાવરણની દૃષ્ટિએ સ્થિર હોય છે, જે અર્થતંત્રમાં પ્રવર્તે છે અને ક્ષેત્રોની વાસ્તવિક કે ઉત્પાદન, નિકાસ અને કિંમતના સ્તરમાં ફેરફારો, વિનિમય દર, કોર્પોરેટ નફો અને નાણાકીય વ્યવહારોના વોલ્યુમ જેવા સૂક્ષ્મ પરિબળોનો ચોક્કસ અંદાજ આપે છે.

કમનસીબે આ તમામ ગણતરીઓ બે મૂળભૂત પરિબળો પર આધારિત હોય છે — એક, આગામી વર્ષ દરમિયાન સંભવિત વાસ્તવિક આવક (સ્થિર દરે કુલ સ્થાનિક ઉત્પાદન) અને બે, ફૂગાવાના દરની વૃદ્ધિનો અંદાજ. બજેટ પાછળ આ ધારણાઓ હોય છે અથવા બજેટ બનાવવા માટેના લક્ષ્યાંકો બને છે. આ બંને લક્ષ્યાંકોથી કોઈ પણ પ્રકારનું વિચલન આવકની પ્રાપ્તિ અને એફઆરબીએમ લક્ષ્યાંકોને અપ્રસ્તુત બનાવે છે તેમજ બજેટ બનાવવાની પ્રક્રિયાની સક્ષમતા પર પ્રશ્ન ઊભા કરે છે. એટલે મધ્યમગાળાની સમીક્ષા હાથ ધરવામાં આવે છે, ખાસ કરીને જ્યારે કેટલાંક બાહ્ય પરિબળો બજેટની ધારણાઓ અને લક્ષ્યાંકો પર અસર કરશે તેવી પૂરેપૂરી શક્યતા હોય ત્યારે.

ખર્ચની દૃષ્ટિએ પ્રતિબદ્ધ ખર્ચાઓની રીતે એકંદર સ્તરે અવરોધો હોય છે. તેમાં સામાન્ય રીતે છેલ્લાં વર્ષોમાં કુલ સરકારી ઋણ પર વ્યાજની ચૂકવણી સામેલ છે. તે જ રીતે કેન્દ્ર સરકારની પેન્શનની જવાબદારી પણ પૂરી કરવાની હોય છે. સરકારી કર્મચારીઓનો પગાર પ્રતિબદ્ધ ખર્ચમાં સામેલ હોય છે. તાજેતરમાં ખાદ્ય સુરક્ષા ધારો, શિક્ષણના અધિકારનો કાયદો જેવા મોટી પ્રતિબદ્ધતાઓ સાથે ઘડવામાં આવેલા કાયદાનો અમલ કરવા જંગી રકમની જરૂર પડે છે. ઉપરાંત સરકાર દ્વારા જનતાને પૂરી પાડવામાં આવતી અન્ય સબસિડીઓ પણ સામેલ છે. કોઈ પણ અર્થતંત્રમાં આ અને સંરક્ષણના ખર્ચા પ્રતિબદ્ધ ખર્ચ નથી, તેમ છતાં રાજકીય અને વ્યવહારિક રીતે અતિ સંવેદનશીલ બાબત છે અને સરકાર દ્વારા અર્ધ-પ્રતિબદ્ધ ખર્ચ ગણી શકાય છે. ઉપરોક્ત તમામ ખર્ચ પૂરાં પાડવા જોઈએ અને સરકાર આ ખર્ચમાં લગભગ કાપ મૂકી શકતી નથી.

આ સંદર્ભમાં અહીં નોંધી શકાય છે કે વર્ષ ૨૦૧૩-૧૪માં જીડીપીમાં આ પ્રકારના પ્રતિબદ્ધ ખર્ચ વ્યાજની ચૂકવણીના ૩.૩ ટકા, પગાર અને પેન્શનના ૨.૩ ટકા, મુખ્ય સબસિડીઓ માટે ૨.૨ ટકા અને સંરક્ષણ ખર્ચ માટે ૧.૧ ટકા હતા. સંપૂર્ણપણે જોઈએ તો જીડીપીના ૮.૯ ટકા હતા. જોગાનુજોગ વર્ષ ૨૦૧૩-૧૪માં કેન્દ્ર સરકારની કુલ મહેસૂલી આવક પણ જીડીપીની ૮.૯ ટકા હતી. એટલે વર્ષ ૨૦૧૩-૧૪માં બજેટની કુલ મહેસૂલી આવક પ્રતિબદ્ધ ખર્ચ પાછળ વપરાઈ ગઈ હતી. નવી ક્ષમતા ઊભી કરવાના ખર્ચ કે નવા પ્રોજેક્ટ્સ અને યોજનાઓ ડિસઇન્વેસ્ટમેન્ટની આવક અને સરકારના ઋણમાં વધારો કરીને પૂર્ણ કરવી જરૂરી છે.

કેન્દ્રીય બજેટ બનાવવાની પ્રક્રિયામાં અંતિમ કદમ નાણાં મંત્રાલય દ્વારા લેવા આવે છે અને ઉપરોક્ત વ્યાપક આર્થિક અવરોધો સાથે વિવિધ મંત્રાલયો અને વિભાગો પાસેથી આવક અને ખર્ચ માટે પ્રાપ્ત થયેલી તમામ દરખાસ્તોનો વિચાર કરવામાં આવે છે. બજેટમાં હજુ પણ યોજનાઓ, પ્રોજેક્ટ્સ અને ચોક્કસ હેતુસરની યોજનાઓને પુનર્ગઠિત કરવાની સ્વતંત્રતા હોય છે.

એફઆરબીએમ કાયદા પછી કેન્દ્ર સરકારને આગામી ત્રણ વર્ષ માટે અનુમાનિત વ્યાપક રાજકોષીય માપદંડોના સંદર્ભમાં નિશ્ચિત વર્ષ માટે બજેટ તૈયાર કરવાની જરૂર છે. નાણાં મંત્રાલય કેટલાંક પ્રસ્તુત રાજકોષીય અને વ્યાપક પરિણામો વિશે ચોક્કસ લક્ષ્યાંકો અને ધારણાઓ રજૂ કરતી રાજકોષીય વ્યૂહરચના સાથે મધ્યમ ગાળા માટે સ્પષ્ટ રાજકોષીય એકત્રીકરણની યોજના તૈયાર કરે છે. આ તમામ દસ્તાવેજો યુનિયન બજેટનો દસ્તાવેજોનો સંકલિત ભાગ છે અને

સરકારી ચર્ચા અને તપાસ માટે ઉપલબ્ધ છે.

## ૫. આર્થિક સર્વેની ભૂમિકા

કેન્દ્રીય બજેટ બનાવવાની સંપૂર્ણ પ્રક્રિયામાં નાણાં મંત્રાલયની અંદર મુખ્ય આર્થિક સલાહકારના નેતૃત્વમાં વ્યાવસાયિક અર્થશાસ્ત્રીઓ સ્વતંત્ર અભ્યાસ હાથ ધરે છે અને તેને કેન્દ્રિય આંકડાશાસ્ત્ર કાર્યાલય દ્વારા મદદ કરવામાં આવે છે. તેઓ અગાઉના અને ખાસ કરીને છેલ્લા વર્ષ દરમિયાન ભારતીય અર્થતંત્રની કામગીરીનું મહત્ત્વપૂર્ણ મૂલ્યાંકન હાથ ધરે છે. તે ભારતીય અર્થતંત્રનો સામનો કરે છે તે SWOT – strength (મજબૂતી), weakness (નબળાઈ), opportunity (તક) અને threats (જોખમો)નો અભ્યાસ છે અને એટલે ભવિષ્યની કામગીરી વધુ સારી રીતે કરવા અને ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવાની જરૂર છે. તેમાં અર્થતંત્રની વર્તમાન સમસ્યાઓ સ્પષ્ટપણે રજૂ કરવામાં આવે છે, જેને વર્તમાન બજેટમાં દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. એટલે બજેટનું મૂલ્યાંકન આર્થિક સર્વેના માળખાની અંદર થવું જોઈએ.

તે સરકારની નીતિગત ફેરફારો અને પ્રસ્તાવિત પહેલો માટેની ચોક્કસ યોજના રજૂ કરે છે. તેમાં કેન્દ્ર સરકાર રાજકોષીય નીતિ પર ચોક્કસ ધ્યાન કેન્દ્રિત કરી શકે તેવા તમામ પાસાં અને ક્ષેત્રો આવરી લેવામાં આવે છે. ટૂંકમાં આર્થિક સર્વે મધ્યમથી લાંબાગાળા માટે કેન્દ્ર સરકારની રાજકોષીય નીતિમાં ફેરફારો માટે વાજબી અને સ્પષ્ટ યોજના પ્રદાન કરે છે.

જો નાણાંપ્રધાન આર્થિક સર્વેમાં રાજકોષીય નીતિ વિશેના માર્ગ કે ચોકક્સ ભલામણોથી વિચલિત થાય, તો તેઓ તેની પાછળના કારણો સ્પષ્ટપણે સમજાવે છે અને તર્કબદ્ધ રીતે વિગતો પ્રદાન કરે છે. દેશમાં ૧૯૯૧ના સુધારા થયા પછી આ પ્રકારનો પ્રવાહ પ્રવર્તે છે. તેનાથી આર્થિક સર્વેનો દરજ્જો પ્રમાણભૂત દસ્તાવેજ તરીકે વધ્યો છે અને સરકારની અપેક્ષિત રાજકોષીય નીતિ પૂરી પાડે છે. તે ભવિષ્યમાં રાજકોષીય નીતિમાં ફેરફારો વિશે બિનજરૂરી અટકળોનો અંત લાવવામાં અને લાંબાગાળાના સ્થાનિક અને વિદેશી રોકાણકારો માટે અનિશ્ચિતતાનું વાતાવરણ ઘટાડવામાં મદદ કરે છે.

## ૬. સુધારણા માટેની કાર્યસૂચિ

મોટાભાગે અર્થશાસ્ત્રીઓ વચ્ચે સંમતિ પ્રવર્તે છે કે રાજકોષીય નીતિ લાંબાગાળાના લક્ષ્યાંકો અને વ્યાપક આર્થિક વાતાવરણમાં કાયમી સમસ્યાનો અંત લાવે તેવી હોવી જોઈએ. ભારત જેવા લોકશાહી દેશમાં, જ્યાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા સ્વાયત્ત છે, ત્યાં રાજકોષીય બાબતોમાં રાજકીય આગ્રહને ઘણી વખત ધ્યાનમાં લેવાતો નથી. એટલે રાજકોષીય વિવેકના સુસ્વીકાર્ય નિયમોને વળગી રહેવાની સુનિશ્ચિતતા કરવા કેટલાંક કડક રાજકોષીય નિયમોને પાલન કરવાની જરૂર અનુભવાય છે. એફઆરબીએમ ધારો તેનો અંત લાવવાનો પ્રયાસ છે. જોકે ચક્રીય ચડાવઉતાર ધરાવતા અર્થતંત્રમાં રાજકોષીય નીતિમાં તાર્કિક ફેરફારો સુનિશ્ચિત કરવા શૂન્ય મહેસૂલી ખાધ કે રાજકોષીય ખાધ જીડીપીના ૩ ટકાથી વધવી ન જોઈએ તેવા નિયમો પૂરતાં નથી. પ્રથમ પ્રતિ-ચક્રીય રાજકોષીય નીતિના નિયમો પર સંમત થવું જોઈએ અને પછી બજેટ બનાવવાની પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે.

અન્ય જરૂરી મહત્ત્વપૂર્ણ સુધારો પ્રસ્તાવિત નાણાકીય નીતિ સમિતિની જેમ દેશ માટે રાજકોષીય નીતિ તૈયાર કરવા અર્થશાસ્ત્રીઓ અને મેક્રોઇકોનોમિક મેનેજર્સની ઉચ્ચસ્તરીય સમિતિઓ બનાવવાની જરૂર છે. તે સંપૂર્ણ પ્રક્રિયામાં વ્યાવસાયિકતા, પારદર્શકતા અને જવાબદારી સુનિશ્ચિત થશે. છેવટે રોકાણકારો અને નિર્માતાઓ વચ્ચે બજેટ બનાવવાની કવાયતની વિશ્વસનિયતા વધવી જોઈએ અને તે તેમને ઓછું જોખમ અને અનિશ્ચિતતાઓનું વ્યવસ્થાપન હાંસલ કરવામાં મદદ કરવી જોઈએ.

છેલ્લે, વિવિધ તબક્કે લોકો અને સમુદાયની અસરકારી જનભાગીદારી સુનિશ્ચિત કરવા ઉપર જણાવ્યા મુજબ બજેટ પ્રક્રિયાઓ ઉપયોગી થઈ શકશે. આ બહુસ્તરીય બજેટ રચનાની કવાયતમાં નિર્ણય લેવાની વિકેન્દ્રીકરણની વિભાવના સાથે સાતત્યપૂર્ણ છે. દેશ ઝડપથી રાજકોષીય સ્વાયતત્તા તરફ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને વધુ જવાબદાર બનાવવા તરફ અગ્રેસર હોવાથી જનભાગીદારી વધારવામાં જ તર્ક છે.

**પ્રોફેસર રવિન્દ્ર એચ ધોળકિયા છેલ્લા ૩૦ વર્ષથી આઈઆઈએમ અમદાવાદમાં શૈક્ષણિક સેવા પ્રદાન કરે છે. તેઓ પ્રાદેશિક આર્થિક વિકાસ, ઉત્પાદકતા અભ્યાસ, વ્યાપક આર્થિક નીતિઓ, સરકારી નાણાકીય બાબતો, હેલ્થકેર અને શ્રમ અર્થતંત્ર જેવા વિષયો પર લખે છે. તેઓ છઠ્ઠા પગાર પંચના સભ્ય અને બચત અને રોકાણ, સરકારી ખર્ચના વ્યવસ્થાપન, પોસ્ટલ નેટવર્કના લિવરેજિંગ વગેરે પરની ઉચ્ચ સ્તરીય સમિતિઓમાં ભારત સરકાર વતી નિમાયા છે.**

# આર્થિક સમીક્ષા ૨૦૧૪-૧૫

**એ**પ્રિલ થી ડિસેમ્બર ૨૦૧૪ દરમ્યાન ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંકમાં ૨.૧ ટકાનો વધારો થયો હતો, જે આગલા વર્ષના સમાનગાળાના ૦.૧ ટકાના વધારાની સરખામણીએ નોંધપાત્ર વધારો દર્શાવે છે. ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનમાં થયેલા આ સુધારામાં આંતરમાળખાના ક્ષેત્રો એટલે કે વીજળી, કોલસા અને સિમેન્ટના ક્ષેત્રે થયેલા સુધારાએ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ખાણકામ ક્ષેત્રમાં ઉત્પાદન વધારો હકારાત્મક રહ્યો છે. પરંતુ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે આ ગાળામાં માત્ર ૧.૨ ટકાનો વધારો નોંધાયો હતો. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે ઉત્પાદનમાં વધારાની મંદ ગતિ માટે મુખ્યત્વે ઉંચા વ્યાજદર આંતરમાળખાની સગવડોનો અભાવ અને ઘરઆંગણે તેમજ વિદેશમાં માંગમાં ઘટાડો જવાબદાર છે.

સમીક્ષા મુજબ એપ્રિલ થી ડિસેમ્બર, ૨૦૧૪ના નવ માસના ગાળાના આઠ હાર્દરૂપ ઉદ્યોગોમાં એકંદરે વૃદ્ધિદર વધીને ૪.૪ ટકા થયો છે. વીજળી, કોલસા અને સિમેન્ટ ઉદ્યોગના વિકાસને પરિણામે અનેક ઉદ્યોગોને ફાયદો થયો છે. કુદરતી ગેસ, રાસાયણિક ખાતર, ક્રૂડ ઓઈલ, રિફાઈનરીની બનાવટો અને પોલાદ ક્ષેત્રે વિકાસનો દર કંઈક ઘટ્યો છે. સમીક્ષા જણાવે છે કે સુક્ષ્મ, નાના અને મધ્યમ કદના ઔદ્યોગિક સાહસો દેશના જીડીપીમાં ૩૭.૫ ટકાનો ફાળો આપે છે. આ ઔદ્યોગિક સાહસો દેશનો એકંદર ઔદ્યોગિક વિકાસ ઝડપી બનાવવામાં તેમજ મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની સફળતાને સુનિશ્ચિત બનાવવામાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. દેશમાં નવાં ઉદ્યોગિક સાહસોની સ્થાપના તેમજ વર્તમાન એકમોના ઝડપી વિકાસ માટે અનેક યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે.

- આર્થિક ક્ષેત્રના બે મુખ્ય પડકારો - કૌશલ્ય વિકાસ અને રોજગારી
- વૈશ્વિક આયાત અને નિકાસમાં વધેલો ભારતનો હિસ્સો
- ૩૨૮.૭ અબજ ડોલર ઉપર પહોંચેલી વિદેશી હૂંડિયામણની અનામતો
- કૃષિ ક્ષેત્રે માર્કેટિંગ માટે ઈ-પ્લેટફોર્મને અમલી બનાવવા કેન્દ્રીય ક્ષેત્રે રૂા. ૨૦૦ કરોડની યોજનાને કેન્દ્રની મંજૂરી
- કૃષિ વિષયક પેદાશોની રાજ્યમાંની હેરફેર ઉપરના તમામ પ્રતિબંધો દૂર કરવા રાજ્યોને આદેશ
- ૨૦૧૪-૧૫ના વર્ષ દરમ્યાન (જાન્યુઆરી ૨૦૧૫ સુધી) રૂ. ૧,૦૭,૮૨૩.૭૫ કરોડની અન્ન સબસિડી. અગાઉના વર્ષ કરતાં ૨૦ ટકા વૃધ્ધિ
- મૂડીરોકાણનું વાતાવરણ આકર્ષક બનાવવા જાહેર મૂડીરોકાણ પુનઃજીવિત કરવાની જરૂર
- બેન્કીંગ, વીમા અને નાણા ક્ષેત્રે સુધારણા માટે સરકારે લીધેલાં મહત્વનાં પગલાં
- ૨૦૧૪-૧૫માં ૨૫૭.૦૭ મિલિયન મેટ્રિક ટન અનાજના ઉત્પાદનનો અંદાજ
- સિંગદાણાના ઉત્પાદનમાં ૧૦૫.૮ ટકાનો અને ઉત્પાદકતામાં ૭૫.૯ ટકાનો નોંધપાત્ર વધારો
- ખેતી અને સંલગ્ન ક્ષેત્રોનો કુલ ઘરેલુ ઉત્પાદન - જીડીપીમાં ૧૮ ટકાનો ફાળો - આગલા વર્ષની સરખામણીએ ૩.૭ ટકાનો વધારો
- અન્ન સલામતિ સુનિશ્ચિત કરવા કૃષિ ક્ષેત્રે ઉત્પાદકતા વધારવા ઉપર આર્થિક સમીક્ષામાં મુકાયેલો ખાસ ભાર
- ૨૦૧૫-૧૬ના આગામી વર્ષમાં ૮ ટકા ઉપરાંતના વૃદ્ધિદરની ધારણા
- બે આંકડાના આર્થિક વિકાસ દરના માર્ગે આગેકૂચની સંભાવના
- આર્થિક વિકાસદરમાં થયેલ વધારો સમાજના ગરીબ અને દેશના યુવકોની અપેક્ષા સંતોષવામાં સહાયક બનશે.
- આર્થિક સુધારા માટે વર્તમાન સરકારને મળેલો રાજકીય આદેશ
- મોટાપાયા ઉપર આર્થિક વિકાસ ક્ષેત્રે સુધારાનો અવકાશ
- મહિલા સાક્ષરતાના દરમાં નોંધપાત્ર સુધારો
- દેશ સમક્ષ શૈક્ષણિક ક્ષેત્રે શ્રેણીબંધ પડકારો
- ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિમાં આંતરમાળખાનાં ક્ષેત્રોનો સૌથી મહત્ત્વનો ફાળો
- દેશના જીડીપીમાં ઉદ્યોગ સાહસોનો ૩૭.૫ ટકા ફાળો

આર્થિક ક્ષેત્રેના બે સૌથી મોટા પડકારોમાં કામદાર વર્ગમાં કૌશલ્યનો વિકાસ અને કૌશલ્ય સજ્જ લોકોની શક્તિનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. ૨૦૧૪-૧૫ની આર્થિક સમીક્ષામાં જણાવવામાં આવ્યું છે કે લેબર બ્યૂરોના ૨૦૧૪ના અહેવાલ મુજબ ભારતમાં કુશળ કામદારોનું પ્રમાણ માત્ર ૨ ટકા જેટલું છે જે પ્રમાણ વિશ્વના અન્ય વિકસતા દેશોની સરખામણીએ ઘણું નીચું છે. અહેવાલ મુજબ ૧૫ વર્ષની ઉંમરના કામદારોમાં જેમણે કુશળતા પ્રાપ્ત કરી હોય અથવા તો વર્તમાન તબક્કે કૌશલ્યથી સુસજ્જ થઈ રહ્યા હોય એવા કામદારોનું પ્રમાણ માત્ર ૬.૮ ટકા છે. રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમના જણાવ્યા મુજબ દેશમાં ખેતી સિવાયના ક્ષેત્રમાં ૨૦૧૩-૧૪માં ૧૨ કરોડ જેટલા કુશળ લોકોની જરૂરિયાત વર્તાતી હતી. કૌશલ્યસજ્જ કામદારોના ભારે અભાવ માટે જે વિવિધ બાબતો જવાબદાર છે એમાં વિધિસરના વ્યાવસાયિક શિક્ષણનો અભાવ, શાળામાંથી અધૂરા અભ્યાસે ઉઠી જતાં વિદ્યાર્થીઓની મોટી સંખ્યા, કૌશલ્યની તાલીમ પૂરી પાડવા માટેની અપૂરતી સગવડો અને કૌશલ્યથી સુસજ્જ બનવા તરફની નકારાત્મક દ્રષ્ટિનો સમાવેશ થાય છે. ઉચ્ચત્તર શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા, સંશોધન અને સમાન તકોનું પ્રમાણ વધારવા તેમજ સરળતાથી પ્રવેશ શક્ય બનાવવા તાજેતરમાં મહત્ત્વની પહેલ કરવામાં આવી છે. આમાં રાષ્ટ્રીય ઉચ્ચત્તર શિક્ષણ અભિયાન, ટેકનિકલ શિક્ષણ ગુણવત્તા સુધારા કાર્યક્રમ અને રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા ફ્રેમવર્કનો સમાવેશ થાય છે.

સમીક્ષા જણાવે છે કે દેશમાં કૌશલ્ય સજ્જ લોકોનું પ્રમાણ વધારવા માટે કેન્દ્રના કૌશલ્ય વિકાસ, ઉદ્યોગ સાહસિકતા, યુવકોની બાબતો અને રમત-ગમત મંત્રાલય હેઠળ કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાનો એક અલગ વિભાગ રચવામાં આવ્યો છે. ગ્રામીણ ગરીબ યુવકો માટે દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના અને અધુરા અભ્યાસે શાળા છોડી દેનારા લઘુમતિના વિદ્યાર્થીઓના શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે નઈ મંઝીલ યોજના શરૂ કરવામાં આવી છે. ૨૦૦૪-૦૫ થી ૨૦૧૧-૧૨ દરમ્યાન રોજગારીનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિદર ૦.૫ ટકા રહ્યો હતો જે ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૪-૦૫ના ગાળાના ૨.૮ ટકાના દરની સરખામણીએ મોટો ઘટાડો સૂચવે છે. આની સામે આજ સમયગાળામાં દેશમાં રોજગારીની શોધમાં હોય એવા કામદારોની સંખ્યા ૦.૪ ટકાથી વધી ૨.૯ ટકા થઈ હતી. વધતી જતી કામદારોની સંખ્યા સામે ઘટતી જતી રોજગારીની તકો અંગે સમીક્ષામાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. દેશમાં પ્રાથમિક ક્ષેત્રે રોજગારીના કુલ પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે ગૌણ અને ત્રીજી પંક્તિના ક્ષેત્રમાં રોજગારીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. કુલ રોજગારીની દ્રષ્ટિએ જોઈએ તો સ્વરોજગારીનો હિસ્સો સૌથી વધુ, ૫૨.૨ ટકા જેટલો રહ્યો છે. સમીક્ષા જણાવે છે કે દેશના ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકોમાં નજીવો વધારો, ખાસ કરીને મહિલાઓના સંદર્ભમાં ચિંતાજનક છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ - મનરેગા હેઠળ ઉત્પાદક રોજગારીનું પ્રમાણ વધારવા કેટલીક મહત્ત્વની પહેલ દેશના પસંદગીના ૨૫૦૦ જેટલાં પછાત ઘટકોમાં કરવામાં આવી છે.

સમીક્ષામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં ગુણવત્તાયુક્ત રોજગારીની તકોમાં વધારા સામેનો મુખ્ય અવરોધ કુલ રોજગારીમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો ઘણો મર્યાદિત હિસ્સો છે. જો કે એનએસએસઓના છેલ્લા અહેવાલ મુજબ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૧-૧૨ના ગાળામાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે પ્રવૃત્તિ વધતા રોજગારીમાં ૧૨.૬ ટકાનો વધારો નોંધાયો હતો. આ વધારો નોંધપાત્ર છે કારણ કે ૨૦૧૧ની રાષ્ટ્રીય મેન્યુફેક્ચરિંગ નીતિમાં દેશમાં ૨૦૨૨ સુધીમાં ૧૦ કરોડ જેટલી રોજગારીની તકો ઉભી કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આર્થિક સમીક્ષાના અહેવાલમાં જણાવ્યા મુજબ દેશના બાહ્ય ક્ષેત્ર માટેના સંજોગો ૨૦૦૮ની વૈશ્વિક નાણાકીય કટોકટી પછી અને ખાસ કરીને ૨૦૧૨-૧૩ના વર્ષ પછી સૌથી અનુકૂળ બન્યા છે. ૨૦૧૨-૧૩માં વૈશ્વિક સ્તરે ક્રૂડ અને સોનાના ભાવમાં ભારે વધારો થતાં કરંટ એકાઉન્ટની ખાધમાં મોટો વધારો થયો હતો. તાજેતરમાં વૈશ્વિક ધોરણે ક્રૂડના ભાવમાં જે નોંધપાત્ર ઘટાડો થયો છે એના પરિણામે નવા વિકસતા બજારોમાં માંગની પરિસ્થિતિમાં સુધારાની પ્રક્રિયા જો ચાલુ રહે તો વૈશ્વિક અર્થવ્યવસ્થા હજી વધુ મજબૂત બનવાની સંભાવના છે.

૨૦૦૮ની વૈશ્વિક નાણાકીય કટોકટી પછી, ખાસ કરીને ૨૦૧૧ પછી વૈશ્વિક અર્થતંત્ર યુરો ચલણના વિસ્તારોમાં નબળું પડ્યું હતું અને એક પ્રકારની અનિશ્ચિતતા ઉભી થઈ હતી. આના પરિણામે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળને વૈશ્વિક વૃદ્ધિદરની ગણતરીમાં ઘટાડો કરવાની ફરજ પડી હતી. હવે ક્રૂડના ભાવમાં આંતરરાષ્ટ્રિય સ્તરે થયેલા ભારે ઘટાડાને પરિણામે વૈશ્વિક આર્થિક વાતાવરણમાં ઘણો સુધારો થયો છે અને એને પરિણામે કુલ વૈશ્વિક માંગમાં ઉછાળો આવવાની સંભાવના છે.

ભારતના માલસમાનના વિદેશ વ્યાપારમાં ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ દરમ્યાન નોંધપાત્ર વધારો થયો છે. આ ગાળામાં કુલ વ્યાપાર ૧૯૫.૧ અબજ ડોલરથી વધીને ૭૬૪.૬ અબજ ડોલર ઉપર પહોંચ્યો હતો. આના પરિણામે વૈશ્વિક નિકાસમાં ૨૦૦૪ થી ૨૦૧૩ના ગાળામાં વૈશ્વિક નિકાસમાં ભારતનો હિસ્સો ૦.૮ ટકાથી વધી ૧.૭ ટકા ઉપર પહોંચ્યો હતો જ્યારે આયાતનો હિસ્સો ૦.૮ ટકાથી વધી ૨.૫ ટકા થયો હતો.

દેશની વિદેશી હૂંડિયામણની અનામતોમાં નોંધપાત્ર વધારો થયો છે અને જાન્યુઆરી-૨૦૧૫ના અંતે એનો આંકડો ૩૨૮.૭ અબજ ડોલર ઉપર પહોંચ્યો હતો. વિદેશી હૂંડિયામણનો આંતરિક પ્રવાહ એની નાણાકીય જરૂરિયાતો કરતાં વધુ રહ્યો છે જેના પરિણામે આ મોરચે ગયા વર્ષની ચિંતાજનક પરિસ્થિતિની સરખામણીએ નોંધપાત્ર સુધારો વર્તાય છે. ૨૦૧૩-૧૪માં ભારતની વ્યાપારી ખાધ (કસ્ટમના આધારે) ૧૩૨.૮ અબજ થઈ હતી જે ૨૦૧૨-૧૩માં ૧૯૦.૩ અબજ ડોલર હતી. ખાધમાંનો આ ઘટાડો મુખ્યત્વે આયાત વૃદ્ધિમાં ઘટાડાને આભારી હતો. આ ગાળા દરમ્યાન દેશમાં ક્રૂડની આયાતમાં મૂલ્યના સંદર્ભમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો અને સોના તેમજ ચાંદીની આયાતમાં વૃદ્ધિનો દર નકારાત્મક રહ્યો હતો.

૨૦૧૩-૧૪ના વર્ષના આરંભમાં ડોલરની સરખામણીએ રૂપિયાના મૂલ્યમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. પરંતુ કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંકના શ્રેણીબંધ પગલાંને પરિણામે પરિસ્થિતિમાં ક્રમશઃ સુધારો થયો હતો. વિદેશી હૂંડિયામણની અનામતોના પ્રમાણમાં, કરંટ એકાઉન્ટમાં ખાધ ધરાવતા વિશ્વના મુખ્ય દેશોમાં ભારતનું સ્થાન બ્રાઝિલ પછી બીજા ક્રમે છે.

૨૦૧૪-૧૫ની આર્થિક સમીક્ષા દર્શાવે છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં અન્ન સબસિડી બીલમાં નોંધપાત્ર વધારો થતાં સરકારી તિજોરી ઉપરનો બોજો વધ્યા છે,

૨૦૧૪-૧૫ (૯ જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં)ના વર્ષ દરમ્યાન રૂા. ૧,૦૭,૮૨૩.૭૫ કરોડ અન્ન સબસિડી પેટે છૂટા કરવામાં આવ્યા છે. જે ૨૦૧૩-૧૪ ના વર્ષની સરખામણીએ ૨૦.૧૫ ટકાનો નોંધપાત્ર વધારો સૂચવે છે. ૨૦૧૩-૧૪ના વર્ષ દરમ્યાન ૮૯૭૪૦ કરોડ રૂપિયાની રકમ અન્ન સબસિડી પેટે છૂટી કરવામાં આવી હતી.

અન્ન સુરક્ષા સીસ્ટમનો હેતુ જુદા જુદા રાજ્યોમાં કિંમતોની સ્થિરતા સુનિશ્ચિત કરીને તથા ગરીબોને લઘુત્તમ પોષણક્ષમ સબસિડી યુક્ત અનાજ પૂરું પાડવાનો હતો.

આર્થિક સમીક્ષા જણાવે છે કે ઘઉં અને ચોખાની આર્થિક કિંમતમાં સતત વધારો થઈ થયો છે, ત્યારે ૨૦૦૨ના જુલાઈ ૧લી તારીખથી વિતરણની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, એના પરિણામ સ્વરૂપે ટીપીડીએસ/એનએફએસએ અને અન્ય કલ્યાણકારી યોજનાઓ મારફતે વિતરણ કરાતા અનાજ પરની સબસિડીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે.

આર્થિક સમીક્ષામાં એમ પણ જણાવ્યું છે કે કૃષિ અને અન્ન ક્ષેત્રે સંશોધન, શિક્ષણ, વિસ્તરણ, સિંચાઈ, ખાતરો અને જમીનની ચકાસણી માટે પ્રયોગશાળાઓ, જળ અને ચીજ વસ્તુઓ, વખાર અને શીતાગાર વગેરેમાં વિશાળ પાયા ઉપર મૂડીરોકાણની જરૂર છે. સબસિડીની તર્કસંગતતા અને લાભાર્થીઓની વધુ સારી ચકાસણી કરીને કૃષિ ક્ષેત્રે જાહેર મૂડીરોકાણના સાધનો પ્રાપ્ત કરી શકાશે.

આર્થિક સમીક્ષામાં એવો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યાં છે કે અત્યાર સુધી કૃષિ ક્ષેત્રે જાહેર ખર્ચમાં મુખ્ય ધ્યાન સબસિડી પૂરી પાડવા પ્રત્યે આપવામાં આવતું હતું. હવે એ સમય પાકી ગયો છે કે હવે ઉત્પાદનને ઉત્તેજન આપવા માટે મૂડીરોકાણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે.

આર્થિક સમીક્ષા જણાવે છે કે અન્ન નીતિના ભાવિ વિકાસના નક્શા માટે શાન્તાકુમાર સમિતિની ભલામણોમાં ઉપયોગી સૂચનો કરવામાં આવ્યાં છે.

**(સૌજન્ય : પી.આઈ.બી. અમદાવાદ)**

# અંદાજપત્ર ૨૦૧૫-૧૬
# સામાજિક પરિમાણ

• મનિષ ગોવિલ •

દેશના ૨૦૧૫-૧૬ના સામાન્ય અંદાજપત્રમાં સંરક્ષણ અને આંતરિક સલામતિ અંગેના ખર્ચાની જોગવાઈ કરવા ઉપરાંત દેશની પ્રજાની સામાજિક અને કલ્યાણવિષયક જરૂરિયાતો માટે વ્યાપક રીતે જોગવાઈ કરવામાં આવી છે.

સામાજિક એજન્ડાની બાબતો, ઠીક ઠીક સમય અગાઉ ભારત સરકારના શિરમોર સમા કાર્યક્રમો, બહુસંખ્યક લોકોને બૅંકિંગ સેવા હેઠળ આવરી લેવા માટેની જનધન યોજના, સ્વચ્છતા અને સફાઈ માટે સ્વચ્છ ભારત અને વિકાસ માટે મેક ઈન ઈન્ડિયા માટે વ્યાપક અભિયાન દ્વારા નક્કી કરવામાં આવી હોય એવું જણાય છે. અંદાજપત્રમાં જેનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, એવા આ કાર્યક્રમો લોકોની સામાજિક પરિસ્થિતિ અને સુખાકારીમાં સુધારો કરવાની વિપુલ શક્તિ ધરાવે છે. સામાજિક અને કલ્યાણકારી પગલાં માટેની ચિંતા અને શુભ ઈરાદા, સામાન્ય અંદાજપત્ર રજૂ કરતાં નાણામંત્રીએ કરેલ સંબોધનમાં નીચેના પેરેગ્રાફમાં ખૂબ જ સ્પષ્ટ રીતે છતા થાય છે.

"સામાજિક અને આર્થિક સંકેતો સંબંધમાં, આપણે છેલ્લા સાત દાયકાથી, આ અંગેના કાર્યક્રમો હેઠળ આવરી લેવાયેલા લાભાર્થીઓની ટકાવારી અને આંકડાના આધારે કામગીરી કરી છે, પણ એટલું તો દેખીતું છે કે આંકડાવિષયક ફેરફારો આપણને ક્યાંય નહીં લઈ જઈ શકે. આપણે પરિણામના રૂપમાં હરણફાળ ભરવા વિશે વિચારવું પડશે."

અંદાજપત્રમાં મહેસૂલી ખર્ચ ઉપરાંત જાહેર મૂડીરોકાણના સંદર્ભમાં આયોજિત ખર્ચામાં રૂ. ૧.૨૫ લાખ કરોડનો વધારો સૂચવાયો છે. વિત્તીય ખાધ ઘટાડીને જીડીપીના ૩ ટકા કરવાનો લક્ષ્યાંક વધુ ત્રણ વર્ષ માટે લંબાવાયો છે. આ ખાધ ૨૦૧૫-૧૬માં ઘટાડીને ૩.૯ ટકા, ૨૦૧૬-૧૭માં ૩.૫ ટકા અને ૨૦૧૭-૧૮માં ૩ ટકા કરવાનું વિચાર્યું છે, જેને માટે એફઆરબીએમ ધારામાં સુધારો કરવાનું આવશ્યક બનશે. સામાજિક બાબતોના મુખ્ય હિસ્સારૂપ સમગ્ર ક્ષેત્રમાં જે નોંધપાત્ર પગલાં અંદાજપત્રમાં સૂચવાય છે એનું આ લેખમાં પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

**ખેતી અને કૃષિક્ષેત્ર**

દેશની બહુમતી વસ્તી ગ્રામીણ વિસ્તારોમાં રહે છે, જે ખેતી અને કૃષિ આવક ઉપર આધારિત છે. આ અંદાજપત્રમાં ખેતી અંગેની બે બાબતો, જમીન અને પાણી ઉપર ખાસ ધ્યાન અપાયું છે. ખેતીની જમીનની ફળદ્રુપતા એકધારી વધતી રહે એવા ઉદ્દેશથી જમીનનું પરિક્ષણ કરી એના રસકસની પરિસ્થિતિ જણાવે એવા સોઈલ હેલ્થ કાર્ડની મહત્ત્વાકાંક્ષી યોજના હાથ ધરવાનું વિચારાયું છે, જે 'પરંપરાગત કૃષિ વિકાસ યોજના'માં ટેકારૂપ બનશે. પાણી માટે ઘડાયેલી 'પ્રધાનમંત્રી ગ્રામ સિંચાઈ યોજના'નું લક્ષ્ય પ્રત્યેક ખેડૂતના ખેતરની સિંચાઈ કરવાનું અને પાણીના ઉપયોગની કાર્યક્ષમતા સુધારવાનું છે કે જેથી 'પાણીના પ્રત્યેક ટીપાં દીઠ વધુ પાક' લઈ શકાય. સૂક્ષ્મ સિંચાઈ, વોટરશેડ વિકાસ અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનને ટેકો પૂરો પાડવા અંદાજપત્રમા રૂ. ૫૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ખેડૂતોને નાણાં ધિરાણ સરળતાથી મળી રહે એ માટે વિવિધ ફંડોમાં સારી એવી રકમની ફાળવણી કરવામાં આવી છે. આમાં નાબાર્ડમાં સ્થાપવામાં આવેલા ગ્રામીણ આંતરમાળખા વિકાસ ફંડના મુખ્ય ભંડોળમાં રૂ. ૨૫,૦૦૦ કરોડ, લાંબાગાળાના ગ્રામીણ ફંડમાં રૂ. ૧૫,૦૦૦ કરોડ, ટૂંકાગાળાના સહકારી ગ્રામીણ ધિરાણ નાણાંપૂર્તિ ફંડમાં રૂ. ૪૫,૦૦૦ કરોડ અને ટૂંકાગાળાના પ્રાદેશિક ગ્રામીણ વિકાસ બૅંકના નાણાંપૂર્તિ ફંડમાં રૂ. ૧૫,૦૦૦ કરોડની ફાળવણીનો સમાવેશ થાય છે. આ જંગી ફાળવણી ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોને મુશ્કેલીઓ સિવાય કૃષિ ધિરાણ પૂરું પાડવામાં ઘણી મદદરૂપ બનશે. ૨૦૧૫-૧૬ના વર્ષમાં બૅંકો મારફત ખેડૂતોને રૂ. ૮૫ લાખ કરોડનું ધિરાણ પૂરું પાડવાનું લક્ષ્ય નજર સમક્ષ રાખવામાં આવ્યુ છે. આ માટેના પ્રયાસોમાં જનધન યોજના મદદરૂપ બનશે.

**મનરેગા માટે ફાળવણી**

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ

રોજગાર ગેરંટી ધારો - મનરેગા કાર્યક્રમને ટેકો પૂરો પાડવા રૂ. ૩૪,૬૯૯ કરોડની પ્રારંભિક ફાળવણી કરવામાં આવી છે. આ યોજનાનો સફળ અમલ કરવામાં, ખાસ કરીને એની હેઠળ હાથ ધરાતાં કામોની ગુણવત્તા સુધારવામાં અને સોશિયલ ઑડિટ વગેરે જેવાં પગલાં મારફત સાધનોના યોગ્ય વપરાશ ઉપર ધ્યાન રાખવામાં રાજ્ય સરકારોએ મહત્ત્વની ભૂમિકા ભજવવાની રહેશે.

ખેડૂતોને એમની ઊપજના શ્રેષ્ઠ રાષ્ટ્રીય દામ મળી રહે એ માટે એમને મદદ કરવાના ઉદ્દેશથી નીતિ આયોગમાં એક વિશાળ સંયુક્ત (યુનિફાઇડ) કૃષિવિષયક બજાર ઊભું કરવાની જોગવાઈ છે. ખેડૂતોની આવક, જે હાલમાં દબાણ હેઠળ છે એમાં વધારો કરવા માટે આ એક મહત્ત્વની પહેલ છે. એનાથી ભાવધારાને નિયંત્રિત કરવાનો તથા ખેડૂતોને સ્થાનિક વેપારીઓના સંકજામાંથી મુક્ત કરવાનો આનુષંગિક ફાયદો પણ થશે.

**મુદ્રા બૅંકની યોજના**

દેશમાં અવિધિસરનું કે અનૌપચારિક ક્ષેત્ર મહત્તમ રોજગારીનું નિર્માણ કરે છે. દેશમાંના લગભગ ૫.૭૭ કરોડ જેટલા લઘુ વ્યાપારી એકમો જે મેન્યુફેકરિંગ, વ્યાપાર અથવા સેવાના કામકાજમાં પ્રવૃત્ત છે, એમાંથી ૬૨ ટકાની માલિકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના લોકોની છે. પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં, સર્વસમાવેશક વિકાસ માટે ધિરાણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉદ્યોગસાહસિકોને અગ્રતાક્રમ આપવામાં આવ્યો છે. અત્યંત નાના એકમોના વિકાસ માટે નાણાંપૂર્તિના ઉદ્દેશથી 'માઇક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ રિફાયનાન્સ એજન્સી (મુદ્રા) બૅંક ઊભી કરવાની દરખાસ્ત છે. રૂ. ૨૦,૦૦૦ કરોડના મુખ્ય ભંડોળ અને રૂ. ૩,૦૦૦ કરોડના ધિરાણ ગેરંટી ભંડોળ સાથેની આ બૅંક અત્યંત નાનાં-સૂક્ષ્મ એકમોને ધિરાણ પૂરું પાડતી સંસ્થાઓને નાણાં પૂરા પાડશે. આ પગલું કુશળ તેમજ સાધારણ કુશળ કામદારો માટે રોજગારીની તકો ઊભી કરવામાં તથા ઉદ્યોગ-સાહસિક્તાને પ્રોત્સાહન પૂરું પાડવામાં મદદરૂપ બનશે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમોના ક્ષેત્રમાં નાણાકીય પ્રવાહિતામાં નોંધપાત્ર વધારો કરવા માટે એક ઇલેક્ટ્રોનિક ટ્રેડ રિસિવેબલ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમ ઊભી કરવાનું વિચારાયું છે. દેવાળાં અંગેના હાલના કાયદામાં સુધારા કરવા માટે વિચારાઈ રહેલાં પગલાં આ કાયદાના અમલમાં નિશ્ચિતતા લાવશે અને એને ઝડપી બનાવશે. આગામી વર્ષ, ૨૦૧૫-૧૬માં જે સર્વગ્રાહી દેવાળાં સંહિતા ઘડવામાં આવશે એથી ઔદ્યોગિક એકમોના વિવિધ કામકાજમાં સરળતા વધશે.

**ટપાલ કચેરીઓનું નેટવર્ક**

વિધિસરની નાણાકીય વ્યવસ્થા જેવી કે બૅંકિંગ સેવાનો દેશના વધુ ને વધુ લોકો લાભ મેળવી શકે એ હેતુથી દેશની પોસ્ટ ઑફિસોનું જે વિશાળ નેટવર્ક ગ્રામીણ વિસ્તારોમાં ફેલાયું છે, એની લગભગ ૧,૫૪,૦૦૦ ટપાલ કચેરીઓ વગેરેને નાણાકીય વ્યવસ્થામાં જોડવામાં આવશે. આ માટે ટપાલ વિભાગે, ટપાલકચેરી નાણાં ચૂકવતી બૅંક બને એ માટે લાયસન્સ મેળવવું પડશે. આ પગલું પ્રધાનમંત્રી જનધન યોજનામાં ઘણો મોટો ફાળો આપશે અને મહત્ત્વનો સામાજિક ઉદ્દેશ પાર પડાશે.

અંદાજપત્રમાં એક અન્ય નવી વ્યવસ્થા ઊભી કરવાનું વિચારાયું છે. સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ઍન્ડ ટેલન્ટ યુટિલાઇઝેશન ટૂંકમાં 'સેતુ'ની આ વ્યવસ્થા સ્વ-રોજગારી અને પ્રતિભા શક્તિના ઉપયોગ માટે ઘડાઈ છે. 'સેતુ' નવા શરૂ થયેલા વ્યાપાર-ઉદ્યોગ એકમો તેમજ સ્વ-રોજગારીની પ્રવૃત્તિઓ ખાસ કરીને ટૅકનોલૉજીના ઉપયોગ સંબંધમાં ટૅક્નિકલ-નાણાકીય તેમજ અન્ય રીતે સહાયક બનશે. નીતિ આયોગમાં 'સેતુ' કાર્યક્રમ માટે પ્રારંભિક તબક્કે રૂ. ૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**વીમો અને પેન્શન**

દેશની વિશાળ વસ્તી આરોગ્ય, અકસ્માત કે પછી જીવનવીમા જેવા કોઈ પણ વીમાનું રક્ષણ નથી ધરાવતી. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ વાર્ષિક માત્ર રૂ. ૧૨ના પ્રીમિયમ સાથે અકસ્માતમાં મૃત્યુના જોખમ સામે રૂ. બે લાખનો વીમો ઉતારવામાં આવશે. અટલ પેન્શન યોજના નામની એક અન્ય યોજના હેઠળ, લાભાર્થીનો ફાળો તથા યોજનાના સમયગાળાના આધારે લાભાર્થીને ચોક્કસ રકમનું પેન્શન ચૂકવવામા આવશે. આ યોજનામાં સરકાર, વાર્ષિક રૂ. ૧૦૦૦ની મર્યાદામાં રહી લાભાર્થીએ ચૂકવવાના ફાળાની ૫૦ ટકા રકમ ચૂકવશે. આનો લાભ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૫ સુધીમાં નવાં ખાતાં ખોલાવનારને પાંચ વર્ષ સુધી મળશે.

પબ્લિક પ્રોવિડન્ટ ફંડમાં, જેના ઉપર કોઈનો દાવો નથી એવી રૂ. ૩,૦૦૦ કરોડની અને કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડમાંથી આવી રૂ. ૬,૦૦૦ કરોડની રકમમાંથી વરિષ્ઠ નાગરિકો માટેનું કલ્યાણ ફંડ ઊભું કરવાની એક દરખાસ્ત કરવામાં આવી છે. સૂચિત નવા ફંડનો વૃદ્ધ પેન્શનરો, ગરીબી રેખા હેઠળના કાર્ડ

ધરાવનારાઓ, નાના અને સીમાંત ખેડૂતો વગેરે જેવા સમાજના નબળા અને ગરીબ વર્ગના લોકોના જૂથો માટેની ખાસ યોજનાઓમાં થશે. ગરીબી રેખા હેઠળના વરિષ્ઠ નાગરિકોને એમના રોજબરોજના કામકાજ વગેરેમાં મદદરૂપ બને એવા ભૌતિક સાધનો-ઉપકર્ણો વગેરે પૂરાં પાડવાં માટે એક નવી યોજના ઘડવાનું વિચારાયું છે. લઘુમતી કોમના જે યુવકો વિધિસરનું 'સ્કૂલ લિવિંગ સટિફિકેટ' ન ધરાવતાં હોય એમને આવું સર્ટિફિકેટ મેળવવામાં તેમજ વધુ સારી રોજગારી મેળવવામાં સહાયભૂત બનવા માટે શિક્ષણ અને જીવનગુજારાની એક નવી યોજના 'નઈ મંઝીલ' શરૂ કરવામાં આવશે.

**સામાજિક સલામતિ**

કેન્દ્રના નાણાકીય સાધનો ઉપર ગંભીર દબાણ હોવા છતાં સામાજિક ક્ષેત્રે મોટા પ્રમાણમાં સાધનોની ફાળવણી કરાઈ છે. આમાં અનુસૂચિત જાતિ માટે રૂ. ૩૦,૮૫૧ કરોડ, અનુસૂચિત જનજાતિ માટે રૂ. ૧૯,૯૮૦ કરોડ અને મહિલાઓ માટેની રૂ. ૭૯,૫૨૮ કરોડની ફાળવણીનો સમાવેશ થાય છે. મહિલા સલામતિ હિમાયત અને જાગૃતિ કાર્યક્રમોને ટેકો પૂરો પાડવા નિર્ભયા ફંડમાં રૂ. ૧,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

સામાજિક સલામતિની વિવિધ યોજનાઓ ગરીબવર્ગના, ઉપેક્ષિત અને વંચિત લોકોની જરૂરિયાતો સંતોષવાનો ઉદ્દેશ ધરાવતી હોવાથી જનધન યોજનાનો, ભારતના કોઈ પણ નાગરિકને એની વૃદ્ધાવસ્થામાં એની માંદગી, અકસ્માત અને ગરીબી અંગે, ચિંતા ન કરવી પડે એ સુનિશ્ચિત કરવામાં ઉપયોગ થઈ શકશે પરંતુ આ યોજનાઓના અસરકારક અમલ માટે લાભાર્થીઓને મદદ કરવાની વ્યવસ્થા અને વિવિધ રાજ્ય સરકારોની ભૂમિકા વચ્ચે સમન્વય ઊભો કરવાનો રહેશે.

**આંતરમાળખાનો વિકાસ**

કેન્દ્ર સરકાર આંતરમાળખાના વિકાસને જે મહત્ત્વ આપે છે એ અંદાજપત્રમાં, માર્ગો માટે જાહેર કરાયેલા રૂ. ૧૪,૦૩૧ કરોડના અને રેલવે માટે રૂ. ૧૦,૦૫૦ કરડોના અંદાજપત્રીય ટેકા ઉપરથી છતું થાય છે. આંતરમાળખાની સગવડો આર્થિક વિકાસમાં સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. જાહેર સાહસોનું-'કેપેક્સ' ૨૦૧૪-૧૫ના સુધારેલા અંદાજોની સરખામણીએ ૨૦૧૫-૧૬માં રૂ. ૮૦,૮૪૪ કરોડ જેટલું વધીને રૂ. ૩,૧૭,૮૮૯ કરોડ જેટલું થવાની ધારણા છે. કેન્દ્ર સરકાર તથા કેન્દ્રના જાહેર સાહસોના ફંડમાંથી આતરમાળખામાં મૂડીરોકાણની રકમમાં, ૨૦૧૪-૧૫ની સરખામણીએ ૨૦૧૫-૧૬માં રૂ. ૭૦,૦૦૦ કરોડનો જંગી વધારો થશે.

આંતરમાળખાના વિકાસ માટે કેન્દ્ર સરકાર એક રાષ્ટ્રીય મૂડીરોકાણ અને આંતરમાળખા ફંડ સ્થાપવાનો ઈરાદો ધરાવે છે. રેલવે, માર્ગ અને સિંચાઈના ક્ષેત્રોમાં મૂડીરોકાણ માટે સરકારે કરમુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ બહાર પાડવા માટે પરવાનગી આપી છે. આંતરમાળખાના વિકાસ માટે જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે ભાગીદારીની વ્યવસ્થાને પુન જોમવંતી બનાવવા માટે સરકાર જોખમની વહેંચણીમાં, પૂરેપૂરું જોખમ ન વહોરી લેતાં જોખમમાં મોટા હિસ્સાની જવાબદારી ઉપાડી લે એવી જોગવાઈ કરશે એવી ધારણા છે. આના પરિણામે આંતરમાળખા ક્ષેત્રે મૂડીરોકણ વધશે તેમજ રોજગારીની તકોમાં વધારો થશે.

**અટલ ઈનોવેશન મિશન**

નીતિ આયોગમાં અટલ ઈનોવેશન મિશન સ્થાપવામાં આવશે, જેમાં શિક્ષણશાસ્ત્રીઓ, ઉદ્યોગ-સાહસિકો અને સંશોધકોને સાંકળી લેવામાં આવશે, જે સંશોધન તેમજ શોધખોળ ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપરના અનુભવ ઉપરથી બોધપાઠ લઈ દેશમાં શોધખોળ, સંશોધન અને વિકાસ તથા વૈજ્ઞાનિક સંશોધનના સંસ્કાર તેમજ વાતાવરણ ઊભાં કરશે. આ નવું મિશન દેશમાં વિશ્વ કક્ષાના સંશોધન-શોધખોળ માટેના કેન્દ્રોનું નેટવર્ક ઊભું કરશે અને મોટા પડકારો ઝીલવા માટે રાષ્ટ્રને કટિબદ્ધ કરશે. આ મિશન માટે રૂ. ૧૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

યોગ્ય રીતે કામ કરે એવા મૂડી બજાર માટે ગ્રાહકોનું યોગ્ય રક્ષણ આવશ્યક છે. આ માટે અંદાજપત્રમાં, વિવિધ નાણાકીય સેવાઓ પૂરી પાડનારી તમામ સંસ્થાઓ-એજન્સીઓ સામેની તમામ ફરિયાદોના નિવારણ માટે એક નિષ્પક્ષ, નાણાકીય ફરિયાદ નિવારણ એજન્સી ઊભી કરવાનું વિચારાયું છે. આ સંદર્ભમાં, ગેરરસ્તે દોરતી અને ગેરરીતિયુક્ત નાણાકીય બનાવટો તથા સેવાઓ સામે અજાણ-નિર્દોષ ગ્રાહકોનું રક્ષણ કરવા ભારતીય નાણાકીય સંહિતા ઈન્ડિયન ફાઈનાન્સિયલ કોડ દાખલ કરવાની સક્રિય વિચારણા થઈ રહી હોવાનું અંદાજપત્રમાં જણાવાયું છે.

**કરવેરા તંત્રમાં સુધારા**

અંદાજપત્રમાં સીધા કરવેરાનું એક એવું તંત્ર સ્થાપવાનો ઈરાદો રાખવામાં આવ્યો છે, જે એના દરોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક હોય, જેમાં મુક્તિ-બાકાતીની કોઈ જોગવાઈ ન હોય, જે બચતોને પ્રોત્સાહન પૂરું પાડે અને

વચગાળાના લોકો વગેરે પાસેથી વેરા વસૂલ ન કરતું હોય. વધુમાં આવું સૂચિત કરવેરા તંત્ર જીએસટીનો અમલ શરૂ કરી પરોક્ષ કરવેરાના આધુનિકતંત્રની બરોબરી કરી શકે એવું હશે. સેવા કર ૧૨.૩૬ ટકાથી વધારી ૧૪ ટકા કરવામાં આવ્યો છે, જે ૨૦૧૬-૧૭થી અમલી બનનારી જીએસટીની વ્યવસ્થા સાથે સમન્વયના આરંભરૂપ છે. કરવેરાને તર્કસંગત બનાવવાનાં અને જીએસટીને સમન્વયરૂપ બનાવવાના આ પગલાંનો પરોક્ષ કરવેરા ઉપર એના પરિણામરૂપ વર્તમાન અસરો ઉપર પ્રભાવ પડશે. આ પગલાંથી પરોક્ષ કરવેરાનો બોજ, હાલમાં ચીજવસ્તુઓના ભાવમાં વધારો કરી જે રીતે ગ્રાહકો ઉપર લાદવામાં આવે છે એનું પ્રમાણ ઘટશે. વળી, કરવેરાના સુસૂત્રીકરણથી એને તર્કસંગત બનાવવાથી ચીજવસ્તુઓના ભાવોમાં જે ઘટાડો થાય એનો લાભ ગ્રાહકો સુધી પહોંચે એવું સુનિશ્ચિત કરવા જો સરકાર પગલા ભરે તો એ લોકો માટે ફાયદાકારક બનશે તેમજ ભાવો નિયંત્રણમાં રહેતાં એનો ઘણો મોટો સામાજિક પ્રભાવ પડશે.

ઈપીએફ, ઈએસઆઈ અને એનપીએસમાંના સૂચિત ફેરફારો, એક ચોક્કસ સીમાથી ઓછો માસિક પગાર, જે સીમા હાલમાં માસિક રૂ. ૧૫,૦૦૦ની છે, ધરાવતા કર્મચારીઓને લાભ થાય એ દિશામાંનુ એક મહત્ત્વનું પગલું છે. આ ફેરફારોથી ચોક્કસ સીમાથી ઓછો પગાર ધરાવતાં પગારદારોની પગારની રકમમાં ચોખ્ખો વધારો કરશે અને એમને સલામતિના રક્ષણનો પણ લાભ મળશે. કોર્પોરેટ ક્ષેત્રના એકમો-કંપનીઓ એમની સામાજિક જવાબદારી હેઠળના ફાળા ઉપરાંત જો સ્વચ્છ ભારત અભિયાનમાં ફાળો આપશે તો એના ઉપર કરવેરામાંથી ૧૦૦ ટકા બાકતી/મુક્તિનો લાભ મળશે.

**સબસિડી ટ્રાન્સફરની વ્યવસ્થા**

અંદાજપત્રમાં હરિયાળું ભારત, પ્રવાસન વિકાસ તેમજ વિવિધ રાજ્યોમાં આઈઆઈટી અને એઈમ્સ સ્થાપવાની જે દરખાસ્તો કરવામાં આવી છે એ જીવનની ગુણવત્તા, વિકાસ તથા અન્ય સામાજિક ધોરણો સુધારવાનો ઉદ્દેશ ધરાવે છે. અંદાજપત્રમાં રોજગારી નિર્માણ, ગરીબી નાબૂદી અને આંતરમાળખાના નિર્માણ માટેની યોજનાઓ-એની રચનાઓમાં કંઈક બદલાવ જણાય છે, પણ એને માટેની કુલ ફાળવણીમાં કોઈ કમી નથી કરાઈ. રાજ્યોને પણ આર્થિક વિકાસ માટેની પ્રક્રિયામાં ભાગીદાર તરીકે સ્વીકારવામાં આવ્યા છે. સબસિડીને તર્કસંગત બનાવી એના ઢાંચામાં ફેરફાર કરાયો છે જેની પાછળનો ઉદ્દેશ લાભાર્થીઓને સબસિડી સીધી મળતી થાય એ સુનિશ્ચિત કરવાનો છે. શિષ્યવૃત્તિની યોજનાઓ વધુ વિસ્તારવામાં આવશે અને લાભાર્થીઓની હાલની સંખ્યા એક કરોડ છે એ વધારીને ૧૦.૩ કરોડ ઉપર પહોંચે એ માટેના પ્રયાસો કરવામાં આવશે. આ જ પ્રમાણે રાંધણ ગૅસ ઉપરની સબસિડીની યોજનામાં અત્યાર સુધીમાં રાંધણગૅસના કુલ ૧૧.૫ કરોડ ગ્રાહકો/વપરાશકારોને કુલ રૂ. ૬,૩૩૫ કરોડની રકમ સબસિડી તરીકે ટ્રાન્સફર કરવામાં આવી છે. આને લીધે એલપીજીના ખરેખર ગ્રાહકોને ગૅસ સિલિન્ડરના વિતરણમાં થતી ગેરરીતિઓ અને બિન-કાર્યક્ષમતા ઉપર નિયંત્રણમાં મોટી મદદ મળશે. ગમે એમ પણ આ યોજનાની અસરકારક્તાનો આધાર રાજ્ય સરકારો દ્વારા ભજવાતી ભૂમિકા ઉપર રહેશે.

યુવકોના-વિદ્યાર્થીઓને નોકરોની શોધમાં સહાયક બનવા, એમનું કૌશલ્ય વધારવાના કાર્યક્રમને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગરીબ અને મધ્યમ વર્ગના તમામ વિદ્યાર્થીઓ એમની પસંદગી મુજબનું ઉચ્ચતર શિક્ષણ મેળવી શકે એ માટે એમને સહાયક બનવા શિષ્યવૃત્તિઓની તેમજ શૈક્ષણિક લોનની યોજનાઓનો પ્રધાનમંત્રી વિદ્યાલક્ષ્મી કાર્યક્રમ મારફત યોગ્ય વહીવટ થાય તેમજ એના ઉપર દેખરેખ રાખી શકાય એ માટે આઈટી આધારિત સ્ટુડન્ટ ફાઇનાન્સિઅલ બિલ એઈડ ઓથોરિટીની રચના કરવામાં આવી રહી છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ-સાહસિકતા મંત્રાલય મારફત રાષ્ટ્રીય કૌશલ્ય મિશન સ્થાપવામાં આવશે. આ મિશન 'મેક ઈન ઈન્ડિયા'ના વિચાર સાથે બંધબેસતું થશે તેમજ આર્થિક અને સામાજિક વિકાસમાં એક મોટું પ્રેરકબળ બનશે. આમ છતાં રાજયોને વધારાના નાણાકીય સાધનોની ફાળવણી તેમજ વધુ સ્વાયત્તતા બક્ષવાને પરિણામે સરકારી સમવાય તંત્રનો વિચાર અને પ્રધાનમંત્રીએ જેને 'ટીમ ઈન્ડિયા' નામ આપ્યું છે એનું સ્વપ્ન સાકાર થતાં, આ મૂર્તિમંત વિચાર તેમજ સ્વપ્ન સામાન્ય અંદાજપત્રમાંના સૂચિત સામાજિક લાભ જનતા જનાર્દન સુધી પહોંચાડવામાં સૂચક ભૂમિકા ભજવશે.

**લેખક ચાર્ટર્ડ ઓકાઉન્ટન્ટ છે. તેઓ ૧૫ વર્ષથી મેનેજમેન્ટ સલાહકાર, ઓડિટ અને વેરા મસલતી સેવાઓ પૂરી પાડે છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, લખનૌ મેટ્રો પ્રૉજેક્ટ વગેરે જેવા મેગા પ્રૉજેક્ટ માટે મસલતી સેવાઓ આપે છે.**

# રેલવે બજેટ : પ્રગતિ માટેની સાહસિક પહેલ

• જી. શ્રીનિવાસન •

દેશને આઝાદી મળી પછી અત્યાર સુધી આંગળીના વેઢે ગણી શકાય તેવા રેલવેપ્રધાનો છે, જેમણે બજેટમાં લોકપ્રિય જાહેરાતો કરવાની પરંપરા તોડી છે અને અનેક નવી ટ્રેનો અને પ્રોજેક્ટ્સ જાહેર કરવાની લાલચથી દૂર રહ્યાં છે. પહેલી એપ્રિલથી શરૂ થઈ રહેલા આગામી નાણાકીય વર્ષ માટે ૨૬ ફેબ્રુઆરીના રોજ સંસદમાં રજૂ થયેલું રેલવે બજેટ નિ:સંદેહ એક સાહસિક કદમ છે, જેમાં ઇરાદાપૂર્વક અગાઉની સ્થાપિત પરંપરાઓને છોડવામાં આવી છે અને દેશમાં પરિવહનની ધોરી નસ સમાન આ માધ્યમ માટે વિશ્વાસની સંભવિત હરણફાળ અને વાસ્તવિક સ્થિતિને નજરમાં રાખીને ભવિષ્ય તરફ કૂચ કરવામાં આવી છે. પેસેન્જર ભાડામાં કોઈ વધારો કર્યા વિના આગામી પાંચ વર્ષ માટે રૂ. ૮.૫૬ લાખ કરોડના મધ્યમ-ગાળાની પ્રચંડ રોકાણ યોજના રજૂ કરવામાં આવી છે, પણ માનવીય વપરાશ માટે મીઠા જેવી કેટલીક જીવનજરૂરી ચીજવસ્તુઓને બાકાત રાખવા સાથે બેઝ ક્લાસ-૧૦૦ અને સિમેન્ટ, કોલસો અને કોક, આયર્ન અને સ્ટીલ, પિગ આયર્ન, આયર્ન ઓર અને પેટ્રોલિયમ ચીજવસ્તુઓ માટેના નૂર દરમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે તેમજ આગામી નાણાકીય વર્ષમાં અંતરના સ્લેબને તર્કબદ્ધ કરવામાં આવ્યાં છે, જે વર્ષ ૨૦૧૫-૧૬ની મુખ્ય વિશેષતાઓ છે. બજેટ જાહેર થયા પછી રેલવે બોર્ડના વરિષ્ઠ અધિકારીઓએ પ્રેસને જણાવ્યું હતું કે, બજેટમાં સ્લેબ દરોમાં અને વિવિધ ચીજવસ્તુઓ માટે વર્ગીકરણમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. સ્લેબના પુનર્ગઠન પછી કેટલીક ચીજવસ્તુઓના નૂર દરમાં મહત્તમ ૧૦ ટકા સુધીનો વધારો થયો છે અને અન્ય કેટલીક ચીજવસ્તુઓમાં આ દર ઘટીને નકારાત્મક પણ થયા છે. સંપૂર્ણપણે જોઈએ તો, રેલવે અંદાજિત રૂ. ૧,૨૧,૪૩૨ કરોડની અંદાજિત નૂર આવકમાંથી રૂ. ૪,૦૦૦ કરોડ સાધવાનો ઇરાદો ધરાવે છે. આ કારણે સરેરાશ વધારો ત્રણ ટકા છે તેવી દલીલ તેઓ કરે છે.

રેલવે પ્રધાને લોકસભામાં રેલવે બજેટ રજૂ કરતી વખતે યથાર્થ જણાવ્યું હતું કે, ભારતીય અર્થતંત્રના હાર્દમાં ધોરી નસ સમાન રેલવે નેટવર્ક માટે કમનસીબ બાબત છે કે વ્યક્તિગત અને ઔદ્યોગિક એમ બંને પ્રકારના વપરાશકર્તાઓ તેની યોગ્ય સુવિધાઓથી હજુ સુધી વંચિત રહ્યાં છે. તેમણે વપરાશકર્તાઓ માટે સેવાની અત્યંત નબળી ગુણવત્તા માટે "ઓછા અસરકારક રોકાણ"ને મૂળભૂત પરિબળ ગણાવ્યું હતું. તેના પરિણામે ક્ષમતામાં જોઈએ તેવો વધારો થયો નથી, સલામતિ સામેના પડકારો વધ્યાં છે અને સેવાની ગુણવત્તા ઉત્તરોત્તર કથળી છે, જેના પગલે "કાર્યદક્ષતામાં ઘટાડો થયો છે, નૂર અને પેસેન્જર ટ્રાફિકમાં સંભવિતતાથી ઓછો વધારો થયો છે અને ઓછા નાણાકીય સંસાધનો ઊભા થયા છે."

રેલવે પ્રધાને વાજબી રીતે રેલવેમાં રોકાણના ફાયદાને વિગતવાર ગણાવ્યા છે, જે ગરીબો માટે રોજગારીના સર્જન અને પર્યાવરણ ટકાઉતાની સુનિશ્ચિતતા કરવા ઉપરાંત અર્થતંત્રના તમામ ક્ષેત્રો પર "મોટી ગુણક અસર" કરશે. તેમણે વર્તમાન ઊંચી-ગીચતા નેટવર્ક્સની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવાની જરૂરિયાત પર યોગ્ય ભાર મૂક્યો છે, જેમાં ખર્ચ ઓછો થશે અને જમીન સંપાદન કરવાની મોટી સમસ્યાઓ ઊભી નહીં થાય તેમજ આ કામગીરી ઝડપથી પૂર્ણ પણ થશે. આ કારણે ગેજનું રૂપાંતરણ, તેને બમણી, ત્રણ ગણી અને તેનું વીજકરણ કરવા પર ભાર મૂકવામાં આવશે, જેથી ટ્રેનોની કાચબાછાપ ગતિમાં વધારો થશે અને તેનો લાભ છેવટે વપરાશકર્તાઓને મળશે. તે નોંધવું જરૂરી છે કે રેલવેનો મોટાભાગનો ટ્રાફિક છ કોરિડોરમાં ચાલે છે, જે ચાર મેટ્રો શહેર અને આ ચતુર્ભૂજના ચારે ખૂણાને એકબીજા સાથે જોડે છે. આ છ કોરિડોરનો સંપૂર્ણપણે ઉપયોગ થઈ રહ્યો હોવાથી અત્યારે સિસ્ટમની ક્ષમતા વધારીને નેટવર્કની ગીચતા ઓછી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યો છે. બજેટમાં અન્ય આવરી લેવાયેલા મુદ્દાઓમાં ગ્રાહકની અનુકૂળતા, સલામતિ અને

સિસ્ટમમાં ધરખમ ફેરફારો તેમજ ભવિષ્યમાં સિસ્ટમને સ્વનિર્ભર અને ટકાઉ બનાવવાની બાબતો સામેલ છે.

રેલ બજેટનું એક નવીન પાસું આગામી નાણાકીય વર્ષ માટે વીજળીકરણની દરખાસ્તમાં જંગી વધારો છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૪૬૨ રૂટ કિલોમીટરની મંજૂરી સામે વર્ષ ૨૦૧૫-૧૬માં ૬૬૦૮ રૂટ કિલોમીટરની લંબાઈને મંજૂરી આપવામાં આવી છે, જે ૧૩૩૦ ટકાનો મોટો વધારો છે. ઈલેક્ટ્રિક પાવરનું મોટા ભાગે ઉત્પાદન કોલસાનો ઉપયોગ કરીને થર્મલ ઉત્પાદન મારફતે થાય છે તે હકીકતને ધ્યાન રાખીએ તો વીજળીકરણ કરવાની જોગવાઈ ભારતમાં કાર્બનમુક્ત વિકાસ કરવાની પ્રતિબદ્ધતાથી વિરૂદ્ધ છે. જો રેલવેનો ઈંધણનો ઓછા વપરાશ અને પારિસ્થિતિક નિર્વાહ તેને રોડની સરખામણીમાં પરિવહનનું વધારે પસંદગીનું માધ્યમ બનાવે, તો આગામી નાણાકીય વર્ષમાં ઊંચું વીજળીકરણ કરીને તે કેવી રીતે ઈકોલોજિકલ સંતુલન જાળવશે તે સ્પષ્ટ નથી. જો કે આ પ્રકારની વાસ્તવિક ચિંતાઓને ઉકેલવા બજેટમાં ૧૦૦ મેગાવોટની નવી સૌર ઊર્જા ક્ષમતા ઊભી કરવાની રૂપરેખા આપીને પર્યાવરણને લાભદાયક જોગવાઈ કરવામાં આવી છે.

રેલવે પ્રધાને ચાર હેતુ સ્પષ્ટ કર્યા છે, જેમ કે ગ્રાહકના અનુભવમાં લાંબા ગાળાનો સુધારો, સલામતિમાં વધારો, આધુનિક માળખા મારફતે સિસ્ટમની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી દૈનિક પેસેન્જરની ક્ષમતા ૨.૧ કરોડથી વધારીને ૩ કરોડ કરવી, ટ્રેકની લંબાઈ ૨૦ ટકા વધારી ૧.૧૪ લાખ કિલોમીટરથી ૧.૩૮ લાખ કિલોમીટર કરવી અને વાર્ષિક નૂર ક્ષમતા એક અબજ ટનથી વધારીને ૧.૫ અબજ ટન કરવી.

સ્પેશિયલ પર્પઝ વ્હિકલ્સ મારફતે રેલવે પ્રોજેક્ટ્સ માટે રાજ્ય સરકારો અને જાહેર ક્ષેત્રના સાહસો (પીએસયુ) સાથે ભાગીદારી કરવાનો અભિગમ દાખવવામાં આવ્યો છે, જેથી કોલસો, આયર્ન ઓર અને સિમેન્ટ જેવી મહત્ત્વપૂર્ણ ચીજવસ્તુઓના પરિવહનમાં પૂરતી ક્ષમતા ઊભી થાય. ઉપરાંત લાંબાગાળાનું ધિરાણ મેળવવા બહુપક્ષીય અને દ્વિપક્ષીય સંસ્થાઓ તેમજ અન્ય સરકારી સંસ્થાઓ સાથે જોડાણ અને વિદેશમાં ટેકનોલોજી મેળવવાના માર્ગને પ્રોત્સાહન આપવાની જોગવાઈ કરવામાં આવી છે, જે માટે કરારમાં કોઈ પણ વિવાદ ઊભો થાય તો તેનું નિરાકરણ લાવવા યોગ્ય કાર્યતંત્ર ઊભું કરવાની વ્યવસ્થા હશે.

ઓડિટર હોવાના નાતે રેલવે પ્રધાન જાણે છે કે બજારમાંથી ઋણ લઈને નાણાકીય રીતે વળતરદાયક પ્રોજકટ્સનો અર્થ ખરેખર શું થાય છે. ઇન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન (આઇઆરએફસી) પાસેથી ખર્ચાળ ધિરાણ મેળવવા ઉપરાંત રેલવે વીમા અને પેન્શન ફંડ પાસેથી લાંબાગાળાનું અને ઓછા ખર્ચનું ધિરાણ મેળવવાનો આશય ધરાવે છે તેમજ સંવર્ધિત આવક મારફતે સેવા આપી શકે તેવી બહુપાંખીય અને દ્વિપક્ષીય એજન્સીનો સંપર્ક કરશે. તે લાભદાયક વાત છે કે રેલવે લાંબાગાળાના સંસ્થાકીય રોકાણકારો અને અન્ય ભાગીદારો પાસેથી ખાનગી રોકાણમાં નવા વાહનો ઊભા કરવાની યોજના ધરાવે છે. પ્રથમ વખત, ઓન રેકોર્ડ, રેલવે પ્રધાન જાહેરમાં બોલ્યા છે કે તેઓ રેલવેની અસ્કયામતોને વેચવાને બદલે તેને મુદ્રીકૃત કરવાનું વધારે પસંદ કરશે, જેથી બિનજરૂરી વિવાદો પર પડદો પડી ગયો છે અને સિસ્ટમનું કોર્પોરાઇટેઝેશન કે ખાનગીકરણ થશે કે રેલવેની જમીનનું વેચાણ થશે તેવી વાતોનું હવે કોઈ ઔચિત્ય રહ્યું નથી.

સંચાલકીય કાર્યક્ષમતા કાર્યકારી ખર્ચની સામે આવકની ટકાવારી સ્વરૂપે પ્રતિબિંબિત થાય છે (જેટલી નીચી તેટલી સિસ્ટમ માટે વધારે સારી), જે ૨૦૧૩-૧૪માં ૯૩.૬ ટકાની સામે વર્ષ ૨૦૧૪-૧૫માં ૯૧.૮ થઈ છે, જે માટે હાથ ધરાયેલા વિવિધ ઉત્પાદકીય ખર્ચ વ્યવસ્થાપન કાર્યક્રમો જવાબદાર છે. ગયા વર્ષે જુલાઈમાં બજેટમાં સંચાલકીય કાર્યક્ષમતા ૯૧.૮ ટકા રાખવાનો અંદાજ નક્કી કરવામાં આવ્યો હતો. આગામી નાણાકીય વર્ષ માટે કુલ ઉત્પાદકીય લાભ મેળવીને અને વધુ અસર માટે સિસ્ટમની કામગીરીમાં કાર્યદક્ષતા વધારીને સંચાલકીય કાર્યક્ષમતા સુધારીને ૮૮.૫ ટકા કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

ખરેખર ચાલુ નાણાકીય વર્ષમાં સંચાલન રેશિયોમાં સુધારો અને ખર્ચમાં નિયંત્રણ કરવાથી પ્રાપ્ત થનાર રાહત રેલવે પ્રધાનને ડેપ્રિસિએશન રિઝર્વ ફંડ (ડીઆરએફ) મોટની જોગવાઈ રૂ. ૧૦૫૦ કરોડથી વધારીને રૂ. ૭૯૦૦ કરોડ કરવા સક્ષમ બનાવે છે, કારણ કે ડીઆરએફ ટ્રેકના નવીનીકરણ, પેસેન્જર અને નૂર વહનની સલામતિને જોખમકારક ઉપરછલ્લી જોગવાઈ જેવા રખરખાવના મહત્ત્વપૂર્ણ કાર્યો કરવા આવશ્યક છે.

નાના ખર્ચનું વ્યવસ્થાપન થવાથી અને ક્ષમતા વધવાના કારણે રેલવે વિકાસ ફંડ માટેની જોગવાઈ આગામી નાણાકીય વર્ષ માટે ચાર ગણી વધારીને રૂ. ૫૭૫૦ કરોડ કરવામાં આવી છે. ઊડીને આંખે વળગે તેવો વધારો સિસ્ટમ માટેના આયોજન ખર્ચમાં ૫૦ ટકા સુધીનો છે, જે વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. એક લાખ કરોડ છે. જો તેનો અસરકારક રીતે અમલ થાય તો એક રીતે વિક્રમ હશે.

જ્યારે વર્તમાન નાણાકીય વર્ષમાં પેસેન્જર અને નૂર આવકમાં ઘટાડો થયો છે અને ટ્રાફિકમાંથી થયેલી કુલ આવક બજેટપત્રીય અંદાજ રૂ. ૧,૬૦,૧૬૫ કરોડથી રૂ. ૯૧૭ કરોડ ઓછી થઈ છે ત્યારે રેલવે પ્રધાનના આવકના મોટા ભાગના અંદાજો આશા પર આધારિત છે. આગામી નાણાકીય વર્ષ માટે ટ્રાફિકમાંથી કુલ રૂ. ૧,૮૩,૫૭૮ કરોડની આવક થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. જ્યાં સુધી ચમત્કાર ન થાય અને રેલવે મંત્રાલય વ્યક્તિગત રેલવે વપરાશકર્તા અને ઉદ્યોગો બંનેને ફાયદો થાય તેવી કેટલીક લાભદાયક અને શ્રેષ્ઠ વ્યવસ્થાપન પ્રક્રિયાઓ ન અપનાવે, ત્યાં સુધી વધારે આવક થવાની કોઈ શક્યતા નથી.

રેલવેએ નિર્ણય લીધો છે કે સરકારી તિજોરીમાંથી કુલ અંદાજપત્રીય સમર્થન (જીબીએસ) પર તેની નિર્ભરતા એટલી ન વધવી જોઈએ કે, તેના વિના સંચાલન શક્ય ન બને, એટલે રેલવે પ્રધાને સંસ્થાકીય ધિરાણ મેળવવાની નવીન પદ્ધતિ મારફતે એક્સ્ટ્રા-બજેટરી રિસોર્સ (ઇબીઆર)નો યોગ્ય માર્ગ અખત્યાર કર્યો છે. રેલવે કે પીએસયુ મારફતે રેલવે પ્રોજેક્ટ્સમાં સંસ્થાકીય રોકાણો મેળવવામાં આવશે,જે રૂ. ૧૭,૧૩૬ કરોડ રહેવાનો અંદાજ છે. તેની પાછળનો આશય પણ ક્ષમતા વર્ધક પ્રોજેક્ટ્સ ઝડપથી પૂર્ણ કરવાનો છે, નહીં કે જૂજ સંસાધનોનો ઉપયોગ કરવાનો. તેમાંથી ઘણા પ્રોજેક્ટ્સ ભારે ટ્રાફિક ધરાવતા વિભાગોમાંથી ગીચતા ઓછી કરવા સાથે સંબંધિત છે અને પૂર્ણ થયા પછી વળતર આપશે તેવી ખાતરી છે. એટલે વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. એક લાખ કરોડની વાર્ષિક યોજનામાંથી જીબીએસ મારફતે ભારત સરકાર પાસેથી રૂ. ૪૦,૦૦૦ કરોડ, ડિઝલ સેસમાંથી રૂ. ૧૬૪૫ કરોડ, તેના પોતાના આંતરિક સંસાધનોમાંથી રૂ. ૧૭,૭૯૩ કરોડ અને બાકીના રૂ. ૪૦,૦૦૦ કરોડ બાહ્ય ધિરાણમાંથી મેળવવામાં આવશે.

અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કે ગયા વર્ષે રેલવેએ રૂ. ૧૩,૦૦૦ કરોડનું બાહ્ય ધિરાણ મેળવ્યું હતું અને આ ઋણ ચૂકવવા માટે તેણે અસરકારક પ્રોજેક્ટ્સ ઓળખ્યાં છે, જે ઋણ ચૂકવવા નાણાં આપશે. આ કારણે હવે રેલવેએ રાજ્ય સરકારો, જાહેર ક્ષેત્રના સાહસો, બહુપાંખીય એજન્સીઓ અને ખાનગી પક્ષો સાથે ભાગીદારી કરવા નજર દોડાવી છે. સંયુક્ત રીતે આ તમામ પ્રયાસો સિસ્ટમમાં આશરે રૂ. ૧૭,૦૦૦ કરોડ આપશે અને અન્ય રૂ. ૧૭,૦૦૦ કરોડ આઇઆરએફસી ઋણમાંથી મળશે અને વધારાના રૂ. ૬૦૦૦ કરોડ સરકારી-ખાનગી ભાગીદારી (પીપીપી) મારફતે મળશે.

સંપૂર્ણપણે જોઈએ તો રેલવે બજેટ કુશળતાપૂર્વક તૈયાર કરવામાં આવ્યું છે, જેનો અમલ યોગ્ય અને અસરકારક રીતે થાય તો તેના મીઠાં ફળ હિતધારકો અને ભાગીદારો બંનેને ચાખવા મળશે. ટીકાકારો આરોપ મૂકે છે કે રોકાણ યોજના ઋણસંચાલિત હોવાથી ટકાઉ નથી, પણ જ્યાં બજારના પરિબળો સંસાધનોની ફાળવણીની કાર્યદક્ષતા નક્કી કરે છે, ત્યાં રેલવેને ચોક્કસ સફળતા મળશે, કારણ કે તેમની પાસે સમગ્ર દેશમાં પેસેન્જર અને નૂરના સસ્તા વહનના લાભને જ વધારવાની કાર્યક્ષમ નિવડી શકે તેવી યોજના છે. બજેટના દસ્તાવેજ સાથે જાહેર થયેલ શ્વેતપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ''આગામી પાંચ વર્ષમાં ભારતીય રેલવેની છબી બદલાઈ જશે, ફાસ્ટ ટ્રેન, આધુનિક ટ્રેન, આકર્ષક અને આધુનિક સ્ટેશનો, કુશળ કર્મચારીઓ જ રેલવેનું ભવિષ્ય છે.'' કદાચ રેલવે બજેટ ૨૦૧૫-૧૬ પરંપરાગત પરિવહનના આ માધ્યમના ભારતીય વપરાશકર્તાઓ માટે અભૂતપૂર્વ પ્રગતિનું પથપ્રદર્શક બની રહેશે.

**લેખક 'ધ હિંદુ-બિઝનેસ લાઇન'ના ભૂતપૂર્વ ડેપ્યુટી એડિટર અને ફ્રીલાન્સ પત્રકાર છે.**

**યોજના**
**આગામી આકર્ષણ**

**એપ્રિલ : ૨૦૧૫**

**રોજગારી, ઉત્પાદનક્ષેત્ર અને ઉદ્યોગસાહસિકતા**

વિશેષ લેખ

# ભારતમાં ટેલિમેડિસીન - વર્તમાન પરિસ્થિતિ

• યોગેશ દ્વિવેદી, રાજેશ ચાંદવાણી •

ભારતમાં રોગોના વધતા દબાણ સામે સારવાર પૂરી પાડવામાં જરૂરી માનવશક્તિ અને માળખાકીય સુવિધા બંનેમાં ઘટ પડે છે. માનવશક્તિની વાત કરીએ તો દેશમાં જાહેર આરોગ્ય સંભાળ પદ્ધતિમાં છ લાખ ડૉક્ટરો, ૧૦ લાખ નર્સિંગ સ્ટાફ અને ચાર લાખ ડેન્ટલ સર્જનની જરૂરિયાત સામે હંમેશાં ડૉક્ટરોની તંગી હોય છે. આ ઉપરાંત આરોગ્ય સંભાળક્ષેત્રે માળખાકીય સુવિધા અને માનવશક્તિનો ૭૫ ટકા હિસ્સો શહેરોમાં કેન્દ્રિત હોય છે, જ્યાં માત્ર દેશની વસતીનો ૨૭ ટકા હિસ્સો વસે છે. ગ્રામીણ ક્ષેત્રમાં દર એક હજારની વસતિએ ડૉક્ટરોની સંખ્યાનો દર ૦.૩૯ છે, જ્યારે શહેરોમાં આ દર ૧.૩૩ છે, જે આપણી રાષ્ટ્રીય સરેરાશ ૦.૬૯થી પણ વધારે છે. એ જ રીતે સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરોની સરખામણીમાં પણ ઘણી અસમાનતા રહેલી છે, જેમાં ૮૦ ટકા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો શહેરી વિસ્તારોમાં છે.

સંસાધનોની આ અસમાન વહેંચણીથી ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સંભાળની પ્રાપ્યતા વધુ કઠીન બની છે. આ ઉપરાંત વિવિધ અભ્યાસોમાં ખાસ કરીને ગામડાઓમાં આરોગ્ય સંભાળ પૂરી પાડવામાં ગુણવત્તામાં ખામી જણાઈ છે, જે આરોગ્ય સંભાળ પૂરી પાડવાની તમામ બાબતો જેમ કે, માળખું પ્રક્રિયા અને પરિણામમાં પણ જોવા મળે છે.

દેશમાં સામાજિક-આર્થિક તેમજ ભૌગોલિક ભેદભાવો મિટાવીને જ્ઞાનને પહોંચતું કરવામાં આઈ.સી.ટી. એટલે કે, માહિતી પ્રત્યાયન અને ટૅકનોલૉજી યોગ્ય વાહક બની શકે છે.

આ રીતે એવી પણ દલીલ કરવામાં આવી છે કે, આઈ.સી.ટી. માહિતી, પ્રત્યાયન અને ટૅકનોલૉજી - ઈ-હેલ્થ ઈનિસિએટિવ તરીકે ઓળખાતી આરોગ્ય સેવાઓ માટે ભૂમિકા ભજવી શકે છે, જેમાં ટેલિમેડિસીનથી દુર્ગમ વિસ્તારોમાં મેડિકલ જ્ઞાન પહોંચતું કરવામાં ઘણી સંભાવનાઓ ધરાવે છે અને એ રીતે આરોગ્ય સંભાળ સેવાઓની પ્રાપ્યતા, પોષણક્ષમતા અને ગુણવત્તા વધારી શકાય તેમ છે. ટેલિમેડિસીન એ દૂરના વિસ્તારોમાં ધ્વનિ, દૃશ્ય અને આકૃતિઓની માહિતી દ્વારા આરોગ્ય સેવાઓ પહોંચાડવાની પદ્ધતિ છે, જે સંદેશાવ્યવહાર માળખાથી આયોજન, સંકલન, સહભાગીદારી અને શિક્ષણની મદદથી પહોંચાડવામાં આવે છે.

ટેલિમેડિસીન એ રોગ અથવા ઈજાઓમાં નિદાન માટે ઉપયોગી છે, જેમાં આરોગ્ય સંબંધી શિક્ષણ અને તાલીમ, દર્દીઓ અને વ્યવસાયિકોને પૂરું પાડવું તેમજ જાહેર આરોગ્ય કાર્યક્રમ અને આરોગ્ય તંત્રમાં સંશોધન અને મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. જો કે, સમગ્ર દુનિયામાં આઈ.સી.ટી. માહિતી, પ્રત્યાયન અને ટૅકનોલૉજીનો સંભવિત પૂરેપૂરો ફાયદો હજુ લઈ શકાયો નથી.

અત્યાર સુધીના લાગુ કરાયેલા મોટા ભાગના પ્રોજેક્ટમાં અમુક અંશે જ સારા પરિણામો મળ્યાં છે. અહીં આપણે ટેલિમેડિસીનનો વ્યાપ, ભારતમાં ટેલિમેડિસીનની વર્તમાન પરિસ્થિતિ, તેને પૂર્ણપણે લાગુ પાડવામાં રહેલા પડકારો અને આ પ્રકારનાં પગલાઓને અમલી બનાવવાની દિશામાં માર્ગદર્શન રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે.

**કોઠો-૧ : ભારતમાં આરોગ્ય સંભાળની માળખાકીય સુવિધા અને માનવશક્તિ**

| માપદંડ | રાષ્ટ્રીય સરેરાશ | ભલામણ (વિશ્વની સરેરાશ) |
|---|---|---|
| દર ૧,૦૦૦ની વસતિએ ડૉક્ટર | ૦.૬૯ | ૧.૦(૧.૩) |
| દર ૧,૦૦૦ની વસતિએ આરોગ્ય ક્ષેત્રના વ્યાવસાયિકો | ૧.૪ | ૨.૮ |
| દર ૧૦૦ની વસતિએ હૉસ્પિટલોમાં પથારીઓ | ૧.૦૩ | (૭.૩) |

સ્રોત : શર્મા અને ઉન્નનીકૃષ્ણન - ૨૦૧૩, પોવેલ-જેકસન, આચાર્ય અને મિલ્સ-૨૦૧૩

## ટેલિમેડિસીનનો વ્યાપ

આરોગ્ય સંભાળ પૂરી પાડવાની દિશામાં ટેલિમેડિસીન કેટલા ઉપાયો સૂચવે છે અને આરોગ્ય સંભાળની સેવાઓને વધુ આગળ ધપાવે છે. તેમાં જે સમસ્યાઓ ઉકેલવાની છે તેવી ખાસ સમસ્યાઓ માટે યોગ્ય એવી ટૅકનોલૉજીની ડિઝાઈન બનાવવી જોઈએ. કેટલાંક પાસાંઓના આધારે આ ખાસ પગલાઓની ટૅકનિકલ જરૂરિયાત પણ ખાસ હોવી જોઈએ, જેમાં વાસ્તવિક સમય સામે અવાસ્તવિક સમય, એક્યુટ રોગ સામે ક્રોનિક રોગ, વિશેષજ્ઞ સામે પ્રાથમિક પરામર્શ અને હોસ્પિટલ ટેલિસેન્ટર આધારિત સામે ઘર આધારિતનો સમાવેશ થાય છે.

ઉદાહરણ તરીકે, જો ટેલિમેડિસીન ડિઝાઈન એકયુટ બીમારીઓ જેવી કે, ઝેર કેન્દ્રો કે જયાંથી આસપાસના મેડિકલ પ્રેક્ટિશનર્સ ચોક્કસ ઝેરની સારવાર માટે સલાહ લઈ શકતા હોય - ત્યાં માહિતીનો પ્રવાહ સર્વોચ્ચ આધારભૂતતા સાથે સતત વહેતો હોવો જોઈએ. બીજી તરફ ક્રોનિક દર્દીઓના ટેલિફોલોઅપ પરામર્શ માટે પરામર્શ ડૉકટર અને દર્દી એમ બંનેની સાનુકૂળતા મુજબ મેળવી શકાય છે. ટેલિમેડિસીન મેડિકલ પ્રેક્ટિશનર્સના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો કરવા તેમજ તબીબી કર્મચારીઓની તાલીમ માટે સતત મેડિકલ શિક્ષણના ભાગરૂપે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત ટેલિમેડિસીન માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ વધારવા માટે પણ ઉપયોગમાં લેવાય છે, જે આગળ જતા જાહેર આરોગ્ય કાર્યક્રમના અમલીકરણને યોગ્ય બનાવે છે. ઉદાહરણ તરીકે, જી.પી.એસ. આધારિત માહિતીનું એકત્રીકરણ રોગચાળો નક્કી કરવા અને તેનું મેપિંગ કરવા અને સમુદાયમાં રોગની પદ્ધતિનું વિશ્લેષણ કરવામાં અને લક્ષિત જાહેર આરોગ્ય જાગૃતિ કાર્યક્રમને અમલી બનાવવામાં આવે છે.

ટેલિમેડિસીનની મુખ્યત્વે બે ડિઝાઈન છે. જેમાં માનવ - માનવ વાસ્તવિક સમયમાં પ્રતિક્રિયા અને સ્ટોર ઍન્ડ ટ્રાન્સફર પદ્ધતિનો સમાવેશ થાય છે. વાસ્તવિક સમયમાં પ્રતિક્રિયામાં વિવિધ કક્ષાના આરોગ્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે. ડૉકટર - ડૉકટર, ડૉકટર અને તબીબી કર્મચારીઓ અથવા ડૉકટર-દર્દીનો સમાવેશ થાય છે. આ વાસ્તવિક સમયક્રિયા પ્રતિક્રિયામાં સૌથી મહત્ત્વના પાસામાં કેન્દ્રીય અને આસપાસના કેન્દ્રો વચ્ચે ચોક્કસ ભાગીદારોની વાસ્તવિક સમયે ઉપસ્થિત વચ્ચે સંકલનનો સમાવેશ થાય છે. સ્ટોર ઍન્ડ ટ્રાન્સફર પ્રકારની ડિઝાઈનમાં માહિતી એકત્ર કરવામાં આવે છે. સંગ્રહ કરવામાં આવે છે અને આસપાસના બિંદુઓએથી કેન્દ્રિય બિંદુ તરફ તેને તબદીલ કરવામાં આવે છે, જેનો હેતુ વિશેષજ્ઞનો અભિપ્રાય મેળવવાનો હોય છે. ઉદાહરણ તરીકે, એક્સ રે, ટેલિ રેડિયોલોજી અથવા ઈસીજી કે ટેલિ કાર્ડિયોલોજી અથવા આંખના ફંડુસની ઈમેજ, ટેલિ ઓપ્થમોલોજી ખાસ કરીને આ પ્રકારની ટેલિમેડિસીન ડાયાબિટિક દર્દી માટે રેટીનોપેથી જેવા ક્રોનિક રોગોની પ્રગતિ જાણવા સ્ક્રીનિંગ કરવા માટે ખૂબ ઉપયોગી છે.

## ભારતમાં ટેલિમેડિસીન

ભારતમાં જાહેર અને ખાનગી ક્ષેત્ર એમ બંને ક્ષેત્ર દ્વારા કેટલાક ટેલિમેડિસીન કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, ભારતમાં ટેલિમેડિસીન પદ્ધતિનો વિચાર અને પ્રારંભ એક ખાનગી કંપની - એપોલો હૉસ્પિટલ દ્વારા ભારતીય આંતરિક સંશોધન સંસ્થા ઈસરોના સહયોગથી આંધ્ર પ્રદેશના અરગોંડા ગામેથી કરવામાં આવ્યો હતો. સરકારના માહિતી અને ટૅકનોલૉજી વિભાગ, ઈસરો, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ, વિદેશ મંત્રાલય (એમ.ઈ.એ.), નેશનલ ઇન્ફોર્મેટિક સેન્ટર (એન.આઈ.સી.) અને જે તે રાજ્ય સરકારોના સતત સહયોગ અને ટેકાથી આજે ટેલિમેડિસીનનું માળખું સમગ્ર દેશમાં વિસ્તરી શક્યું છે. દેશની મહત્ત્વપૂર્ણ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે, નવી દિલ્હીની એઈમ્સ, પી.જી.આઈ.એમ.ઈ.આર., ચંદીગઢ અને એસ.જી.પી.જી. આઈ.એમ.એસ. લખનૌ, ટાટા મેમોરિયલ હૉસ્પિટલ - મુંબઈ, પી.બી.ડી. જી.આઈ.એમ. એસ., રોહતક અને સી.એસ.એમ. એમ.યુ., લખનૌ તેના કેન્દ્રીય હબ તરીકે કાર્ય કરે છે. કેટલીક કોર્પોરેટ મેડિકલ સંસ્થાઓએ પણ તેની સેવાઓનો વ્યાપ વધારવા માટે ટેલિમેડિસીન કેન્દ્રોની સ્થાપના કરી છે. જેમાં અમ્રિતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ - કોચી, નારાયણા હૃદયાલય - બેંગલોર, શંકરા નેત્રાલય - ચેન્નાઈ અને શ્રી રામચંદ્ર મેડિકલ સેન્ટર, ચેન્નાઈનો

સમાવેશ થાય છે. ધીમેધીમે દેશમાં ટેલિમેડિસીન માળખાનો વ્યાપ વધતો ગયો અને આજે ભારતમાં ૪૦૦ થી વધુ ટેલિમેડિસીન પ્લેટફોર્મ કાર્યરત છે. ઈસરોના ટેલિમેડિસીન કાર્યક્રમમાં - ૨૪૫ હૉસ્પિટલો, ૨૦૫ જિલ્લા - ગ્રામીણ હૉસ્પિટલો જોડાયેલી છે. જો કે આ તમામ પહેલ પાઈલોટ પ્રૉજેક્ટ - એટલે કે પ્રારંભિક કાર્યક્રમ સુધી જ સીમિત રહી છે અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના મુખ્ય પ્રવાહમાં તેની સ્વીકાર્યતા હજુ પણ શક્ય બની નથી. (મિશ્રા - ઈ.ટી.એલ. ૨૦૧૨)

**પડકારો – તકો અને ભવિષ્યની દિશા**

ભારતમાં આરોગ્ય સંભાળ લોકોને પૂરી પાડવાની પ્રક્રિયા વધારવામાં ટેલિમેડિસીનની મહત્તમ સ્વીકાર્યતા સામેના પડકારોને વિવિધ કક્ષાએ ચર્ચી શકાય તેમ છે, જેમાં નીતિવિષયક, સમાજ કે પછી સંસ્થાકીય સ્તરે અને મેડિકલ માળખાકીય ક્ષેત્રનો સમાવેશ થાય છે. આ જુદીજુદી કક્ષાઓનો ક્રમ નિશ્ચિત નથી તેમ છતાં તે પડકારોને સર્વગ્રાહી રીતે સમજવામાં અને આ પડકારોને પાર પાડવા માટે જરૂરી પગલાઓને ચિન્હીત કરવામાં મદદરૂપ સાબિત થાય છે.

**નીતિ કક્ષાએ રહેલા મુદ્દાઓ**

નીતિગત કક્ષાએ સૌથી મોટો પડકાર ભારતમાં આરોગ્ય સંભાળ પૂરી પાડતી પદ્ધતિમાં ટેલિમેડિસીનને અભિન્ન અંગ બનાવવાનો છે.

નીતિકક્ષાએ કેટલીક ખાસ પહેલ કરવામાં આવી છે. જેમ કે, આંતરપ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે ટેલિમેડિસીનના માળખાનું માનકીકરણ કરવા માટે દિશા નિર્દેશ નક્કી કરવામાં માહિતી ટૅકનોલૉજી વિભાગ - ડી.આઈ.ટી.ની સામેલગીરીનો સમાવેશ થાય છે. જો કે, સહભાગીઓને તેમની જવાબદારીઓ અને ફરજોનું ભાન કરાવવા માટે સર્વગ્રાહી નિયમનકારી માળખું તૈયાર કરીને બીજા અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓનું સમાધાન શોધવું પણ ખૂબ જરૂર છે. ટેલિમેડિસીનથી એક તરફ માહિતીના આદાનપ્રદાનનો વ્યાપ વિશાળ બને છે અને આરોગ્ય સંભાળ કોઈ પણ ભૌગોલિક અંતરાયો વગર પહોંચાડી શકાય છે ત્યારે બીજી તરફ તે કેટલાક નૈતિક અને કાનૂની પ્રશ્નો પણ ઉભા કરે છે. મૂળભૂત સહભાગીઓમાં ખાસ કરીને ડૉક્ટરો અને દર્દીઓમાં તેઓએ ભજવવાની ભૂમિકા, ફરજો અને આરોગ્ય સંભાળ પૂરી પાડવાની નવી પદ્ધતિમાં તેમના અધિકારો અંગે સ્પષ્ટતા મેળવવી જરૂરી છે.

ઉદાહરણ તરીકે, ટેલિમેડિસીન એ દર્દીઓ વિશેની મહત્ત્વપૂર્ણ મેડિકલ અને નાણાકીય માહિતીની અંગતતા અને ગુપ્તતા ઉપર સૌથી મોટો ખતરો ઊભો કરે છે. મેડિકલ માહિતીની ગોપનીયતા સંબિધિત ચિંતાઓ દૂર કરવા માટે વિશ્વસનિયતા જાળવનાર માર્ગદર્શિકા ઘડવી જોઈએ, જેમાં તે માટેની પૂરતી જોગવાઈઓનો સમાવેશ કરાયો હોવો જોઈએ. આ ઉપરાંત ટેલિમેડિસીન પદ્ધતિમાં દર્દીની સારવાર કોઈ પણ સ્થળે રહેલા ડૉક્ટરો દ્વારા કરવામાં આવતી હોવાથી તેને કારણે દર્દીની સારવાર અંગે જવાબદારી અને માલિકી સંબંધિત કેટલાક વિવાદો ઉત્પન્ન થઈ શકે છે. જેને કારણે ડૉક્ટરો અને અન્ય આરોગ્ય કર્મચારીઓ તેમના કાયદાકીય ઉત્તરદાયિત્વ અને જવાબદારીઓ અંગે અનિશ્ચિત રહે છે. ભારતમાં મેડિકલ સેવાઓને ગ્રાહક સુરક્ષા કાયદો (૧૯૮૬) હેઠળ આવરી લેવામાં આવી છે અને ડૉક્ટરો ઉપર કાનૂની દાવોઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે નીતિનિર્ધારણ કરનારાઓએ આરોગ્ય સંભાળ પૂરી પાડતી પદ્ધતિમાં ટેલિમેડિસીનના પ્રસરણને સક્ષમ કરવા માટે આ મુદ્દાઓને ધ્યાનમાં લેવા પણ જરૂરી છે.

દર્દીઓના પરિપ્રેક્ષ્યમાં ટેલિમેડિસીન પદ્ધતિના આર્થિક લાભો ખૂબ જ સ્પષ્ટ છે. જેમ કે, શહેરમાં પ્રવાસ કરીને જવા માટે ખર્ચવા પડતા પૈસા અને સમયની બચત થાય છે, પરંતુ બીજી તરફ આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓના પરિપ્રેક્ષ્યમાં તેઓએ કરેલા રોકાણ ઉપર મળનાર વળતર એકદમ અનિશ્ચિત છે. આથી જ ટેલિમેડિસીનની મોટાભાગની દરમિયાનગીરી સરકારની પહેલ અથવા જાહેર ખાનગી ભાગીદારીમાં અમલી જેવા વિભાગના પ્રોજેક્ટના રૂપમાં જ આયોજન થાય છે. આવી પહેલ નાણાંની જરૂરિયાત માટે મોટાભાગે સરકારી અનુદાનો ઉપર આધારિત હોય છે અને તેથી તેમાં નાણાકીય સદ્ધરતા તરફ ભાગ્યે જ વિચારણા થઈ હોય છે. આરોગ્ય સંભાળ પૂરી પાડવાની ઇકો-સિસ્ટમમાં ટેલિમેડિસીનને તેનો આંતરિક ભાગ બનાવવા અને ખાનગી ક્ષેત્રની સક્રિય

ભાગીદારીને કાયમી ધોરણે સુનિશ્ચિત કરવા માટે ટેલિમેડિસીન પ્રૉજેક્ટની નાણાકીય સદ્ધરતા સુનિશ્ચિત કરતા કેટલાંક નીતિવિષયક પગલાઓ ખૂબ જરૂરી છે, જેમાં ટેલિમેડિસીન દ્વારા સારવાર આપવા માટે મળનારા વળતરની સ્પષ્ટતા મુખ્ય છે. આ એટલા માટે અત્યંત જરૂરી છે કેમ કે, ગ્રામીણ અને શહેરી એમ બંને વિસ્તારોમાં આરોગ્ય સંભાળ પૂરી પાડતી મોટાભાગની પદ્ધતિ ખાનગી ક્ષેત્ર દ્વારા અમલી છે.

**સ્રોતના સ્તરે ઉપસ્થિત મુદ્દાઓ**

ટેલિમેડિસીન માટે પાયાના સ્રોતની જરૂરિયાતમાં ટૅકનોલૉજિકલ અને માનવ સંસાધનના મુદ્દાઓ સામેલ છે. મેડિકલ માહિતીના અસરકારક માર્ગ તરીકે કાર્યરત બનાવવા ટૅકનોલૉજીને માહિતીના આદાનપ્રદાન માટે અત્યંત ચોક્કસાઈભરી બનાવવી પડશે, જેમાં માહિતીની નોંધણી, સંગ્રહ કે માહિતીની તબદીલીમાં માહિતીનું નુકસાન અત્યંત ઓછું હોઈ શકે. બ્રોડબેન્ડની માળખાકીય સુવિધાનો અભાવ સૌથી મોટો પડકાર છે, પરંતુ હાઈડિમાન્ડ વીડિયો અને સ્ટોર ઍન્ડ ફોરવર્ડ સેવાઓ પ્રાપ્ય બનાવીને બ્રોડબેન્ડની માળખાકીય સુવિધાના અભાવની ખોટ પૂરી શકાય તેમ છે. ટૅકનોલૉજીની ડિઝાઈન તૈયાર કરતી વખતે તેની અસરકારકતા સુનિશ્ચિત કરવાની સાથે તેની ખર્ચ કાર્યક્ષમતા અને પોષણક્ષમતા પણ ધ્યાનમાં લેવી ખૂબ જ જરૂરી છે. પ્રારંભિક પ્રોજેક્ટ દરમિયાન ટેલિમેડિસીનની દરમિયાનગીરી કેટલાક ચોક્કસ રોગોની કક્ષા સુધી જ સીમિત રાખવી હિતાવહ છે. જેમ કે, ફંડુસ કેમેરા દ્વારા ડાયાબિટિક રેટીનોપેથીના પરિક્ષણ જેવા નાના પ્રશ્નોનો જવાબદાર ઉકલે લાવી શકાય છે. જેમ કે, આંખના ડૉક્ટરોને ડાયાબિટિક રેટીનોપેથી સ્ક્રીનિંગ માટે ઉપયોગી ફંડુસ કેમેરા - ચામડી અને દાંત જેવા ઈમેજ આધારિત નિદાન ધરાવતા બીજા ઘણા રોગોમાં પણ ઉપયોગી થાય છે. આમ સ્ત્રીરોગ, આંખના રોગ, દાંતના રોગ અને ચર્મરોગ જેવા અનેકવિધ રોગોમાં તપાસ માટે ઉપયોગી ડિજિટલ કેમેરાથી વિવિધ વિશેષજ્ઞો વચ્ચે ખર્ચની વહેંચણી થઈ જાય છે અને તે રીતે તેનાથી ટેકનોલૉજિકલ ઉકેલની પોષણક્ષમતામાં વધારો થાય છે. ટેક્નોલૉજીની આધારભૂતતા સુનિશ્ચિત કરવા સંબંધિત અન્ય ચિંતાઓમાં સુનિશ્ચિત વીજળી પુરવઠો અને ટકાઉ હાર્ડવેરનો ઉકેલ લાવવો પણ ખૂબ જ જરૂરી છે.

વસતિના દર સામે ડૉક્ટરોના નીચા દરને કારણે મોટાભાગના ડૉક્ટરો દર્દીઓની વધુ પડતી ભીડથી દબાણ હેઠળ હોય છે. આથી તેમની ટેલિમેડિસીન દ્વારા આરોગ્ય સંભાળ પૂરી પાડતી પદ્ધતિમાં સામેલ કરવા માટે ચોક્કસ અભિગમ કેળવવો જરૂરી છે, જેથી ટેલિ પરામર્શ પ્રભાવી અને કાર્યદક્ષ બની રહે. ઉદાહરણ તરીકે, ટેલિમેડિસીનને ચોક્કસ રોગોના વ્યવસ્થાપનમાં એ રીતે સ્વરૂપ આપવું જોઈએ કે, જેથી ઈમેજ આધારિત નિદાનમાં વિશેષજ્ઞ જવાબદાર બની રહે, જેમ કે ચર્મરોગ, દંતરોગ, આંખના રોગ અને સ્ત્રીઓના રોગો. કોઈ ચોક્કસ રોગ ઉપર જ ધ્યાન આપવાથી ડૉક્ટરોને તેમના નિર્ણય માટે જરૂરી બેન્ડવીથ મર્યાદિત બની જાય છે અને તેનાથી ડૉક્ટરોની વ્યસ્ત દિનચર્યા ઉપર બહુ ઓછી અસર પડે છે.

આ ઉપરાંત ઉપર જણાવ્યા મુજબ શહેરી કેન્દ્રો અને ગ્રામીણ કેન્દ્રો વચ્ચે તબીબી કર્મચારીઓ મહત્ત્વની કડી બની શકે છે. સમગ્ર ગ્રામીણ વિસ્તારોમાં ટેલિમેડિસીનની સ્વીકાર્યતાને વધારવા માટે તબીબી કર્મચારીઓની તંગીને પહોંચી વળવું અને તેમને ટેલિમેડિસીનના ઉપયોગ માટે તાલીમબદ્ધ કરવા ખૂબ જ જરૂર છે.

**સામાજિક, સાંસ્કૃતિક કક્ષાએ મુદ્દાઓ**

સામાજિક અને સાંસ્કૃતિક અંતરાયોએ પ્રવર્તમાન સંસ્થાકીય ધોરણો સાથે સંબંધિત છે, જે વસતિની આરોગ્ય મેળવવાની વર્તણૂકને નક્કી કરે છે. સ્થાનિક પ્રેક્ટિશનર્સ દ્વારા દવાઓ પૂરી પાડવાની વૈકલ્પિક પદ્ધતિનો દર્દીઓ દ્વારા સ્વીકાર એ ખાસ કરીને વિકાસશીલ દેશોમાં પ્રાથમિક સંભાળમાં જોવા મળે છે. બીજી તરફ ટેલિમેડિસીનના દાખલ થવાની ઔપચારિક પદ્ધતિ મર્યાદિત બની જાય છે.

ટેલિમેડિસીનના આગમનની સ્વીકાર્યતા વધારવામાં - આરોગ્ય સંભાળ પૂરી પાડવાની પદ્ધતિમાં સમાજના સમુદાયોને સામેલ કરવા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઔપચારિક આરોગ્ય પદ્ધતિ અને સમાજ વચ્ચેના સંબંધને સુનિશ્ચિત બનાવતી કડી તરીકે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન - એન.આર.

એચ.એમ.માં માન્યતા પ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તા - આશાનો ખ્યાલ સમગ્ર કાર્યક્રમનું પીઠબળ છે.

ગ્રામીણ વિસ્તારોમાં ટેલિમેડિસીનની સ્વીકાર્યતા વધારવા માટે સામાજિક અને સાંસ્કૃતિક અંતરાયોને દૂર કરવા માટે ટેલિમેડિસીનનો પ્રાથમિક સંભાળમાં સમાવેશ કરવા ઉપર ઘણો આધાર છે. ભારતમાં ટેલિમેડિસીનની મોટાભાગની પહેલમાં નિષ્ણાત ડૉક્ટર અથવા વિશેષજ્ઞની સલાહ લેવાનો સમાવેશ થાય છે. ટૅકનોલૉજી પ્રક્રિયા અને પદ્ધતિની ડિઝાઈનના સંદર્ભમાં આ અભિગમ ઉપરથી નીચેની તરફનો હોવો જોઈએ. પ્રાથમિક સંભાળમાં ટેલિમેડિસીનની સંભાવનાઓને ખૂબ જ મોટા પાયે નજર અંદાજ કરવામાં આવી છે.

વાસ્તવમાં એવી દલીલ પણ થઈ શકે છે કે આરોગ્ય સંભાળ પૂરી પાડતી પદ્ધતિમાં ટેલિમેડિસીનનું મહત્તમ પ્રસરણ હોવું જોઈએ. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં પ્રાથમિક સંભાળમાં ટેલિમેડિસીનની સામેલગીરી ઉપર ઘણો આધાર છે. નોંધપાત્ર વાત એ છે કે, ઉપર જણાવેલી દરમિયાનગીરીથી વિરુદ્ધ પ્રાથમિક સંભાળમાં ટેલિમેડિસીન માટે નીચેથી ઉપરની તરફના અભિગમની જરૂર છે, જેમાં સમુદાયથી શરૂ કરીને સમુદાયની જરૂરિયાત નક્કી કરવાની સાથે સ્થાનિક નેતાઓની સામેલગીરી સાથે જ્યાં આ પદ્ધતિ અમલી બનાવી શકાય તેમ છે ત્યાંની સામાજિક ટેક્નિકલ પદ્ધતિનું પરિક્ષણ કરવું જરૂરી છે. આમ, નીચેથી ઉપર તરફના અભિગમથી પ્રાથમિક સંભાળ ક્ષેત્રે ટેલિમેડિસીનને અમલી બનાવવી એ દ્વિતીય કક્ષાએ ટેલિમેડિસીનની અસરકારકતા અને સ્વીકાર્યતાને વધારે છે.

પ્રાથમિક સંભાળ માટેની ટેલિમેડિસીન માટે ટેકનોલૉજી પદ્ધતિ અને પ્રક્રિયા સમુદાયમાં પ્રવર્તતી વર્તમાન સામાજિક ટેક્નિકલ પદ્ધતિને વિચારણામાં લઈને નિર્ધારિત કરવી જોઈએ. આ ઉપરાંત પદ્ધતિ અને પ્રક્રિયાની રૂપરેખાઓની વહેંચણી, માળખાકીય શક્યતા અને લક્ષિત વસતિની જરૂરિયાત ઉપર આધારિત છે.

આરોગ્ય સંભાળ પૂરી પાડતી પદ્ધતિમાં ટેક્નોલૉજીના મહત્તમ ઉપયોગમાં વિવિધ અંતરાયોને પાર પાડવા જરૂરી છે, જેમાં બહુસ્તરીય નીતિ, સંસાધનો અને સામાજિક-સાંસ્કૃતિક કક્ષાનો સમાવેશ થાય છે. ટેલિમેડિસીનના સફળ અમલીકરણમાં તમામ સહભાગીદારોની સામેલગીરી, જેમાં વિશેષજ્ઞ ડૉક્ટરો, સામાન્ય ડ્યુટી ડૉક્ટરો, તબીબી કર્મચારીઓ, ટેક્નિકલ કર્મચારીઓ, સંકલન કર્મચારીઓ, નીતિ નિર્ધારકો અને સૌથી મહત્ત્વપૂર્ણ રૂપરેખા ઘડવાના તબક્કાથી જ લક્ષિત સમુદાયનો સમાવેશ થાય છે.

**સંદર્ભ :**


– હેલ્થકેર એન્ડ ઈક્વિટી ઈન ઈન્ડિયા

– ટેલિ આરોગ્ય ક્ષેત્રે સફળતા અને નિષ્ફળતાની સમીક્ષા : પ્રાથમિક પરિણામો : જર્નલ્સ ઑફ ટેલિમેડિસીન ઍન્ડ ટેલિકેર ૧૨ (એપ્રી.-૩)

– ગણેશ કે. (૨૦૦૯) દર્દી-તબીબ વચ્ચેનો સંબંધ : ઈન્ડિયન જર્નલ ઑફ યુરોલૉજી

– પોવેલ-જેક્સન, આચાર્ય ઍન્ડ મિલ્સ (૨૦૧૩) અને એસેસમેન્ટ ઑફ ધ ક્વોલિટી ઑફ પ્રાયમરી હેલ્થકેર



**યોગેશ દ્વિવેદી ઈંગ્લૅન્ડની સ્વાન સી યુનિવર્સિટીમાં સ્કૂલ ઑફ મેનેજમેન્ટ ખાતે મેનેજમેન્ટ ઍન્ડ સિસ્ટમ વિભાગના વડા છે. ડૉ. રાજેશ ચાંદવાણી ભારતીય પ્રબંધન સંસ્થા, અમદાવાદમાં પર્સોનલ અને ઈન્ડસ્ટ્રીયલ રિલેશન્સ ક્ષેત્રે સહાયક પ્રાધ્યાપક છે.**



**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# ભારતમાં અંદાજપત્રની વ્યવસ્થા

● ડૉ. દશરથ બી. પ્રજાપતિ, ડૉ. રોહિત એન. દેસાઈ ●

**પ્રસ્તાવના :**

અંદાજપત્ર સામાન્યતઃ ફ્રાંસ શબ્દ ઉપરથી ઉતરી આવેલ છે, જેનો અર્થ થાય કે 'ચામડાની થેલી' અથવા બેગ. સન ૧૭૩૩માં ઈંગ્લૅન્ડમાં આ શબ્દનો પ્રયોગ જાદુના અર્થમાં કરવામાં આવ્યો હતો, કારણ કે અંદાજપત્રના કેટલાક ભાગોને સંસદમાં રજૂ ન કરાય ત્યાં સુધી તેને ગુપ્ત અવસ્થામાં રાખવામાં આવે છે, પરંતુ સંસદમાં રજૂ થાય તે પહેલા અંદાજપત્રની બાબતો અંગેની જાણકારી કેવળ દેશના નાણાંમંત્રીને હોય છે તથા અંદાજપત્ર બહાર પડતાં જ તે સામાન્ય ચર્ચાનો વિષય બની જાય છે. બ્રિટનના નાણાંમંત્રી ડૉ. ડાલટનને તેમનું પદ ત્યજવું પડ્યું હતું, કારણ કે તેમના બજેટની જાણકારી લોકોને કેટલીક મિનિટ પહેલા જ મળી ગઈ હતી. સર્વપ્રથમ ૧૮૦૩માં ફ્રાંસમાં અંદાજપત્ર શબ્દનો પ્રયોગ કરાયો હતો. બજેટ સરકારની આવક અને ખર્ચનું વિવરણ છે. વર્ષની આવક-જાવકનો પરિપત્ર પણ કહી શકાય.

❖ **અંદાજપત્રના મુખ્ય દસ્તાવેજ**

સામાન્યતઃ 'કેન્દ્રીય અંદાજપત્ર'માં સાત દસ્તાવેજોની માહિતી હોય છે :

**૧. નાણાંમંત્રીનું ભાષણ**

આ દસ્તાવેજ બે ભાગમાં વહેંચાયેલું હોય છે : પહેલા ભાગમાં સામાન્ય આર્થિક પરિદૃશ્ય તથા બીજા ભાગમાં પ્રત્યક્ષ અને પરોક્ષ કરની ભલામણો તથા સરકારની આર્થિક નીતિઓ હોય છે.

**૨. વાર્ષિક નાણાકીય ભાષણ (ચર્ચા)**

આ દસ્તાવેજને આગળના નાણાકીય વર્ષ માટેની સરકારની આવક અને ખર્ચ પર કેટલીક ટિપ્પણી થાય છે.

**૩. બજેટનો સારાંશ**

આ દસ્તાવેજમાં સમગ્ર બજેટનો સારાંશ મહત્ત્વના આંકડા અને ગ્રાફના સ્વરૂપમાં દર્શાવાય છે. ઉપરાંત રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોથી કેન્દ્ર સરકારને પ્રાપ્ત થતી આવક તથા તેમને ચૂકવાતી નાણાકીય ફાળવણી પણ આ દસ્તાવેજમાં રજૂ કરવામાં આવે છે.

**૪. નાણાં વિધેયક**

આ દસ્તાવેજમાં સરકાર દ્વારા રજૂ કરાતા કર પ્રસ્તાવોનું વિવરણ કરેલું હોય છે.

**૫. બજેટ પ્રાપ્તિ**

આ દસ્તાવેજમાં સરકારને આગળના વર્ષ માટે પ્રાપ્ત થતી આવક, કર તથા પ્રાથમિક તથા વિદેશી દેવાનું પણ વિવરણ કરેલું હોય છે.

**૬. બજેટ ખર્ચ**

આ દસ્તાવેજમાં આગળના વર્ષમાં સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવતી આવકની રકમ, જુદા જુદા મંત્રાલયો તથા વિભાગો પર આયોજિત તથા ગૈર-આયોજિત બાબતો (યોજના)ના સંદર્ભે ખર્ચવામાં આવતી રકમનું વિવરણ રજૂ કરવામાં આવે છે.

**૭. અનુદાનની માંગ**

આ દસ્તાવેજમાં મંત્રાલયની તેમની આંતરિક માગની સાથોસાથ બધી જ અનુદાનની માંગનો સારાંશ રજૂ કરવામાં આવે છે.

❖ **બજેટ નિર્માણ :**

- બજેટ નિર્માણ એક અત્યંત વિસ્તૃત તેમજ મુશ્કેલીવાળી આર્થિક પ્રક્રિયા છે. જેમાં જુદા જુદા મંત્રાલય, સંસ્થાઓનો વિભાગો તેમજ પ્રમુખ સંસ્થાઓનો મહત્ત્વનો ફાળો હોય છે. આપણે ત્યાં નાણાકીય વર્ષ દરમિયાન બજેટ બનાવવામાં આવે છે. પ્રત્યેક ૧લી એપ્રિલ થી ૩૧ માર્ચ સુધીનો હોય છે. જેની શરૂઆત ઈ.સ. ૧૯૬૭થી થઈ હતી. આ પહેલા આ સમયગાળો ૧લી મે થી ૩૦ એપ્રિલ સુધીનો હતો.
- ભારત ઉપરાંત જાપાન, ઈરાક, યુનાઈટેડ કિંગડમ, આયર્લૅન્ડ, ન્યુઝિલેન્ડ, દક્ષિણ આફ્રિકા, જર્મની, ડેન્માર્ક, કેનેડા જેવા દેશોમાં નાણાકીય વર્ષ ૧લી એપ્રિલથી શરૂ થાય છે, પરંતુ પાકિસ્તાન, સંયુક્ત રાજ્ય અમેરિકા, ઑસ્ટ્રેલિયા, નોર્વે, સ્વીડન, ઈટાલી, જેમાં ૧લી જુલાઈથી અને મ્યાનમાર, શ્રીલંકા વગેરેમાં ૧લી ઑક્ટોબરથી અને ફ્રાંસ, બેલ્જિયમ, નેધરલૅન્ડ, રુસ, આર્જેન્ટિના, બ્રાઝિલ, ચીન વગેરે દેશોમાં ૧લી જાન્યુઆરીથી નાણાકીય વર્ષની શરૂઆત થાય છે.
- આઝાદી પહેલા ભારતમાં ૧૮૭૦માં રાજ્ય સચિવ દ્વારા, ૧૯૦૦માં બેલ્વી કમિશન દ્વારા, ૧૯૧૩માં ચેમ્બરલન કમિશન દ્વારા તથા ૧૯૨૧માં દિશશા ચાચા દ્વારા પરિવર્તન કરવાની ભલામણ કરવામાં આવી છે, કારણ કે ભારત કૃષિપ્રધાન દેશ છે. પરિણામે કૃષિ આવક સંબંધિત આવકનો અંદાજ લગાવી શકાતો નથી.

- સ્વતંત્રતા બાદ ૧૯૫૪માં પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ દ્વારા, ૧૯૫૬ રાષ્ટ્રીય વિકાસ પરિષદ દ્વારા તથા ૧૯૫૮માં ૨૦મી આકલન સમિતિ દ્વારા તથા ૧૯૫૮માં સંશોધન કરવા માટેની ભલામણ કરાઈ હતી.
- ૧૯૬૭માં પ્રશાસનિક આયોગે બજેટ સંબંધિત વિસ્તૃત અધ્યયન કરીને ૧લી એપ્રિલના સ્થાને ૧લી નવેમ્બરનો પ્રસ્તાવ મુક્યો, પરંતુ તેનો સ્વીકાર થયો નહીં. ત્યાર બાદ કેટલાક કારણોના ફળસ્વરૂપે ૧લી એપ્રિલ થી ૩૧મી માર્ચનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો.
- બજેટ નિર્માણનો ઉદ્દેશ્ય પ્રત્યેક આગામી વર્ષ માટે બજેટ તૈયાર કરવાની પ્રક્રિયા સામાન્યતઃ ૬-૭ મહિના પૂર્વ એટલે કે દરેક વર્ષના ઑગસ્ટ-સપ્ટેમ્બર માસથી તેની શરૂઆત થાય છે. બજેટ નિર્માણનું કાર્ય સરકારના જુદા જુદા વિભાગોના પરસ્પર સહયોગ તથા સમન્વયનું પરિણામ છે. આ પ્રક્રિયાને ટૂંકમાં પાંચ વિભાગમાં વિભાજિત કરી શકાય છે : ૧. બજેટની રૂપરેખા, ૨. બજેટ દસ્તાવેજ, ૩. સંસદની સ્વીકૃતિ, ૪. બજેટનું કાર્ય, ૫. નાણાકીય સાધનોનું પરિક્ષણ તથા આંકડાકીય રૂપરેખા.

બજેટ નિર્માણની પ્રક્રિયા અંતર્ગત સૌ પ્રથમ નાણાં મંત્રાલય દ્વારા સંબંધિત મંત્રાલય, યોજના આયોગ (નીતિપંચ) તથા નિયંત્રક મહાલેખા પરીક્ષકના સહયોગ દ્વારા બજેટની રૂપરેખા તૈયાર કરવામાં આવે છે. જેમાં નાણાં મંત્રાલય દ્વારા સંબંધિત મંત્રાલય તેમના અધિકાર ક્ષેત્રના કાર્યાલયો પાસેથી કાર્યોના જરૂરિયાતોની જાણકારી મેળવે છે. યોજના આયોગ યોજનાઓની પ્રાથમિકતાના સંદર્ભે પરામર્શ આપે છે. તેમજ નિયંત્રક મહાલેખા પરિક્ષક 'બજેટ રૂપરેખા' તૈયાર કરવાના ઉદ્દેશ્યથી નાણાં મંત્રાલયને આંકડાકીય માહિતી ઉપલબ્ધ કરાવે છે. મંત્રાલયો દ્વારા જુલાઈ/ઑગસ્ટમાં જુદા જુદા મંત્રાલયો તથા વિભાગોને એક પરિપત્રમાં ખર્ચનું શિર્ષક તથા ઉપશિર્ષક, ગયા વર્ષની વાસ્તવિક આવક તથા ખર્ચ, વર્તમાન વર્ષના અનુમાનો, વર્તમાન વર્ષ માટે સંશોધન અનુમાન, ઉપરાંત આગળના વર્ષ માટે બજેટમાં વધારાની આવક અને ખર્ચમાં વધારો-ઘટાડાનું કોલમ પણ હોય છે. આ પરિપત્રને ભરીને જુદા જુદા વિભાગો તેના મુખ્ય મંત્રાલયની પાસે મોકલે છે. જે તેનું સંશોધન કરીને નવેમ્બરના મધ્ય સુધી નાણાં મંત્રાલયને પહોંચતું કરે છે. ઉપરાંત દરેક વિભાગો તેની એક નકલ મહાલેખા પરિક્ષકના પાસે પણ પહોંચાડે છે. જે તેમાં ટીપ્પણી કરી નાણાં મંત્રાલય પાસે પહોંચાડે છે. આમ, પ્રશાસકીય મંત્રાલય દ્વારા બજેટના અનુમાનોને સૂક્ષ્મ પરિક્ષણ દ્વારા સરકારી નીતિઓના સંદર્ભે રજૂ કરવામાં આવે છે. જ્યારે નાણાં મંત્રાલય દ્વારા કરકસરના ઉદ્દેશ્યથી પરિક્ષણ કરવામાં આવે છે. નાણાં મંત્રાલય દ્વારા ખર્ચના પરિક્ષણ દરમ્યાન યોજના આયોગ પાસેથી પણ પરામર્શ કરવામાં આવે છે.

આમ, ખર્ચના અનુમાન અનુસાર નાણાં મંત્રાલય દ્વારા સરકારી આવકના અનુમાનો તૈયાર કરવામાં આવે છે. જેમાં કરવેરા વિભાગ, સીમા કર વિભાગ તથા કેન્દ્રીય ઉત્પાદન કર વિભાગ પાસેથી માહિતી મેળવી આગામી વર્ષની સંભવિત આવકનું અનુમાન લગાવવામાં આવે છે. જેના આધારે આગળના વર્ષમાં કરના પ્રમાણમાં ફેરફારનો પ્રસ્તાવ તૈયાર થાય છે.

બીજા ચરણમાં નાણાં મંત્રાલય દ્વારા બધા જ વિભાગોની માગ એકત્રિત કરી તેનું આવક અને ખર્ચમાં વિતરણ તૈયાર કરવામાં આવે છે, જેને 'બજેટ દસ્તાવેજ' કહે છે. આમ નાણાંમંત્રી દ્વારા ફેબ્રુઆરી મહિનામાં બજેટનું ભાષણ અપાય છે અને દરેક વર્ગના કર્મચારી તથા વ્યાપારી વર્ગ, જનતા અને રાજનેતા આ ભાષણ ટીવી ઉપર નિહાળે છે.

ત્રીજા ચરણમાં બજેટ પર સંસદ દ્વારા ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. જેમાં નિયમ અનુસાર ન તો ગૃહમાં કોઈ પ્રસ્તાવ રજૂ કરી શકાય તેમજ ન તો મતદાન કરાવી શકાય છે. આપણું બજેટ ૧૦૯ માંગમાં વિભાજિત છે, જેમાં ૧૦૩ લોકખર્ચ (સમાજખર્ચ) તથા છ માંગ સુરક્ષા ખર્ચ સંબંધિત હોય છે. આ માંગ પર વિચાર-વિમર્શ ૨૬ દિવસ સુધી કરી શકાય છે. આ બજેટ બંને ગૃહો જેવા કે લોકસભા તથા રાજ્યસભામાં મોકલાય છે.

ચોથા ચરણ અનુસાર સામાન્યતઃ પાંચ પ્રક્રિયા સંકલિત હોય છે : ૧. નાણાકીય સ્રોતોનું એકત્રીકરણ, ૨. નાણાકીય સાધનોનું સંરક્ષણ, ૩. નાણાકીય સાધનોનું વિતરણ, ૪. સરકારી આવક-ખર્ચ, ૫. લેખાંકન (માહિતી) દરેક પ્રક્રિયા અનુસાર તેનું કાર્ય થાય છે. પ્રક્રિયા પણ પૂર્ણ થાય છે.

પાંચમું ચરણ લેખિત પરિક્ષણનું હોય છે. સામાન્યતઃ બધા જ સરકારી વિભાગો દ્વારા પ્રત્યેક હિસાબો મહાલેખાકારના કાર્યાલયમાં પહોંચાડવામાં આવે છે. જેમાં શીર્ષક અનુસાર વર્ગીકૃત કરવામાં આવે છે. જેમાં મુખ્ય ચાર શિર્ષકો : ૧. આવક ખાતું, ૨. નાણાં ખાતું, ૩. દેવું ખાતુ, ૪. કરના પ્રાપ્તિનું ખાતું. જે બજેટના સમયે સંસદ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવે છે. આમ, બજેટનું અંતિમ ચરણ પર પૂર્ણ થાય છે.

**(૧) લેખક વી. આર. પટેલ કૉલેજ ઑફ કોમર્સ, મહેસાણામાં પ્રાધ્યાપક છે. (૨) લેખક વી. આર. પટેલ કૉલેજ ઑફ કોમર્સમાં અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ છે.**

# ઊભરતાં બજારો અને આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ

• આલોક શીલ •

**બી**જા વિશ્વયુદ્ધ પછી અમેરિકાના બ્રેટન વૂડ્ઝમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદમાં એક કરાર અંતર્ગત વિશ્વબેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ-આઈ એમએફની સ્થાપના કરવામાં આવી. તેથી આ આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ બ્રેટન વૂડ્ઝ સંસ્થાઓ - બીડબ્લયૂઆઈસના નામે વધુ જાણીતી છે.

વિશ્વ બેંકનો ઉદ્દેશ અમેરિકાના સંસાધનોને ચોક્કસ દિશામાં વાળીને યુદ્ધમાં ખેદાનમેદાન થઈ ગયેલા યુરોપને પુનઃ બેઠું કરવાનો હતો. જ્યારે આઈ એમએફનો હેતુ ૧૯૩૦માં સોનાનું ધોરણ પડી ભાંગવાના લીધે આવેલી મહામંદીથી અસ્થિર બનેલી આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થાને સ્થિર કરવાનો હતો.

અમેરિકાએ ૧૯૭૧માં સોનાનું ધોરણ દૂર કર્યા પછી અને યુરોપમાં ઝડપથી પુનઃનિર્માણ થયા બાદ વિશ્વના મુખ્ય અનામત ભંડોળ ચલણોને એકબીજા સામે મૂક્યા પછી વિશ્વબેંક અને આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ દ્વારા મુખ્યત્વે વિકાસશીલ દેશોની જરૂરિયાતોને પૂર્ણ કરવાનું ધ્યાન શરૂ કરવામાં આવ્યું.

આમાંથી જાણવા મળ્યું કે આ દેશોમાં મૂડીની તીવ્ર અછત ઊભી થઈ હતી, જેને લીધે બે અલગ-અલગ પ્રકારની માળખાકીય ખાધ ઉદ્ભવી. પહેલી વિદેશી ચલણની બચતના રૂપની ચાલુ ખાતાની ખાધ અને બીજી હતી જે તે દેશની અંદરની નાણાકીય ખાધ જે તેમની સરકારો દ્વારા જાહેર સેવા તેમજ ભૌતિક અને સામાજિક માળખાગત સુવિધાઓ ઊભી કરવા પાછળ આવક કરતાં વધારે ખર્ચના કારણે ઊભી થતી હતી. નાણાકીય ખાધ અવારનવાર ચાલુ ખાતાની ખાધમાં પરિવર્તિત થઈ જતી હોય છે. રોકાણ સંબંધિત ઘરેલુ બચત અને કુલ બચત સાથે સંકળાયેલી જાહેર બચતની આ બન્ને ખાધ વિકાસશીલ દેશોના વિકાસમાં મુખ્ય અવરોધરૂપ ગણવામાં આવી હતી.

ખાનગી રોકાણકારો માટે જે તે દેશમાં જોખમ સંકળાયેલું હોવાથી વિકાસશીલ દેશોમાં ખાનગી મૂડીનો પ્રવાહ મર્યાદિત જ રહે છે. પરિણામે આ દેશોએ તેમની બચત રોકાણ ખાધની પૂર્તિ કરવા મુખ્યત્વે ઓછા વ્યાજે મળતી, પરંતુ શરતી દ્વિપક્ષીય કે બહુપક્ષીય સહાય રૂપની લોન માટે વિશ્વબેંક તથા પ્રાદેશિક નાણાં સંસ્થાઓ જેવી કે એશિયાઈ વિકાસ બેંક, આઈએડીબી તથા એફડીબી ઉપર આધાર રાખવો પડતો હતો. વિશ્વબેંક દ્વારા ભૌતિક અને સામાજિક માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં રોકાણ માટે નાણાકીય ટેકો પૂરો પડાતો હતો.

તમામ નાણાકીય સહાયની જરૂરિયાત સ્થાનિક ચલણમાં રહેતી હોય છે, જ્યારે વિશ્વબેંક દ્વારા સખત ચલણ તરીકે ઓળખાતાં ચલણમાં આ લોન અપાય છે. આ ચલણોના વિનિમય દરને ધ્યાનમાં લેતાં લોન સસ્તી નથી હોતી તેથી વિકાસશીલ દેશો આવી લોનના બદલે ઘરેલુ ધિરાણ પર આધાર રાખવાનું વધુ પસંદ કરે છે, કેમ કે તે ચૂકવણીની સમતુલાની ખૂબ મહત્ત્વની ખાઈ ઘટાડી દે છે. વિકાસશીલ દેશોને આવાં નાણાં મળવાનું અચાનક અટકી જવાનું જોખમ વધારે હોવાથી એવા ચૂકવણીની સમતુલાની કટોકટીના સમયે આંતરરાષ્ટ્રીય નાણાંસંસ્થાઓ જરૂરી ટેકો પૂરો પાડે છે. ૧૯૯૧માં અખાતી યુદ્ધ બાદ ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ ઘટીને ૧ અબજ ડોલરનું જ થઈ ગયું હતું. પરિણામે ચૂકવણીની સમતુલાની કટોકટી ઊભી થઈ હતી અને ભારતની સેવાની તથા વિદેશી દેવું ચૂકવવાની ક્ષમતા પ્રત્યે આંતરરાષ્ટ્રીય વિશ્વાસમાં ઘટાડો થતાં તેના વિદેશી ચલણના શાખ ક્રમાંકમાં ઘટાડો કરાયો હતો. પરિણામે ભારતે નાણાકીય સહાય માટે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની આકરી શરતો સ્વીકારીને તેની આંતરિક જણાતી આર્થિક નીતિઓને ધરમૂળથી બદલીને ઉદાર બનાવવી પડી હતી.

આવા સમયે આર્થિક બાબતોના વિભાગની વિદેશી નાણાં પાંખે દ્વિપક્ષીય અને બહુપક્ષીય માર્ગે વિદેશી હૂંડિયામણ લાવવા અને તેના વ્યવસ્થાપનની ભૂમિકા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું. આમ વિદેશી વાણિજ્યિક દેવાં કાબૂમાં રાખ્યાં

અને આંતરરાષ્ટ્રીય નાણાકીય બજારોમાં તેની મર્યાદિત બજાર પહોંચને જાળવી રાખી. વિનિમય દરનું નિયમનું થયું અને અલગ રાખેલી વિદેશી હૂંડિયામણની જોગવાઈથી દુર્લભ વિદેશી હૂંડિયામણ ભંડોળને પ્રાથમિકતા આપવામાં આવી. ખનિજ તેલની આયાત માટે જંગી વિદેશી હૂંડિયામણની જરૂર રહે છે. આર્થિક બાબતોના મંત્રાલયમાં આ માટે અલગ પેટ્રોલિયમ ઓઈલ લુબ્રિકન્ટ્સ વિભાગ છે. વિદેશ વ્યાપાર વિભાગનું ધ્યાન પણ વિદેશી હૂંડિયામણની જાળવણી અને આયાતના વિકલ્પ પર હતું. આર્થિક બાબતોના મંત્રાલયના કેટલાક સૌથી મહત્ત્વના વિભાગો છે. તેમાનું એક છે ફંડ બેન્ક. જે વિશ્વ બેન્ક, એશિયાઈ વિકાસ બેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ પાસેથી સર્વસ્વીકૃત ચલણોમાં ધિરાણ મેળવે છે. આ ઉપરાંત દ્વિપક્ષીય સહાય વિભાગ કે જે વ્યક્તિગત રીતે વિકસિત દેશો પાસેથી સહાય મેળવે છે. તે જ રીતે વિદેશી વ્યાપારિક ધિરાણ-ઈસીબી નીતિઓના ઘડતરની સાથે ચુસ્તપણે નિયંત્રિત ટોચમર્યાદા સાથે વિદેશી દેવાં બજારોમાંથી ધિરાણ મેળવવાની મંજૂરી આપે છે. બંધ મૂડી બજારોના કારણે વિદેશી રોકાણોનો પ્રવાહ નહિવત હતો.

ઉદારીકરણ અને ૧૯૯૧ની ચૂકવણી સમતુલાની કટોકટીના પરિણામે ભારતીય અર્થતંત્રના ખુલ્લા થવા સાથે વિદેશી હૂંડિયામણ હવે અછતવાળો સ્રોત રહ્યો નથી. વિદેશી હૂંડિયામણ અને ખનિજતેલ અને ઈંજણ તેલ માટેની જોગવાઈ હવે ઈતિહાસ બની ગયાં છે. આર્થિક બાબતોના મંત્રાલયમાં વિદેશી રોકાણ વિભાગનું મહત્ત્વ વધ્યું હોવા છતાં વિદેશી વ્યાપારિક દેવાનું વ્યવસ્થાપન મધ્યસ્થ બેન્કને સોંપવામાં આવ્યું છે. વૈશ્વિક વ્યાપાર સંધિ-WTO સાથે વાટાઘાટો કરતાં વાણિજ્ય વિભાગનું પ્રભુત્વ વધવા સાથે વિદેશ વ્યાપાર વિભાગે તેનું મહત્ત્વ ગુમાવી દીધું છે. દ્વિપક્ષીય અને બહુપક્ષીય વિભાગોનું અસ્તિત્વ ટકી રહ્યું છે, પરંતુ વિદેશી સહાય સાથેની તેમની ભૂતકાળની મહત્તા ગુમાવી દીધી છે. તેમના માટે હવે પરિવર્તન સાથે તાલમેળ સાધી પુનઃરચનાનો સમય પાકી ગયો છે.

આ ફેરફારોના લીધે તાજેતરના વર્ષોમાં વૈશ્વિક અર્થતંત્રમાં પણ ગુણાત્મક ફેરફારો થયા છે. ગઈ સદીના અંત સાથે 'ઊભરતાં બજારો' તરીકે ઓળખાતા મુખ્ય વિકાસશીલ દેશોએ તેમના અર્થતંત્રો ખુલ્લાં કરવાથી અને વિકાસના ચાલક બળ તરીકે વિદેશી માંગ પરની વધી રહેલી નિર્ભરતાથી તેમનો વિકાસ ઝડપી બન્યો છે અને ચાલુ ખાતાનો વધારો જબરદસ્ત વધ્યો છે. હવે આ દેશો મૂડીના આયાતકારના બદલે નિકાસકાર બન્યા છે. આ દેશો ચોખ્ખા બચતકાર પણ બન્યા છે. તેના પરિણામે તેઓ પાસે જંગી વિદેશી હૂંડિયામણ અનામત પડ્યું છે. ભારત જેવા આવા ઊભરતા બજારો પાસે બચત અને રોકાણ વચ્ચેનો ગાળો સતત જળવાઈ રહેવાથી તેની મૂડી રોકાણની ક્ષમતા કરતાં વધારે મૂડીનો મોટો પ્રવાહ ઉમેરાતો હોવાથી અચાનક સ્થગિતતાની સ્થિતિમાં પણ તે તેમના માટે એક ઢાલનું કામ કરે છે. પરિણામે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ પાસેથી લોન લેનારા દેશો ઓછા થઈ રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ દ્વારા કરાતા ધિરાણમાં ઘટાડો એ માગમાં ઘટાડાની સમસ્યા છે, કારણ કે ઓછી આવકવાળા દેશો અને સંઘર્ષમાં સપડાયેલા કે નિષ્ફળ ગયેલા દેશો કે જ્યાંથી ખાનગી મૂડી પાછી ખેંચી લેવાઈ છે તેમને બાદ કરતાં બાકીના વિકાસશીલ દેશોમાં વિદેશી હૂંડિયામણની ખાધ ખાનગી મૂડીરોકાણના પ્રવાહથી પૂરાઈ ગઈ છે. વિશ્વ બેંકના કિસ્સામાં જો કે ધિરાણમાં ઘટાડો પુરવઠાના કારણે ઉદ્ભવેલી સમસ્યા છે, કારણ કે કેટલાંક કારણોસર તેણે ધીમે ધીમે આંતરમાળખાકીય ધિરાણો પાછા ખેંચી લીધા છે અને સામે ઝડપથી ઊભરતાં બજારોની વધી રહેલી વિકાસલક્ષી જરૂરિયાતો સંતોષવા ભંડોળ વધારવામાં તેના સંસાધનો નિષ્ફળ ગયા છે.

વિશ્વ બેન્કે તેનું ધ્યાન માળખાગતથી હટાવીને સીધું જ સામાજિક ક્ષેત્ર અને આજીવિકાની યોજનાઓ દ્વારા ગરીબીને લક્ષ્ય બનાવવા તરફ જ કેમ કેન્દ્રીત કર્યું તેનો બહુ સ્પષ્ટ ખ્યાલ નથી આવતો. વિશ્વ બેન્કના નીતિ આયોજન વિભાગના ૧૯૭૦ના દાયકાના ડિરેક્ટર તથા માનવ વિકાસ અહેવાલના સ્થાપક મહેબૂબ ઉલ હકે વિશ્વ બેંકના મૌખિક ઈતિહાસ પ્રોજેક્ટના ભાગરૂપે તા. ૩ જી ડિસેમ્બર, ૧૯૮૨ના રોજ આપેલા રોબર્ટ અશરને આપેલા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે "વિકાશીલ દેશોમાં અસમાનતાની ખાઈ વધી રહી હોવાથી વિકાસના લાભ નીચેના સ્તર સધી નહીં પહોંચતા હોવાની ચિંતાથી વિશ્વબેન્કે આવો નિર્ણય લીધો હોવાનું જણાય છે." સામાજિક ક્ષેત્ર અને આજીવિકા યોજનાઓ દ્વારા સીધી દરમિયાનગીરીથી ગરીબોની આવક

વધારવાનું અને તેમની ઉત્પાદકતા વધારવાનું જરૂરી હતું. અલબત્ત, આ ચિંતા આજે પણ પ્રવર્તે છે અને વિકાસના સ્થાને સામાજિક સુરક્ષા જાળ અને પુનઃ વિતરણ પર ધ્યાન બદલવાની વાત પર ભારતીય આર્થિક નીતિમાં ભાર મૂકાઈ રહ્યો છે.

ગરીબી એ નીચી શ્રમિક ઉત્પાદકતાનું બીજું નામ હોવાથી ગરીબી નાબૂદી માટે ટકાઉ ઉત્પાદકતા પર ધ્યાન કેન્દ્રીત કરાઈ રહ્યું છે. પરંતુ ભારતમાં હવે તારણ મળ્યું છે તેમ ભૌતિક માળખાગત સુવિધાઓમાં ઊણપ મૂડીની ઉત્પાદકતા ઘટાડે છે, જ્યારે સામાજિક માળખાગત ઉણપ શ્રમની ઉત્પાદતા ઘટાડે છે. સામાજિક સલામતિ જાળ તરીકે આજીવિકા યોજનાઓ કદાચ અસરકારક હશે, પરંતુ ઔદ્યોગિક અને વૈશ્વિક વાતાવરણમાં નાના ઉત્પાદકો માટે સ્પર્ધાત્મક બની રહેવું મુશ્કેલ હોવાથી આવી યોજનાઓ ગરીબી નાબૂદીનો મજબૂત ઉકેલ બની રહેવાની શકયતા નથી. ઔદ્યોગિક ક્રાંતિની સાથે જ આ બાબત લગભગ નકામી બની ગઈ હતી. તાજેતરના વર્ષોમાં ભારતના વિકાસમાં થયેલો ઘટાડો, રોકાણોમાં થયેલા તીવ્ર ઘટાડાના કારણે નહીં, પરંતુ માળખાગત અને વહીવટી અડચણો વધવાના કારણે આ રોકાણોમાંથી થતા મળતરમાં તીવ્ર ઘટાડાના કારણે જોવા મળ્યો હતો.

વિકસિત અર્થતંત્રોમાં બ્રેટનવૂડઝ નાણાં સંસ્થાઓ-BWI સ્રોતોના મોટાભાગના લાભાર્થીઓ અને પ્રદાનકારો જૂના થઈ રહ્યા હોવાથી, તેમનો વિકાસ બહુ મંદ પડવાથી અને સતત ઊંચી નાણાકીય ખાધના કારણે BWIમાં સંસાધનોની અછત વધુ મોટી થઈ હતી. આવા દેશોની અક્ષમતા વધવાની સાથે તેઓ BWIના સ્રોતોને વિકસાવવા પણ ઇચ્છતા નથી, કેમ કે તેઓ માને છે કે અંતતોગત્વા આ સ્રોતો ઝડપથી વિકસી રહેલા દેશો-ઊભરતાં બજારો તરફ જ ખેંચાઈ જશે. ભારતમાં અનેક મહાકાય યોજનાઓ માટે વિશ્વબેંકનું ધિરાણ ક્યારેય પૂરું પડે તેમ નથી. જોકે BWIના સ્રોત ઓછી આવકવાળા અને નાણાકીય કટોકટીમાંથી પસાર થતા દેશોની નાણાકીય જરૂરિયાતો સંતોષવા પૂરતા ગણવામાં આવે છે.

દુનિયાના ૨૦ અગ્રણી દેશોના સંગઠન-જી ૨૦ના નેજા હેઠળ તાજેતરમાં મળેલી વૈશ્વિક કટોકટી અંગેની બેઠકમાં આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની ભૂમિકા અને સંસાધનોનો અચાનક વ્યાપ વધારવામાં આવ્યો હતો. વિશ્વના વધી રહેલા મોટા અને નાજુક મૂડી પ્રવાહોમાં ચૂકવણીની સમતુલાની કટોકટી દૂર કરવા બહુપક્ષીય નાણાંભંડોળને ટેકો આપવા આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના સ્રોતોને ત્રણ ગણા કરવામાં આવ્યા હતા. મહાકાય ઊભરતાં બજારો પાસે એકત્રિત મોટા અનામત ભંડોળો હોવાથી તેઓને એવી સહાયની જરૂર પડવાની શક્યતા નહિવત્ છે, પરંતુ આ ભંડોળોની કેટલાક વિકસિત અર્થતંત્રો, ખાસ કરીને યુરોપના દેશોને મોટા પ્રમાણમાં જરૂર છે. ખરું કહીએ તો ઊભરતાં બજારોનાં અર્થતંત્રો હવે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના સ્રોતોમાં યોગદાન આપનારા બન્યા છે. જો કે આવા દેશોને ઉગારવાનું ચાલકબળ 'બીગ બઝૂકા' હવે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ કરતાં વિશ્વના અનામતરૂપ ચલણ-ડૉલર છાપતા અમેરિકા અને અગ્રણી ઊભરતા બજારના અર્થતંત્ર - ચોક્કસ પણે કહીએ તો ચીન કે જે વિદેશી હૂંડિયામણના અંબાર પર બેઠું છે તેના હાથમાં છે.

વિશ્વબેંકના ધિરાણમાં કેવળ કટોકટીના સમયગાળા પૂરતો જ સામાન્ય વધારો થયો છે. જે ખાનગી મૂડીરોકાણ (દેશનું અને વિદેશી એમ બન્ને) પાછું ખેંચાતા ઊભા થતા રોકાણના અવકાશને ભરવા પૂરતું જ સીમિત છે. જો કે જી-૨૦ની બેઠક પૂરતા પુનઃમૂડીકરણ દ્વારા વિશ્વબેંકની ધિરાણક્ષમતા પૂરતી નહીં વધારીને એક યુક્તિ ચૂકી ગઈ. તેમ થયું હોત તો વૈશ્વિક બચતોને એકત્રિત કરીને તેને વિકાસશીલ દેશોમાં ઊંચો વિકાસદર જાળવી રાખવા માટે વાળવામાં અસરકારક દરમ્યાનગીરી કરવા માટે વિશ્વબેંકને સક્ષમ બનાવી શક્યા હોત. તે વૈશ્વિક અર્થતંત્રને ધબકતું રાખવામાં પણ મદદરૂપ થાત તેમજ તે વિકસિત અર્થતંત્રોમાં વૈશ્વિક આર્થિક કટોકટીના પગલે માંગમાં થયેલા ઘટાડાના લીધે વૈશ્વિક અર્થતંત્રને નીચા વૃદ્ધિદરમાંથી બહાર કાઢવામાં પણ મદદરૂપ થાત. આમ, વિશ્વબેંકમાંથી માળખાગત ધિરાણને પુનઃ ઓપ આપવામાં જી-૨૦ રસ લે તે જરૂરી છે. પરંતુ પુનઃઓપના અસરકારક અમલ માટે કોઈ સ્રોત મળ્યા નથી.

**બ્રેટન વૂડ સંસ્થાઓ સંબંધમાં આજે વિકાસશીલ દેશો કેવી સ્થિતિમાં છે ?**

વિશ્વબેંકની વાત કરીએ તો ભારત જેવા કેટલાય વિકાસશીલ દેશો તેમના મહાકાય વિકાસકાર્યો, ખાસ કરીને માળખાગત કાર્યોની જરૂરિયાતો માટે તેના સૌથી મોટા ધિરાણ મેળવનારા દેશો

તરીકે ચાલુ રહ્યા હોત. જો કે ઊભરી રહેલાં બજારોના અર્થતંત્રો પાસે જંગી વિદેશી હૂંડિયામણ અનામત હોવા છતાં તેઓ આંતરરાષ્ટ્રીય નાણાંસંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવવાની તેઓને શી જરૂર છે તે સ્પષ્ટ થતું નથી. કારણ કે તેઓનો મોટાભાગનો ખર્ચ સ્થાનિક ચલણમાં થાય છે તેથી તેની પૂર્તિ માટે વિદેશી દેવું ઊભું કરવાથી બહારના આર્થિક આંચકા તેમને જોખમમાં મૂકી શકે છે. વિકાસશીલ દેશોમાં આવતા નાણાં પ્રવાહમાં વધારો મૂળ તો ખાનગી પ્રકારનો હોય છે, કારણ કે કેટલાક વિકાસશીલ દેશોની સરકારો ભૌતિક આંતરમાળખાગત અને સામાજિક સેવાઓમાં જાહેર મૂડીરોકાણ માટે સંસાધન વિહોણી હોય છે. જો કે તેઓ સ્થાનિક ધિરાણ દ્વારા વિકાસલક્ષી હેતુઓ સિદ્ધ કરી શકે છે, જે કોઈ પણ સમયે ચૂકવણીનું દબાણ આપે તો પણ માર્ગ કાઢી શકે છે. આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ માટે તો હજી પણ મહત્ત્વની ભૂમિકા રહે છે. સામાન્ય રીતે સંબંધો સારા ન હોવાથી બે પાડોશી દેશોની સહિયારી પરિયોજનાઓમાં જ્યાં રોકાણકારોનો વિશ્વાસ પણ ન હોય ત્યાં યોજનાના સંકલનકર્તા અને અંશતઃ ધિરાણકર્તાની ભૂમિકા આ સંસ્થાઓ ભજવી શકે છે.

જેવી છે તેવી, પણ નક્કર હકીકત એ છે કે મોટા ઊભરતા બજારના અર્થતંત્રોમાં વિશ્વબેંકનું ધિરાણ સ્થાનિક સંસાધનોની સરખામણીમાં સીમાંત રહેવાની ધારણા છે. તેનું કારણ જી-૨૦ એ આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની તુલનામાં વિશ્વબેંકના સ્રોતો વધારવામાં બહુ ઓછો રસ દાખવ્યો છે. જી-૨૦ દેશોના મતે આ નાણાં મુખ્યત્વે વધુ મોટાં ઉભરતાં બજારો કે જે બહુ ઝડપથી વિકસી પણ રહ્યાં છે ત્યાં જ ખેંચાઈ જશે અને આ દેશો તો પરંપરાગત દાતા દેશો કરતાં પણ વધુ સારી સ્થિતિમાં છે અને પૂરતાં અનામત ભંડોળો ધરાવે જ છે. બીજી બાજુ ભારત સહિતના ઊભરતાં બજારોનાં અર્થતંત્રોને તેમની પોતાની જ વિશાળ વિકાસલક્ષી જરૂરિયાતો હોવાથી વિશ્વબેંકના સંસાધનો ઊભાં કરવાના પ્રયાસોમાં નોંધપાત્ર યોગદાન આપી શકે તેમ નથી. વિકસિત દેશોની સરકારો માટે સ્થાનિક પ્રજાને એ સમજાવવું કદાચ મુશ્કેલ પડશે કે જ્યારે વિકસિત દેશની કક્ષાના ભૌતિક અને સામાજિક માળખા માટે ખૂબ મોટા મૂડીરોકાણની જરૂર છે ત્યારે શા માટે વિશ્વબેંકને સારા એવા નાણાંભંડોળનાં વચનો અપાઈ રહ્યાં છે.

આવી જ દલીલ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળમાં તેમના યોગદાન માટે કરાઈ રહી છે, કારણ કે આ સંસાધનો હવે ખાસ કરીને ઝડપથી વિકસી રહેલાં ઊભરતાં બજારો કરતાં જેમની માથાદીઠ આવક ક્યાંય વધારે છે તેવા વિકસિત યુરોપિય દેશોની મદદ માટે જ વાપરવામાં આવી રહ્યાં છે. ભારતે વિદેશી હૂંડિયામણની જંગી અનામતો ઊભી કરીને વૈશ્વિક નાણાકીય કટોકટીની બદતર સ્થિતિમાં વિદેશી મૂડી પ્રવાહ ઉલટાય તો પણ અસર ન થાય તે રીતે પોતાની સલામતિ ઊભી કરી લીધી છે. નહીંતર આ બહારનો આંચકો ૯૦ના દાયકાની શરૂઆતમાં ચૂકવણીની સમતુલાની ઊભી થયેલી કટોકટી કરતાં પણ મોટો હતો. લાંબાગાળે ભારતમાં નવો મૂડી પ્રવાહ ચાલુ ખાતાની ખાધ (ખાધ અને પુરાંતના આંકડાને અસર કરતી મહત્ત્વની એવી ખનિજ તેલની કિંમતો સહિત)ને પણ વટાવી જવાની સંભાવના છે. તાજેતરના ભૂતકાળમાં બન્યું છે તેમ ભારત મૂડી રોકાણ મેળવનારો મુખ્ય દેશ બની રહેવાની ધારણા છે. ટૂંકમાં કહીએ તો ભારત તેના જંગી અનામત ભંડોળના લીધે ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ પાસેથી ધિરાણ મેળવવાની જગ્યાએ સ્રોતોમાં સૌથી વધુ ફાળો આપનારો દેશ હશે. અન્ય ઊભરતાં અર્થતંત્રોની સાથે ભારતે પણ આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળમાં જંગી રકમનું યોગદાન આપવાનું વચન આપ્યું છે.

તેથી વ્યૂહાત્મક રીતે જોઈએ તો ભારત સહિતના મોટા વિકાસશીલ દેશો બ્રેટન વૂડ સંસ્થાઓ (BWI)માં પોતાનું અલગ સ્થાન ઊભું કરે તેવી શક્યતા છે. વિકાસશીલ દેશો માટે મતદાનની સત્તામાં સમાનતા અને વરિષ્ઠ વહીવટીપદ જેવા વહીવટી પ્રશ્નો નિઃશંકપણે મહત્ત્વના છે, પરંતુ તેની સાથે તેમની વહીવટી ચિંતા એ છે કે જે નાણાં સંસ્થાઓમાં સૌથી મોટા ધિરાણ લેનારા દેશ તરીકે રહેવા કરતાં હવે સૌથી વધુ ફાળો આપનારા દેશ બની રહેવાના હોવાથી તેમનું તેમાં મજબૂત સ્થાન હોવું જરૂરી છે. ઊભરતા બજારોવાળા દેશોમાં પોતાપણાની ભાવના વધુ પ્રબળ બને અને તેઓ આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળનાં સંસાધનોમાં વધુ યોગદાન આપે તે માટે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળે ગંભીર વહીવટી સુધારા કરવા જરૂરી છે.

તેથી, વિશ્વ બેંકના કિસ્સામાં મોટાભાગના વિકાસશીલ દેશોમાંથી નવી

યોજનાઓની મંજૂરી, નાણાંનું વિતરણ અને યોજના-વ્યવસ્થાપનના આધારે મંજૂરી પર જે તે દેશ અનુસાર જ ધ્યાન કેન્દ્રીત કરવાનું ચાલુ રહેશે. આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના કિસ્સામાં જો કે સંસાધનો જ્યારે ક્ષમતા, સુરક્ષા, વૈશ્વિક દેખરેખ અને નિયમન માટે વપરાતાં હોય ત્યારે સંસાધનો વધારવા માટે જે માર્ગ-સાધનોનો બહુપક્ષી ઉપયોગ થાય તે જોવાની જરૂર છે. અત્યાર સુધી બ્રેટન વૂડ નાણાં સંસ્થાઓની દેખરેખ અને નીતિવિષયક સલાહનું માળખું વિકાસશીલ દેશો ઉપર જ કેન્દ્રીત હતું, કારણ કે એ દેશો જ મુખ્ય ધિરાણ લેનારા દેશ હતા. પરંતુ આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળના કિસ્સામાં તે બદલવાની જરૂર છે, કારણ કે હવે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ પાસેથી ધિરાણ લેનારા દેશોમાં યુરોપિય દેશોની સંખ્યા વધી છે. અટકી ગયેલો વિકાસ, ચૂકવણીની સમતુલાની સમસ્યા, નાણાકીય ખાધ અને ચૂકવી ન શકાય તેટલી હદે દેવાનો ગંજ જેવી પરંપરાગત વિકાસશીલ દેશોની સમસ્યાઓ પર હવે વિકસિત દેશોના અર્થતંત્રોમાં જોવા મળી રહી છે અને તેના પર નજર રાખવી જરૂરી છે. વિકાસશીલ અર્થતંત્રોની જેમ જ હવે એ દેશોમાં પણ માળખાકીય ફેરફાર અને સુધારાની ખૂબ જરૂર છે. જો કે બ્રેટન વૂડ સંસ્થાઓમાં હાલ વિકસિત દેશોનું જ પ્રભુત્વ હોવાથી જ્યાં સુધી આ સંસ્થાઓમાં ભાગીદારી અંગેના મુખ્ય સુધારા દ્વારા વહીવટી માળખું બદલવામાં નહીં આવે ત્યાં સુધી તેને પુનઃ ઓપ આપવાનું શક્ય નહીં બને. ભારત સહિત વિકાસશીલ દેશોના સંગઠન-બ્રિક્સ દ્વારા તેમના વ્યૂહાત્મક પ્રશ્નો જી-૨૦ સંગઠનમાં ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. સર્વસંમતિનો એક રસ્તો એ છે કે આ સંસ્થાઓનો વહીવટ જી-૨૦ને પારસ્પરિક સ્વીકાર્ય હોય. ઊભરતાં બજારોના અર્થતંત્રો જ્યારે મુખ્ય ફાળો આપનારા દેશ બની રહ્યાં હોય ત્યારે ભંડોળનાં સંસાધનો ક્યાં વપરાય છે, તેની કેટલી જરૂરી છે તેના પર દેખરેખ, પૂર્વ ચેતવણી અને વૈશ્વિક તથા પ્રાદેશિક સંભાવનાઓ જેવા પ્રશ્નોમાં તેમને વધુ જોડવાની જરૂર છે. આમાં વિકસિત અને વિકાશીલ એમ બન્ને પ્રકારના દેશોને આવરી લેવા જોઈએ.

સારાંશ એ છે કે, વૈશ્વિક રાજકીય અર્થતંત્રમાં આવી રહેલા ધરમૂળના ફેરફારો સાથે બ્રેટન વૂડ સંસ્થાઓ તાલમેળ સાધી શકી નહીં હોવાથી અત્યારે તે નિશ્ચેત અવસ્થામાં જણાય છે. એક વાર યુરોપિય પરિયોજના પૂર્ણ થાય તો આ સંસ્થાઓના સંસાધનોનો સાર્થક વિકાસ અટકી જશે. આર્થિક સત્તા તરીકે ઊભરી રહેલા બ્રિક્સ દેશોનો મતે હિસ્સો અત્યારે બજાર કિંમતે ગણતાં વૈશ્વિક વિકાસ દરમાં તેમના હિસ્સા કરતાં માત્ર અડધો જેટલો અને ખરીદ શક્તિની તુલનામાં ત્રીજા ભાગ કરતાં થોડોક વધારે છે. આર્થિક સહકાર અને વિકાસ સંગઠન-OECDના સભ્ય દેશોની ઊભરતાં બજારો સાથે માલિકીમાં હિસ્સેદારીની અનિચ્છા, પુરાણા થઈ રહેલા અને ઘટી રહેલા વિકાસના કારણે વધી રહેલા નાણાકીય તણાવને લીધે તેમના સંસાધનો વિસ્તારવાની તેમની અનિચ્છા સાથે જોડાઈ રહી છે.

બન્ને બ્રેટન વૂડ સંસ્થાઓ લક્ષ્ય પાર પાડવામાં નિષ્ફળ જવાથી ઊભરતાં બજારો તેમની પોતાની વધારાની બચતોને યોગ્ય માર્ગે વાળવા પૂર્વ એશિયામાં ચિઆંગ માઈ ઇનિશિયેટીવ અને એશિયાઈ આંતરમાળખાકીય વિકાસ બેંક તેમજ બ્રિક્સની નવી વિકાસ બેંક તથા આકસ્મિક અનામત ભંડોળ જેવી વ્યવસ્થા ઊભી કરી રહ્યાં છે. આ સંગઠનોમાંથી ચીઆંગ માઈ અને આકસ્મિક અનામત ભંડોળ સંધિ આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ અને નવી વિકાસ બેંક તેમજ એશિયાઈ આંતરમાળખાકીય વિકાસ બેંક વિશ્વબેંકનું કામ રહેશે. જો કે વિશ્વયુદ્ધ પછીના સમયમાં અમેરિકા અને યુરોપ વચ્ચે જેવું સંકલન અને સહકાર સધાયો હતો તેવું ભૌગોલિક રાજનીતિ વિષયક સંકલન અને સહકાર ઊભરતી આર્થિક સત્તાઓ હાંસલ કરે છે કે કેમ તે જોવું રહ્યું.

**લેખક વિકાસ અને આર્થિક નીતિઓને લગતી બાબતો હાથ ધરવામાં ૩૦ વર્ષનો અનુભવ ધરાવે છે. હાલમાં તેઓ ભારતીય વહીવટી અધિકારી છે.**

**યોજના**
**વાંચો**
**યોજના**
**વંચાવો**
**યોજના**
**વસાવો**

# ઘસાતો રૂપિયો : રોગોની નિશાની, મહારોગની ચેતવણી

● ડૉ. દિલીપ એમ. પટેલ ●

ઊંચા પહાડો પરથી મૂળસ્થાનેથી ગબડેલો પથ્થર કયાં જઈને અટકશે તે કોઈને ખબર હોતી નથી, વચ્ચે કેટલાંયે માણસોને નુકસાન પહોંચાડશે તેનો તો વિચાર નહીં થાય. તેવી જ રીતે ગબડેલો રૂપિયો હજી કયાં જઈને અટકશે, તે કોઈ કહી શકે તેમ નથી. ઘસાતો રૂપિયો રોગ નથી, રોગની નિશાની છે, મહારોગની ચેતવણી છે અને સમગ્ર અર્થવ્યવસ્થાનું પુનરાવલોકન કરવાની સગવડ ઊભી કરી આપે છે. પરંતુ આપણે ઘસાતા રૂપિયાનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તેનો આધાર આપણા ઉપર છે, જો એને ઉગતા રોગની નિશાની સમજીને ડામી દેવામાં આવે તે જરૂરી છે.

આપણાં રૂપિયાનો ભાવ સતત ઘટવા લાગ્યો છે અને હજી કયાં જઈને અટકશે તે કોઈ કહી શકે તેમ નથી. આ પરિસ્થિતિ કામચલાઉ છે, ભારતીય અર્થતંત્ર આંતરિક રીતે મજબૂત અને સક્ષમ છે, પરંતુ રિઝર્વ બેંકે પોતાની અર્થનીતિને પરિસ્થિતિ મુજબ બદલવી જ જોઈએ, રૂઢિચુસ્ત નિયમોનો આગ્રહ રાખવાને બદલે નવા પગલાં ભરવાનું જોખમ ઉઠાવવું જોઈએ. પોતાની પાસેનું અનામત હૂંડિયામણ બજારમાં ઠાલવવું જોઈએ અને ઔદ્યોગિક ઉત્પાદનને મદદ મળે તે માટે વ્યાજના દર ઘટાડવા જોઈએ તેવો આગ્રહ સરકાર કરી રહી છે. પરંતુ રિઝર્વ બેંક આવું જોખમ ઉઠાવવા તૈયાર નથી. ભાંગતા બજારમાં હૂંડિયામણ ઠાલવવું તેના પરિણામે કાયમી સમસ્યા ઊભી થવાનો સંભવ છે, અને વ્યાજનો દર ઘટાડીને ઉદ્યોગપતિઓને વધારે નાણાં આપવામાં આવે તો અત્યારની મોંઘવારીમાં અનેક ગણો વધારો થાય. આમ જનતા મોંઘવારીમાં પિસાઈ રહી છે તે પરિસ્થિતિ વધારે બગાડવાનો સંભવ છે, તેવી દલીલ રિઝર્વ બેંક કરે છે, જો કે આ ખોટું પણ નથી તે સરકારે કબૂલ કરવું પડે છે, પરંતુ એમ બેસી રહેવું એ પણ ભયજનક સ્થિતિ છે.

રૂપિયાનો ભાવ ઉતરતો જાય છે તે વૈશ્વિક અર્થકારણનું આડકતરું પરિણામ છે, અમેરિકા આજે દુનિયાના અર્થતંત્રનું કેન્દ્રબિંદુ છે અને પોતાને ત્યાં ફેલાઈ રહેલી મંદીને ખાળવા માટે અમેરિકાની કેન્દ્રીય બેંક બજારમાંથી બોન્ડ ખરીદવા માટે ડૉલરો ખર્ચતી હતી, તેથી બોન્ડની ખરીદી ઓછી થશે અથવા બંધ થશે અને બજારમાં ઠલવાતા ડૉલરો ઓછા થશે તેવી સંભાવનાને કારણે ડૉલરની માંગ દુનિયાભરના બજારોમાં વધી છે, ભારત જેવા નબળા દેશને આ ફટકો વધારે સખત રીતે લાગ્યો છે. રૂપિયાનો ઘસારો થતો જાય છે, તેમ તેમ પરદેશથી આવતી ચીજવસ્તુઓ વધારે ને વધારે મોંઘી થતી જાય છે. જેમાં ખનિજતેલ અને અત્યંત જરૂરી યંત્રસામગ્રીના ભાવો આજે આસમાને પહોંચ્યા છે. સરકારે પેટ્રોલ-ડિઝલના ભાવોમાં સતત વધારો કર્યો છે. તેના કારણે માલસામાનની હેરફેરનો ખર્ચ પણ વધ્યો છે, પરિણામે લોકોની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવો પણ વધ્યા છે.

કથળતા અર્થતંત્રનું બીજું પરિણામ વધારે ખતરનાક છે, અર્થતંત્રની હાલત બગડતી જાય તેમ તેમ આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતની શાખ (રેટિંગ)નો આંક નીચે ઉતરતો જાય તેના કારણે અન્ય દેશો તરફથી કરવામાં આવતું મૂડીરોકાણ ઓછું થાય અને પરદેશી રોકાણકારો પોતાની મૂડી પાછી ખેંચવા લાગે. ભારતમાં પરદેશી મૂડીરોકાણ શેરબજારમાં મોટા પ્રમાણમાં થયું છે, તેના પરિણામે શેરબજારમાં તેજી દેખાતી હતી, પણ રૂપિયાની કિંમત ઘટતાં વિદેશી શેરબજારોએ પોતાનું રોકાણ ઓછું કર્યું, તેથી શેરબજારોમાં વિદેશી મૂડીરોકાણ ઘટ્યું છે. આ વિષચક્રનો અંત ક્યારે અને કેવી રીતે આવશે તે તો કોઈ નિષ્ણાત પણ કહી શકે તેમ નથી.

રૂપિયાનો ભાવ ઘટે તો આડકતરી રીતે રૂપિયાનું અવમૂલ્યાંકન છે. આવા અવમૂલ્યાંકનથી પરદેશમાં આપણો માલ વધારે સસ્તો બને છે, તેથી આપણો નિકાસ વેપાર વધે તો વધારે વિદેશી

હૂંડિયામણ મળે છે. પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષથી આપણી નિકાસ કરતા આપણી આયાતો વધી છે. દા.ત., ચીનમાં થતી નિકાસ છેલ્લા પાંચ વર્ષથી ૧૦-૧૫ ટકા વધી છે, પણ આયાત ૨૦-૨૫ ટકા વધી છે. ઉત્પાદકો અનેક કારણોસર ચીજવસ્તુ અને સેવાની ગુણવત્તા જાળવી શક્યા નથી. આપણી વસ્તુઓ વિદેશોમાં અત્યંત સસ્તી હોવા છતાં, નીચી ગુણવત્તાને કારણે તેની માંગમાં સતત ઘટાડો થયો છે, જેનું આડકતરું પરિણામ એ આવ્યું કે આપણે તૈયાર માલ વેચવાને બદલે કાચો માલસામાન વેચીએ છીએ અને પરોક્ષ રીતે વિદેશી ઉદ્યોગોને મદદ કરીએ છીએ. ભારત દર વર્ષે અબજો રૂપિયાનું કાચું લોખંડ ચીન અને જાપાનને વેચે છે અને તેમાંથી તૈયાર થયેલ સામગ્રીઓ આપણે ઊંચી કિંમતે ખરીદીએ છીએ આથી આપણી વેપારતુલામાં ખાધ સતત વધતી જ રહી છે. આપણે મૂડીવાદી અર્થવ્યવસ્થાનો ઝડપી અને પૂરેપૂરો લાભ મેળવવાની તક અન્ય દેશોની જેમ આપણે લઈ શકયા નથી. તેથી અન્ય દેશોમાં હૂંડિયામણની જે અફડાતફડી થઈ છે, તેના પરિણામો અત્યારે આપણે ભોગવી રહ્યા છીએ.

ઉદારીકરણ અને વૈશ્વિકીકરણનો લાભ ઉઠાવીને આપણે વિદેશોમાં પોતાના કારખાનાઓ, દુકાનો, પેઢીઓ અને કંપનીઓ શરૂ કરી તેમાંથી સારો નફો મેળવવા લાગ્યાં, પણ આ નફો આપણાં દેશમાં લાવવાને બદલે તેને કાળા નાણાં તરીકે ત્યાંની બેંકોમાં જ મૂકી દેવામાં આવે છે. જ્યારે બીજી બાજુ પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણકારોએ આપણા દેશમાં મહત્ત્વના ક્ષેત્રો સિવાય અનેકમાં મૂડીરોકાણ કર્યું છે, પરંતુ તેમાંથી પ્રાપ્ત થતો નફો અને રોકાયેલી મૂડીનું વ્યાજ તેઓ પોતાના જ દેશોમાં લઈ જાય છે. તેથી ઉદારીકરણ અને વૈશ્વિકીકરણનો લાભ આપણે ઉઠાવી શક્યા નથી.

આમ રૂપિયાનો ઘસારો અત્યારે હજુ જોખમી નથી, પણ આ ઘસારો લાંબા સમય સુધી ચાલુ રહે તો દેશ દેવાળિયો બની જશે અને અનેક આર્થિક કટોકટીના મહારોગો આપણને કોરી ખાશે, નવી અનેક સમસ્યાઓ સર્જાશે. તેથી આ રોગને ઉગતો જ ડામી દેવામાં આપણી ભલાઈ છે.

**રૂપિયાને ઘસાતો અટકાવવા શું કરી શકાય ?**

– રિઝર્વ બેંકે પોતાની અર્થનીતિ બદલી વિકાસ નીતિ અપનાવવી જોઈએ.
– ઉત્પાદન વૃદ્ધિમાં વધારો થાય તેમાં સરકારે રોકાણ વધારવું જોઈએ.
– જાહેર સાહસોની કાર્યક્ષમતામાં વધારો કરી નફામાં વધારો કરવો જોઈએ જેથી નવું મૂડીરોકાણ વધારી અન્ય ક્ષેત્રોનો વિકાસ કરવો જોઈએ.
– ખોટ કરતાં જાહેર સાહસોની કાર્યનીતિ બદલવી જોઈએ.
– આયાત અવેજીકરણની નીતિ અપનાવવી જોઈએ.
– બહિર્મુખ વિકાસનીતિને પ્રોત્સાહન આપવું જોઈએ.
– વિદેશોમાં માંગ હોય તેવી વસ્તુના ગુણવત્તાલક્ષી ઉત્પાદનમાં વધારો કરી નિકાસોમાં વધારો કરવો જોઈએ.
– લેણ-દેણની તુલાની ખાધ ઘટે તેવા પ્રયાસો કરવા જોઈએ.
– નિકાસોના નિયમો હજી વધુ હળવા બનાવવા જોઈએ.
– ભારતીય વિદેશી રોકાણકારો વિદેશોમાંથી પોતાનો નફો અને વ્યાજ ભારતમાં લાવે તેવા પ્રયાસો કરવાં જોઈએ.
– પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણમાં વધારો થાય તેવા પ્રયાસો કરવા. ચીનમાં દર વર્ષે ૪૦ થી ૫૦ અબજ ડોલર પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ થાય છે, જ્યારે ભારતમાં ૧૨૬૫ કરોડ ડૉલર જ છે.
– પેટ્રોલિયમ પેદાશોની આયાતો ઘટાડવી.
– યંત્રો-યંત્રો સામગ્રીઓની આયાતો ઘટાડી તેવી વસ્તુનું આપણા દેશમાં જ ઉત્પાદન થાય તેવા પ્રયાસો કરવા.
– વિદેશોને આપણી કાચી સામગ્રીનું વેચાણ બંધ કરવું.
– શિક્ષણને વધુ પ્રોત્સાહન આપવું.
– ધનિકો પર ઊંચા દરે વેરા વસૂલ કરવા.

**લેખક વિવેકાનંદ કૉલેજ ફોર બી.એડ્, સુરતમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ છે.**

# ગુજરાતનું સમતોલ બજેટ

• અંકિતા કથિરિયા •

તારીખ ૨૪ ફેબ્રુઆરીના રોજ ગુજરાતના નાણામંત્રી સૌરભભાઈ પટેલે ગુજરાત બજેટ ૨૯૧૫-૧૬ રજૂ કર્યું, જેમાં કુલ ૧૩૭૬૬૭.૦૪ કરોડનું જુદા જુદા ક્ષેત્રો માટે વિભાજન કરવામાં આવ્યું. તેમાંથી સૌથી વધુ અગત્યતા સામાજિક વિકાસનાં ક્ષેત્રોના કાર્યોને આપવામાં આવી જે બજેટના ૪૮ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. સામાજિક વિકાસનાં કાર્યોમાં મહિલા અને બાળ વિકાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા અભિયાન ખૂબ જ અગત્યનાં છે. જે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સ્વચ્છતા અભિયાન માટે પણ સારી રકમનો ફાળો આપેલ છે.

દર વર્ષે સરકાર નહિ નફો નહિ નુકસાનવાળુ અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કરે છે, પરંતુ વાસ્તવમાં વર્ષના અંતે મોટા ભાગે પરિણામો ખાધ જ બતાવતા જોવા મળે છે. આથી આ લેખમાં ગુજરાતના છેલ્લાં પાંચ વર્ષના વલણના આધારે તથ્યો તપાસેલ છે. ગુજરાત રાજ્ય ભારતમાં સૌથી ઝડપથી વિકાસ પામતું રાજ્ય છે અને તેની ગણતરી વિકસિત રાજ્યમાં કરવામાં આવે છે. આ સિવાય ગુજરાત રાજ્યનો ભારતની રાષ્ટ્રીય પેદાશમાં પણ મહત્ત્વનો ફાળો છે. ભારતની રાષ્ટ્રીય પેદાશમાંથી ૭ ટકા ગુજરાતમાંથી ઉત્પન્ન થાય છે. જો ગુજરાતના વિકાસની વાત કરવામાં આવે તો સામાન્ય અને દેખીતી રીતે વિકાસ થાય છે, પરંતુ તેનો વૃદ્ધિ દર ઘટતો ગયો છે જે આપેલ કોષ્ટક પરથી જાણી શકાય છે.

**ગુજરાતનો વિકાસ દર્શાવતું કોષ્ટક**

| વર્ષ | ચાલુકિંમત | વિકાસદર | સ્થિર કિંમત | વિકાસદર |
|---|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૫૨૧૫૧૯ | ૨૦.૯ | ૩૬૭૫૮૧ | ૧૦ |
| ૨૦૧૧-૧૨ | ૫૯૮૭૮૬ | ૧૪.૮ | ૩૯૨૦૫૮ | ૬.૭ |
| ૨૦૧૨-૧૩ | ૬૫૮૫૪૦ | ૧૦ | ૪૧૬૧૬૩ | ૬.૧ |
| ૨૦૧૩-૧૪ | ૭૬૫૬૩૮ | ૧૬.૩ | ૪૫૨૬૨૫ | ૮.૮ |
| ૨૦૧૪-૧૫ | ૮૫૮૧૮૯ | ૧૨.૧ | ૪૮૪૩૦૦ | ૭ |

ગુજરાતના બજેટ ૨૦૧૫-૧૬ માટે પાછલાં વર્ષોને આધારે વલણ પૃથક્કરણ કરતાં જણાય છે કે, મહેસૂલી હિસાબ કે વિભાગની મહેસૂલી આવક ૨૦૧૧-૧૨ના બજેટની તુલનાએ ૨૦૧૫-૧૬ સુધીનાં વર્ષોમાં ક્રમશઃ ૧૯ ટકા, ૨૭ ટકા, ૫૭ ટકા, ૭૩ ટકા જેટલો વિકાસ દેખાય છે. મહેસૂલી ખર્ચ ૨૦૧૧-૧૨ના બજેટની તુલનાએ ક્રમશઃ ૧૭ ટકા, ૨૬ ટકા, ૫૪ ટકા, ૭૧ ટકા જેટલો વિકાસ ૨૦૧૫-૧૬ સુધી થયેલ છે. આથી મહેસૂલી પુરાંતમાં બજેટ ૨૦૧૧-૧૨ની તુલનાએ ક્રમશઃ ૭૩ ટકા, ૪૭ ટકા, ૯૯ ટકા, ૧૨૭ ટકા જેટલો જોવા મળેલ છે, પરંતુ મૂડી હિસાબમાં વિરુદ્ધ સ્થિતિ જોવા મળેલ છે. બજેટ ૨૦૧૧-૧૨ની તુલનાએ મૂડી આવકમાં ક્રમશઃ ૧૦ ટકા, ૧૦ ટકા, ૩૮ ટકા, ૪૧ ટકાનો વધારો થયેલ છે. જ્યારે મૂડી ખર્ચમાં ક્રમશઃ ૪૫ ટકા, ૫૦ ટકા, ૬૭ ટકા, ૮૦ ટકા વધારો થયેલ છે. એ બતાવે છે કે મૂડી આવક કરતાં મૂડી ખર્ચમાં સતત વધારો થાય છે, તો ભવિષ્યમાં ખાધ વધારો થવાની સંભાવના પણ વધી જાય છે.

કુલ ચોખ્ખી લેવડ-દેવડ જોવામાં આવે તો બજેટ ૨૦૧૧-૧૨માં ખાધ ૩૦૪.૭૮ કરોડની છે જેમાં ક્રમશઃ સુધારો થયો અને વધારો પણ આવ્યો પરંતુ તેમાં પુરાંતવાળા બજેટમાં ક્યારેય નફાકારકતા આવી હોય તેવું દેખાયેલ નથી. દર વર્ષે રાજ્ય બજેટ આવે છે જે બતાવે છે કે આવક અને ખર્ચે સમાન જ રહેશે પરંતુ વાસ્તવમાં એ શક્ય નથી, જે પાછળના વર્ષના બજેટ અને તેનાં પરિણામો બતાવે છે કે ક્યારેય તેમાં પુરાંત કે સમાન આવક-ખર્ચવાળું બનેલ નથી.

ગુજરાત બજેટ ૨૦૧૧-૧૨માં મહેસૂલી અને મૂડી આવક-ખર્ચનું વલણનું વર્ગીકરણ દર્શાવે છે કે તેમાં ખાધનું પ્રમાણ વધતું ગયું છે, જેમાં મહેસૂલી વિભાગમાં પુરાંતવાળું બજેટ દેખાય છે

જ્યારે મૂડી ખર્ચ મૂડી આવક કરતાં ખૂબ જ વધારે પ્રમાણમાં જોવા મળે છે. હવે જો તેના ખર્ચનું વર્ગીકરણ કરવામાં આવે તો વિકાસલક્ષી ખર્ચ અને બિનવિકાસલક્ષી ખર્ચના વલણમાં સુધારો જોવા મળે છે.

વિકાસલક્ષી કાર્યામાં મહેસૂલી વિભાગના ખર્ચમાં વર્ષ ૨૦૧૧-૧૨ની તુલનામાં સુધારો જોવા મળે છે, જ્યારે મૂડી ખર્ચમાં વધારો જોવા મળે છે, જે બતાવે છે કે વિકાસલક્ષી મહેસૂલી ખર્ચ કરતાં મૂડી ખર્ચની વૃદ્ધિ વધુ જોવા મળે છે.

બિનવિકાસલક્ષી ખર્ચમાં મહેસૂલી ખર્ચમાં ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ સુધી ક્રમશઃ જોતાં તેમાં ખૂબ જ વધારો જોવા મળે છે. મૂડી ખર્ચ માટે ફાળવેલ રકમમાં ક્રમશઃ ઘટાડાના વલણ જોવા મળેલ છે, જે બતાવે છે કે મહેસૂલી હિસાબમાં વૃદ્ધિદર વધતો જોવા મળે છે. જ્યારે મૂડી હિસાબમાં ઘટાડો પણ જોવા મળે છે.

વિકાસલક્ષી ખર્ચમાં વિવિધ ક્ષેત્રનો હિસ્સો ૨૦૧૫-૧૬ના બજેટમાં નીચે મુજબ ફાળવવામાં આવેલ છે :

| અ. ક્રમ | વિગત | ટકાવારી |
|---|---|---|
| ૧. | ઊર્જા, ઉદ્યોગ અને ખનિજ | ૧૦.૯ ટકા |
| ૨. | પરિવહન, વિજ્ઞાન ઔદ્યોગિક અને પર્યાવરણ | ૮.૪ ટકા |
| ૩. | સામાન્ય આર્થિક સેવાઓ | ૪.૫ ટકા |
| ૪. | શિક્ષણ, રમત, ગમત, કલા અને સંસ્કૃતિ | ૨૧.૩ ટકા |
| ૫. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ૮ ટકા |
| ૬. | પાણી પુરવઠો, સ્વચ્છતા. આવાસ અને શહેરી વિકાસ | ૧૪.૪ ટકા |
| ૭. | સમાજ કલ્યાણ અને પોષણ | ૪.૮ ટકા |
| ૮. | અન્ય સામાજિક સેવાઓ | ૫.૫ ટકા |
| ૯. | કૃષિ સિંચાઈ અને ગ્રામ્યવિકાસ | ૨૨.૨ ટકા |

બિનવિકાસલક્ષી ખર્ચમાં જાહેર દેવું, લોન અને પેશગીઓ સિવાયના ખર્ચ ગણેલ છે, જેમાં ઓર્ગન્સ ઑફ સ્ટેટ, નાણાકીય સેવાઓ, વહીવટી સેવાઓ, વ્યાજની ચૂકવણી, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો, દેવાના ઘટાડા અથવા નિવારવા માટે વિનિયોગ, પ્રકીર્ણ, સામાન્ય સેવાઓ માટે કરવામાં આવેલ છે.

### બજેટમાં ખર્ચની ફાળવણી (૨૦૧૫-૧૬)

↓

વિકાસલક્ષી (૯૬૯૪૩.૮૪ કરોડ) ↓
- મહેસૂલી વિભાગ ૬૭૫૪૬.૭૩ (કરોડ)
- મૂડી વિભાગ ૨૯૩૮૭.૧૧ (કરોડ)

બિનવિકાસલક્ષી (૩૯૯૭૫.૮૯ કરોડ) ↓
- મહેસૂલી વિભાગ ૩૩૮૧૭.૫૯ (કરોડ)
- મૂડી વિભાગ ૬૧૫૮.૩૦ (કરોડ)

### વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચ

(રૂ. કરોડમાં)

| વર્ષ | વિકાસલક્ષી | ટકા | બિનવિકાસલક્ષી | ટકા | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૫૨૯૨૪.૪૬ | ૬૬.૭૯ | ૨૬૩૧૨.૪૬ | ૩૩.૨૧ | ૭૯૨૩૬.૯૨ |
| ૨૦૧૨-૧૩ | ૬૮૧૦૦.૨૫ | ૬૯.૩૯ | ૩૦૦૪૧.૨૬ | ૩૦.૬૧ | ૯૮૧૪૧.૫૧ |
| ૨૦૧૩-૧૪ | ૭૧૯૮૪.૫૮ | ૬૯.૬૧ | ૩૧૪૩૨.૮૦ | ૩૦.૨૯ | ૧૦૩૨૧૭.૩૮ |
| ૨૦૧૪-૧૫ | ૮૯૯૩૧.૧૦ | ૭૧.૬ | ૩૫૦૪૩.૯૬ | ૨૮.૪૦ | ૧૨૪૯૭૫.૦૬ |
| ૨૦૧૫-૧૬ | ૯૬૯૪૩.૮૪ | ૭૦.૮ | ૩૯૯૭૫.૮૯ | ૨૯.૨૦ | ૧૩૬૯૧૯.૭૩ |

**લેખિકા અમદાવાદની બી.કે. સ્કૂલ ઑફ મૅનેજમેન્ટની પીએચ.ડી. સ્કોલર છે.**

# કેન્દ્રીય અંદાજપત્રમાં દેશના તમામ નાગરિકોની આશાનો સૂર્યોદય

• ગૌતમ પુરોહિત •

કેન્દ્રના નાણાપ્રધાન શ્રી અરૂણ જેટલીએ ભારત સરકારનું ૨૦૧૫-૧૬નું સામાન્ય બજેટ રજૂ કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સરકારનું આ પહેલું સંપૂર્ણ બજેટ છે જેમાં દૂરંદેશીનો ભરપૂર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બજેટની અપેક્ષાઓ તત્કાલ સંતોષી શકાય તેમ નથી પરંતુ તેના ફળ ઉત્તમ દૂરોગામી અસર છોડી જાય છે.

બજેટમાં ૧૩,૧૨,૨૦૦ કરોડના બિન યોજનાકીય ખર્ચનો અંદાજ રાખવામાં આવ્યો છે જેની સામે ૪,૬૫,૨૭૭ કરોડનો યોજનાકીય ખર્ચ નોંધવામાં આવ્યો છે. નાણાપ્રધાને વ્યક્તિગત આવકવેરાના સ્લેબમાં કોઈ ફેરફાર કર્યો નથી પરંતુ આરોગ્ય વીમાના પ્રિમિયમનું ડિડક્શન ૧૫,૦૦૦થી વધારી ૨૫,૦૦૦ કરવામાં આવ્યું છે, જો કે વરિષ્ઠ નાગરિકો માટે આ મર્યાદા ૩૦,૦૦૦ની કરવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ એલાઉન્સની મુક્તિમર્યાદા પણ માસિક ૮૦૦ રૂપિયાથી વધારીને ૧,૬૦૦ રૂપિયા કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારે વેલ્થટેક્સ નાબૂદ કર્યો છે. ડાયરેક્ટ ટેક્સીસ કોડ પણ પડતી મૂકી છે. નવી પેન્શન યોજનામાં યોગદાન માટે ૫૦,૦૦૦ રૂપિયાનું ડિડક્શન રાખવામાં આવ્યું છે. આગામી ચાર વર્ષમાં કોર્પોરેટ ટેક્સ ઘટાડીને ૨૫ ટકા કરવાની જાહેરાત કરવામાં આવી છે. નાણાપ્રધાનનું લક્ષ્ય ૨૦૧૭-૧૮ સુધીમાં નાણાકીય ખાદ્ય જીડીપીના ત્રણ ટકા કરવાનું છે. તેમણે સ્વચ્છ ભારત અને ગંગા શુધ્ધિકરણ પ્રૉજેક્ટમાં યોગદાનને ૧૦૦ ટકા ડિડક્શન આપ્યું છે. ગુડ્સ ઍન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) પહેલી એપ્રિલ-૨૦૧૬થી લાગુ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

મનરેગા માટેની ફાળવણીમાં કેન્દ્રએ પાંચ હજાર કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. નિર્ભયા ફંડમાં પણ એક હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. નાણાપ્રધાને તેમના બજેટમાં એક લાખ કરોડ રૂપિયાના ખર્ચે પાંચ અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ ઊભા કરવાની જાહેરાત કરી છે જે સમગ્ર દેશને ટ્વેન્ટી ફોર બાય સેવન વીજળી આપવાના લક્ષ્યમાં મદદરૂપ થઈ શકે છે. કરવેરાની કુલ વસૂલાત ૧૪.૪૯ લાખ કરોડ અંદાજવામાં આવી છે. જો કે કરદાતાઓને આવકવેરામાં ૪.૪૪ લાખનો લાભ આપવામાં આવ્યો છે.

અરૂણ જેટલીએ વિદેશી ભંડોળના કિસ્સામાં કેવળ ફંડ મેનેજરની ભારતમાં હાજરીથી પરમેનન્ટ એસ્ટાબ્લિશમેન્ટનો દરજ્જો નહીં આપવાનું નક્કી કર્યું છે. રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટો માટે મૂડીલાભ વેરાનું સરળીકરણ કરવાનું તેમણે વચન આપ્યું છે. આરબીઆઈ એક્ટમાં આ વર્ષે સુધારા કરાશે અને નાણાકીય સમિતિની રચના થશે તેમ તેમણે જણાવ્યું છે. પબ્લિક ડેબ્થ મેનેજમેન્ટ એજન્સી રચવાની પણ તેમણે જાહેરાત કરી છે. જો કે જીએએઆરનો અમલ બે વર્ષ મોકુફ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારે યુવાનો માટે રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશનની શરૂઆત કરવાની ખાતરી આપી છે. જેનાથી દેશના યુવાનોના કૌશલ્યને યોગ્ય માર્ગ મળશે. ટેક્નોલૉજી ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકો માટે ૧૦૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે જેથી નવોદિતોને આગળ આવવાની તક મળી શકે છે. જમ્મુ-કાશ્મીર, પંજાબ, તામિલનાડુ, હિમાચલ અને આસામમાં નવી એઇમ્સ રચવાની જાહેરાત આ બજેટમાં કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારે વેલ્થ ટેક્સ નાબૂદ કરી સુપર રિચ પરનો સરચાર્જ બે ટકા વધાર્યો છે તેથી વાર્ષિક એક કરોડ કે તેથી વધુ વ્યક્તિગત આવક પર તેમજ વાર્ષિક ૧૦ કરોડ કે તેથી વધુ આવક ધરાવતી કંપનીઓ પરનો સરચાર્જ ૧૨ ટકા થયો છે જેના કારણે સરકારને ૯૦૦૦ કરોડ રૂપિયાના વેરાની વસૂલાત થશે. સરકારે પછાત વર્ગના ઉદ્યોગ સાહસિકો માટે મુદ્રાબેન્ક રચવાની જાહેરાત કરી છે. સૌથી મોટી જોગવાઈ મેડિકલની છે. ફેમિલી માટે વાર્ષિક ૩૦,૦૦૦ રૂપિયા સુધીનો મેડિકલ ખર્ચ આવકવેરામાંથી બાદ મળશે.

નાણાપ્રધાને દેશના ૨૫ વૈશ્વિક સાંસ્કૃતિક સ્મારકોનો જીર્ણોદ્ધાર કરવાનું

નક્કી કર્યું છે. એ ઉપરાંત અગાઉ ૪૩ દેશોના પ્રવાસીઓને આગમન સમયે વિઝા અપાતા હતા તે સુવિધા હવે ૧૫૦ જેટલા દેશોમાં વિસ્તારવાની જાહેરાત કરવામાં આવી છે. સરકારે ગોલ્ડ ડિપોઝિટ માટે મોનેટાઇઝશન સ્કીમ ચાલુ કરી સોનાની આયાત ઘટાડવા અને ફોરેક્સ બચાવવા માટે આ પગલું લીધું છે. ગોલ્ડ બોન્ડની સ્કીમ પણ ચાલુ કરવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે.

અરૂણ જેટલીએ પ્રોવિડન્ડ ફંડનો મુદ્દત પૂર્વે ઉપાડ કરનાર ઉપર ટેક્સ લાદ્યો છે. જો કે પીએફના ઉપાડની રકમ ૩૦,૦૦૦થી ઓછી હશે તો ટીડીએસ નહીં થાય. તેમણે મિલકતની રોકડેથી વેચાણ કરવા પર લગામ મૂકી છે. રોકડેથી રકમ લેવામાં આવી હોય તેનો દસ્તાવેજ થાય કે ન થાય, એવા તમામ સંજોગોમાં આ રકમ ઉપર પેનલ્ટી લેવામાં આવશે તેવી દરખાસ્ત કરવામાં આવી છે. પીએસ સુરક્ષા વીમા યોજના હેઠળ મહિને એક રૂપિયાના પ્રિમિયમે બે લાખનો વીમો ઉતારવાની ઘોષણા કરવામાં આવી છે.

બજેટમાં એવી જોગવાઈ પણ છે કે વાહનો ભાડેથી કે લીઝ પર આપનારા કોન્ટ્રાક્ટરોએ હવે તેની પાસે દસથી વધુ વાહનો ન હોવાનું ડેક્લેકેશન આપવાનું ફરજિયાત રહેશે, કારણ કે લીઝ પર વાહન આપતા કોન્ટ્રાક્ટરોને ચૂકવાતા નાણા પર કરકપાત ફરજિયાત બનાવવામાં આવી છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ બજેટને દેશના વિકાસનું બજેટ કહ્યું છે અને જણાવ્યું છે કે, સામાન્ય માનવીને લક્ષ્યમાં રાખીને નવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે જે આવનારા દિવસોમાં ફળદાયી બની રહેશે.

ભારત સરકારના નાણાપ્રધાન અરૂણ જેટલીએ છેવટે બજેટ જાહેર કરી પહેલી નજરે ભારતીય બજાર માટે તે પ્રોત્સાહક તક પૂરી પાડી છે. બજેટમાં ૨૦૧૫-૧૬થી શરૂ કરીને ચાર વર્ષના ગાળામાં કોર્પોરેટ ટેક્સ પાંચ ટકા ઘટાડવાની જાહેરાત કરવામાં આવી હોવાથી કંપનીઓની શેર દીઠ કમાણી (ઈપીએસ)માં વધારો થશે. જોકે, સૌથી સારા સમાચાર રાજકોષીય મોરચે આવ્યા છે અને રિઝર્વ બેન્કે વ્યાજદર ઘટાડતા પહેલાં તેને ધ્યાનમાં લેવા જરૂરી છે.

નાણાપ્રધાને ૨૦૧૫-૧૬ માટે ૩.૯ ટકા અને ૨૦૧૭-૧૮ માટે ૩ ટકાની રાજકોષીય ખાધનો અંદાજ જાહેર કર્યો છે. રિઝર્વ બેન્કે અગાઉ સરકારની રાજકોષીય સ્થિતિનું ચિત્ર સ્પષ્ટ થયા પછી વ્યાજદરમાં વધુ ઘટાડો કરવાનો સંકેત આપ્યો હતો. એટલે બજેટ પછી તે કેલેન્ડર વર્ષ ૨૦૧૫માં ઓછામાં ઓછા ૦.૭૫ ટકાનો રેટ કટ કરે એવી શક્યતા છે. આવું થશે તો બિઝનેસ સેન્ટિમેન્ટ, ધિરાણવૃદ્ધિ અને કંપનીઓના મૂડી ખર્ચને નોંધપાત્ર વેગ મળશે.

**બિનજરૂરી ખર્ચને અંકુશમાં લેવાના પ્રયાસ છે**

અત્યાર સુધીનો અનુભવ દર્શાવે છે કે, બજાર માટે સેન્ટિમેન્ટ સર્વોપરિ હોય છે અને ઘણી વખત સેન્ટિમેન્ટના જોરે વધતું બજાર ફંડામેન્ટલ્સને ગણકારતું નથી. ડિસેમ્બર-૨૦૧૩થી ઘરઆંગણે શરૂ થયેલી તેજી સરકારની સારી કામગીરીના આશાવાદને આભારી છે અને આ કામગીરીના ઈરાદાનો સ્પષ્ટ સંકેત બજેટમાં મળ્યો છે. બજેટના પ્રસ્તાવોથી વાસ્તવિક સ્થિતિ રાતોરાત નહીં બદલાય. ઉપરાંત રાજકોષીય શિસ્તના જે પગલાં જાહેર કરાયા છે તેનો યોગ્ય અમલ થશે તો જ અર્થતંત્ર પર સાનુકૂળ અસર જોવા મળશે. જોકે, એટલું ચોક્કસ કહી શકાય કે, બિનજરૂરી ખર્ચને અંકુશમાં લેવાના મુદ્દે કેન્દ્ર સરકારનું આ બજેટ સફળ રહ્યું છે.

અર્થતંત્ર અને બિઝનેસ સાઇકલની મજબૂતિનો ખ્યાલ આપતી ધિરાણવૃદ્ધિ ૧૯૯૯ના નીચા સ્તરે પહોંચી હતી પરંતુ ૨૦૧૫-૧૬માં તે વધીને ૧૫-૧૬ ટકાના સ્તરે પહોંચવાનો અંદાજ છે. ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ લોકો પાસે રહેલી દેશની સૌથી મોટી એસેટને મુખ્ય પ્રવાહમાં લાવશે. એક અંદાજ પ્રમાણે ભારતીય પરિવારોમાં ૨૦,૦૦૦ ટન સોનું વણવપરાયેલું પડ્યું છે. આટલા જંગી મૂલ્યના સોનાનો અમુક હિસ્સો પણ કાર્યક્ષમ ઉપયોગમાં લેવાશે તો સરકારને મોટો નાણાકીય ફાયદો મળશે અને તે વિવિધ પ્રૉજેક્ટ્સ પર છૂટથી ખર્ચ કરી શકશે. એકંદરે તમામ પરિબળો ટૂંકાથી મધ્યમ ગાળા માટે ભારતીય શેરબજારના ઊજળા ભાવિ તરફ ઈશારો કરે છે.

કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરાયો છે. GAARને મોકૂફ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કાળાનાણાં પર પસ્તાળ પાડવાના પ્રયાસો અને વેલ્થ ટેક્સની નાબૂદી જેવી દરખાસ્તો બજેટની હાઈલાઇટ્સ છે. મેક ઇન ઇન્ડિયા અને ગ્રામીણ વિકાસ પર વિશેષ ભાર મૂકવાને કારણે રોજગારીની તકોનું સર્જન થશે. આ બજેટમાં આર્થિક વૃદ્ધિ તેમજ નાણાકીય શિસ્તનું સંતુલન જાળવવાનો પ્રયાસ થયો છે. બજેટમાં ઇન્ફ્રા પ્રૉજેક્ટ્સમાં મૂડીરોકાણ આકર્ષવાના

પૂરતા પ્રયાસ કર્યા છે. નાણાપ્રધાનના આ પ્રયાસોથી માળખાગત ક્ષેત્રોમાં ઈન્વેસ્ટમેન્ટ સાયકલ શરૂ કરવામાં મદદ મળશે.

આ બજેટ સંતુલિત અને વિકાસલક્ષી છે. બજેટમાં રાજકોષીય ખાધ અંકુશમાં રાખવા સબસિડીનો દુરુપયોગ અટકાવવા, વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા ઉપરાંત બચતને પ્રોત્સાહન આપવાના પગલાં ભરવામાં આવ્યા છે. અરૂણ જેટલીનું બજેટ વૃદ્ધિલક્ષી છે અને ખાસ કરીને તે વૈશ્વિક સ્પર્ધાત્મકતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલું છે. ચાર વર્ષમાં કોર્પોરેટ ટેક્સને આસિયાન દેશોની સમકક્ષ ૩૦ ટકાથી ઘટાડી ૨૫ ટકા કરવાની પ્રતિબદ્ધતા ભારતને સ્પર્ધાત્મક બનાવવાનો સ્પષ્ટ ઈરાદો દર્શાવે છે. અગાઉના ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત બજેટ કરતાં અર્થતંત્રને બેઠું કરવા જેટલીનું આ બજેટ વધુ પ્રોત્સાહક છે.

જાહેર રોકાણની યોજનાઓને કારણે જેટલીની રાજકોષીય ખાધ ૩.૬ ટકાની ગયા વર્ષની પ્રતિબદ્ધતા સામે ૩.૯ ટકા રહી છે. જોકે રાજકોષીય ખાધને નિયંત્રિત નહીં કરવા તેમણે ફાઈનાન્સ કમિશનનું કારણ આપ્યું છે. ઉલ્લેખનીય છે કે તેને લીધે કેન્દ્રીય કરવેરાની આવકમાં રાજ્યોનો હિસ્સો ૩૨ ટકાથી વધીને ૪૨ ટકા થયો છે અને એટલે નાણાપ્રધાનને ભંડોળ ઓછું પડ્યું છે. પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ, કોલસા, સિગરેટ અને સર્વિસિસ પર આકરા ટેક્સ છતાં જેટલીએ રાજકોષીય ખાધનો લક્ષ્યાંક ઘટાડીને ૩ ટકા કરવા બે વર્ષને બદલે ત્રણ વર્ષનો સમય આપ્યો છે. નાણાપ્રધાને ટેક્સ ટેર્‌રિઝમ ઘટાડવાના તેમજ કરવિવાદો ઘટાડવા અને ઉકેલવાનાં પગલાં જાહેર કર્યા છે.

**GAARનો અમલ બે વર્ષ સુધી પાછો ઠેલાયો**

નાણાપ્રધાને પોર્ટ્સના કંપનીકરણ, પીએસયુ બેન્કો માટે નવી હોલ્ડિંગ કંપનીની રચના અને નવા પીપીપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મોડલની જાહેરાત કરી છે. GAARનો અમલ બે વર્ષ સુધી પાછો ઠેલાયો છે. આ ગાળામાં કરવિવાદો ઘટાડવા અને સમાધાનને ઝડપી બનાવવાનાં સંખ્યાબંધ પગલાં લેવાશે. પ્રધાને અમલદારશાહી દૂર કરવા અને ટેક્સ-ફ્રેન્ડલી પ્રક્રિયા વિકસાવવાનું વચન આપ્યું છે, જે ભારતને વિશ્વનાં સૌથી ઝડપી વૃદ્ધિ દર્શાવતાં અર્થતંત્રોની શ્રેણીમાં મૂકશે. આ પગલાંનો સંપૂર્ણ અમલ થશે તો આર્થિક સુધારાને મજબૂત મંચ મળશે. સરહદે ફરજ બજાવતા દળો માટે વધુ ભંડોળની બજેટમાં રચના કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયને દસ ટકાના વધારા સાથે ૬૨ હજાર કરોડ કરતાં વધુની રકમની ફાળવણી કરવામાં આવી છે. ડિપાર્ટમેન્ટ ઑફ એટોમિક એનર્જીને ૧૦૯૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ બજેટમાં ખેડૂતો માટે સારા સમાચાર છે. ૨૦૧૫-૧૬ માટે કૃષિ ધિરાણનું લક્ષ્યાંક વધારીને ૮.૫ લાખ કરોડ કરવામાં આવ્યું છે.

બજેટમાં આર્થિક વૃદ્ધિ ચાલુ વર્ષના ૭.૪ ટકાથી વધી આગામી વર્ષે ૮.૧ ટકાથી ૮.૫ ટકાની રેન્જમાં રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. જોકે, કંપનીઓના નફા, ટેક્સ કલેક્શન, રોજગારી સર્જન, નિકાસ અને અન્ય સંકેતો દર્શાવે છે કે અર્થતંત્ર હજુ તો બેઠું થવા મથી રહ્યું છે. ઓછી વસૂલાત અને વહીવટી ઝંઝટને કારણે જેટલીએ વેલ્થ ટેક્સને નાબૂદ કર્યો છે અને સુપર-રિચની આવક પર બે ટકાનો સરચાર્જ નાખ્યો છે. વધુમાં આવક અને મિલકતો છુપાવનાર માટે બજેટમાં નવા આકરા કાયદા અને નિયમોનો પ્રસ્તાવ છે. જેમાં ૧૦ વર્ષની કેદ અને છુપાવેલાં નાણાંના ટેક્સની રકમના ૩૦૦ ટકા જેટલી પેનલ્ટીનો સમાવેશ થાય છે. સોનાના સિક્કાની આયાત ઘટાડવા જેટલીએ સરકાર દ્વારા ગોલ્ડ કોઈન જારી કરવાની જાહેરાત કરી છે.

**નવસંચાર માટેનો મજબૂત આધાર પૂરો પાડતું બજેટ**

બજેટ સામાન્ય લોકોની ભલે ઊંચી અપેક્ષાઓ પાર પાડવામાં સરળ રહ્યું હોય પણ તેણે અર્થતંત્ર માટે રોડમેપ પ્રસ્થાપિત કરી દીધો છે. કેન્દ્ર સરકારે ફિસ્કલ કોન્સોલિડેશન રોડમેપ, મૂડીખર્ચની સાઈકલની વિઝિબિલિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકીને ઉત્તમ કામ કર્યું છે. જીએસટીના અમલીકરણ માટેનો રોડમેપ હકારાત્મક પ્રયાસ છે. આ સિવાય બજેટમાં બીજાં ઘણાં કેટલાંક હકારાત્મક પાસાં છે. વ્યક્તિઓ માટે કરકપાતના પગલાં, ઘર દીઠ સોનાના હોલ્ડિંગ પર નાણાકીય વળતરનો પ્રયાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણમાં વૃદ્ધિની સાથે સામાજિક સુરક્ષા જાળને વ્યાપક બનાવવાનો સમાવેશ થાય છે. આ બજેટમાં વિશ્વસનીય મહેસૂલી લક્ષ્યાંક મૂકવામાં આવ્યા છે, જેના કારણે રાજકોષીય ખાધ જીડીપીના ૩.૯ ટકા રાખવી સરળ રહેશે. સર્વિસ ટેક્સ વેરા, આબકારી જકાત અને કોર્પોરેટ ટેક્સમાં સામાન્ય વધારો કરવાની સાથે આવકવેરા મર્યાદા બદલાઈ નથી. તેના પરથી સ્પષ્ટપણે વિશ્વસનિય આવક સંગ્રહ વ્યૂહરચના દેખાય છે અને હાઈ ક્વૉલિટી

ફિસ્કલ એડ્જસ્ટમેન્ટનું તેમાં પ્રતિબિંબ પડે છે.

બીજી હકારાત્મક બાબત સરકારી ખર્ચ દ્વારા મૂડીખર્ચમાં નવસંચારના મોરચે દશ્યમાન હકારાત્મક સુધારો છે અને તેની સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રૉજેક્ટના ફાઈનાન્સિંગના મુદ્દાને સંબોધવામાં આવ્યા છે, તેના લીધે કેટલાંક ક્ષેત્રોને ફાયદો થશે. તેની પરાવર્તી અસરના લીધે લોનમાં વૃદ્ધિને પ્રોત્સાહન મળતાં બેન્કિંગ સેક્ટરને મદદ મળશે. કોઈ પણ નવી સિસ્ટમમાં પ્રારંભિક અવરોધો સામાન્ય બાબત છે. આ રીતે આરઈઆઈટીના પ્રારંભમાં કેટલાક અવરોધો આવ્યા છે. અમે હવે આ દિશામાં હકારાત્મક પગલું જોઈ રહ્યા છીએ. વૈશ્વિક વ્યાજદર નીચા છે અને સ્થાનિક વ્યાજદર ઊંચા છે ત્યારે આરઈઆઈટી કોમર્શિયલ રિયલ એસ્ટેટ ઉદ્યોગ માટે મૂડી એકત્રિત કરવાનો મહત્ત્વનો સ્રોત છે.

નાણાપ્રધાને પુરવઠાના મોરચે સુધારાના સરકારના પ્રયત્નો જાળવી રાખ્યા છે, બિઝનેસ ફ્રેન્ડલી ટેક્સ વાતાવરણની સાથે ખાધ ઘટાડા આયોજનમાં થોડી હળવાશના લીધે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ માટે થોડી રાજકોષીય મોકળાશ પૂરી પાડી શકાશે. નાણાકીય બચતની વૃદ્ધિમાં વધારો કરવા અને ભૌતિક બચતમાં ઘટાડો કરવા ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ શરૂ કરાઈ છે, તેની સાથે ડેબિટ અને ક્રેડિટ કાર્ડના ઉપયોગને પ્રોત્સાહન અપાયું છે તથા રિયલ એસ્ટેટમાં લોન્સ અને એડ્વાન્સિસના વ્યવહારોને ઈલેક્ટ્રોનિકલી કે ચેક દ્વારા કરવા પ્રોત્સાહન અપાયું છે. બજારો માટે જોઈએ તો ઈક્વિટી સસ્તી નહીં થાય તે લાંબા ગાળાના રોકાણના સારા વિકલ્પ તરીકે જારી રહેશે. વધુમાં ડેટ માર્કેટ્સ પણ ટૂંકા ગાળા માટે સારી તક ઓફર કરશે, કારણ કે વ્યાજદર ઘટાડા તરફી ઝોક દર્શાવે છે.

**કોર્પોરેટ ટેક્સમાં ઘટાડાથી ભારતીય કંપનીઓનો ઉત્સાહ વધશે**

નાણાપ્રધાન અરૂણ જેટલીએ બજેટમાં રોડ, રેલવે, સિંચાઈ વગેરે જેવી માળખાગત સુવિધાઓ માટે જાહેર રોકાણ વધારીને મૂડીરોકાણની સાયકલ ગતિમય કરવાનું વિઝન દર્શાવ્યું છે. બેન્કિંગ સેક્ટરના ભારે દબાણને કારણે આ સાયકલ ફરી શરૂ કરવાનું તેમના માટે મુશ્કેલ બની ગયું હતું. નાણાપ્રધાને આગામી ચાર વર્ષના ગાળામાં કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરી દેવાનું હિંમતભર્યું પગલું ભરીને એક જ ઝાટકે ભારતના અત્યંત જટિલ કરમાળખાને વિકસિત રાષ્ટ્રોની બરાબર લાવવાનો પ્રયાસ કર્યો છે. તેમના આ પગલાંથી ભારતીય કંપનીઓને પ્રોત્સાહન મળશે અને તેનાથી ભારતના યુવાનો માટે રોજગારીની તકોનું સર્જન થશે. જનધન યોજના, આધાર અને મોબાઈલ ફોનને સાંકળીને સરકારે સબસિડીનો કોઈ દુરુપયોગ ન થાય તેની તકેદારી રાખી છે અને આ રકમ જે તે લાભાર્થીના ખાતામાં જ જમા થાય તેવા માળખાગત ફેરફાર કર્યા છે. સરકારના આ પગલાંથી માળખાગત સુવિધાની વૃદ્ધિ માટે સરકારની ક્ષમતામાં પણ વધારો થશે.

**૨૨ ચીજોના ઉપકરણો પરની કસ્ટમ જકાત ઘટાડાઈ**

વધુ રોજગારી ઊભી કરવા અને ઘરઆંગણે ઉત્પાદન અને 'મેક ઈન ઈન્ડિયા'ને પ્રમોટ કરવા માટે કેન્દ્રીય નાણાપ્રધાન અરૂણ જેટલીએ સંસદ-ભવનમાં રજૂ કરેલાં ૨૦૧૫-૧૬ના કેન્દ્રીય બજેટમાં કસ્ટમ્સ અને આબકારી જકાતોમાં અનેક ઘટાડાની જાહેરાત કરી છે. આ પગલાં પાછળનો આશય કરચોરી ઘટાડવાનો અને ઉત્પાદન ખર્ચ ઘટાડવાનો પણ છે. ૨૨ જેટલા સાધનોના મેટલના પુર્જાઓ, ઈન્સ્યુલેટેડ વાયર્સ અને કેબલ્સ, રેફ્રિજરેટર્સના કમ્પ્રેશરના પુર્જાઓ, કેટેલિટિક કન્વર્ટર્સમાં વપરાતા સાધનો, ખાતર બનાવવામાં વપરાતાં સલ્ફ્યુરિક એસિડ અને વિડિયો કેમેરાના પુર્જાઓ જેવી ચીજ સામગ્રીઓ પર કસ્ટમ જકાત ઘટાડવામાં આવી છે.

એવી જ રીતે લેથ મશીનમાં વપરાતી કાચી માલસામગ્રી પર મૂળ કસ્ટમ જકાત હાલના ૭.૫ ટકાથી ઘટાડીને ૨.૫ ટકા કરાઈ છે. મેડિકલ વિડિયો એન્ટોસ્કોપ્સ પરની કસ્ટમ જકાત પાંચ ટકાથી ઘટાડીને અઢી ટકા કરવામાં આવી છે. ટેલિકોમ્યુનિકેશન ગ્રેડ ઓપ્ટિકલ ફાયબર કેબલ્સ પર આ જકાત હવે નાબૂદ કરી દેવામાં આવી છે. જે અગાઉ ૭.૫ ટકા હતી. એલસીડી/એલઈડી ટીવીની પેનલો પરની જકાત હાલના ૧૦ ટકાથી દૂર કરાઈ છે. પેસમેકર્સ બનાવવામાં વપરાતા ચોક્કસ કાચા માલસામાન પર સીવીડી અને એસએડી નહિ લેવાય.

સેનવેટ ક્રેડિટ મેળવવાની સમસ્યાના ઉકેલ માટે આયર્ન, સ્ટીલ, કોપર, પીત્તળ અને એલ્યુમિનિયમના મેટલ સ્ક્રેપમાં એસએડી હાલના ચાર ટકાથી ઘટાડીને બે ટકા કરાઈ છે. એલઈડી ડ્રાઈવર અને એલઈડી લાઈટ્સ ફિક્સ્ચર અને એલઈડી લેમ્પ્સ માટે એમસીપીસીબીના ઉત્પાદનમાં વપરાતી ચીજો પરની એસએડી નાબૂદ કરવામાં આવી છે. મેટલર્જિકલ કોક

પરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી વધારવામાં આવી છે. આયર્ન અને સ્ટીલ અને તેની સંબંધિત ચીજો પર દર વધારાયો છે. કોમર્શિયલ વાહનો પરનો દર હાલના ૧૦ ટકાથી વધારીને ૪૦ ટકા કરાયો છે અને તેનો અસરકારક દર ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરવામાં આવ્યો છે.

નાણાપ્રધાન અરૂણ જેટલીના પ્રથમ પૂર્ણકક્ષાના બજેટમાં શિક્ષણ ક્ષેત્રે ૬૮,૯૬૮ કરોડ રૂપિયા, આરોગ્ય ક્ષેત્રે ૩૩,૧૫૨ કરોડ રૂપિયા, ગ્રાણીણ વિકાસ ક્ષેત્રે ૭૭,૫૨૬ કરોડ રૂપિયા અને હાઉસિંગ તથા શહેરી વિકાસ માટે ૨૨,૪૦૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સંરક્ષણ ક્ષેત્રે ૨,૪૬,૭૨૭ કરોડ રૂપિયા ફાળવ્યા છે, જે ગયા વર્ષે ફાળવાયેલા ૨,૨૨,૩૭૦ કરોડના ફંડમાં ૧૧ ટકાનો વધારો દર્શાવે છે.

કાળા નાણાં અંગે જેટલીએ બજેટમાં નવા કાયદાની દરખાસ્ત કરી છે જે મુજબ વિદેશોમાં કાળું નાણું ધરાવનારાઓને ૧૦ વર્ષની જેલની સજાની જોગવાઈ છે. આ ઉપરાંત જાહેર ન કરેલી આવક અને સંપત્તિ પર ૩૦૦ ટકા પેનલ્ટીની જોગવાઈ પણ છે. આ અંગેની દરખાસ્ત મુજબ એક લાખ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન માટે પાન કાર્ડ ફરજિયાત કરી દેવાયું છે. સ્થાવર મિલકતની ખરીદી માટે ૨૦,૦૦૦ રૂપિયાથી વધુની રોકડ રકમ લેવા પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. વળી ટુકડામાં ટ્રાન્ઝેક્શનમાં મંજૂરી નહીં મળે. બેનામી સંપત્તિ સામે કાયદો આવશે.

**ગરીબી માટે ત્રણ સામાજિક સુરક્ષા યોજના**

નાણાપ્રધાને ગરીબો માટે ત્રણ સામાજિક સુરક્ષા યોજના જાહેર કરી છે. તેમણે કહ્યું કે પીપીએફમાં ૩,૦૦૦ કરોડ રૂપિયા અને ઈપીએફ ટ્રસ્ટમાં લગભગ ૬,૦૦૦ કરોડ રૂપિયાની રકમ એવી પડી છે, જેના કોઈ દાવેદાર નથી. આ રકમનો ઉપયોગ આ વીમા અને પેન્શન યોજનાઓ માટે કરાશે. આ યોજના મુજબ :

૧. વડાપ્રધાન સુરક્ષા બીમા (વીમા) યોજના અંતર્ગત જનધન યોજનાના એકાઉન્ટમાંથી દર મહિને એક રૂપિયો કપાશે, જેના બદલામાં બે લાખ રૂપિયાનો એક્સિડેન્ટલ ડેથ (અકસ્માતે મૃત્યુ)ના વીમાનું કવચ મળશે. મતલબ કે વર્ષે ૧૨ રૂપિયાના પ્રીમિયમમાં બે લાખ રૂપિયાનો વીમો મળશે.

૨. અટલ પેન્શન યોજના શરૂ થશે, જે અંતર્ગત ૫૦ ટકા પ્રીમિયમ સરકાર આપશે અને ૬૦ વર્ષથી વધુ ઉંમર થાય પછી એક ચોક્કસ રકમનું પેન્શન મળતું થઈ જશે. આ માટે સરકાર પાંચ વર્ષ સુધી ૧૦૦૦ રૂપિયાના પ્રીમિયમની ચૂકવણી કરશે.

૩. વડાપ્રધાન જીવન જ્યોતિ બીમા (વીમા) યોજના જાહેર થશે, જેમાં બે લાખ રૂપિયા અકસ્માતે મૃત્યુનું રિસ્ક કવર થશે. ૧૮ થી ૫૦ વર્ષની વયના લોકો માટે તેનું પ્રીમિયમ વર્ષે ૩૩૦ રૂપિયા રહેશે. મતલબ કે રોજનું એક રૂપિયાથી પણ ઓછું પ્રીમિયમ રહેશે.

**યોગ કેન્દ્રોએ ચેરીટેબલ ટ્રસ્ટનો દરજ્જો**

કેન્દ્રીય નાણાપ્રધાનના બજેટમાં મહત્ત્વની જાહેરાત એ હતી કે યોગાસન સેન્ટરોને ચેરીટેબલ ટ્રસ્ટનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ હેતુથી યોગની પ્રવૃત્તિને વધારે બળ મળી શકે છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાને ગયા વર્ષે યુએનની સામાન્ય સભામાં આંતરરાષ્ટ્રીય યોગ દિન જાહેર કરવાની માગણી કરી હતી જેને અનેક દેશોનું સમર્થન મળતાં યુએન એ યોગ દિનની જાહેરાત કરી છે. સાચા ચેરીટેબલ ટ્રસ્ટોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે પણ નાણાપ્રધાને ખાતરી આપી છે અને કહ્યું છે કે તેમને મળતી રકમની મર્યાદા વધારવામાં આવશે. આ અંગે બિન નફાકારક સંસ્થાઓનો રાષ્ટ્રીય ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.

**ઉદ્યોગ જગત અને નિષ્ણાતોને આવકાર**

ભારત સરકારના બજેટને કોર્પોરેટ, ઔદ્યોગિક સંગઠનો અને નિષ્ણાતોએ આવકાર આપ્યો છે. બધાંનો સૂર એવો હતો કે આ સરકાર સાચી દિશામાં જઈ રહી છે. મૂડીબજાર માટે લેવાયેલા કેટલાક રાહતરૂપ પગલાંની દૂરોગામી અસરો સર્જાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. સીઆઈઆઈના પ્રમુખ અજય શ્રીરામે કહ્યું છે કે બજેટ સકારાત્મક અને વિકાસલક્ષી છે અને તે આર્થિક વિકાસ દરના લક્ષ્યને હાંસલ કરવા તેમજ રોજગાર નિર્માણના અભિયાનને સફળ બનાવવા માટે નાણાપ્રધાને નક્કી કરેલા માર્ગે જઈ રહ્યું છે. ફિક્કીના પ્રમુખ જ્યોત્સના સુરીએ જણાવ્યું હતું કે અર્થતંત્રના વિકાસ માટે નાણાપ્રધાને નક્કી કરેલા માર્ગ ઉપર બજેટ જાય છે. તેમણે અનેક ઉત્તમ પગલાં જાહેર કર્યા છે. એસોચેમના પ્રમુખ રાણા કપૂરે કહ્યું છે કે જાહેર કરવામાં આવેલા સ્રોતના ઉપયોગ વડે ઇન્ફ્રા સેક્ટરના વિકાસને આપેલું પ્રાધાન્ય આવકારને પાત્ર છે.

**લેખક મુક્ત પત્રકાર છે.**

# રેલવે અંદાજપત્ર : એક વિશ્લેષણ

● ડૉ. પી. એસ. હીરાણી ●

**૨**૬-૨-૨૦૧૫ના રોજ ભારતના રેલવેપ્રધાન શ્રી સુરેશ પ્રભુએ વર્ષ ૨૦૧૫-૧૬ માટેનું અંદાજપત્ર સંસદમાં રજૂ કર્યું છે. આ રેલવે અંદાજપત્ર રાજકીય સમીક્ષકોના મતે વિશિષ્ટ નોખીભાતનું છે, તો આર્થિક સમીક્ષકોના મતે અવઢવવાળું બની રહ્યું છે. સામાન્ય રીતે રેલવે અંદાજપત્રમાં મુસાફરી ભાડાનો સમાવેશ થતો રહ્યો છે. રેલવેપ્રધાનશ્રીએ આ પાસાને હાથ સુદ્ધાં લગાડ્યો નહિ. દર વખતે રેલવે અંદાજપત્રમાં ચારે દિશામાં નાનીમોટી નવી રેલગાડીની આકર્ષક જાહેરાતો થાય અને વધતાઓછા અંશે તેનો અમલ પણ થાય. આ અંદાજપત્રમાં પ્રધાનશ્રી સુરેશ પ્રભુએ ગાડીની કોઈ જ જાહેરાત કરી નહીં. સ્વચ્છ ભારતથી ડિજિટલ ભારતના દર્શન હવે પછી ભારતીય મુસાફરોને રેલગાડીમાં પણ થાય તેની બૌદ્ધિક કવાયત સ્પષ્ટપણે જોવા મળે છે.

સૂત્રાત્મક રીતે સંકલિત કરવામાં આવે તો રેલવેના આ અંદાજપત્રમાં ૩ દસ્તાવેજોની ઘોષણા છે, ચાર લક્ષ્યાંકોની ઘોષણા છે તથા ૫ ચાલકબળોનો સમાવેશ છે. ૩ દસ્તાવેજોમાં (૧) ભારતીય રેલવેની સ્થિતિ અંગે શ્વેતપત્ર સંસદમાં રજૂ થયેલ છે. (૨) વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં મધ્યસત્રીય અહેવાલદર્શન રજૂ થયેલ છે. (૩) વિઝન-૨૦૩૦ અન્વયે વર્ષાંતે લાંબાગાળાની યોજના સંસદમાં મૂકવામાં આવશે.

ચાર લક્ષ્યાંકોમાં (૧) ઉપભોક્તાઓને વિશાળ સંતોષની અનુભૂતિ થાય, (૨) મહત્તમ સલામત મુસાફરી, (૩) આધુનિક માળખાકીય સુવિધા સાથે મહત્તમ ક્ષમતા વ્યાપ અને (૪) નાણાકીય સ્વનિર્ભરતા.

પાંચ ચાલકબળમાં (૧) મધ્યસત્ર પાસાંને અપનાવવા, (૨) સુચારું પારદર્શી નિયમનનાં પ્રમાણમાપ નિર્ધારિત કરવા, (૩) મહત્તમ સંસાધનોને ગતિશીલ બનાવવા, (૪) ભાગીદારી પ્રક્રિયાનો વિસ્તાર અમલીકરણ અને (૫) સંચાલન પ્રક્રિયામાં સુધાર સાથે માનવસંસાધનોનું પુનઃ આકલન.

વર્ષ ૨૦૧૫-૧૬ના રેલવે અંદાજપત્રમાં અગિયાર વિશિષ્ટ ક્ષેત્રો નક્કી કરવામાં આવેલાં છે. આ ક્ષેત્રો ઉપર ભાર મૂકવાની નેમ રાખવામાં આવી છે. આ અગિયાર ક્ષેત્રોમાં વધુ ગુણવત્તા મુસાફરી, રેલવે સ્ટેશોનોનો પુનઃ વિકાસ, રેલવેની ક્ષમતાવૃદ્ધિ, સલામતિ સુધારણા, સુધારેલ ટેકનોલોજી, વિકાસ અર્થે ખાનગીક્ષેત્રની ભાગદારી, પ્રક્રિયા અને પદ્ધતિમાં સુધારણા, સંસાધન વૃદ્ધિ સંચાલન, માનવ સંસાધન ક્ષમતા વૃદ્ધિ, ઊર્જા અને નિભાવક્ષમતા અને વધુ સુચારું નિયમન અને પારદર્શિતા.

રેલવેમંત્રીએ અંદાજપત્રમાં કેટલાંક સૂત્રાત્મક કથનો ઉચ્ચારેલ છે તેનો મર્મ નાણા-સંચાલનના સંદર્ભમાં સમજવો જરૂરી છે. દા.ત., કુછ નયા જોડના હોગા, કુછ પુરાના તોડના હોગા, કુછ એન્જિન બદલને હોંગે તથા કુછ રીપેર કરને હોંગે.

વર્તમાન અંદાજપત્રમાં ૪૦૦ રેલવે સ્ટેશનોને વાઈફાઈ કનેક્ટિવિટી તથા ૧૦ મોટા રેલવે મથકો પર સેટેલાઇટ ટાવરની ઘોષણા કરવામાં આવી છે. મહિલાઓ તથા વરિષ્ઠ નાગરિકોને મુસાફરી માટે ઉપરની બર્થની હાડમારીમાંથી મુક્તિ મળે વધુ સુગમ આરામદાયી મુસાફરી કરી શકે તે માટે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનના તજ્જ્ઞોની મદદથી સુધારેલા કોચ નિર્માણની દરખાસ્ત સામાજિક મૂલ્યવૃદ્ધિ લાવશે તે હકીકત છે.

ભારતીય રેલવે ઉપર સમગ્ર વિશ્વની નજર રહે છે. ખાસ કરીને વિશ્વની સૌથી વિશાળ નેટવર્ક ધરાવતી આ જાહેર સંપત્તિના સંચાલન ઉપર નાણાકીય સંચાલન ઉપર સમગ્ર વિશ્વની નજર છે. આ સંદર્ભમાં ભારતીય રેલવેનું આંકડાકીય ચિત્ર સ્વયં રેલવેની ગતિ પ્રગતિ અને તંદુરસ્તીની સ્થિતિ સ્પષ્ટ કરે છે.

## ભારતીય રેલવે (આંકડાકીય ચિત્ર)

| ટ્રેક સુધારણા (કિ.મી.માં) | ૨૦૧૩-૧૪ (ખરેખર) ૨.૮૮૫ | ૨૦૧-૧૫ (સુ.આ.) ૨,૨૦૦ (સુધારેલ અંદાજ) | ૨૦૧૫-૧૬ (અંદાજિત) ૨,૫૦૦ (અંદાજિત) |
|---|---|---|---|
| નવી રેલવે લાઇન (કિ.મી) | ૪૫૦ | ૩૦૦ (સુધારેલ અંદાજ) | ૩૦૦ (અંદાજિત) |
| ગેઇજ રૂપાંતર (કિ.મી.માં) | ૪૦૪ | ૪૫૦ (સુધારેલ અંદાજ) | ૫૦૦ (અંદાજિત) |
| વેગન સંખ્યા (એકમોમાં) | ૯,૩૨૬ | ૧૦,૦૦૦ સુધારેલ અંદાજ | ૧૬,૮૦૦ અંદાજિત |
| કુલ ટ્રાફિકમાં મુસાફરી આવકનો હિસ્સો | ૨૬.૧૮ ટકા | ૨૭ (સુધારેલ અંદાજ) | ૨૭ (અંદાજિત) |
| વીજળીકરણ (કિ.મી.માં) | ૧,૩૫૦ | ૧,૩૫૦ (સુધારેલ અંદાજ | ૧,૬૦૦ (અંદાજિત) |
| માર્ગ સલામતી ભંડોળ | ૨,૦૦૦ કરોડ | ૨,૨૦૦ (સુધારેલ અંદાજ) | ૧,૬૪૫ (અંદાજિત) |
| આંતરિક સંસાધન થકી ભંડોળ | ૧૧,૭૧૦ કરોડ | ૧૫,૭૩૦ (સુધારેલ અંદાજ) | ૧૭,૭૯૩ (અંદાજિત) |
| બજાર કરજ | ૧૫,૧૯૩ | ૧૨,૦૪૬ | ૧૭,૬૫૫ |
| પીપીપી રૂપે એકત્રિત | ૪,૫૪૬ | ૫,૭૨૨ | ૫,૭૮૧ |
| સંસ્થાકીય નાણાપ્રબંધ | – | – | ૧૭,૧૩૬ |
| વાર્ષિક આયોજન | ૫૯,૩૫૯ | ૬૫,૭૯૮ | ૧,૦૦,૦૧૧ |
| એકંદર ટ્રાફિક આવક | ૧,૩૯,૩૫૮ | ૧,૫૯,૨૭૮ | ૧,૮૩,૫૭૮ |
| કુલ કાર્યશિલ ખર્ચ | ૧,૩૦,૩૨૧ | ૧,૪૫,૯૭૦ | ૧,૬૨,૨૧૦ |
| ચોખ્ખી આવક | ૧૧,૭૪૯ | ૧૬,૪૫૩ | ૨૫,૦૭૩ |
| સામાન્ય આવકમાં ચૂકવવાપાત્ર ડિવિડન્ડ | ૮,૦૦૯ | ૯,૧૭૪ | ૧૦,૮૧૧ |
| બન્નેનો તફાવત | ૩,૭૪૦ | ૭,૨૭૯ | ૧૪,૨૬૬ |
| સંચાલન ગુણોત્તર | ૯૩.૬૦ | ૯૧.૮૦ | ૮૮.૫૦ |
| રેલવેને કુલ અંદાજપત્રીય સહાય | ૨૬,૦૦૦ કરોડ | ૩૦,૧૦૦ કરોડ | ૪૦,૦૦૦ કરોડ |

**લેખકશ્રી કચ્છ યુનિવર્સિટી ખાતે કોમર્સ અને વ્યવસ્થાપન વિભાગના અધ્યક્ષ છે.**

# સામાન્ય બજેટ ૨૦૧૫-૧૬ : એક વિશ્લેષણ

● ડૉ. મહેશ આર. સોનારા ●

ભારતના નાણામંત્રીએ ૨૦૧૫-૧૬ના વર્ષનું સામાન્ય બજેટ સંસદમાં રજૂ કરી એ નિર્દેશ આપ્યો છે કે ભારત વધુ સ્પર્ધાત્મક બનવા જઈ રહ્યું છે. એ સાથે સામાજિક સુરક્ષાને પણ અવગણવામાં આવશે નહિ. નાણામંત્રીનું એ લક્ષ્ય છે કે સામાજિક સુરક્ષાની સાથે વીજળી, આરોગ્ય, શિક્ષણ, મકાન, ટોયલેટ, રોડ રસ્તાની સગવડો વધારવા સાથે રોજગારીમાં પણ વધારો કરવામાં આવે. જે આ બજેટની આશાસ્પદ બાબત ગણી શકાય. ઘણા બંધનો વચ્ચે રજૂ કરવામાં આવેલા બજેટમાં ઘણી આશાઓ રાખવામાં આવી છે અને તે લાંબાગાળે પરિણામો આપશે તેવું દેખાય છે.

વિકાસનો દર ચાલુ વર્ષના ૭.૪ ટકાથી વધીને આગામી વર્ષે ૮.૧ ટકાથી ૮.૫ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ વૈશ્વિક મંદીના માહોલમાં આવકારદાયક છે. નાણામંત્રીએ લોકપ્રિય પગલાઓના બદલે નક્કર પરિણામો મેળવવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હોય તેવું પ્રતિત થાય છે. ચાલુ વર્ષે બજેટના કુલ ખર્ચ રૂા. ૧૭,૭૭,૪૭૭ કરોડમાં બિનયોજનાકીય ખર્ચમાં રૂા. ૧૩,૧૨,૨૦૦ અને યોજનાકીય ખર્ચમાં રૂા. ૪,૬૫,૨૭૭ કરોડ ફાળવાયા છે. સરકારને કરવેરા દ્વારા રૂા. ૧૪,૪૯,૪૯૦ કરોડની આવકનો અને બિનકરવેરા દ્વારા રૂા. ૨,૨૧,૭૩૩ કરોડની આવકનો અંદાજ છે. પ્રત્યક્ષ કરવેરાના દરમાં ઘટાડો થયો નથી એથી એવું લાગે છે કે નાણામંત્રી એ વાત સાથે સંમત થયા નથી કે કરવેરાના દર ઘટવાથી કરવેરાની આવક વધશે. અહીં કરવેરાના દરો વધુ ઘટાડીને વધુ લોકોનો તેમાં સમાવેશ કરી પ્રત્યક્ષ કરવેરાનું માળખું વધુ વિસ્તૃત કરવાની આવશ્યકતા છે. ઘણા વિકસિત દેશો કરવેરાના દરો નીચે રાખી વધુને વધુ લોકોને તેમાં સમાવે છે અને જો તેમ છતાં કરચોરી પકડાય તો આકરા દંડ અને સજાની જોગવાઈ કરાય છે. ભારતમાં આવકવેરો ભરનારની સંખ્યા આશરે ૩ ટકાની આસપાસ છે જે પ્રમાણમાં ઘણી ઓછી કહી શકાય.

ભારતના પાડોશી દેશો સાથેના તણાવભર્યા સંબંધો અને સીમા સુરક્ષાના મહત્ત્વને ધ્યાનમાં રાખીને નાણામંત્રીએ સંરક્ષણ બજેટમાં ૧૧ ટકાનો વધારો કરી ૨.૪૬ કરોડની ફાળવણી કરી છે. સંરક્ષણ ક્ષેત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણને મંજૂરી આપી દીધી છે. ઉપરાંત દેશને સંરક્ષણ અને સ્વાવલંબી બનાવવા ભારતીય સંરક્ષણ કંપનીઓને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. સરકાર સંરક્ષણ ક્ષેત્રમાં દેશને નિકાસ કરતો દેશ બનાવવા માગે છે. આ સાથે ભારતની ચીન અને પાકિસ્તાન સાથેની સરહદો પરના માર્ગના વિકાસ માટે રૂા. ૩૦૦ કરોડની ફાળવણી કરી છે. જે અગાઉના વર્ષ કરતા બમણી રકમ છે. ચીને, ભારત સાથેના સરહદી વિસ્તારમાં માળખાગત સુવિધા આધુનિક બનાવી હોવાથી ચીન સાથેના પર્વતીય સરહદે માળખાગત સુવિધાના અભાવે ભારતીય સુરક્ષાદળોને ત્યાં પહોંચવામાં મુશ્કેલી હતી. સરહદે સેનાની હેરફેર સરળ બનાવવા આ માળખાકીય સગવડો ઊભી કરવાની અત્યંત જરૂર છે.

દેશના વિકાસ, રોજગારી સર્જન અને ગ્રામીણ વિકાસ માટે આવશ્યક એવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રનું મહત્ત્વ સ્વીકારી તેના વિકાસ માટે નાણામંત્રીએ રૂા. ૭૦ હજાર કરોડના રોકાણની જાહેરાત કરી છે. સરકાર માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં રોકાણ વધારવાનો પડકાર એ 'મેક ઈન ઈન્ડિયા'ને નવી દિશા આપવા માટે સરકારના મુખ્ય પાંચ પડકારોમાં એક છે. સરકાર રાષ્ટ્રીય રોકાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની સ્થાપના કરશે. જેને સરકાર તરફથી રૂા. ૨૦,૦૦૦ કરોડની ઈક્વિટી આપવામાં આવશે. સરકારે રોડ ક્ષેત્રના વિકાસ માટે ફાળવણીમાં રૂા. ૧૪,૦૩૧ કરોડ અને રેલવે માટે રૂા. ૧૦,૦૫૦ કરોડનો વધારો કર્યો છે. યુવાન માનસ દેશમાં મોટાપાયે માળખાગત યોજનાઓમાં પોતાનું યોગદાન આપી શકે તે માટે રૂા. ૧૫૦ કરોડની સહાયથી એક ઈનોવેશન સેન્ટરનો પ્રારંભ કરવામાં આવશે. અત્યાર સુધી દેશમાં ૫૦ લાખ શૌચાલયો બનાવવામાં આવ્યા છે અને આગામી સમયમાં ૬ કરોડ શૌચાલયો બનાવવાનું સરકારનું લક્ષ્ય છે જે સ્વચ્છતા

અભિયાનની દિશામાં મહત્ત્વનું યોગદાન છે.

સરકાર ચાલુ વર્ષે ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા રૂા. ૬૯,૫૦૦ કરોડ મેળવવાનું લક્ષ્યાંક રાખે છે. જેમાં જાહેર ક્ષેત્રની કંપનીઓનો આંશિક હિસ્સો વેચીને રૂા. ૪૧,૦૦૦ કરોડ જ્યારે બાકીના રૂા. ૨૮,૫૦૦ કરોડ નફો નુકસાન કરતી કંપનીમાં વ્યૂહાત્મક વેચાણ કરીને મેળવવામાં આવશે. ચાલુ વર્ષે ઓએનજીસી, ડ્રેડગિંપ કોર્પ, ભેલ, ઈન્ડિયન ઑઈલ, નાલ્કો તથા એનએમડીસીમાં ડિસઈન્વેસ્ટમેન્ટ કરવાની યોજના છે.

આ બજેટમાં ખેડૂતો માટે સારા સમાચાર એ છે કે કૃષિ ધિરાણ રૂા. ૫૦,૦૦૦ કરોડથી વધારીને રૂા. ૮.૫ લાખ કરોડ કર્યું છે. આ સાથે કૃષિ ઉત્પાદન વધારવા માટે જમીનની ફળદ્રુપતા વધારવા અને સિંચાઈની સગવડો વધારવા નાણાકીય પ્રોત્સાહનો રજૂ કર્યા છે. ખેડૂતોને રૂા. ૩ લાખ સુધીની લોન ૭ ટકાના વ્યાજના દરે મળે છે. નાબાર્ડ દ્વારા સંચાલિત રૂરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડને રૂા. ૨૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. હાલમાં કૃષિ ઉત્પાદનમાં ઘટી રહેલા દરના સંદર્ભમાં આ લોનનો વધારો ખૂબ પ્રોત્સાહક પૂરવાર થશે. આ સાથે શહેરીકરણને અંકુશમાં લાવવા ગામડામાં માળખાકીય સગવડો વધારવા માટે નાબાર્ડને કરેલી મદદ લાંબાગાળે ખૂબ ઉપયોગી નીવડશે. મનરેગામાં રૂા. ૧૬૯૯ કરોડનો કરેલો વધારો ગ્રામોદ્ધાર અને બિનકુશળ કારીગરોને રોજગારી વધારવામાં મદદરૂપ થશે. 'મેક ઇન ઇન્ડિયા'ને સફળ બનાવવા તથા નવા ઉદ્યોગોના વિકાસ માટે યુવાનોની ક્ષમતા વધારવી ખૂબ જ જરૂરી છે તે ધ્યાનમાં રાખીને સ્કીલ ડેવલપમેન્ટ પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. જેના માટે દિનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ યોજના માટે ફંડની વ્યવસ્થા કરવામાં આવી છે. આનાથી ગ્રામીણ વિસ્તારોમાં પણ કુશળ શ્રમિકો તૈયાર કરવામાં મદદ મળશે.

ટેક્નોલૉજી ક્ષેત્રે નવા સાહસિકો અને ઉદ્યોગપતિઓને પ્રોત્સાહન આપવા 'સેતુ' નામે એક મીકેનિઝમ તૈયાર કરવા સરકાર જઈ રહી છે. જેના માટે બજેટમાં રૂા. ૧૦૦ કરોડની ફાળવણી કરી છે. દેશના સર્વસમાવેશી અને સાતત્યપૂર્ણ વિકાસ માટે યુવાનોને સામેલ કરવા અને ગ્લોબલ મૂડીને વધારવા માટે આપણા કેન્દ્રોમાં વધુ સવલતો વધારવા વધુ રોકાણની જરૂર છે. આ ક્ષેત્રમાં લાખો લોકો માટે રોજગારી સર્જન શક્ય છે. સરકારે આ પ્રયાસથી એક નવો અભિગમ અપનાવ્યો છે.

નાણામંત્રીએ શિક્ષણ અને આરોગ્ય જેવા પ્રાથમિક અને મહત્ત્વના ક્ષેત્રો પર પણ ખાસ ભાર મૂક્યો છે. સર્વ શિક્ષા અભિયાન માટે રૂ. ૨૮,૬૩૫ કરોડ ખર્ચવામાં આવશે. એ સાથે માધ્યમિક શિક્ષણ પણ ગુણવત્તાયુક્ત પૂરું પાડવા માટે ૮૦ હજાર જેટલી માધ્યમિક શાળાઓમાં સુધારો કરી ઉન્નત બનાવવામાં આવશે. સાથે સરકારનું લક્ષ્ય બાળકના રહેઠાણના પાંચ કિ.મી.ની અંદર હાયર સેકન્ડરી શાળા બનાવવાનું છે. આવનારા સમયમાં શિક્ષણની માગને પહોંચી વળવા આ અત્યંત જરૂરી છે. સરકારે સારા સ્વાસ્થ્ય અને ચિકિત્સામાં સુધારો કરવા ભાર મૂક્યો છે. બજેટમાં દરેક ગામમાં હૉસ્પિટલ ખોલવાનો પ્રસ્તાવ છે. આ માટે રૂા. ૩૩,૧૫૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સાથે સ્વાસ્થ્ય વીમાના પ્રીમિયમની કરવેરામાં છૂટની સીમા મર્યાદા ૧૫૦૦૦થી વધારીને ૨૫૦૦૦ કરવામાં આવી છે. દરેક વ્યક્તિ સુધી સારું શિક્ષણ અને સ્વાસ્થ્ય ઉપલબ્ધ કરાવવાનો આ પ્રયાસ આવકારદાયક છે.

સમાજના નબળા વર્ગને સામાજિક સુરક્ષા આપવા નાણામંત્રીએ જોરદાર તરફેણ કરી છે. પશ્ચિમના દેશોની સરખામણીમાં ભારતમાં સામાજિક સુરક્ષાની સગવડો ઓછી છે એ ધ્યાનમાં રાખીને તેમણે ભારતીયો અને વિશેષ ગરીબો અને પછાતવર્ગો માટે યુનિવર્સલ સોશ્યલ સિક્યુરિટી સિસ્ટમ રચવાનો પ્રસ્તાવ મૂક્યો છે. બજેટમાં આર્થિક રીતે પછાત અને નબળા વર્ગના લોકો માટે ત્રણ સામાજિક સુરક્ષા યોજનાઓની જાહેરાત કરી છે. જેમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, જીવન જ્યોતિ વીમા યોજનાનો સમાવેશ થાય છે. નાણામંત્રી પીપીએફના ૩૦૦૦ કરોડ અને ઈપીએફના ૬૦૦૦ કરોડની દાવા વિનાની રકમ જમા પડી રહી છે તેનો ઉપયોગ આર્થિક રીતે પછાત અને નબળા વર્ગના લોકોને સામાજિક સુરક્ષા આપવા કરવા માગે છે. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં વાર્ષિક રૂા. ૧૨ના પ્રીમિયમમાં ૨ લાખનો આકસ્મિક મોતનો વીમો આપવામાં આવશે. અટલ પેન્શન યોજનાના લાભાર્થીને આપેલા યોગદાન અને સમયના આધારે પેન્શન

અપાશે. જીવનજ્યોતિ વીમા યોજના અંતર્ગત રૂા. ૩૩૦ના પ્રીમિયમમાં આકસ્મિક મોતના કિસ્સામાં ૨ લાખનું વીમા કવચ મળશે. દેશમાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યા ૧૦.૫ કરોડની ઉપર હોવાથી સિનિયર સિટીઝન વેલ્ફેર ફંડનો પ્રસ્તાવ મૂક્યો છે. જેમાં ૮૦ વર્ષ કરતાં વધુ ઉંમરના ૧ કરોડ કરતાં વધારે લોકો છે. જેમાંના ૭૦ ટકા ગ્રામીણ વિસ્તારોમાં રહે છે અને મોટાભાગના ગરીબ પરિવારના છે. સરકાર ૨૦૨૨ સુધીમાં દરેકને પોતાનું ઘર આપવા માગે છે. જે અંતર્ગત શહેરી વિસ્તારમાં ૨ કરોડ અને ગ્રામીણ વિસ્તારમાં ૪ કરોડ મકાનોનું નિર્માણ થશે. આ ઉપરાંત દેશના દરેક ઘરમાં ૨૪ કલાક વીજળી, પીવાનું પાણી, ટોયલેટ, સડક જોડાણ ઉપલબ્ધ કરાવાશે. દરેક પરિવારમાંથી એકને રોજગાર આપવા આર્થિક તક ઉપલબ્ધ કરાવી ગરીબી નાબૂદ કરાશે. અનુસૂચિત જાતિ - જનજાતિના ઉદ્યમીઓને ઋણ આપવા માટે મુદ્રા બેંકની સ્થાપના કરાશે. જેમાં રૂા. ૨૦,૦૦૦ કરોડનું પ્રારંભિક ફંડ ઉપલબ્ધ કરાવાશે. આનાથી અનુસૂચિત જાતિ-જનજાતિના ઉદ્યોગ સાહસિકોને ખૂબ સારી તક મળશે અને ઉદ્યોગ શરૂ કરવાના અંતરાયો દૂર થશે. સાથે ગરીબી નાબૂદી અને રોજગારી સર્જનને પણ સહાય થશે.

નાણાંમંત્રીએ અનેક ક્ષેત્રોમાં પ્રોત્સાહક યોજનાઓ દાખલ કરી આર્થિક વિકાસનો વેગ આપવા પ્રયાસ કર્યો છે. આ સાથે વૈશ્વિક સ્પર્ધાત્મકતાને પણ આ બજેટમાં ધ્યાનમાં રાખી છે. ચાર વર્ષમાં કોર્પોરેટ ટેક્ષને ૩૦ ટકાથી ઘટાડી ૨૫ ટકા કરવાની પ્રતિબદ્ધતા ભારતને સ્પર્ધાત્મક બનાવવાનો ઈરાદો છે. જાહેર રોકાણની યોજનાઓના કારણે રાજકોષીય ખાધ ૩.૬ ટકાની ગયા વર્ષની પ્રતિબદ્ધતા સામે ૩.૯ ટકા રહી છે. આ માટેનું કારણ એ છે કે નાણાપંચે કરવેરાની આવકમાં રાજ્યનો હિસ્સો ૩૨ ટકાથી વધારી ૪૨ ટકા કર્યો છે. નાણામંત્રીએ રાજકોષીય ખાધનો લક્ષ્યાંક ઘટાડી ૩ ટકા કરવા ૨ વર્ષના બદલે ૩ વર્ષનો સમય આપ્યો છે. તેમણે ટેક્સ ટેરરિઝમ ઘટાડવા, કરવિવાદો ઘટાડવા અને ઉકેલવાના પગલાં જાહેર કર્યા છે. નાણામંત્રીએ ટેક્સ ફ્રેન્ડલી પ્રક્રિયા વિકસાવવા અને અમલદારશાહી દૂર કરવા વચન આપ્યું છે. જે ભારતને વિશ્વના સૌથી ઝડપી વૃદ્ધિ પામતા અર્થતંત્રની શ્રેણીમાં મુકશે. જો આ પગલાંઓનો સંપૂર્ણ અમલ થશે તો અર્થતંત્ર અવશ્ય મજબૂત થશે. કંપનીઓના નફા, ટેક્સ કલેક્શન, રોજગારી સર્જન, નિકાસ અને અન્ય સંકેતો દર્શાવે છે કે અર્થતંત્ર ગતિશીલ થવા માગે છે.

નાણામંત્રી સામે મોટો પડકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાયનાન્સનો છે. અન્ય અવરોધોમાં જમીન સંપાદન, પર્યાવરણ મંજૂરી, રાજ્યોની પરવાનગી, એનજીઓના વિરોધ વગેરેનો છે. આ પ્રકારના અવરોધો બજેટથી દૂર કરી શકાતા નથી. નાણામંત્રીએ બજેટમાં અનેક વસ્તુઓ ગણાવી છે પરંતુ તેઓ કેટલી કાર્યાન્વિત કરી શકશે તે મહત્ત્વનું છે. વાસ્તવમાં આવક એટલી થતી નથી. આથી રાજકોષીય ખાધનું લક્ષ્ય મેળવવા ખર્ચમાં કાપ મૂકવામાં આવે છે. આ વખતે રાજ્યોને વધુ સંસાધનો આપવામાં આવ્યા છે. આથી કેન્દ્રનો હિસ્સો ઘટી જશે. આથી ફરીથી ખર્ચમાં કાપ મૂકાશે. યોજનાઓ વાસ્તવિક સ્વરૂપમાં પૂર્ણ થાય તે જરૂરી છે. વ્યાજદર ૭.૭૫ ટકાથી ઘટાડીને ૭ ટકા કરાય તો બચત અને મૂડીરોકાણને વેગ મળે તેમ છે. હાલમાં ફૂગાવો કાબૂમાં છે, રૂપિયો સ્થિર છે, ત્યારે હજુ વધુ સારી જાહેરાતોને અવકાશ હતો.

સમગ્રતયા એમ કહી શકાય કે નાણામંત્રીએ જે સંજોગો વચ્ચે બજેટ રજૂ કર્યું છે તે એકંદરે સારું છે. નાણામંત્રીએ આવક, રોજગારી વધારવા, ગરીબી નાબૂદી અને સામાજિક સુરક્ષા માટે અનેક આવકારદાયક પગલાં લીધા છે જેની અસરો ટૂંક સમયમાં જોવા મળશે. આ સાથે ઉત્પાદનમાં પણ વધારો થાય તેવા અણસાર છે અને ભારતીય ઉદ્યોગકારો વૈશ્વિક સ્પર્ધા માટે સમકક્ષ બનશે તેવી આશા છે. નાણામંત્રીએ બજેટ સ્પીચમાં દર્શાવેલી આશા સાચી ઠરે તેવા સંજોગો છે પણ આ માટે માત્ર નાણાકીય નહિ પણ રાજકીય ઈચ્છાશક્તિની પણ જરૂર પડશે. દેશના લોકોએ પણ સજાગ બનવાની અને સરકારે અમલમાં મુકેલી યોજનાઓનો બરાબર અમલ સંપૂર્ણપણે મેન્યુફેક્ચરિંગ, વ્યાપાર અને રોજગાર કેન્દ્રિત છે. કારોબાર સરળ થશે, રોકાણ વધશે સાથે ગ્રામીણ અર્થવ્યવસ્થામાં નવા પ્રાણ ફુંકાવાના એંધાણ છે. જો કે પરિણામો આવતા હજુ સમય લાગશે.

**લેખક એચ.એ. કૉલેજ ઑફ કોમર્સ, અમદાવાદમાં અર્થશાસ્ત્ર વિષયમાં એસોસિએટ પ્રૉફેસર છે.**

# આશા-અપેક્ષા-વિવાદ અને દૂરંદેશિતાથી સભર સામાન્ય અંદાજપત્રો

• દિગંત ક. દવે •

### ત્રણ પ્રધાનમંત્રી અને એકવીસ નાણાંમંત્રીઓએ રજૂ કરેલા ૭૮ અંદાજપત્ર

સ્વતંત્ર ભારતના આજ સુધીના ૬૮ વર્ષના ઈતિહાસમાં કેન્દ્ર સરકાર કે ભારત સરકારનાં કુલ ૭૮ સામાન્ય અંદાજપત્રો રજૂ થઈ ચૂક્યા છે અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલીનું ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષનું નિયમિત કે પૂરા વર્ષનું અંદાજપત્ર દેશનું ૭૯મું સામાન્ય અંદાજપત્ર છે. આજ સુધી રજૂ થઈ ચૂકેલા કુલ ૭૮ અંદાજપત્રોમાં ૬૧ અંદાજપત્રો નિયમિત કે પૂરા વર્ષના ગાળા માટેના હતાં, જયારે ૧૧ અંદાજપત્રો લોકસભાની ચૂંટણીના કારણોસર ગણતરીના મહિનાઓના નાણાકીય વ્યવહારો માટેના વચગાળાના અંદાજપત્રો હતા. ભારતને ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ આઝાદી મળી હતી. એટલે સ્વતંત્ર ભારતનું જે સૌ પ્રથમ સામાન્ય અંદાજપત્ર રજૂ થયું એ ૧૯૪૮-૪૯ના વર્ષનું હતું અને ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ પ્રથમ અંદાજપત્ર નાણાંમંત્રી આર. કે. શણમુખમ ચેટ્ટીએ રજૂ કર્યું હતું.

### મોરારજી દેસાઈ મોખરે

દેશના આજ સુધીના કુલ ૭૮ અંદાજપત્રો ૧૯૪૮-૪૯ના પ્રથમ અંદાજપત્રથી શરૂ કરી જુલાઈ, ૨૦૧૪માં, વર્તમાન નાણાંમંત્રી અરૂણ જેટલીએ રજૂ કરેલું, ૨૦૧૪-૧૫નું અંદાજપત્ર-વિવિધ વર્ષોમાં, જે તે સમયે નાણાંમંત્રાલય સંભાળતા ૨૩ કેન્દ્રીય મંત્રીઓ દ્વારા રજૂ થયા છે. આજ સુધીમાં દેશના ત્રણ પ્રધાનમંત્રીઓએ સમય અને સંજોગોને કારણે કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કર્યા છે. આ ત્રણેય પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીએ નાણાંમત્રાલયનો કામચલાઉ હવાલો સંભાળતાં આ અંદાજપત્રો રજૂ કર્યા હતા અને એ રીતે જોતાં વર્તમાન કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી દેશના ૨૦મા નાણાંમંત્રી છે. પૂરા વર્ષના સંપૂર્ણ અંદાજપત્રો, મહત્તમ સંખ્યામાં આઠ-આઠ રજૂ કરવાનો વિક્રમ બે નાણાંમંત્રીના નામે છે - મોરારજી દેસાઈ અને પી. ચિદમ્બરમ્. જો કે મોરારજી દેસાઈએ, વધુમાં વચગાળાના બે અંદાજપત્રો રજૂ કર્યા હોઈ મહત્તમ ૧૦ અંદાજપત્રો રજૂ કરવામાં મોરારજી દેસાઈ મોખરે રહ્યા છે. ચિદમ્બરમે વચગાળાનું એક અંદાજપત્ર ગયા વર્ષે રજૂ કર્યું હતું. એ રીતે એમનો ક્રમ કુલ નવ અંદાજપત્રો સાથે બીજો છે.

**સૌથી વધુ ૧૦ અંદાજપત્રનો વિક્રમ મોરારજી દેસાઈનો**

### ઈન્દિરા ગાંધીનું રિહર્સલ

પ્રધાનમંત્રી દ્વારા રજૂ થયેલા ત્રણ અંદાજપત્રોમાં સૌ પ્રથમ ૧૯૫૮-૫૯નું અંદાજપત્ર જવાહરલાલ નહેરુએ રજૂ કર્યું હતું. એ વખતે નાણાંમંત્રી ટી. ટી. કૃષ્ણમાચારીને રાજીનામું આપવું પડ્યું ત્યારે નહેરુએ આ અંદાજપત્ર રજૂ કર્યું હતું. જો કે એમણે નિખાલસપણે સંસદમાં જણાવ્યું હતું કે નાણાંમંત્રાલયમાં હું કામચાલાઉ છું, એથી મને બહુ પ્રશ્નો ન કરશો.

બેંકોનાં રાષ્ટ્રીયકરણની વિરુદ્ધમાં મોરારજી દેસાઈએ ૧૯૬૯માં નાણામંત્રીપદેથી રાજીનામું આપ્યું એ પછી ૧૯૭૦-૭૧નું અંદાજપત્ર પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ રજૂ કર્યું હતું. પક્ષમાં આંતરિક વિરોધનો સામનો કરી રહેલાં ઈન્દિરા ગાંધીએ ગરીબોના હમદર્દી તરીકેની છાપ ઉપસાવવા, ઊંચી આવકના જૂથો ઉપર આવકવેરાનો બોજો વધારતી દરખાસ્તો રજૂ કરી હતી. નવી જવાબદારીને ગંભીરપણે લઈ ઈન્દિરા ગાંધીએ એક-દોઢ કલાકનું અંદાજપત્ર સંસદમાં બરોબર વાંચી શકાય એ માટે ભારે તૈયારી કરી હતી. સળંગ એક-દોઢ કલાક બોલવાનો બહુ અનુભવ ન હોઈ એમણે દિવસો સુધી રાતે, પોતાના નિવાસસ્થાને પસંદગીના પુસ્તક દોઢ-દોઢ કલાક મોટેથી વાંચીને રિહર્સલ કર્યા હતાં !

ત્રીજા પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને પણ, ૧૯૮૭માં બોફોર્સ કૌભાંડના પ્રશ્ને નાણાંમંત્રી વી. પી. સિંઘે રાજીનામું આપી દેતાં નાણાં વિભાગનો કામચલાઉ હવાલો સંભાળી ૧૯૮૭-૮૮નું અંદાજપત્ર રજૂ કરવું પડ્યું હતું. એમણે એમની દરખાસ્તોમાં નાણાકીય સુધારાની ઝલક દર્શાવી હતી અને કમ્પ્યૂટર ક્ષેત્ર, વિજ્ઞાન ટૅક્નોલૉજી વગેરે આધારિત ઉદ્યોગોને રાહત પૂરી પાડી હતી.

**વિવાદાસ્પદ અંદાજપત્રો**

આપણા દેશના સામાન્ય અંદાજ પત્રોની કોઈ પણ વાત પરાધિન ભારતના છેલ્લા અંદાજપત્ર કે પછી ભારતને આઝાદી આપવાનું નક્કી થઈ ગયું એ પછીના એકાદ વર્ષના સક્રાંતિકાળમાં મુસ્લિમ લીગના લિયાકત અલીખાને રજૂ કરેલા સૌથી વિવાદાસ્પદ અંદાજપત્રનો ઉલ્લેખ વિના અધૂરી રહે છે. સપ્ટેમ્બર, ૧૯૪૬માં રચાયેલી નહેરુની આગેવાની હેઠળની વચગાળાની સરકારમાં નાણાંમંત્રી એવા લિયાકત અલીએ એમનું અંદાજપત્ર દેશના ભાગલા વહેલામાં વહેલી તકે પડે એ ઉદ્દેશથી કૉંગ્રેસ પક્ષ અને એના ટેકેદારોને હેરાન-પરેશાન કરવા ઘડ્યું હતું. એમણે જાણે કે ગાંધીજીની દાંડીકૂચ ઉપરથી પ્રેરણા લીધી હોય એવો દેખાવ ઊભો કરવા, મીઠા પરનો કર નાબૂદ કર્યો હતો. પણ બીજી તરફ કૉંગ્રેસના ટેકેદાર એવા ઉદ્યોગપતિઓના ઉદ્યોગોને નુકસાન પહોંચાડે એ રીતે ઉદ્યોગો ઉપરના કરવેરા બેલગામ પણે વધાર્યા હતા. કૉંગ્રેસના ટેકેદાર એવા અન્ય વર્ગોને પણ કરબોજથી પરેશાન કર્યા હતા. કૉંગ્રેસને પરેશાન કરી દેશના ભાગલાને વધુ ઝડપી બનાવનાર લિયાકત અલીને પાકિસ્તાનના પ્રથમ પ્રધાનમંત્રી બનાવાયા હતા.

ટી.ટી. કૃષ્ણમાચારીએ બ્રિટિશ અર્થશાસ્ત્રી કાલ્ડોરના પ્રભાવમાં આવી જઈ સંપત્તિ વેરો અને ખર્ચ વેરો જેવા વિવાદાસ્પદ વેરા દાખલ કરી ભારે વિવાદ ઊભો કર્યો હતો.

ચીને ૧૯૬૨માં કરેલા આક્રમણ પછી દેશનું સંરક્ષણ ખર્ચ રાતોરાત બમણું કરવું પડ્યું હતું. વધુ સાધનો ઊભાં કરવા નાણાંમંત્રી મોરારજી દેસાઈએ ૧૯૬૩-૬૪ના અંદાજપત્રમાં ભારે કરવેરા નાખી તરખાટ મચાવ્યો હતો. એમણે દાખલ કરેલી ફરજિયાત બચત યોજના અને સુવર્ણ નિયંત્રણ ધારો, બન્ને ખૂબ જ વિવાદાસ્પદ બન્યા હતા અને દેશભરમાં એનો વિરોધ થયો હતો. પક્ષ અને સરકારમાં પણ એનો વિરોધ થયો હતો, પરંતુ ફરજિયાત બચત યોજના અંગે મોરારજીએ ખૂબ જ અક્કડ વલણ લેતા ગણતરીના મહિનામાં નહેરુએ એમને 'કામરાજ યોજના હેઠળ' પક્ષના કાર્યમાં જોડી દીધા હતા. ચૌધરી ચરણસિંઘે નાણાંમંત્રી તરીકે ૧૯૭૯-૮૦નું અંદાજપત્ર, એમના જ પક્ષ, જનતા દળમાંના વિરોધીઓ સામે વેર લેવાની વૃત્તિથી ઘડ્યું હતું. એમણે પોતાની ખેડૂતલક્ષી છબી ઉપસાવવા ખેડૂતોને ઢગલાબંધ રાહતો આપી હતી પણ વેપારી વર્ગ-ઉદ્યોગપતિઓ અને મધ્યમવર્ગને બોજથી લાદી મોટો વિવાદ સર્જ્યો હતો.

**આર્થિક સુધારના જનક**

કુશળ અર્થશાસ્ત્રી ડૉ. મનમોહન સિંઘે ૧૯૯૧-૯૨માં પ્રધાનમંત્રી નરસિંહ રાવના ટેકાથી જે ધરખમ આર્થિક સુધારા અને વૈશ્વિકીકરણલક્ષી અંદાજપત્ર રજૂ કર્યું હતું એને દેશ-વિદેશમાં પ્રચંડ આવકાર મળ્યો હતો. દેશની છેલ્લા બે-અઢી દાયકા દરમિયાન અદ્‌ભુત આર્થિક કાયાપલટમાં એમનું યોગદાન સૌથી મહત્ત્વનું રહ્યું છે. આર્થિક સુધારાની સંગીનતા અને આવશ્યકતા સ્વીકારી ડૉ. મનમોહન સિંઘ પછીના તમામ નાણાંમંત્રીઓએ અને વાજપેયી હેઠળની એનડીએની સરકારે સુધારાને આગળ ધપાવ્યા હતા.

પી. ચિદમ્બરમ્ એમના ૧૯૯૭-૯૮ના અંદાજપત્રમાં આવકવેરાનો મહત્તમ દર ઘટાડી ૩૦ ટકા, કોર્પોરેટ ટેક્સનો મહત્તમ દર ઘટાડી ૩૫ ટકા અને અન્ય કરવેરા - જકાતનું સરેરાશ પ્રમાણ ઘટાડી ૨૫ ટકા કરી ભારે આવકાર મેળવ્યો હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી અંદાજપત્રનો ઝોક ઈન્કલુઝિવ - સર્વસમાવેશક એટલે કે પ્રજાના તમામ વર્ગોને, ખાસ કરીને નબળા અને ગરીબ વર્ગોને વિકાસના લાભ-ફળ મળે એ જોવાનો રહ્યો છે. આ માટે અનેક યોજનાઓ અમલી બનાવાઈ છે.

| સ્વતંત્ર ભારતના સામાન્ય અંદાજપત્રોના આજ સુધીના સૂત્રધાર... | | |
|---|---|---|
| નાણાંમંત્રી | કયા વર્ષોનાં અંદાજપત્ર/વચગાળાનાં અંદાજપત્ર રજૂ કર્યાં... | અંદાજપત્રની કુલ સંખ્યા |
| શણ્મુખમ ચેટ્ટી | ૧૯૪૮-'૪૯ | ૧ |
| જોન મથાઈ | ૧૯૪૯-૫૦, ૧૯૫૦-૫૧ | ૨ |
| સી. ડી. દેશમુખ | ૧૯૫૧-૫૨, ૧૯૫૨-૫૩, (વચગાળાનું), ૧૯૫૨-૫૩, ૧૯૫૩-૫૪, ૧૯૫૪-૫૫, ૧૯૫૫-૫૬ અને ૧૯૫૬-૫૭ | ૭ |
| ટી.ટી. કૃષ્ણામાચારી | ૧૯૫૭-૫૮ (વચગાળાનું), ૧૯૫૭-૫૮, ૧૯૬૪-૬૫, ૧૯૬૫-૬૬ | ૪ |
| સચિન ચૌધરી | ૧૯૬૬-૬૭ | ૧ |
| જવાહરલાલ નહેરુ | ૧૯૫૮-૫૯ | ૧ |
| મોરારજી દેસાઈ | ૧૯૫૯-૬૦, ૧૯૬૦-૬૧, ૧૯૬૧-૬૨, ૧૯૬૨-૬૩, (વચગાળાનું), ૧૯૬૨-૬૩. ૧૯૬૩-૬૪, ૧૯૬૭-૬૮ (વચગાળાનું), ૧૯૬૭-૬૮, ૧૯૬૮-૬૯, ૧૯૬૯-૭૦ | ૧૦ |
| ઈન્દિરા ગાંધી | ૧૯૭૦-૭૧ | ૧ |
| યશવંતરાવ ચવાણ | ૧૯૭૧-૭૨, (વચગાળાનું), ૧૯૭૧-૭૨, ૧૯૭૨-૭૩, ૧૯૭૩-૭૪, ૧૯૭૪-૭૫ | ૫ |
| સી. સુબ્રમણ્યમ | ૧૯૭૪-૭૬, ૧૯૭૬-૭૭ | ૨ |
| એમ.એમ. પટેલ | ૧૯૭૭-૭૮ (વચગાળાનું), ૧૯૭૭-૭૮, ૧૯૭૮-૭૯ | ૩ |
| ચૌધરી ચરણસિંઘ | ૧૯૭૯-૮૦ | ૧ |
| આર. વેંકટરામન્ | ૧૯૮૦-૮૧ (વચગાળાનું), ૧૯૮૦-૮૧, ૧૯૮૧-૮૨ | ૩ |
| પ્રણવ મુખર્જી | ૧૯૮૨-૮૩, ૧૯૮૩-૮૪, ૧૯૮૪-૮૫, ૨૦૦૯-૧૦. (વચગાળાનું), ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ | ૮ |
| વી.પી. સિંઘ | ૧૯૮૫-૮૬, ૧૯૮૬-૮૭ | ૨ |
| રાજીવ ગાંધી | ૧૯૮૭-૮૮ | ૧ |
| એન.ડી.તિવારી | ૧૮૮૮-૮૯ | ૧ |
| શંકરરાવ ચવાણ | ૧૯૮૯-૯૦ | ૧ |
| મધુ દંડવતે | ૧૯૯૦-૯૧ | ૧ |
| ડૉ. મનમોહન સિંઘ | ૧૯૯૧-૯૨, ૧૯૯૨-૯૩, ૧૯૯૩-૯૪, ૧૯૯૪-૯૫, ૧૯૯૫-૯૬ | ૫ |
| યશવંત સિંહા | ૧૯૯૧-૯૨ (વચગાળાનું), ૧૯૯૮-૯૯, ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩ | ૬ |
| જશવંતસિંઘ | ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ (વચગાળાનું) | ૨ |
| પી. ચિદમ્બરમ્ | ૧૯૯૬-૯૭, ૧૯૯૭-૯૮, ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ (વચગાળાનું) | ૯ |
| અરુણ જેટલી | ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ | ૨ |

**લેખક પૂર્વ મીડિયા અધિકારી તથા મુક્ત પત્રકાર છે.**

# ગુજરાતમાં આદિમજૂથ સમુદાયની અર્થવ્યવસ્થા

• પ્રવીણ પટેલ •

## પ્રસ્તાવના

૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ભારતમાં અનુસૂચિત જનજાતિની વસતિ ૧૦.૪૨ કરોડ છે, જે કુલ વસતિના ૮.૬ ટકા છે, જ્યારે ગુજરાતમાં આદિવાસીની વસતિ ૮૯.૧૭ લાખ છે. જે કુલ વસતિના ૧૪.૭૫ ટકા છે. આદિવાસી વસતિની દૃષ્ટિએ રાષ્ટ્રીયસ્તરે ગુજરાતનો ચોથો નંબર છે. ગુજરાતમાં દરેક સાતમા માણસે એક આદિવાસી છે. ગુજરાતની આદિવાસી વસતિ પૂર્વપટ્ટી એટલે કે દાંતાથી લઈને ડાંગ સુધી ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકામાં વસવાટ કરે છે. રાજ્યમાં ૨૫ આદિવાસી સમુદાયો વસવાટ કરે છે. (૨૦૦૩થી ૩ આદિવાસી જાતિને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી બહાર મૂકેલ છે) ઉત્તરમાં સાબરકાંઠા અને બનાસકાંઠા, મધ્ય ભાગમાં દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા અને દક્ષિણ ભાગમાં સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં સીદી અને અમદાવાદ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં પઢાર જાતિની વસતિ વસવાટ કરતી જોવા મળે છે.

રાજ્યના દરેક જિલ્લામાં અનુસૂચિત જનજાતિ ઓછાવત્તા પ્રમાણમાં વસવાટ કરે છે, પરંતુ ઘનિષ્ટ વસતિ રાજ્યની પૂર્વપટ્ટીમાં અંબાજીથી ડાંગમાં જોવા મળે છે. આદિવાસી પ્રજા મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારમાં, જંગલ કે પહાડી વિસ્તારોમાં વસવાટ કરે છે.

પાંચમી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં કલ્યાણ મંત્રાલય દ્વારા આદિજાતિઓના કલ્યાણ વિષય પર જાન્યુઆરી ૧૯૭૫માં એક વર્કશોપ યોજવામાં આવ્યો હતો. તેમજ ઑક્ટોબર ૧૯૭૬માં કમિશનરશ્રીઓ તેમજ મુખ્યમંત્રીશ્રીઓની મળેલ બેઠકમાં પણ આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. ત્યાર બાદ તેના સંદર્ભમાં આદિવાસી જાતિઓમાંથી જે જાતિઓ વિકાસના લાભોથી વંચિત રહી હતી તેવી જાતિઓ માટે આદિમજૂથ જાહેર કરવા પાત્ર જાતિઓ બાબતે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ તથા તેમના વિકાસ માટે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની સૂચનાઓ ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા આપવામાં આવી હતી. જેમાં આદિમજૂથની જાતિઓ નક્કી કરવા માટે ખાસ ધોરણો નક્કી કરવામાં આવ્યાં હતા. જેમાં - (૧) શિક્ષણનું ઓછામાં ઓછું પ્રમાણ, (૨) સ્થગિત અથવા ઘટતી વસતિ, (૩) યાંત્રિકીકરણ વગરની પ્રાથમિક કક્ષાની કૃષિ વ્યવસ્થા (ટૅક્નોલૉજી પૂર્વની કૃષિ કક્ષા). ઉપરોક્ત લક્ષણો સાથે આર્થિક પછાતપણા જેવા ધોરણોને ધ્યાનમાં રાખીને ભારતની જુદી જુદી આદિવાસી જાતિઓમાંથી ૭૫ આદિવાસી જાતિઓને આદિમજૂથની જાતિઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ગુજરાતમાં આદિમજૂથ

ગુજરાત રાજ્યમાં ૨૫ અનુસૂચિત જનજાતિઓ વસવાટ કરતી જોવા મળે છે. આ બધા જ આદિવાસી સમૂહો ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં વસવાટ કરે છે. આદિવાસી જાતિઓમાં શિક્ષણ, આર્થિક પરિસ્થિતિ અને વસવાટમાં વિવિધતા જોવા મળે છે. આ ૨૫ આદિવાસી સમૂહોમાંથી કેટલાક જૂથો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત જોવા મળ્યા હતા. આથી આ જાતિઓના વિકાસ માટે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જુદા અભિગમથી અનેક યોજનાઓ અપનાવવામાં આવી છે જેથી કરીને આ જૂથમાંનું કોઈ પણ કુટુંબ વિકાસના લાભોથી વંચિત રહી ન જાય.

ગુજરાતમાં કોટવાળિયા અને કાથોડી જાતિને ૧૯૭૮માં, પઢાર અને સીદી જાતિને ૧૯૮૨માં અને કોલધા જાતિને ૧૯૮૩માં આદિમજૂથ તરીકે જાહેર કરવામાં આવી હતી. જે રાજ્યના ૧૫ જિલ્લામાં જુદા જુદા ગામડાંઓમાં, જંગલો, પહાડો, ખાડાટેકરાવાળા વિસ્તારોમાં જૂથમાં કે છૂટાછવાયા વસવાટ કરતા જોવા મળે છે. ગુજરાતમાં આદિમજૂથના કુલ ૨૩૪૭૯ કુટુંબો વસવાટ કરે છે.

**આદિવાસી સમાજમાં અર્થવ્યવસ્થા**

અર્થવ્યવસ્થા એ લઘુતમ મહેનત અને ખર્ચ દ્વારા સમાજની રોજબરોજની જરૂરિયાતોની પરિપૂર્તિ અર્થે માનવ સંબંધો અને માનવ પ્રયત્નોના સંગઠન અને વ્યવસ્થાની બનેલી છે. તે મર્યાદિત સાધનો દ્વારા અમર્યાદિત જરૂરિયાતોનો મહત્તમ સંતોષ મેળવવા માટેનો પ્રયાસ છે.

આદિવાસીઓની અર્થવ્યવસ્થા નિર્વાહલક્ષી છે. તેઓ જે ઉત્પાદન કરે છે તેનો ઉપભોગ કરે છે અને ઉપભોગ માટે જ ઉત્પાદન કરે છે. બચત કે નફાના હેતુથી નહીં. આથી આદિવાસી અર્થવ્યવસ્થાને ઉત્પાદન ઉપભોગ પ્રકારની અર્થવ્યવસ્થા કહેવામાં આવે છે. આદિવાસીઓ પાસે અતિ સાદુ યંત્રવિજ્ઞાન છે. આ સાદુ યંત્રવિજ્ઞાન તેમની પરિસ્થિતિ વિષયક વાતાવરણમાં બંધબેસતું છે. તેઓની અર્થવ્યવસ્થા નિર્વાહલક્ષી પ્રકારની છે. તેઓ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે વિભિન્ન પ્રકારના વ્યવસાયો કરે છે.

આદિવાસી સમાજમાં વ્યવસાયોનું વર્ગીકરણ બહુ જટિલ જોવા મળતું નથી. આદિવાસી સમાજ પાસે જમીન માલિકીનું પ્રમાણ ઓછું મળે છે. આદિવાસી વિસ્તાર મુખ્યત્વે રાજયની પૂર્વપટ્ટીમાં વસવાટ કરે છે. આ વિસ્તાર પર્વતીય અને ડુંગરાળ હોવાને કારણે અહીં કોઈ મોટા ધંધા કે રોજગારનો વિકાસ થયેલો જોવા મળતો નથી. આથી આ સમાજ મજૂરી પર જીવન નિર્વાહ કરતો જોવા મળે છે.

વસતિ ગણતરી ૨૦૧૧ પ્રમાણે દેશમાં આદિવાસી સમાજમાં ૪૦.૭૨ ટકા ખેડૂતો અને ૩૬.૨૯ ટકા ખેતમજૂરી કરતા લોકો જોવા મળે છે, જ્યારે ગુજરાતમાં ૩૪.૨૩ ટકા ખેડૂતો અને ૪૪.૭૪ ટકા ખેતમજૂરી કરતા લોકો જોવા મળે છે.

**આદિમજૂથ સમુદાયની અર્થવ્યવસ્થા**

**કોટવાળિયા**

કોટવાળિયા જાતિ મુખ્યત્વે દક્ષિણ ગુજરાતમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. કેટલાક લોકોનું માનવું છે કે કોટવાળિયા મૂળ ગામીતમાંથી ઉતરી આવ્યા છે. જ્યારે કોટવાળિયા વટોલિયા, બરોડિયા કે વાંસફોડિયા તરીકે પણ ઓળખાય છે.

કોટવાળિયાઓની અર્થવ્યવસ્થા તેમના પરંપરાગત વ્યવસાય વાંસ ઉદ્યોગ પર છે. તેના પર જ તેઓ પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. આથી વાંસ એ કોટવાળિયા માટે કલ્પવૃક્ષ સમાન છે. વાંસ ઉદ્યોગમાં કુટુંબના મોટાભાગના સભ્યો રોકાયેલા હોય છે. પુરુષો વાંસ લાવવાનું કામ કરે છે અને વાંસફોડી જે પ્રકારની વસ્તુઓ તૈયાર કરવાની હોય તે પ્રકારની ચીપો બનાવી આપે. સ્ત્રીઓ વાંસની ચીપોનો ઉપયોગ કરી ટોપલા-ટોપલીઓ, સાદડી વગેરે ઉપયોગી સાધનો બનાવે છે. તૈયાર થયેલો માલ પુરુષો બજારમાં અને ગામડાંમાં જઈ વેચી આવે છે.

વાંસ સિવાય તેઓ ખેતમજૂરીએ પણ જાય છે. વર્ષના ત્રણેક માસ તો તેઓ ખેતી-ખેતમજૂરીનું કામ કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. ઉપરાંત તેઓ મરઘાઉછેર, મત્સ્યોદ્યોગ અને પશુપાલનનો વ્યવસાય કરતા પણ જોવા મળે છે.

કોટવાળિયા જનજાતિમાં વ્યવસાય :

| વ્યવસાયનો પ્રકાર | વસતિ |
|---|---|
| ખેતી | ૪૦ |
| ખેતમજૂરી | ૧,૦૦૦ |
| છૂટકમજૂરી | ૨,૧૭૮ |
| નોકરી | ૩૧ |
| ધંધો | ૨૭ |
| વાંસકામ | ૧૦,૮૬૫ |
| પશુપાલન | ૮૯ |
| ડ્રાઈવર | ૪ |

**કાથોડી**

કાથોડી કાતકરી નામથી પણ ઓળખાય છે. આ બંને નામ કાથો બનાવવાના વ્યવસાય ઉપરથી ઉતરી આવેલ છે. તેમની બે પેટાજાતિઓ છે. જેમાં ઢોર-કાથોડી અને સોન કાથોડી અથવા ઢોર-કાતકરી અને સોન-કાતકરી.

કાથોડી લોકોનો મુખ્ય વ્યવસાય જંગલમાં ખેરનાં વૃક્ષોમાંથી કાથો પાડવાનો અને કોલસા તૈયાર કરવાનો હતો. પરંતુ હવે જંગલમાં ખેરનાં વૃક્ષો ન હોવાથી તેમના ધંધામાં પરિવર્તન આવ્યું છે. હવે તેઓ ખેતી, મજૂરી, પશુપાલન તેમજ અન્ય વ્યવસાય કરતા થયા છે. ચોમાસાની ઋતુમાં ખેતી કરે છે. પરંતુ જમીનનું પ્રમાણ ખૂબ જ ઓછું હોવાથી અનાજ ઓછું પાકે છે. પોતાની ખેતીનું કામ પૂર્ણ થઈ ગયા પછી બીજાને ત્યાં ખેતીમાં મદદ કરવા માટે જાય છે. ગામમાં મજૂરીનો દર ખૂબ જ ઓછો છે તેથી તેઓ બહારગામ મજૂરી માટે સ્થળાંતર કરતા જોવા મળે છે. ખાસ કરીને સ્થાળાંતર કરીને અન્ય છૂટક મજૂરી તેમજ રોડકામ કરતાં વધુ નજરે પડે છે. ઉનાળા અને શિયાળાની ઋતુમાં

ગામમાં મજૂરી ન મળતાં બહારગામ મજૂરી અર્થે જતા હોય છે.

**કાથોડી જનજાતિમાં વ્યવસાય**

| વ્યવસાયનો પ્રકાર | વસતિ |
|---|---|
| ખેતી | ૪૬ |
| ખેતમજૂરી | ૧,૪૮૫ |
| છૂટકમજૂરી | ૬,૦૯૪ |
| નોકરી | ૩૫ |
| ધંધો | ૧૦ |
| માછીમારી | ૧૧ |
| પશુપાલન | ૧૦ |
| ડ્રાઈવર | ૩ |

**સીદી**

સીદી સંપૂર્ણ નીગ્રો પ્રજાતીય તત્ત્વો ધરાવતી જાતિ છે.

ગુજરાતના સીદીઓ સ્વભાવે માયાળુ અને સરળ છે. વળી મોજીલા હોવાથી તે સમાજના લોકો જ એકબીજાને બાદશાહના હુલામણા નામથી સંબોધે છે. અન્ય લાકો પણ તેમને સીદી બાદશાહ તરીકે ઓળખે છે.

ગુજરાતમાં સીદીઓનાં વસવાટ વિશે લોકવાયકા એવી પણ છે કે સીદીઓ ભરૂચ જિલ્લાનાં ઝઘડિયા તાલુકાના રતનપુર ગામે પ્રથમ આવ્યા. જ્યારે કેટલાક એવું પણ માને છે કે ગુજરાતમાં અન્ય સ્થળોએ ગયા હશે, કારણ કે સીદીઓની બાબાગોરની મૂળ દરગાહ રતનપુરમાં છે. ત્યાં આજે પણ મોટો મેળો ભરાય છે.

સીદીઓનો વસવાટ વધુ પ્રમાણમાં જૂનાગઢ જિલ્લાના તલાલા તાલુકામાં છે. જ્યાં ગીરનું જંગલ આવેલું છે. જંગલ મજૂરીમાં હાલમાં જંગલના કૂપો કપાતા નથી છતાં જંગલ ખાતાના લાકડા કાપવાનું, સરખા કરવાનું, જંગલમાં નવા ઝાડ રોપવાનું કામ કરે છે. જેમાં ખાસ કરીને પુરુષો આ કામ વધુ કરે છે. આ સિવાય શહેરી વિસ્તારમાં તેલની મિલોમાં, કારખાનામાં, ખટારામાં માલ ઉતારવા ચઢાવવાનું, ગોળના કારખાનામાં શેરડી પીલવાનું તથા ભઠ્ઠામાં ગોળ બનાવવામાં મદદ કરે છે. આ ઉપરાંત ગામમાં કોઈનું ઘર બંધાતું હોય તો તેમાં ઈંટો ઉપાડવાનું, પથ્થરો આપ-લે કરવાનું, માટી કે સિમેન્ટ પાયા સુધી આપવાનું જરૂરિયાત પ્રમાણે પાણી લાવવાનું, છાંટવાનું વગેરે કામો કરે છે. જે કુટુંબો પાસે ખેતીની જમીન છે તેઓ પાળા બાંધવા, ખેતર સરખું કરવું, ખેતર ખેડવું, અનાજ વાવવું, નિંદામણ કરવું, પાક સાચવવો, પાક કાપવો, તૈયાર અનાજ ઘેર લાવવું વગેરે કામ કરે છે. બાંધણી બાંધવાનું કામ પણ તેઓ કરે છે.

આ ઉપરાંત સ્ત્રીઓ ખેતમાલિકોને ત્યાં ઘરકામની મજૂરી કરે છે. જેમાં સવારે જઈને ઢોરનું છાણ ઉકરડે નાંખી આવે અને કોઢ સાફ કરે, કપડાં ધોવાનું કામ કરે છે. આ રીતે જ્યાં મજૂરીકામ મળે ત્યાં કરે છે.

**સીદી જનજાતિમાં વ્યવસાય**

| વ્યવસાયનો પ્રકાર | વસતિ |
|---|---|
| ખેતી | ૨૧૧ |
| ખેતમજૂરી | ૧૫૮ |
| છૂટક મજૂરી | ૨,૭૯૩ |
| નોકરી | ૩૬૫ |
| ધંધો | ૯૮ |
| પશુપાલન | ૩ |
| ડ્રાઈવર | ૧૨૪ |
| બીજાના ઘરના કામ | ૧૪૪ |

**પઢાર**

પ્રાથમિક ઢબે જીવન જીવતી કોમોમાં પઢાર કોમનું નામ સૌરાષ્ટ્રમાં મોખરે છે. પઢાર લોકો રંગે શ્યામ, મધ્યમ કદનાં, શરીરે કદાવર, કસાયેલા મજબૂત બાંધાના છે.

પઢારોનાં જીવનમાં કેન્દ્ર સ્થાને નળસરોવર રહેલું છે. નળસરોવરમાંથી તેઓ પોતાનાં ખોરાક માટે કંદમૂળ ખોદે છે અને માછલી પકડે છે. શિયાળા, ઉનાળાની ઋતુ દરમિયાન પઢારો નળસરોવર વિસ્તારમાંથી સરોવરનું પાણી જેમ સુકાતું જાય અને જમીન ખુલ્લી થતી જાય તેમ ત્યાંથી પોતાના બારેમાસનાં ખોરાક માટે બીડ અને થેગ ખોદવાનું કામ કરે છે. આ ઉપરાંત મોટાભાગનાં પઢારો માટીકામ, રસ્તા અને મકાન બાંધકામની મજૂરીમાં રોકાયેલા હોય છે. આ કામોમાં નહેરોનું ખોદકામ, પાળા બાંધકામ, કાંસનું તથા ગટર લાઈનનું ખોદકામ અને રસ્તા બાંધકામની મજૂરી કરતાં હોય છે. આ બધા કામો સરકારી કોન્ટ્રાક્ટરો દ્વારા થતા હોય છે, આ કામો ગુજરાતનાં કોઈ પણ સ્થળે થતા હોય તે સ્થળે તેઓને મજૂરી માટે લઈ જવામાં આવે છે. નાના બાળકો જે શાળામાં જઈ શકે તેવા હોય તેઓને નાના ભાઈ-બહેનને રાખવા પોતાની સાથે લઈ જાય છે. આમ બાળકને શાળામાં ભણવાનું છોડાવીને પોતાની સાથે લઈ જાય છે. જેથી પતિ-પત્ની બંને મજૂરી કરી શકે. પઢાર જાતિ અન્ય આદિમજૂથ જાતિઓ કરતાં વધુ સ્થળાંતર કરતી જાતિ છે.

**પઢાર જનજાતિમાં વ્યવસાય**

| વ્યવસાયનો પ્રકાર | વસતિ |
|---|---|
| ખેતી | ૭૨૦ |
| ખેતમજૂરી | ૭૮ |
| છૂટકમજૂરી | ૧૧,૦૮૦ |
| નોકરી | ૯૧ |
| ધંધો | ૧૦૭ |
| માછીમારી | ૪૯ |
| પશુપાલન | ૧૩૦ |
| ડ્રાઈવર | ૩૧ |

**કોલઘા**

આ લોકો કયા પ્રદેશમાંથી આવીને વલસાડના ધરમપુર તાલુકામાં, નવસારી જિલ્લાના વાંસદા, ચીખલી તાલુકાના ગ્રામ્ય પ્રદેશોમાં વસવાટ શરૂ કર્યો તે અંગેનો વિગતવાર ઈતિહાસ ક્યાંય જાણવા મળતો નથી.

કોલઘા જાતિ મુખ્યત્વે જંગલો અને ડુંગરાળ વિસ્તારમાં વસવાટ કરતી જોવા મળે છે. તેમનો મૂળ વસવાટ વાસ્તવમાં ખાનદેશ કે મહારાષ્ટ્ર છે. આ પ્રદેશના કોલઘાની અવસ્થા મધ્યયુગમાં સામંતશાહી દાસો જેવી હતી. તેઓ ખૂબ જ પરિશ્રમ કરનારી અને મહેનતુ જાતિ તરીકે ઓળખાતી હતી. જમીનદારો કે માલિકો જે આપે તેનાથી સંતોષ માનતી. કોલઘા નામ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું તે પણ તેઓ જાણતા નથી.

કોલઘા જાતિનો મુખ્ય ધંધો દેડકા પકડવાનો હતો. પરંતુ આ ધંધો બંધ થતા હવે વિસ્તાર પ્રમાણે અલગ અલગ વ્યવસાય કરતા જોવા મળે છે. પહાડી વિસ્તારોમાં વસવાટ કરતા લોકો જંગલમજૂરી તથા અન્ય મજૂરી કરે છે. જેમાં અન્ય મજૂરીમાં કોઈક ટોપલા બનાવવાનું કામ કરે છે. શહેરી વિસ્તાર નજીક વસતા આ જાતિનાં લોકો કારખાનાં તથા છૂટક મજૂરી કરતા થયા છે. છૂટક મજૂરી માટે ગામ તથા તાલુકા અને જિલ્લા બહાર પણ જાય છે.

કોલઘા આદિવાસીઓમાં જમીનમાલિકીનું પ્રમાણ ખૂબ જ ઓછું છે તેથી તેઓ ખેતી સાથે ખેતમજૂરીના વ્યવસાય પર પણ આધાર રાખે છે. તેઓ ધોડિયા તથા કુકણા આદિવાસીઓને ત્યાં ખેતમજૂરી માટે તેમજ અન્ય પ્રકારના કાર્યો અર્થે જાય છે, જેવા કે ઘર બાંધવું, ડાંગરની ક્યારી બનાવવી, કૂવો ખોદવો, ચોમાસાની ઋતુ માટે બળતણના લાકડા એકત્રિત કરવા, પશુ ચરાવવા વગેરે જેવા કામ કરે છે. આ સિવાય તેઓ સુગર ફેકટરીમાં શેરડી કાપવા માટે ૨ થી ૩ મહિના બહાર જાય છે.

**કોલઘા જનજાતિમાં વ્યવસાય**

| વ્યવસાયનો પ્રકાર | વસતિ |
|---|---|
| ખેતી | ૫૮૮ |
| ખેતમજૂરી | ૧,૨૩૬ |
| છૂટક મજૂરી | ૨૩,૧૧૬ |
| નોકરી | ૧૨૫ |
| ધંધો | ૮૪ |
| પશુપાલન | ૭૫ |
| ડ્રાઈવર | ૨૫ |

આમ અહીં જોઈ શકાય છે કે રાજ્યમાં વસવાટ કરતી આદિમજૂથ જાતિઓમાં દરેક જનજાતિમાં સૌથી વધુ લોકો ખેતમજૂરી કે છૂટકમજૂરી સાથે સંકળાયેલા જોવા મળે છે.

**સંદર્ભસૂચિ**


૧. આદિમજૂથ બેઈઝ લાઈન સરવે, ૨૦૦૧ અને ૨૦૦૫, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય અને રવિન્દ્ર પંચોલી.

૨. કોટવાળિયા એક વ્યવસાયી, અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજ-માનવશાસ્ત્રીય અધ્યયન, ૧૯૮૨-૮૩, ભીખાભાઈ સો. પટેલ

૩. વસતિ ગણતરી, ૨૦૧૧ ભારત સરકાર

૪. Masvi M.I., 1979, Kolghas of Gujarat

૫. Nayak Thakorbhai, 1980 Siddis of Gujarat-A development oriented socio-economic study of a schedule tribe of Gujarat Tribal Research and Training Institute, Gujarat Vidhyapith, Ahmedabad-380 014

૬. Barot Nilesh, 2002, "Impact of Triabl Area Subplan on Siddi tribals", A Ph. D. Study Department of Sociology, Saurashtra University, Rajkot. (Gujarati)

**વેબસાઈટ :**

1. www.tribal.guj.nic.in
2. www.tribal.nic.in
3. www.tribal.nic.in
4. www.censusindia.gov.in
5. www.censusgujarat.gov.in



**લેખક અમદાવાદમાં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠમાં સંશોધન મદદનીશ છે.**

# કચ્છમાં જમીનની ફળદ્રુપતા અને રોજગારલક્ષી વનસ્પતિઓ

● સૂર્યકાન્ત ભટ્ટ ●

**મા**નવી અને માનવજીવનના વિકાસ માટે જમીન કે ભૂમિ અનિવાર્ય છે. જમીન પર નિસર્ગે માનવજીનને ઉપયોગી અનેક પેદાશો વનસ્પતિ સ્વરૂપે, વન ઔષધીય સ્વરૂપે અર્પણ કરેલી છે. આપણી આ સમગ્ર પૃથ્વી પર ૭૧ ટકા ભાગમાં પાણી છે. જ્યારે માત્ર ૨૯ ટકા ભાગમાં જમીન આવેલ છે. ભારતને માત્ર આમાંથી બે ટકા જમીન મળી છે. જેની પર વિશ્વની પંદર ટકા વસ્તી વસે છે. નિસર્ગની કૃપા એ પણ છે કે જમીનની અંદર પણ અનેક પ્રકારના સોના, ચાંદી, લોખંડ, કોલસા, તેલ જેવા માનવ ઉપયોગી પદાર્થો પ્રાપ્ત થઈ રહ્યા છે. જે માનવીની આર્થિક, ઉદ્યોગ વિષયક પ્રગતિમાં ઘણા ઉપયોગી બન્યા છે. આ સંદર્ભે એમ અવશ્ય કહી શકાય કે માનવીને કુદરતે અનેક ચીજવસ્તુઓ બક્ષિસમાં આપી છે. માણસ પોતાની બુદ્ધિ વડે પદાર્થોનું રૂપાંતર કરી નવસર્જન કરતો રહ્યો છે.

ભૂસ્તરશાસ્ત્રીઓએ જમીનોનો અભ્યાસ કરી વિવિધ પ્રકારો વર્ણવ્યા છે. નદીકાંઠાના વિસ્તારની જમીન કે કાંપની ફળદ્રુપ જમીન, દરિયાકાંઠાની જમીન કે ખારપાટ જમીન, રણ વિસ્તારની તથા પહાડી પ્રદેશોની જમીન, કૃષિવિષયક અને બિન કૃષિવિષયક અને જંગલોના વિસ્તારની જમીન તથા રહેઠાણ કે રહેણાકની જમીન એવા પ્રકારો પણ દર્શાવવામાં આવ્યા છે. જમીન પર જ જીવ જીવન વિકાસની શક્યતાઓને કારણે પ્રત્યેક શુભ કર્મો સમયે શાસ્ત્રોએ ભૂમિનું અર્થાત્ જમીનનું પૂજન અર્ચન કરવાનું સૂચવ્યું છે. આજે પણ ભૂમિપૂજન લોકો કરે છે. તીર્થધામોમાં લોકો ભૂમિને બે હાથે સ્પર્શી આંખે અડાડીને વંદના કરતા હોય છે.

જમીનની ઉપર લતા, વેલી, વૃક્ષ, વનસ્પતિઓ કે ફળ, ફૂલ અને અનાજ, ઘાસચારા, શાકભાજીના વાવેતરો દશ્યમાન થાય છે. પરંતુ આ જમીનો પરના ઉત્પાદન કે પેદાશ પ્રાપ્તિના વિકાસમાં આડે આવતા અવરોધોને દૂર કરવા ઉપાયો પણ શોધી કાઢવામાં આવ્યા છે. કે જેથી જમીનનું ધોવાણ કે બગાડ થતો અટકવા પામે. જાપાન દેશમાં અવારનવાર જ્વાળામુખી પર્વતો ફાટે છે. ધગધગતો લાવારસ વિનાશ નોતરે છે તેથી જાપાનના લોકોએ ખેતી માટે 'ટેરેસ સિસ્ટમ' પગથિયાવાળી ખેતી વિકસાવી છે. તો ૧૮, ૧૯મી સદીમાં વિશેષ કૃષિ ઉત્પાદન મેળવવા "થ્રીફિલ્ડ સિસ્ટમ" ત્રણ ખેતરની પ્રથા અસ્તિત્વમાં હતી, જે ઇંગ્લૅન્ડમાં હતી.

આજનો રણ, ડુંગરો અને મહેરામણ ધરાવતા કચ્છ પ્રદેશમાં સૂકા દુષ્કાળો, તીડ, ભૂકંપ, વાવાઝોડું જેવી નૈસર્ગિક અનેક આફતો અવારનવાર આવતી રહે છે. જે માનવજીવનને રફેદફે કરી નાંખે છે. કચ્છની શૂરવીર જનતા તેનો સદીઓથી સામનો કરી રહી છે. આવા વિસ્તારોમાં પાણી સાથે ઢોરો માટે ઘાસચારા તથા લોકો માટે અનાજની સમસ્યાઓ સર્જાતી રહે છે. સમુદ્રપટ વિસ્તારોની જમીનો પર અવારનવાર વાવંટોળને કારણે રેતીનું સામ્રાજ્ય સર્જાય છે. આવા સમયે રેતીને આગળ વધતી અટકાવવા કચ્છના સુપ્રસિદ્ધ વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી ઠાકરે કેટલાક ઉપાયો દર્શાવ્યા છે.

રેતી દબાવતી વનસ્પતિઓ વિશે ડૉ. કલીઘોર્ન તથા ડૉ. બાલ્ફરેએ ઘણી જાણકારી આપી છે. ઉડતી રેતીના ઢસા પર 'ખિપ' નામની વનસ્પતિ ખૂબ ઊગે છે. જે કચ્છમાં ઘણી પ્રસિદ્ધ છે. આ ખિપને રેસાખિપ પણ કહે છે. તેનું બોટેનિકલ નામ જાણવું જરૂરી છે. તે 'LEPTADENIA JAQUE MONTIANA' છે. તેના મૂળ રેતીમાં ખીલાની જેમ ખૂંપી જાય છે. એમાંથી સુંદર રેસા પણ નીકળે છે. તેમાંથી દોરડાં બનાવવામાં આવે છે. કચ્છમાં માંડવીના દરિયા કિનારે વિશેષ ઊગેલા છે, જે રોજગારી બક્ષે છે.

બરેન એફ વોનમ્યુલર નોંધે છે કે ૮૦ જાતની વનસ્પતિ એવી છે કે રેતી ઊડીને જ્યાં ઢસા થયા હોય તે પર વાવવાથી તે જમીનને કઠણ કરે છે અને રેતીને આગળ વધતી અટકાવે છે. દરિયા કિનારા પર દેશી સરૂના વૃક્ષો વાવવા માટે મૈસુર બોટેનિકલ ગાર્ડનના પૂર્વ સુપ્રિન્ટેન્ડેન્ટ મી. જે. કેમરન ખાસ ભલામણ કરે છે. અન્ય દેશોમાં તેને

‘TINIAN PINE’ અથવા ‘BEEF WOOD TREE’ કહે છે. દરિયાની જે જમીન ભરતી કરી સુધારવામાં આવી હોય ત્યાં આ વૃક્ષો વાવવા જોઈએ. તે પાણીને જલ્દી સૂકવી શકે છે.

ચેરિયાના વૃક્ષો દરિયાની કીચડવાળી ખાડીઓમાં ભરતી-ઓટના પાણી ચઢતા હોય તેવી જગામાં ઊગે છે. તે ભારત સિવાય બ્રહ્મદેશ, અંદામાન-નિકોબાર થતા દક્ષિણ અમેરિકા, ઑસ્ટ્રેલિયા, આફ્રિકામાં થાય છે. કચ્છમાં લખપત, જખૌની ખાડીમાં વિશેષ જોવા મળે છે. આ વૃક્ષના લાકડાંમાંથી પારણા, ધોકા, માંચી, ઢીંચણિયાં, વેલકણાં આદિ બને છે. આ વૃક્ષની રાખ રંગકામમાં ઉપયોગી છે. વહાણ અને હોડીના બંધારણમાં આ વૃક્ષનું લાકડું ઉપયોગી બને છે. ચેરિયાને ‘તવર’ પણ કહે છે. ઈન્ફલુએન્ઝાના તાવમાં તવરના પાનનો રસ પીવડાવવામાં આવે છે. આ વૃક્ષો આખરે તો રોજગારલક્ષી છે.

કચ્છમાં રોજગારલક્ષી જમીન પરની અન્ય વનસ્પતિઓમાં ડાંડલિયોથોર, ગાંગી, ખજૂરી, ખાખરો, છીણી, બોર, આમલી, તલબાવળી, કરંજ, શંખાવલી, કેરડા, ગુંદી ઉપયોગી છે. કચ્છમાં બે જાતના બાવળના વૃક્ષો છે. જેમાં મીઠો બાવળ દાતણ તરીકે તથા તેનો ગુંદ, ફળી લાકડું રોજગાર બક્ષે છે. બાવળને ‘BABUL TREE’ કહે છે.

બાવળનું લાકડું ખેતીના તમામ ઓજારોમાં ઉપયોગી છે. ડુંગરની ધારો પર, ડુંગરોની તળેટીમાં અને રસ્તાઓની આજુબાજુ આડેધડ કાંટાવાળા બાવળ ઊગે છે. બાવળનું વૃક્ષ ૧૫, ૨૦ વર્ષે પાકું થઈ જાય છે. બાવળની છાંલ કપડાં રંગવામાં ઉપયોગી બને છે. બળતણ માટે કોલસા બને છે બાવળની સૂકાયેલી છાલનો લોટ બનાવી બાજરાના લોટમાં ભેળવી દુષ્કાળ સમયે ગરીબો આરોગે છે. બાવળની ફળી પશુઓ ખાય છે. બાવળની છાલમાંથી ‘ટેનિન’ અને ટેનિક એસિડ નીકળે છે. સિંધમાં ‘કરી બાવળ’ વૃક્ષમાં લાખ થાય છે.

ગળો, આમ તો ગળોના વેલાને ઘણા લોકો ઓળખે છે. તેના ઔષધીય ગુણો અનેક છે. તે ચોમાસે ખૂબ જ મળી આવે છે. હવે તો તેને ‘ઇન્ડિયન ફાર્માકોપીઆ’માં ઔષધી તરીકે દાખલ કરવામાં આવેલ છે. આજે તો આ વનસ્પતિઓ માનવી માટે રોજગારલક્ષી બની છે. કહેવાય છે કે –

**ગળો, અઘેડો, વાવડિંગ શંખાવલિ, વજ, સૂંઠ,**
**વિદ્યા બ્રાહ્મી, શતાવરી ગાના ઘીમાં ઘૂંટ,**
**ઊઠી પ્રભાતે જો ગળે એ ગોળી નિત એક,**
**મટે સ્વભાળે વિસ્મૃતિ વિદ્યા ચઢે વિશેક.**

**લેખક ભૂજ ખાતે મુક્ત પત્રકાર છે.**


## FORM IV

Statement about ownership and other particulars about newspaper (Yojana Gujarati) to be published in the first issue every year after the last day of February

| | | |
|---|---|---|
| 1. | Place of Publication | Ahmedabad |
| 2. | Periodicity of its publication | Monthly |
| 3. | Printer’s Name<br>Nationality<br>Address | Ms. Sadhana Rout<br>Indian<br>Soochna Bhawan,<br>Publication Division,<br>New Delhi 110 003 |
| 4. | Publisher’s Name<br>Nationality<br>Address | Ms. Sadhana Rout<br>Indian<br>Soochna Bhawan,<br>Publication Division,<br>New Delhi 110 003 |
| 5. | Editor’s Name<br>Nationality<br>Address | Amita Maru<br>Indian<br>Yojana Karyalaya, Ambika Complex,<br>Paldi, Ahmedabad, 380 007 |
| 6. | Names and addresses of Individuals who own the newspapers and partners or shareholders holding more than one per cent of the total Capital. | Ministry of I. & B., Govt. of India<br>New Delhi 110 001 |

I, Sadhana Rout hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

( Sadhana Rout )
Signature of Publisher

(Dr. SADHANA ROUT)
Addl. Director General (I/C)
Publications Division
Min. of Information & Broadcasting
Soochna Bhawan, CGO Complex
Lodhi Road, New Delhi-03

Date : 10-02-2015

# ભારતની નારીશક્તિ નૂતન ભારતના નિર્માણની સહભાગીદાર છે

● સંકલન : કુ. ધૃતિ છાયા ●

કોઇ પણ સમાજની પ્રતિષ્ઠા તે સમાજની નારીની પ્રતિષ્ઠા ઉપર અવલંબે છે. ભારત દેશમાં તો પ્રાચીન કાળથી જ સ્ત્રી સન્માન અને સ્ત્રી દાક્ષિણ્યની ભાવના પ્રચલિત છે જ. વૈદિક ભારતના સુવર્ણ યુગનું રહસ્ય પણ તે સમયની વિદુષી નારીઓ જ હતી. તત્કાલિન મહિલાઓ રાજકીય, સામાજિક અને પ્રશાસનિક જવાબદારીઓની સાથોસાથ ઋષિત્વ અને વર્ચસ્વમાં પણ મોખરે હતી. ઋગ્વેદમાં અને અથર્વવેદમાં ગાર્ગી, સુલભા, કાત્યાયની, અનસૂયા, સાવિત્રી, શ્રુતવતી જેવી વિદૂષીઓની ગૌરવ ગાથાઓ ભરેલી પડી છે. તો ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, અહલ્યાબાઇ, પદમીની અને દુર્ગાવતીની શૌર્યગાથાઓ પણ એટલી જ પ્રેરણાદાયી છે. તો આધુનિક યુગમાં કસ્તુરબા, સરોજિની નાયડુ, વિજયાલક્ષ્મી પંડિત, લત્તા મંગેશકર, અમૃતા પ્રીતમ, શંકુતલા દેવી જેવા નારીરત્નો કે ૨૧મી સદીના કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, સુધામૂર્તિ, ઇલા ભટ્ટ, ચંદા કોચર, ઇન્દ્રાનૂયી કે નોબલ પારિતોષિક જીતનાર મલાલા એ સ્ત્રીઓની શકિતને વિશ્વ સમક્ષ લાવીને મૂકી દીધી છે. સ્ત્રી શકિતને કોઇએ ઓછી આંકવાની ભૂલ ન કરવી જોઇએ.

વિશાળ હિંદુસ્તાન પર કાળક્રમે શક, હૂણ, કુશાણ, મોગલ, બ્રિટીશ વગેરે સંસ્કૃતિઓનું આક્રમણ થતાં સ્ત્રીઓનો દરજ્જો થોડો નીચે ઉતર્યો. પરદાપ્રથા, સ્ત્રીઓને શિક્ષણથી અમુક પ્રકારના અધિકારથી વંચિત રાખવી, સ્ત્રીઓને પુરૂષની તુલનામાં નિમ્ન ગણવી વગેરે બાબતોમાં દિન-પ્રતિદિન વધારો થતો ગયો. પરંતુ આદિકાળથી પુરૂષપ્રધાન સમાજમાં પુરૂષોનું જ આધિપત્ય વિશેષ રહ્યું છે. હંમેશાં બીજા ક્રમે જ રહેનાર નારી અનેકવાર શોષણ, જુલમ અને અત્યાચારોની શિકાર બનતી આવી છે. સમયના પ્રવાહની સાથે કેટલીક જાગૃત મહિલાઓ, મહિલા સંગઠનો એ નારી ઉપર થતા અત્યાચારો સહન કરવાને બદલે તેની સામે જેહાદો જગાવી, અન્યાયની સામે જબરજસ્ત ક્રાંતિના શ્રીગણેશ માંડયા. મહિલા અધિકારિતાનો શંખ ફુંકાયો. આ ઝૂંબેશના પરિણામ રૂપ દર વર્ષે ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી શરૂ કરવામાં આવી. ૮મી માર્ચે, ૧૯૯૬ના રોજ લોકસભામાં અને રાજયસભામાં મહિલાઓના દરજ્જામાં સુધારાની વાત ઠરાવ પસાર કરીને વિચારાઇ.

અધિકાર અને કર્તવ્ય બન્ને મુલ્યો એ સ્વયંસિદ્ધ ચીજ છે. સ્ત્રી એટલે એણે માત્ર કર્તવ્ય જ બજાવે એ હવે શક્ય નથી! કર્તવ્યની સાથોસાથ તેને અધિકાર પણ મળવો જોઇએ. ગૌરવપૂર્ણ સમાજ રચના માટે સ્ત્રી-પુરૂષ સમાનતા અનિવાર્ય છે. ૨૧મી સદીમાં પ્રત્યેક ક્ષેત્રે પરિવર્તનનો જબરજસ્ત પવન ફુંકાઈ રહ્યો છે. સામાજિક માળખામાં અને માન્યતાઓમાં શિક્ષણના પ્રચાર અને પ્રસારને લીધે પરિવર્તન આવ્યાં છે. સ્ત્રી દરેક ક્ષેત્રમાં સ્વયંસિધ્ધા બની છે, નારી પુરૂષ સમોવડી નહીં પણ સ્વસમોવડી બની છે.

કુદરતે સ્ત્રીને આ પૃથ્વી પર જીવન આપીને મોકલે છે તે કોઇ પુરૂષના પુરોહિતપણ હેઠળ નથી મોકલતી. સ્ત્રી અને સર્જનહારનો સીધો સંબંધ છે અને સ્ત્રીને પોતાના દેહ પર, પોતાના જીવન પર પોતાનો સ્વતંત્ર એવો પૂરેપૂરો અધિકાર છે. સ્ત્રીના આ સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર પ્રત્યેકે કરવો જ રહ્યો. નેશનલ કમિશન ફોર વુમેન અને લોયર્સ કલેકટીવ કહે છે કે, શારીરિક ઉપરાંત મહિલાઓની માનસિક શાંતિ છીનવી લે તેવી પુરૂષોની વૃત્તિને રોકવા વધુ પ્રયત્નો થવા જોઇએ. સ્ત્રીએ આજે તેના અધિકારો માટે જાગૃત બનવું જ રહ્યું. અફસોસ તો એ વાતનો છે કે મોટાભાગની સ્ત્રીઓને જ ખબર નથી હોતી કે તેમને કાયદા કે ન્યાયતંત્ર દ્વારા શું અધિકારો મળે છે ?

ભારતની સરકારે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સ્ત્રીઓને ૩૩ ટકા અનામત આપવાની જોગવાઇ કરી છે જેના અમલથી મહિલાઓનું રાજકીયક્ષેત્રે પ્રદાન વધ્યું છે. માત્ર કાયદાકીય અધિકારો સ્થાપવાથી સ્ત્રીઓની સ્થિતિ સુધરી જશે ખરી? કાયદા દ્વારા અધિકારની સાથોસાથ

જરૂરત તો છે પુરૂષો અને સ્ત્રીઓ વચ્ચે સંવાદિતા જળવાય, એક બીજા વચ્ચે સમજ- સાચી સમજ કેળવાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની. લગ્નનાં ઘણાં વર્ષો એક જ છત નીચે સાથે વિતાવ્યા હોવા છતાં ઘણાં યુગલોમાં સાચું સાયુજય જોવા મળતું નથી. સંસાર રથના ચક્રના મુખ્ય આધાર સમી નારીએ પોતે પોતાનું મહત્વ પ્રસ્થાપિત કરવું પડશે અને તો જ તે સ્વતંત્ર માનવ તરીકેના અધિકાર મેળવી શકશે.

દરેક મહિલાની અને સ્ત્રી સંગઠનની પ્રથમ ફરજ એ રહેશે કે ''સ્ત્રી'' ને વ્યકિત તરીકે સ્વીકારી, એના આત્મગૌરવ માટે અધિકાર આપવામાં, પ્રમાણસરનું પ્રતિનિધિત્વ આપવામાં અને દરેક ક્ષેત્રમાં તબક્કાવાર સમર્થન આપવામાં જે કાયદાકીય ગૂંચ હોય તે સત્વરે દૂર થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ. ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિને સમાજ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નારી સંગઠનોએ નારીને મળેલ કાયદાની દૃષ્ટિએ સમાન હક્કો અને વિશિષ્ટ કાયદાની જોગવાઇ હેઠળ મળતા રક્ષણ પૂરતો પોતાનો દૃષ્ટિકોણ સીમિત ન રાખતાં વૈશ્વિક સમાજની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન લાવવું પડશે તથા જીવન મૂલ્યોને અનુરૂપ સમાજ પધ્ધતિ દાખલ કરશે તો જ વિશ્વ ફલક પર ઉજવાતો ૮મી માર્ચ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'' સાચા અર્થમાં સાબિત થશે.

વિકસિત અને વિકાસશીલ દેશોમાં કન્યા કેળવણીમાં ઉત્સાહજનક વધારો થઇ રહ્યો છે. બ્રિટન, ફ્રાન્સ, જાપાન, સ્વીત્ઝરલેન્ડ અને સ્વીડન જેવા દેશોમાં માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓ કરતાં કન્યાઓની સંખ્યા વધુ જોવા મળે છે. એક સર્વેક્ષણ દ્વારા એવું નોંધાયું છે કે જે દેશમાં કન્યા કેળવણીનો દર નીચો છે તે દેશોમાં માથાદીઠ સરેરાશ આવકનો દર પણ નીચો રહ્યો છે. એશિયા મહાદ્વિપમાં જાપાન કન્યા કેળવણીમાં મોખરે છે. જ્યારે ભારતમાં આ દર ઓછો છે. સ્ત્રી કેળવણીની દિશામાં નેપાલ, અફઘાનિસ્તાન અને સોમાલિયા સૌથી પાછળ છે. શાશ્વત જાગૃતિ, સામાજિક ચેતના અને સામાજિક પ્રબોધન એ મહિલા અત્યાચારો સામેની આદર્શ ઝુંબેશ છે. સ્વાભાવિક રીતે જ જાગૃતિ આણવા માટે પ્રશિક્ષણ, કાનૂની શિક્ષણ-શિબિરો, મહિલા સ્વાવલંબન પ્રવૃત્તિઓને વ્યાપ વધારવો, પછાત વિસ્તારમાં પ્રાદેશિક હુન્નર અને કલાનો વિકાસ ખૂબ ઉપયોગી છે, આરોગ્ય ક્ષેત્રે પણ બાળકી, કન્યા કે મહિલા પૂરતી જાળવણી થતી નથી હોતી તેથી આરોગ્ય વિષયક જાણકારી અને તેનો અમલ કરવો મહિલા સંગઠનો માટે આવશ્યક બાબત છે. ગર્ભ પરિક્ષણના અને તેમાં દિકરી જન્મવાની જણાય તો ગર્ભપાત કરાવવાનું કાર્ય આજકાલ આપણા સમાજમાં એટલી હદે વકર્યું છે કે કદાચ અમુક વર્ષો પછી પુરૂષો કરતાં સ્ત્રીઓ ઓછી હશે! આ બાબતમાં મહિલાઓએ પોતે જ નૈતિક તાકાત અને હિંમત દાખવવી પડશે.

વિવિધ ધર્મના વ્યક્તિગત કાયદામાં રહેલી અસમાનતાઓ દુર કરવાની પ્રત્યેક રાજ્ય સરકારની ફરજ છે. અને આ દિશામાં આપણા દેશમાં મહત્વના પગલાં ભરવામાં આવ્યાં છે. તાજેતરમાં ભારતીય બાળક માટે શાળામાં પ્રવેશ મેળવતી વખતે ભરવામાં આવતા વિવિધ ફોર્મમાં બાળકના પિતાના નામની સાથે માતાનું નામ જણાવવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ભારતમાં રાષ્ટ્રીય મહિલા પંચની રચના પણ કરવામાં આવી છે -એ ભારતીય નારી માટે ગૌરવની બાબત છે.

નવા મિલેનીયમ અને ૨૧મી સદીની શરૂઆતમાં અનેક નવા પરિવર્તનો વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે આવી રહ્યાં છે. વિશ્વ એક નાના ગામના પરિવારની જેમ નજીક આવી રહયું છે. તેવે સમયે સત્તામાં સ્ત્રીની ભાગીદારી નવા વિશ્વને અને નવા ભારતને એક નવો સામાજિક-સાંસ્કૃતિક ઓપ આપી રહી છે. સાથે સાથે સ્ત્રીએ સ્વનિર્ભર, આત્મવિશ્વાસથી ભર્યા ભર્યા અને નિર્ણયશક્તિને દૃઢ બનાવવા તરફની ઉડાન પણ શરૂ કરી દીધી છે. હવે જરૂર છે આ બધું સિધ્ધ કરવા માટે સ્ત્રીએ પોતાની જાતને પ્રેમ કરતાં શીખવાની. સ્ત્રી પ્રકૃતિનું એવું સર્જન છે જેને વિપરીત પરિસ્થિતિ સળગતા અંગારાની પીગળાવી નાખે છે. તેમાં તપાઇને બહાર આવેલી સ્ત્રી ધગધગતા અંગારાની જેમ હવે વિપરીત પરિસ્થિતિને માખણની જેમ ઓગાળી નાખે છે. નિઃસંદેહ ભારતીય નારી પોતાની નવી જવાબદારી અને ઉભા થનાર નવા પડકારો ઝીલવા કટિબધ્ધ બની જ છે, તો આવો આજે ૮મી માર્ચ આંતરાષ્ટ્રીય મહિલા દિને કહીએ.

**''ચલો આજ બહેનો ઉઠાવી લ્યો લંગર,**
**સમુંદરની અંદર ઝુકાવી ધ્યો કસ્તી,**
**જમાનાને કહીદો કે શક્તિ સજી છે,**
**બમનો કરવાની કમર કસી છે''**

**(સૌજન્ય : ગુજરાત માહિતી ખાતુ)**

# કુદરતી સંસાધન તરીકે સમુદ્ર

● પ્રીતિબા પી. જાડેજા ●

કુદરતી સંસાધન એટલે કુદરત દ્વારા આપણને જે કોઈ સાધનો અમૂલ્ય ભેટ સ્વરૂપે મળ્યા છે તે ઉદાહરણ તરીકે જમીન, વાતાવરણ, કોલસો, ખનિજતેલ, વિવિધ ધાતુઓ, સમુદ્ર એટલે કે પાણી વગેરે. 'કુદરતી રીતે વિના મૂલ્યે મળતાં સંસાધનો. એટલે કુદરતી સંસાધનો'. કુદરતી સંસાધનોના વૈવિધ્યમાં 'જલ-સંસાધન' માનવના અસ્તિત્વ અને વિકાસ સાથે સંકળાયેલ અતિ મૂલ્યવાન સંસાધન છે. પૃથ્વી પરના સઘળાં સજીવો માટે પ્રાથમિક જરૂરિયાતના ધોરણે તેનું યોગદાન મહત્ત્વનું છે. માટે જ કહેવાય છે કે 'જળ એ જ જીવન છે' જળસંસાધનમાં નદી, સરોવર, તળાવ, સમુદ્ર વગેરેનો સમાવેશ થાય છે. જેમાં માનવના આધુનિક વિકાસની હરણફાળમાં વિવિધ રીતે જળ - સંસાધન જેવા કે સમુદ્રમાં પ્રદૂષણનું પ્રમાણ વધતું જોવા મળે છે.

**દરિયાઈ પ્રદૂષણ**

જોકે દરિયાઈ પ્રદૂષણનો લાંબો ઈતિહાસ છે, પરંતુ તેના વિરોધ માટે અસરકારક આંતરરાષ્ટ્રીય કાયદાઓ વીસમી સદીમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યાં હતાં. દરિયાઈ પ્રદૂષણ ૧૯૫૦ની શરૂઆતમાં દરિયાના કાયદા પરની ઘણી સંયુક્ત રાષ્ટ્ર સમિતિઓ દરમિયાન સંબંધ ધરાવતી હતી. મોટાભાગના વૈજ્ઞાનિકો માને છે કે સમુદ્રો એટલા બધા વિશાળ છે કે તેમની પાસે અનિયંત્રિત શક્તિ છે અને તેથી નુકસાનરહિત પ્રદૂષણની ભરપાઈ કરે છે.

૧૯૫૦ના અંતમાં અને ૧૯૬૦ની શરૂઆતમાં, ફ્રેંચ કમીસરાઈઝેટના એનર્જી ઓટોમિક દ્વારા મધ્ય સમુદ્રમાં અને વિન્ડસ્કેલ બ્રિટિશ પુનઃપ્રક્રિયા વ્યવસ્થાપનમાંથી આઈરીશ સમુદ્રમાં એટોમિક એનર્જી કમિશન દ્વારા મંજૂરી અપાયેલ કંપનીઓ દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સના દરિયાકિનારે કિરણોત્સર્ગના કચરાના ઢગલાઓ વિશે ઘણા વાદવિવાદ થયા હતા. ઉદાહરણ તરીકે મધ્ય સમુદ્રના વાદવિવાદ પછી જેક્સ કૌસ્ટીયુ દરિયાઈ પ્રદૂષણ અટકાવવાની ચળવળમાં વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિ બન્યો. ૧૯૬૭ના ટોરે કેન્યોન તૈલી જહાજના ભંગાણ અને ૧૯૬૯ના કેલિફોર્નિયાના દરિયાકિનારે સાન્ટા બાર્બરા તેલ પ્રસરણ દરિયાઈ પ્રદૂષણ નવાં આંતરરાષ્ટ્રીય સમાચાર બન્યા. સ્ટોકહોમ ખાતે આયોજિત ૧૯૭૨ માનવ પર્યાવરણ પરની સંયુક્ત રાષ્ટ્ર સમિતિ દરમિયાન દરિયાઈ પ્રદૂષણ ચર્ચાનો મુખ્ય વિષય હતો.

સમુદ્રને આપણે દરિયા તરીકે પણ ઓળખીએ છીએ. આ આધુનિક યુગની વિકાસની હરણફાળમાં કુદરતી સંસાધન તરીકે દરિયાને પ્રદૂષિત કરવામાં દરિયાઈ કચરો સવિશેષ જોવા મળે છે. દરિયાઈ કચરો, દરિયાઈ પ્રદૂષણ જ્યારે જોઈ શકાય છે, ત્યારે ઘણીવાર જે પ્રદૂષકો જોઈ શકાતા નથી તે વધુ નુકસાન કરે છે. રસાયણો રજકણો, ઔદ્યોગિક, કૃષિસંબંધી અને રહેઠાણ સંબંધી કચરા, અવાજ અથવા આક્રમણકારી સજીવસૃષ્ટિના ફેલાવાનો સમુદ્રમાં પ્રવેશ થાય ત્યારે દરિયાઈ પ્રદૂષણ ઉદ્ભવે છે. મોટાભાગના દરિયાઈ પ્રદૂષણના સ્રોતો જમીન આધારિત છે. પ્રદૂષણ ઘણીવાર ધ્યાનમાં ન આવેલ સ્રોતો જેવા કે કૃષિસંબંધી ધોવાણ અને પવન ફૂંકાવાથી થતા ભંગારથી આવે છે.

દરિયાઈ પર્યાવરણમાં પ્રદૂષણના પરિણામોને ચકાસે છે. પેટીન એ નોંધ્યું છે કે સામાન્ય રીતે સમુદ્રમાં પ્રદૂષણના પરિણામોના મુખ્ય ત્રણ પ્રકારો છે : સમુદ્રોમાં કચરાને સીધો ફેંકવો, વરસાદને લીધે પાણીમાં સીધું ધોવાણ અને વાતાવરણમાંથી છૂટતા પ્રદૂષકો.

સમુદ્ર તરફના પ્રદૂષકો દ્વારા પ્રવેશનો એક સામાન્ય માર્ગ નદીઓ છે. સમુદ્રમાંથી પાણીના બાષ્પીભવન તળિયે બેઠેલા તેના જથ્થાથી ચઢિયાતું હોય છે. નદીઓમાં પ્રવેશતા મહાદ્વીપો ઉપર

વરસાદ દ્વારા સંતુલન પ્રસ્થાપિત કરવામાં આવે છે અને પછી સમુદ્રમાં પરત પાછું આવે છે. ન્યૂયોર્ક સ્ટેટમાં હડસન અને ન્યૂજર્સીમાં રેરાઇટન, જે સ્ટેટન આઈલૅન્ડના ઉત્તરીય અને દક્ષિણીય અંતો તરફ ખાલી છે તે ખુલ્લા સમુદ્રમાં સૂક્ષ્મ જંતુઓ ઝુપલેન્ટ્જરના પારાના ચેપના સ્રોત છે. શુદ્ધ આહારના કોપપોડમાં ઊંચામાં ઊંચું સંયોજન આ નદીઓના મુખ આગળ નથી, પરંતુ એટલાન્ટિક સિટીની નજીક દક્ષિણમાં ૭૦ માઈલે છે, કારણ કે પાણી દરિયા કિનારાની નજીક વહે છે. સૂક્ષ્મ જંતુઓ ઝેર ફેલાવવા માટે પહેલાં થોડાં દિવસો લે છે.

સમુદ્રમાં ગટરવ્યવસ્થા અને ઔદ્યોગિક કચરો સીધી રીતે ફેંકવો તેનું ઉદાહરણ છે. આ પ્રકારના પ્રદૂષણો ખાસ કરીને વિકાસશીલ દેશોમાં થાય છે. જ્યારે પ્રદૂષણ અવ્યાખ્યાયિત અને પ્રસરેલા સ્રોતોમાંથી આવે છે, ત્યારે ગૌણ સ્રોત પ્રદૂષણ જોવા મળે છે. તેને નિયમબદ્ધ કરવું અઘરું બની શકે છે. કૃષિસંબંધી ધોવાણ અને પવન ફૂંકાવાથી એકઠો થતો કચરો એ તેના મુખ્ય ઉદાહરણો છે.

પ્રદૂષકો ક્યારેક જોખમી તેમજ ઝેરી કચરાના સ્વરૂપમાં શહેરી ગટરવ્યવસ્થા અને ગ્રામ્ય કચરા ઔદ્યોગિક કચરાની ઠાલવણીથી સીધા નદીઓ અને સમુદ્રમાં પ્રવેશે છે. તાંબા, સોનું વગરે માટે ખાણના એ દરિયાઈ પ્રદૂષણના અન્ય સ્રોત છે. મોટાભાગનું પ્રદૂષણ સામાન્ય રીતે માટી હોય છે, જેનું નદીમાંથી દરિયામા વહન થાય છે. આમ છતાં, દરિયામાં ફેંકવામાં આવતા કેટલાક ખનિજો સમસ્યા ઉત્પન્ન કરી શકે છે, જેવા કે, તાંબુ સામાન્ય ઔદ્યોગિક પ્રદૂષણ કરનાર છે, જે પરવાળાંના વિકાસ અને જીવન ઈતિહાસ સાથે છેડછાડ કરી શકે છે. ખાણ નબળો પર્યાવરણીય ઈતિહાસ ધરાવે છે. ઉદાહરણ તરીકે, યુનાઈટેડ સ્ટેટ્સ એન્વાયરમેન્ટલ પ્રોટેકશન એજન્સી.

પર્યાવરણીય બચાવ શાખા મુજબ, ખાણને પશ્ચિમી ખંડીય USમાં નદીઓ જે સમુદ્રોને અલગ પાડતી જમીનના 40 ટકાથી વધુ જલવિભાજકના ભાગોને પ્રદૂષિત કરે છે. મોટાભાગના આ પ્રદૂષણો સમુદ્રમાં સમાપ્ત થઈ જાય છે.

**લેખિકા શ્રી સ્વામીનારાયણ પી. જી. સેન્ટર ઑફ એમ.એસ.ડબ્લ્યુ. કૉલેજમાં અભ્યાસ કરે છે.**




**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**આગામી આકર્ષણ**
**એપ્રિલ ૨૦૧૫**
**રોજગારી, ઉત્પાદનક્ષેત્ર અને ઉદ્યોગ સાહસિકતા**

### શું આપ જાણો છો ?

# સરફાએસ્ટ અધિનિયમ- ૨૦૦૨ શું છે ?

સરફાએસ્ટ (SARFAEST) અધિનિયમ એટલે સિક્યુરિટાઈઝેશન ઍન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાયનાન્સિયલ એસેટ્સ ઍન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ અધિનિયમ. આ અધિનિયમ દ્વારા બૅન્કો અને નાણાકીય સંસ્થાઓને, જ્યારે લેણદારો તેમની રહેઠાણની કે વેપારી મિલકતો માટે લીધેલી લોનની પરત ચૂકવણીમાં નિષ્ફળ જાય તેવા સમયે એ મિલકતોની હરાજી કરવાનો અધિકાર મળે છે. આના કારણે બૅન્કો તેમની નોન-પરફોર્મિંગ એસેટ્સ (એન.પી.એ.)માં ઘટાડો કરી શકે છે.

જ્યારે લોન લેનાર સતત છ મહિના સુધી તેણે લીધેલ લોનની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય ત્યારે બૅન્ક તેને પુનઃચૂકવણી શરૂ કરવા માટે ૬૦ દિવસનો સમયગાળો આપે છે. આમ છતાં આ સમયગાળા દરમિયાન પણ લોન લેનાર તેની રકમની પરત ચૂકવણી શરૂ ના કરે તો બૅન્ક તેને એન.પી.એ. તરીકે જાહેર કરે છે અને લીધેલ કરજની વસૂલાત માટે મિલકતોની હરાજી કરે છે. હરાજીની કિંમત, જે મિલકતની બજાર કિંમત પ્રમાણે નિયત કરવામાં આવે છે અને તેના આધારે બૅન્ક લિલામીની લઘુતમ કે અનામત કિંમત નક્કી કરે છે. આ પ્રક્રિયામાં જો બૅન્કને તેના કરજની રકમ કરતાં વધુ રકમ મળે તો તે રકમ લેણદારને આપવામાં આવે છે.

આવી લિલામીની જાહેરાત બૅન્કે ઓછામાં ઓછા એક અંગ્રેજી તથા અન્ય પ્રાદેશિક ભાષાના અખબારમાં કરવાની રહે છે. આ જાહેરાત, તે અંગેની લિલામીના ૩૦ દિવસ અગાઉ આપવાની રહે છે. આ લિલામીમાં ભાગ લેવા ઈચ્છનારાઓએ સીલબંધ કવરમાં તેના ભાવ બૅન્કને આપવાના રહે છે અને સાથે નિયત કરેલ રકમ અર્નેસ્ટ મની ડિપોઝિટ પેટે ભરવાની રહે છે જે પાછળથી પરત આપવામાં આવતી હોય છે.

લિલામીના દિવસે બીડર્સની હાજરીમાં એ સીલબંધ કવર ખોલવામાં આવે છે અને મહત્તમ ભાવની જાહેરાત કરવામાં આવે છે. ખરીદીના કન્ફર્મેશન પેટે મહત્તમ ભાવ ભરનાર વ્યક્તિએ ૨૫ ટકા રકમ ભરવાની રહે છે. આનો લાભ એ છે કે આવી મિલકતો બજારભાવ કરતાં ૨૦/૩૦ ટકા સસ્તી પડતી હોય છે. આ ઉપરાંત મિલકતોનું ટાઈટલ પણ ક્લિયર હોય છે, કારણ કે બૅન્કે અગાઉ એ મિલકત પર જ લોન આપેલ હતી. આનો ગેરલાભ એ છે કે આવી મિલકતો જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જ વેચવામાં આવે છે. જેમ કે તે મિલકત અંગે કોઈ કાનૂની પ્રક્રિયા પણ ચાલુ હોય અથવા તો એ મિલકત અંગેનું કોઈ લેણું હોય તો બીડ જીતનારને તે ઓટોમેટિક તબદીલ થાય છે.

સરફાએસ્ટ અધિનિયમ-૨૦૦૨ દ્વારા મળતી સત્તાઓ અંગે રિઝર્વ બૅન્કે માર્ગદર્શિકા બહાર પાડી છે, જેમાં નોંધણી, મિલકતના પુનઃબાંધકામ અંગેનાં પગલાં, નાણાકીય મિલકતોનું સંપાદન, વગેરે ધારા-ધોરણોનો સમાવેશ થાય છે. આ માર્ગદર્શિકા ‘ધ સિક્યુરિટાઈઝેશન કમ્પનીઝ ઍન્ડ રિકન્સ્ટ્રક્શન કમ્પનીઝ (રિઝર્વ બૅન્ક) ગાઈડલાઈન્સ ઍન્ડ ડાયરેક્શન્સ-૨૦૦૩’ તરીકે ઓળખાય છે. તાજેતરમાં ૨૦૧૫-૨૦૧૬ના કેન્દ્રીય બજેટમાં જાહેર કરાયા મુજબ નોન-બૅન્કિંગ ફાયનાન્સ કંપનીઓ જે આર.બી.આઈ. સમક્ષ નોંધાયેલ છે અને જેમની મિલ્કતોનું કદ રૂ. ૫૦૦ કરોડ કે તેથી વધુ હશે તે હવે સરફાએસ્ટ અધિનિયમ-૨૦૦૨ મુજબ ‘નાણાકીય સંસ્થાઓ’ ગણાશે.

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૫
પોસ્ટિંગ તા. ૧૬ માર્ચ, ૨૦૧૫

## પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો

| પુસ્તકનું નામ | કિંમત |
| --- | --- |
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવત લેખકો | ૮૫-૦૦ |
| દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| દ્દષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫-૦૦ |
| કવિઓ નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫-૦૦ |
| લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| ગુરુનાનકથી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| | રૂ. ૭૦૫-૦૦ |
| | કુલ રૂ. ૨૫૯૮-૦૦ |

## યોજના કાર્યાલય

લોંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅન્ક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail : yojanagujarati@gmail.com

O.I.G.S.

**YOJANA (GUJARATI), March 2015**

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

**Printed and Published by Dr. (Ms) Sadhana Rout, Additional Director General and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110 003**

Printed By : **Sahitya Mudranalaya Pvt. Ltd.**, 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 • Phone : 25469101-02

**Director & Chief Editor : Deepika Kachhal** **Dy. Director : Amita Maru**

For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**